ધર્મકથાઓ

પહેલો ભાગ

●

પૂ. પરમ શાસનપ્રભાવક, મહારાષ્ટ્રદેશોદ્ધારક
વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી

મહારાજાના વિવેચન સાથે

●

શ્રી વીરશાસન કાર્યાલય

ટંકશાળની પોળ–અમદાવાદ

ધર્મકથાઓ-પહેલો ભાગ

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાકર-પૂ. સિદ્ધાન્ત-
મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ના
પટ્ટાલંકાર-પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ,

મહારાષ્ટ્રદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના

● વિવેચન સાથે ●

: પ્રકાશક :
શાહ પ્રેમચંદ હુકીસંગ-તંત્રી, શ્રી વીરશાસન.
ઠે. ટંકશાળની પોળ-કાળુપુર રોડ-અમદાવાદ.

મૂલ્ય-ત્રણ રૂપીઆ

: મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ-ઘીકાંટા રોડ-અમદાવાદ

આદિવચન

શ્રી વીરશાસન સાપ્તાહિકના બાવીસમા વર્ષના ગ્રાહકબન્ધુઓને ભેટ આપવાને માટે, ચાર ધર્મકથાઓના સંગ્રહસ્વરૂપ આ ગ્રન્થ પ્રગટ કરવામાં આવે છે. વાંચકો જોઈ શકશે કે-આ ગ્રન્થમાં હોલેન્ડ બ્રિન્ડીક જેવા ઉચ્ચ જાતિના ગણાતા કિંમતી કાગળો વાપરવામાં આવ્યા છે. ગયા વર્ષના ભેટપુસ્તકની બંધામણી કરતાં આ પુસ્તકની બંધામણી પણ મજબૂત કરાવાઈ છે. આજની અસહ્ય મોંઘવારીમાં કાગળની, છપાઈની અને બંધામણીની પણ મોંઘવારી ઓછી નથી. આવા સંયોગોમાં આવું ૨૫૦ થી પણ વધુ પૃષ્ઠોનું પુસ્તક ભેટ આપવું એ કેટલું મોટું સાહસ છે, તેનો વિચાર વાંચકો જ કરી લે. અમને આશા છે કે-શ્રી વીરશાસન સાપ્તાહિકના ગ્રાહકો આની પૂરતી કદર કરશે જ.

શ્રી વીરશાસન શાસનસેવાના જ શુભાશયથી પ્રગટ્યું છે. પોતાના આશયને સફલ બનાવવાને માટે શ્રી વીરશાસને શક્ય કરવામાં કમીના રાખી નથી. શ્રી વીરશાસને કરેલી શાસનસેવા જેઓનાં પવિત્ર હૃદયોને આકર્ષી શકી હોય, તેઓનું એ કર્ત્તવ્ય છે કે-હાલના કટોકટીના સમય પણ શ્રી વીરશાસન સુખે પસાર કરી શકે એ માટે, બનતી બધી જ સહાય કરવી જોઈએ.

અન્તે-આ પુસ્તકના પ્રકાશનમાં દૃષ્ટિદોષ આદિથી કોઈ પણ પ્રકારની ભૂલ રહી જવા પામી હોય, તો તે બદલ 'મિચ્છામિ દુક્કડં' દઈએ છીએ. જેઓના ધ્યાનમાં કોઈ પણ પ્રકારની ભૂલ આવે, તેઓ અમને તે ભૂલ સૂચવવાની કૃપા કરે એવી આશા રાખીએ છીએ. પુસ્તક એટલી ઝડપે છપાયું છે કે-ભૂલો રહી ગઈ હોય, તે ખૂબ જ સંભવિત છે.

—પ્રકાશક.

આભાર-દર્શન

આ પુસ્તકનું પ્રકાશન જામનગરનિવાસી સ્વ૦ શેઠ શ્રી **શાન્તિદાસ** ખેતશીભાઈને આભારી છે. તેઓએ **દશ હજાર** રૂપીઆની રકમ કાઢીને તેના વ્યાજમાંથી આ પ્રકારનું એક એક પુસ્તક દર વર્ષે પ્રગટ કરવું એવી વ્યવસ્થા કરેલી છે. જો કે-વ્યાજની રકમમાંથી છેલ્લાં ત્રણ વર્ષો થયાં પુસ્તકનું ખર્ચ નીકળતું નથી, આમ છતાં પણ શ્રી વીરશાસન કાર્યાલય દ્વારા થતાં આવાં પ્રકાશનોનું શ્રેય સ્વર્ગીય શેઠ શ્રી **શાન્તિદાસ-ભાઈને** ઘટે છે. આથી, આ સ્થલે તેઓનો આભાર માનીને અમે કૃતાર્થતા અનુભવીએ છીએ. શેઠ શ્રી શાન્તિદાસભાઈ સ્વર્ગવાસી બન્યા તે પછીથી પણ, તેમનાં ગં. સ્વ. ધર્મપત્ની બેન **ઉજમબાઈ** અને તેમના સંબંધિઓ, **શ્રી વીરશાસન કાર્યાલય**ની શાસનસેવાની પ્રવૃત્તિઓ પ્રત્યે જે અભિરૂચિ ધરાવે છે, તેની પણ આ સ્થલે અમો નોંધ લઈએ છીએ.

આ સાથે, અમે **શ્રી જૈન પ્રવચન**ના સંપાદક શ્રીયુત **ચંદુલાલ** મોતીલાલ નવાબનો પણ આભાર માનીએ છીએ. કારણ કે-તેમણે પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, મહારાષ્ટ્રદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં પ્રવચનોનું સારભૂત અવતરણ પ્રગટ કરવાનું કાર્ય ઉપાડેલું છે અને તે કાર્યના પ્રતાપે જ આવું બોધક પુસ્તક પ્રગટ કરવાને માટે અમે ભાગ્યશાળી નિવડ્યા છીએ.

—પ્રકાશક.

ધર્મકથાઓ—પહેલો ભાગ

અ ૦ નુ ૦ ક્ર ૦ મ

પશુપાલ અને જયદેવ

દૃષ્ટાન્તનો હેતુ :

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય એટલે બે, ત્રણ કે ચાર ઈન્દ્રિયોવાળા પ્રાણિઓને તો ધર્મની પ્રાપ્તિ થતી નથી. પાંચ ઈન્દ્રિયોવાળા જીવોને ધર્મની પ્રાપ્તિ થઈ શકે છે : પણ પાંચ ઈન્દ્રિયોવાળા જે જીવો છે, તેઓ પણ જો તે તે જાતિની યોગ્યતામાં હેતુભૂત જે ગુણોની સામગ્રી, તેનાથી રહિત હોય છે, તો જે રીતિએ સ્વલ્પ પુણ્યવાળાઓને ચિંતામણિ રત્ન સુલભ નથી, તે જ પ્રકારે તે પંચેન્દ્રિય પ્રાણિઓને પણ ધર્મરત્ન સુલભ નથી. અનંતજ્ઞાનિઓએ ફરમાવેલી આ વાત જો બરાબર સમજાઈ જાય, તો આજે પોતાની જાતને ધર્મના અર્થી તરીકે મનાવનારાઓમાંના કેટલાકો ધર્મપ્રાપ્તિ માટેની લાયકાતને સમર્પનારા ગુણોથી બેદરકાર રહે છે, એ કદી પણ બને નહિ. ધર્મની વાતો કરનારા પણ જ્યારે કારમી ક્ષુદ્રતા આદિને ધરનારા હોય છે, ત્યારે તેઓના મુખમાં ધર્મની વાત પણ શોભતી નથી. અક્ષુદ્રતા આદિ ગુણોના જાણે વૈરી જ હોય, એ રીતિએ વર્તનારા આત્માઓ ધર્મરત્નની પ્રાપ્તિને માટે નાલાયક છે, એમ માનવામાં અને કહેવામાં જરા ય અતિશયોક્તિ નથી જ. ચિંતામણિ જેવી વસ્તુઓની કિંમત પણ જે ધર્મરત્નની સમક્ષ કાણી કોડી જેટલી પણ નથી, તેવા સર્વશ્રેષ્ઠ ધર્મરત્ન માટે લાયકાત ન જોઈએ, એ વાત બને જ શી રીતિએ ? અને લાયકાત ગુણોથી જ આવે છે, એ વાત માનવામાં કોનાથી વિરોધ થઈ શકે તેમ છે ? કહેવું જ પડશે કે–કોઈ પણ સમજદારથી તો નહિ જ. આથી સ્પષ્ટ જ છે કે–પાંચ ઇન્દ્રિયોને પામેલા જીવો પણ યોગ્યતામાં હેતુભૂત જે ગુણસામગ્રી, તેનાથી જો રહિત હોય છે, તો તેઓને માટે

ધર્મરત્નની પ્રાપ્તિ સુલભ નથી. આ વસ્તુને સમજીને ધર્મના અર્થી જનોએ અક્ષુદ્રતા આદિ ગુણોને કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને ધર્મના દાતાઓએ પણ ધર્મદાનની ખોટી ઉતાવળ નહિ કરતાં, જીવોને ધર્મના અર્થી અને ધર્મગ્રહણને લાયક બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ વાત અર્થિઓને બરાબર સમજાઈ જાય, એ હેતુથી અનંત ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા 'પશુપાલ અને જયદેવ'નું દૃષ્ટાન્ત કહે છે. દૃષ્ટાંતો હમેશાં સાધ્યની સિદ્ધિને માટે અપાય છે અને આ દૃષ્ટાન્ત પણ અહીંઆં સાધ્યની સિદ્ધિને માટે જ આપવામાં આવ્યું છે. આચાર્યમહારાજાએ એકલું દૃષ્ટાન્ત જ આપ્યું છે એમ નથી, પણ એ દષ્ટાન્તનો ઉપનય પણ કર્યો છે. દષ્ટાન્તનો ઉપનય, એ ઘણી જ અગત્યની વસ્તુ છે : કારણ કે-દષ્ટાન્ત દ્વારા જે વસ્તુને ઉપકારિઓ દર્શાવવાને ઇચ્છતા હોય છે, તે વસ્તુ ઉપનય દ્વારા ઘણી જ સુન્દર રીતિએ સમજી શકાય છે. દષ્ટાન્ત હમેશાં બાળ જીવોને પ્રિય હોય છે. વસ્તુ બાળ જીવોને સમજાવવી હોય, ત્યારે તો દષ્ટાન્ત બહુ ઉપયોગી થઈ પડે છે. દષ્ટાન્તોમાં તો પ્રમાદી પંડિતોમાં પણ ચેતના આણવાનો ગુણ છે. પ્રમાદી પંડિતોને દષ્ટાન્તો જાગૃત કરનારાં છે. જેઓ પાંડિત્ય દ્વારા પણ સંસારમાં પરિભ્રમણ કરવા જેવું કરી રહ્યા હોય, તેઓ માટે દષ્ટાન્તો જાદુઈ અસર કરનારાં છે : પણ એવાઓ દષ્ટાન્તો પ્રત્યે બેદરકાર રહેવામાં જ લાભ માને છે. દષ્ટાન્તો એવાઓની પોલ સારી રીતિએ ખોલી નાખે છે. પાંડિત્ય પ્રમાદનું નાશક હોવું જોઈએ અને ઉત્તમ વસ્તુ પ્રત્યે આત્માને અર્થી બનાવનારૂં પણ હોવું જોઈએ. જે પાંડિત્યમાં આ બે પરિણામોને નિપજાવવાનું સામર્થ્ય ન હોય, તે પાંડિત્ય વાસ્તવિક રીતિએ પાંડિત્ય જ નથી. પાંડિત્ય જેમ પ્રમાદનું નાશક હોવું જોઈએ, તેમ તેને ધરનારા આત્માને તે સત્ય વસ્તુનો અર્થી બનાવનારૂં

પણ હોવું જ જોઇએ. આ વાત પણ આપણને હમણાં જે દૃષ્ટાન્ત આપણે શરૂ કરીએ છીએ, એ દ્વારા પણ જાણવા મળશે.

દૃષ્ટાન્તપ્રારંભ–નગરવર્ણન:

આ '**જમ્બુદ્વીપ**' નામના દ્વીપમાં '**હસ્તિનાપુર**' નામનું એક નગર હતું. આ નગર પુરંદરપુરની માફક શ્રેષ્ઠ હતું. પુરંદરપુરમાં જેમ દેવતાઓનો વાસ હોય છે, તેમ આ 'હસ્તિનાપુર'માં પણ પંડિતજનોનો વાસ હતો. પંડિતો, એ હમેશાં નગરનો શણગાર મનાય છે. સાચા પંડિતોમાં ગંભીરતા આદિ અનેક ગુણોનો નિવાસ હોઈ, તેઓ નગરને અનેક પ્રકારે ઉપકારક હોય છે. પંડિતજનો પુરને અનેક પ્રકારે નામાંકિત બનાવનારા પણ ગણાય છે. પુરંદરપુર જેમ ઇંદ્રથી રક્ષિત છે, તેમ આ '**હસ્તિનાપુર**' નામનું નગર પણ '**હરિ**' નામના રાજાથી રક્ષિત હતું. પુરંદરપુર જેમ સેંકડો અપ્સરાઓ એટલે દેવાંગનાઓથી સહિત છે, તેમ આ '**હસ્તિનાપુર**' નામનું ઉત્તમ નગર પણ પાણીનાં તળાવોથી સહિત હતું. નગરનું આવું વર્ણન સૂચવે છે કે–પુરની શોભા પંડિતોથી છે, પણ મૂર્ખાઓથી નથી: એ જ રીતિએ પુરની ક્ષેમંકરતા રક્ષક રાજાથી છે, પણ ભક્ષક રાજાથી નથી: અને સુકાલ એ પુરનો રક્ષક છે, જ્યારે દુષ્કાલ એ પુરનો ભક્ષક છે. દુષ્કાલથી રીબાતું નગર હજુ પણ સુંદર મનાય, પણ મૂર્ખાઓથી મંડિત અને રાજાથી ભક્ષિત નગર તો, કોઈ પણ રીતિએ સુંદર ન જ મનાય. દુષ્કાળથી રીબાતા પણ નગરને, સુરક્ષિત રાખવાને માટે તેનો રક્ષક રાજા બનતું બધું જ કરી છૂટે છે અને નગરમાં વસતા પંડિતો નગરના સામાન્ય જનોને પણ સુપ્રસન્ન રાખી શકે છે. સુકાલથી કલ્લોલ કરતું નગર પણ જો મૂર્ખાઓથી ઉભરાતું હોય અને ભક્ષક રાજાનું ભક્ષ્ય બનતું હોય, તો એ નગરની ખાનાખરાબી જ થાય છે. ભક્ષક રાજાથી શાસિત થતું અને મૂર્ખાઓથી ભરચક બનેલું નગર, પરિણામે

સ્મશાન થવાને જ સરજાયેલું છે. એવું નગર, થોડો કાળ જો આબાદી ભોગવતું દેખાય, તો પણ એ નગરમાં વસતા લોકોના પૂર્વપુણ્યના પ્રતાપે જ અથવા તો વર્તમાન કોઈ કોઈ ધર્મી જનોના જ પ્રતાપે.

નાગદેવ : વસુંધરા : જયદેવ :

ઈંદ્રપુરીની માફક ઈંદ્ર જેવા '**હરિ**' નામના રાજાથી સુરક્ષિત, વિબુધજનોથી મંડિત અને સુંદરતામાં અપ્સરાઓ જેવાં પાણીનાં સરોવરોથી અલંકૃત એવા '**હસ્તિનાપુર**' નામના પુરમાં '**નાગદેવ**' નામનો એક શેઠ વસતો હતો. શ્રેષ્ઠિઓમાં અતિશય શ્રેષ્ઠ એવો તે નાગદેવ, માત્ર નામથી જ નાગદેવ હતો એમ નહિ, પરન્તુ તેનું નાગદેવ એવું નામ સાર્થક હતું : કારણ કે-તે પુન્નાગ હતો. "**वृन्दारकनागकुञ्जरैः ।**" એ નિયમાનુસાર 'પુન્નાગ'નો અર્થ 'પુરૂષશ્રેષ્ઠ' આદિ થઈ શકે : અને સંભવિત કલ્પનાના બળે એમ પણ કહી શકાય કે-પુરૂષોમાં તે હાથી સમાન હતો : કારણ કે-આમ કહીને પણ તેની શ્રેષ્ઠતાનું જ પ્રતિપાદન કરાય છે.

શેઠીયાઓએ શ્રીમંતાઈથી મલકાવાનું નથી, પણ સદ્‌ગુણોથી અલંકૃત થવાનું છે. નામના શેઠીયાઓ તો શઠને પણ ટપી જાય એવા બની જાય છે. ઉદારતા આદિ ગુણોથી રહિત બનવાથી તો શેઠાઈ પણ ટકતી નથી. 'હું શેઠ છું.'-એમ પોતે માનવું એ જૂદી વાત છે અને સજ્જન માણસો પણ શેઠ માને એ જૂદી વાત છે. પોતે જ પોતાની જાતને 'શ્રેષ્ઠ' માનીને મલકાનારાઓ તો સાચે જ મૂર્ખશિરોમણિઓ છે. માત્ર બંગલા આદિ જ બંધાવવામાં અને મોટર આદિ દોડાવવામાં કે લુચ્ચાઈ ભરેલા ધંધા આદિ કરવામાં શેઠાઈ સાચા રૂપમાં આવતી જ નથી. એવી રીતિએ શેઠ બની બેઠેલાઓ, પોતાના આશ્રિતોનાં પણ અંતઃકરણ જોવાની જો તસ્દી લે, તો તેઓને જણાઈ જાય કે-'તેઓ તેઓના આશ્રિ-

તેનાં હૃદયોમાં પણ શેઠ છે કે કેમ?' પણ કેવળ કલ્પિત અભિમાનમાં જ રાચી રહેલાઓને આવું જોવાની વૃત્તિ પણ શાની જ થાય? એવાઓ તો ખાલી મોટાઈમાં જ મરવાને અને અન્યોને મારવાને સરજાયેલા હોય છે. એવાઓએ તો 'શેઠ' શબ્દને પણ કલંકિત કર્યો છે. સાચો શેઠ તો તે છે, કે જે સુજનોના હૃદયમાં વાસ કરે.

શ્રેષ્ઠિગરિષ્ઠ અને પુન્નાગ એવા આ '**નાગદેવ**' નામના શેઠની ધર્મપત્નીનું નામ '**વસુંધરા**' હતું. સ્ત્રીઓના ગુણોમાં મુખ્ય ગણાતા નિર્મલ શીલગુણને તે ધરનારી હતી. એક તો શ્રેષ્ઠિપત્ની અને વળી શીલગુણથી અલંકૃત, એટલે તે પણ સ્ત્રીસમાજમાં વિશેષ નામાંકિત હોય તે સ્વાભાવિક છે.

શીલગુણથી શૂન્ય સ્ત્રી એ રમણી નથી પણ રાક્ષસી છે. શીલહીન પુરૂષ જેમ રાક્ષસ છે, તેમ શીલશૂન્ય સ્ત્રી રાક્ષસી છે. પુરૂષોની માફક સ્ત્રીઓ પણ પોતાની મર્યાદામાં સ્વતંત્ર હોઈ શકે છે: પરન્તુ શીલસંપન્ન સ્ત્રીઓ મર્યાદાહીન સ્વતંત્રતાની, કે જે સ્વચ્છન્દતા જ છે, તેની ઉપાસક બનતી જ નથી. સ્વતંત્રતાના નામે આજે જેમ પુરૂષો સ્વચ્છંદી બન્યા છે, તેમ સ્ત્રીઓ પણ સ્વચ્છન્દી જ બની રહી છે. સ્વચ્છંદતા, એ સ્ત્રી-પુરૂષ ઉભય માટે શ્રાપ રૂપ છે. આજના સ્વચ્છંદી સમાજે શીલગુણનો કારમો વિધ્વંસ કર્યો છે. શીલસંપન્ન સ્ત્રી, એ સાચી ગૃહલક્ષ્મી છે. એવી લક્ષ્મી રૂપ સ્ત્રીઓથી સમલંકૃત ઘર, નગર કે દેશ સ્વર્ગ સમાન છે. વિષયની ઉત્કટ ભૂખથી સ્ત્રી જ્યારે વિકરાળ બને છે, ત્યારે એ સ્ત્રી સાચે જ દોષમૂર્તિ બની જાય છે. સ્ત્રીસ્વભાવ સાથે ઓતપ્રોત બનેલા દોષો સ્વચ્છંદી સ્ત્રીઓમાં કારમી રીતિએ ખીલી ઉઠે છે. લજ્જાળુ અને અબળા ગણાતી એ જાત જ્યારે વિફરે છે, ત્યારે તેની નિર્લજ્જતા અને સબળતા ભલભલાને પણ ભારે પડી જાય એવી અનુભવાય છે. એક શીલગુણ એવો છે કે-એ સ્ત્રીને

સાચી દેવી બનાવી દે છે. શીલગુણના પ્રતાપે એના સ્વાભાવિક ગણાતા દોષો પણ નાશ પામી જાય છે. આ જ કારણે, શીલસંપન્ન સ્ત્રીની નામના ઉપકારિઓએ પણ ઘણી ગાઈ છે.

'**નાગદેવ**' નામનો શ્રેષ્ઠિવર્ય તો ભાગ્યવાન હતો, એટલે ભાગ્યવાન એવા તે શેઠને મળેલી '**વસુંધરા**' નામની સ્ત્રી શીલગુણને નિર્મળપણે ધરનારી હતી. આવા નિર્મલ શીલગુણને ધરનારી સ્ત્રીથી '**નાગદેવ**' નામના શેઠને એક પુત્ર થયો હતો, જેનું નામ '**જયદેવ**' રાખવામાં આવ્યું હતું. સઘળાય ગુણોને લાવનાર 'વિનય'ગુણ **જયદેવ**માં સ્વાભાવિક હતો.

વિનયગુણ મતિને ઉજ્જ્વલ બનાવવા સાથે તેને ખૂબ ખૂબ વધારનાર પણ છે. વિનયગુણથી વિદ્યમાન મતિ ઉજ્જવલ બને છે અને એ મતિ એક સુંદર વિભવ રૂપ બની જાય છે: એટલું જ નહિ, પણ એ ગુણના પ્રતાપે સુંદર વિભવ રૂપ બનેલ મતિ વૃદ્ધિ જ પામતી જાય છે. પરિણામે વિનયગુણનો સ્વામી આત્મા, ઉજ્જવલ મતિના વિભવભરથી સમૃદ્ધિશાળી બની જાય છે.

એવી જ ઉત્તમ દશાને પામેલો '**જયદેવ**' હતો. આથી તે ઘણો જ દક્ષ બની ગયો હતો. સુંદર મતિની સમૃદ્ધિવાળા અને દક્ષ એવા **જયદેવે** જરૂરી ભાષાજ્ઞાન આદિ જ્ઞાન મેળવ્યું હતું. તે પછી તે રત્નની પરીક્ષા કરતાં શીખે છે. રત્નની પરીક્ષા કરવાની આવડત પ્રાપ્ત કરવામાં તેણે બાર વર્ષો પસાર કર્યાં. કોઈ પણ વસ્તુનો સાંગોપાંગ અભ્યાસ વર્ષો માગે છે. કામચલાઉ અભ્યાસમાં અને સાંગોપાંગ અભ્યાસમાં અંતર રહેવાનું જ. ક્ષયોપશમની તીવ્રતાથી જલદી જ્ઞાન થઈ જાય એ સંભવિત હોવા છતાં, સૌને માટે એ માર્ગ નથી હોઈ શકતો.

ચિન્તામણિ માટે પ્રયાણ :

રત્નની પરીક્ષાના અભ્યાસમાં કુશળ બનેલ જયદેવ, એક ચિંતામણિને છોડીને, બાકીના મણિઓને પત્થર સમાન ગણે

છે. ચિંતામણિની સમક્ષ અન્ય મણિઓ પત્થર સમાન છે, એ વાત બરાબર છે : કારણ કે–અન્ય મણિઓ, એ સામાન્ય કોટિના મણિઓ છે, જ્યારે ચિંતામણિ એ વિશિષ્ટ કોટિનો મણિ છે, એમાં તો શંકાને અવકાશ જ નથી. ચિંતામણિ, એ એક એવો મણિ છે, કે જેની હાંસી કોઈજ કરી શકતું નથી : એ જ કારણે, એ મણિ અન્યોની હાંસીનો વિજેતા મનાય છે. અન્યોની હાંસીનો વિજેતા એવો એ મણિ નિર્મલ છે, છેકા વિનાનો છે અને ચિંતિત અર્થોનું દાન કરવામાં પટુ છે. કોઈ પણ જાતિના દોષ વિનાના, નિર્મલ અને ઇચ્છિત અર્થોને પૂર્ણ કરનાર એવા મણિની હાંસી કોઈ જ ન કરી શકે, એ નિર્વિવાદ વાત છે. હાંસી તો તેની જ થાય છે, કે જે નામ મોટું ધરાવે અને ગુણમાં મીંડું હોય. 'નામ મોટું અને દર્શન ખોટું '–આવી દશાવાળી વસ્તુ જ, હાંસીનું પાત્ર બને છે : જ્યારે ચિંતામણિ તો નામ જેવા ગુણવાળો છે. આવા ચિન્તામણિની મહત્તા સમજનાર **જયદેવ**ને એની આગળ અન્ય મણિઓ ઉપલ જેવા લાગે, એ તદ્દન સ્વાભાવિક વાત છે. જગતમાં નિયમ છે કે–' ઉત્તમને ઉત્તમ તરીકે ઓળખનાર બુદ્ધિમાન, એ ઉત્તમનો જ અર્થી બને છે. ' આ નિયમને અનુસરીને **જયદેવ** જેવો દક્ષ માણસ, સામાન્ય કોટિના મણિઓનો અર્થી નહિ બનતાં, ચિંતામણિનો જ અર્થી બને, એ તદ્દન સ્વાભાવિક વસ્તુ છે.

અર્થિપણું એવી ચીજ છે કે–માણસને ઇષ્ટ વસ્તુ પ્રત્યે ઉદ્યમી બનાવે. ચિંતામણિના અર્થી બનેલા **જયદેવે** ચિંતામણિ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ આરંભ્યો. ચિંતામણિની પ્રાપ્તિને માટે ઉદ્યમ કરનાર બનેલા તે પુણ્યશાલી **જયદેવે** આખાએ પુરમાં પ્રત્યેક દુકાને અને પ્રત્યેક ઘરે લેશ પણ ખિન્ન થયા વિના ભ્રમણ કર્યું. **જયદેવ**ના આવા ભ્રમણથી આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. અર્થી જે ન કરે તે ઓછું. અર્થી આત્મા પોતાને

ઇષ્ટ લાગતી વસ્તુ મળવાનો જ્યાં જ્યાં સંભવ લાગે ત્યાં ત્યાં ભટકે છે, એ વાતની તમને લોકોને ખબર નથી અગર તો તેનો તમને અનુભવ નથી, એમ નથી જ. સંસારમાં અર્થ–કામના અર્થી બનેલા તમારી પણ, અર્થ–કામ મેળવવાને માટે એ જ દશા થઈ રહેલી જોવાય છે. તમે લોકો અર્થ–કામની પ્રાપ્તિને માટે એ જ દશાનો અનુભવ કરી રહ્યા છો. અર્થ–કામનું જેવું અર્થિપણું છે, તેવું જો મોક્ષનું અર્થિપણું આવી જાય, તો મોક્ષને માટે પણ આવી જ અગર આથી પણ વધારે મહેનત થયા વિના રહે નહિ. આ કારણે તો 'અર્થિપણું' એ પ્રથમ આવશ્યક છે, એમ ઉપકારિઓ ફરમાવે છે. અહીં તો ચિન્તામણિ રત્ન મેળવવાને માટે, પરિશ્રમને ગણકાર્યા વિના, **જયદેવ** દુકાને દુકાને અને ઘરે ઘરે ફરી વળ્યો : પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય એવા મણિને એ મેળવી શક્યો નહિ. ખરે-ખર, દુષ્પ્રાપ્ય વસ્તુઓ સર્વત્ર લભ્ય હોતી નથી.

આટલો ઉદ્યમ કરવા છતાં પણ ચિન્તામણિ ન મળ્યો, એથી **જયદેવ** ઉદ્વિગ્ન બન્યો નહિ : એ તો અધિક ને અધિક ઉદ્યમ કરવાની ભાવનામાં જ રહ્યો અને એથી જ તેણે એક વાર પોતાનાં માતા–પિતાને કહ્યું કે–" આ પુરમાં અનેક પ્રકારનો ઉદ્યમ કરવા છતાં પણ જે કારણથી હું ચિન્તામણિ મેળવી શક્યો નથી, તે કારણથી તે ચિન્તામણિ માટે હું અન્યત્ર–અન્ય કોઈ સ્થાને જાઉં છું."

પોતે માનેલી ઇષ્ટ વસ્તુને મેળવવાને માટે જગતમાં માતા–પિતા આદિનો પણ ત્યાગ કરનારા હોય છે, એ વાતને તો તમે જાણો પણ છો અને અવસર આવી પડચે અમલમાં પણ મૂકો છો : એટલે **જયદેવ** આ રીતિએ માતા–પિતાને તજીને ચિન્તામણિ માટે અન્યત્ર જવા તત્પર બને, એથી તમને આશ્ચર્ય લાગે તેમ નથી. આશ્ચર્ય કે આઘાત તો તમને ત્યાં જ લાગે છે, કે જ્યાં કોઈને ધર્મ ખાતર માતા–પિતા આદિને તજતો

જૂઓ ! તમારા બધાની જ આ દશા છે એમ નહિ, પણ આવી મનોદશા ઘણાઓની છે : કારણ કે–ધર્મની તેઓને કિંમત સમજાઈ નથી. અર્થ-કામ કિંમતી લાગ્યા છે, કે જે હેય છે : અને ધર્મ અકિંમતી લાગ્યો છે, કે જે સર્વ પ્રકારે ઉપાદેય છે. એ જ કારણ છે કે–ધર્મને માટે માતા–પિતા આદિને કોઈ તજે, તો તે વખતે આશ્ચર્ય પણ થાય છે, આઘાત પણ થાય છે અને કેટલાક અતિ અધમ કોટિના આત્માઓને તો તેવા પરમ ભાગ્યવાનોને યેન–કેન હેરાન કરવાની વૃત્તિ પણ થાય છે. એના એ જ માણસો દેશના નામે, ધંધાના નામે અગર નોકરીના નામે માતા–પિતાદિને તજી જનારાઓને માટે વાહ–વાહના શબ્દો પણ ઉચ્ચારે છે : એટલે એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે–એમને 'પુત્રો માતા–પિતાદિનો ત્યાગ કરે '–એ પસંદ નથી એમ નહિ, પણ ધર્મ કરે એ જ પસંદ નથી.

પોતાના પુત્રને ચિંતામણિ મેળવવાને માટે અન્યત્ર જવાને ઉત્સુક થયેલ જોઈને, **જયદેવ**નાં માતા–પિતાએ તેને કહ્યું કે–" હે સ્વચ્છ મતિને ધરનારા પુત્ર ! 'ચિંતામણિ ' જેવો કોઈ મણિ હોવાની વાત, એ તો એક કલ્પના માત્ર જ છે. પરમાર્થે કરીને એટલે સાચા રૂપમાં અન્યત્ર પણ કોઈ સ્થળે આ ભુવનમાં ચિંતામણિ છે જ નહિ. આ કારણથી અન્ય રત્નો, કે જેની પણ જોડી નથી, તેવાં રત્નો દ્વારા જ તું તારો વ્યવહાર કર, કે જેથી આ તારૂં ઘર નિર્મલ લક્ષ્મીથી ભરપુર બને."

આ પ્રમાણે કહીને **જયદેવ**નાં માતાપિતાએ **જયદેવને** રોકવાનો પ્રયત્ન કર્યો, તે છતાં પણ તે રોકાયો નહિ : ચિન્તારત્નની પ્રાપ્તિમાં રચ્યો છે નિશ્ચય જેણે એવો તે ચતુર **જયદેવ** તો, માતા–પિતાએ વારવા છતાં પણ, હસ્તિનાપુરથી ચાલી નીકળ્યો.

ઉદાસીનતા અને કૃતનિશ્ચયતા :

હસ્તિનાપુરથી ચાલી નીકળેલા **જયદેવ**ને માર્ગમાં અનેક

કષ્ટોનો સામનો કરવો પડ્યો, પણ તે તો ચિન્તામણિની શોધમાં જ લીન મનવાળો હોઇને, અનેક પ્રકારના ક્લેશોને પામતો હોવા છતાં પણ, તેની દરકાર કર્યા વિના નગર, નિગમ, ગ્રામ, આકર, પત્તન અને સાગરના તીરે ઘણા ઘણા કાળ સુધી ભટક્યો.

આટલું આટલું ભટકવા છતાં પણ તેને ચિંતામણિ મળ્યો નહિ, ત્યારે ચિંતામણિને નહિ પામતો તે ઉદાસ બની ગયો. ચિંતાયુક્ત મનવાળા બનેલા તેણે વિચાર્યું કે–" શું 'ચિંતામણિ નથી' આ વાત સાચી જ છે? અથવા–શાસ્ત્રે કહેલું ચિંતામણિનું અસ્તિત્વ અન્યથા કેમ જ હોય? ભલે મને આટલું ભટકવા છતાં પણ તે રત્ન ન મલ્યું: પણ મને ન મલ્યું એટલા માત્રથી તે ન હોય એમ તો ન જ બને: કારણ કે–ચિંતામણિ હોય છે એવું શાસ્ત્રમાં કહ્યું છે અને શાસ્ત્રે કહેલી વસ્તુ અન્યથા હોતી નથી, માટે ક્યાંક પણ તે હોવું તો જોઇએ જ."

આ પ્રમાણે ચિત્તમાં નિશ્ચય કરીને, તેણે આવેલી ઉદાસીનતાને ટાળી દીધી: અને નિપુણપણે પૂછી–પૂછીને ઘણી મણિની ખાણોને જોતાં જોતાં તેણે ફરીથી ખૂબ ખૂબ ભ્રમણ કરવાનું આરંભ્યું. ખરેખર, અર્થિપણું એ ગજબની વસ્તુ છે. અર્થિપણું થાકેલા માણસને પુનઃ પુનઃ ઉત્સાહિત કરે છે. ભ્રમણ આદિથી થાકીને ઉદ્વિગ્ન બનેલો આદમી પણ અર્થિપણાની ઉત્કટતાના યોગે પુનઃ પુનઃ ઉત્સાહિત બની જાય છે અને પોતે માનેલી અર્થસિદ્ધિને માટે વધુ ને વધુ પરિશ્રમ કરવામાં તત્પર બને છે.

ચિન્તામણિવાળા પશુપાલનો ભેટો:

આ રીતિએ ઉત્સાહિત બનીને હુંશીયારીપૂર્વક અનેક મણિ-ખાણો નિહાળતાં નિહાળતાં પરિભ્રમણ કરતા તેને, કોઈ એક વૃદ્ધ નરે કહ્યું કે–" અહીં એક મણીવતી ખાણ છે અને એ ખાણમાંથી જે પુણ્યશાલી હોય તે મણિઓમાં પ્રવર એવા ચિંતામણિને પામે છે."

આવા સમાચાર સાંભળવાથી **જયદેવ** આનંદિત થાય, એ સહજ છે. આવા આનંદદાયક સમાચાર સાંભળ્યા બાદ, નિરંતર-હમેશાં નિર્મલ મણિગણની જ શોધમાં ફરતો તે ત્યાં ગયો અને ત્યાં તેને અતિશય મૂર્ખ એવો એક **પશુપાલ** મળ્યો. તે **પશુપાલ**ના હાથના તળીયામાં તે **જયદેવે** એક ગોળ ઉપલ જોયો. એ ઉપલને **જયદેવે** તેની પાસેથી પોતાના હાથમાં લીધો અને તેની તેણે પરીક્ષા કરી. પરીક્ષા કરવાથી તેના જાણવામાં આવ્યું કે-' આ ચિંતામણિ છે. '

આ પ્રમાણે જાણવાથી તે અતિશય આનંદવાળો બન્યો. **આનંદવાળા** બનેલા તે **જયદેવે** તે **પશુપાલ**ની યાચના કરી : **અર્થાત્-પશુપાલ** પાસે **જયદેવે** એ ઉપલની માગણી કરી. આ રીતિએ માગણી કરાયેલો **પશુપાલ**, તે **જયદેવને કહે** છે કે-" આ પત્થરને તારે શું કરવો છે ?"

જયદેવ કહે છે કે-" આ પત્થરને હું ઘેર લઈ જઈશ અને નાનાં બાળકોને રમવાને રમકડા તરીકે આપીશ. "

જયદેવે આપેલો આ જવાબ વિચારણીય છે. **અર્થી** અને તેમાં પણ વણિક આવા પ્રસંગોએ આવા ઉત્તરો આપે તે અસ્વાભાવિક નથી. દુનિયામાં આવા ઉત્તરો દેવાની આવડતને સુન્દર પ્રકારની હુંશીયારી ગણાય છે. વસ્તુતઃ આ સુન્દર પ્રકારની હુંશીયારી નથી જ. આપણે પણ વસ્તુનું સ્વરૂપ દર્શાવવા પૂરતું આને હુંશીયારી કહીયે, પણ સાથે જ કહીએ કે-અસત્ય બોલવાને પ્રેરતી હુંશીયારી આત્માને માટે હિતકર નહિ પણ હાનિકારક જ છે અને એથી તત્ત્વજ્ઞ આત્માઓની દષ્ટિએ આવી હુંશીયારી એ વાસ્તવિક હુંશીયારી ગણાતી નથી. ઉપયોગ ઉપરથી જ્યાં હુંશીયારીનો નિર્ણય કરવાનો હોય, ત્યાં આ પ્રકારની હુંશીયારી વખાણવા જોગ ઠરતી નથી.

જયદેવ દક્ષ પણ છે અને ચિન્તામણિનો અર્થી પણ છે : ઉપરાન્ત વણિક પણ છે : એટલે તે પશુપાલને એવો જ ઉત્તર

આપવાને પ્રેરાય છે, કે જેથી પશુપાલને કોઈ પણ પ્રકારની શંકા પડે નહિ. આમ છતાં પણ **જયદેવને** ચિન્તામણિ મળતો નથી. અસત્ય ઉચ્ચાર્યાનું પાપ તો વળગ્યું જ અને તે છતાં પણ ચિન્તામણિ મળ્યો નહિ. જીવોની પરિગ્રહસંજ્ઞા ભયંકર હોય છે. મૂર્ખ પણ પોતાની પાસે રહેલી વસ્તુને છોડવાને એકદમ તૈયાર થતો નથી, એ પ્રતાપ પરિગ્રહસંજ્ઞાનો પણ છે.

અતિશય મૂર્ખ એવો પણ **પશુપાલ**, **જયદેવને** માથામાં વાગે એવો જવાબ આપે છે. **પશુપાલ જયદેવને** કહે છે કે-"તારે ઘેર જઈને બાળકોને રમવાને માટે જ પત્થર આપવો છે અને એ જ કારણે જો તું આ પત્થર મારી પાસે માગે છે, તો આવા પત્થરો તો અહીંયાં ઘણા જ પડ્યા છે, છતાં તેને તું કેમ ગ્રહણ કરતો નથી ?"

એક વાર અસત્ય બોલ્યા પછી તે એક અસત્યને વળગી રહેવાને માટે કેટલીય વાર બીજાં પણ અસત્યોને બોલવાં પડે છે! **જયદેવે** પહેલાં જૂઠું કહ્યું એટલે હવે પણ તે જૂઠું જ કહે, તેમાં નવાઈ છે? **પશુપાલે** જ્યારે ત્યાં પડેલા બીજા ઘણા પત્થરોમાંથી જોઈતો પત્થર લેવાનું સૂચન કર્યું, ત્યારે **જયદેવે** કહ્યું કે-"તારી પાસે આ પત્થર માગવાનું બીજું કોઈ કારણ નથી, પણ વાત એ છે કે-મને મારે ઘેર જવાની ખૂબ ઉત્સુકતા છે, એટલે હું તને કહું છું કે-હે ભદ્ર! તું મને આ પત્થર આપ અને તને તો અહીં બીજો પણ આવો પત્થર જડી જશે."

જયદેવે આ પ્રમાણે તેને કહેવાપૂર્વક માગણી કરવા છતાં પણ, એ **પશુપાલમાં** અપરોપકારશીલપણું હોવાથી, તે ચિન્તામણિ તેણે **જયદેવને** આપ્યો નહિ. દાન, એ ઉપકારશીલતાનું સૂચક છે. જેનામાં ઉપકારશીલતા હોતી નથી, તેનાથી દાન તરીકે દાન દેવાતું જ નથી.

ઉપકારશીલતાના અભાવે જ્યારે **પશુપાલ** આપવાને તૈયાર

થયો નહિ, ત્યારે શ્રેષ્ઠિપુત્રે તો એ જ વિચાર કર્યો કે–" જ્યારે આટલું કહેવા છતાં પણ આ નથી જ આપતો, તો આ મણિ આના ઉપર પણ ઉપકાર કરનાર થાય તો સારૂં : પણ આ મણિ નિષ્ફળ ન રહો !"

આવો પણ વિચાર, પૌદ્ગલિક સ્વાર્થમાં પણ કરૂણાભાવ વિદ્યમાન હોય તો જ આવે. **જયદેવ** ચિંતામણિનો **અર્થી** હતો, પણ કરૂણાહીન તો ન જ હતો : એથી જ જ્યારે **પશુપાલે** તેને ચિન્તામણિ ન જ આપ્યો, ત્યારે–' આના ઉપર પણ આ મણિ ઉપકાર કરનાર થાય તો સારૂં.'–આ પ્રકારની કરૂણામાં રસવાળી મતિનો ધણી **જયદેવ** તે આભીરને કહે છે કે–" હે ભદ્ર ! જો આ ઉપલ એ સામાન્ય કોટિનો નથી, પણ આ તો ઘણો જ કિંમતી એવો ચિંતામણિ છે. જો તું મને નથી આપતો, તો તું પોતે જ આ ચિંતામણિને આરાધ, કે જેથી આ ચિંતામણિ તને ખરેખર જ ચિંતિત આપશે."

ખરેખર, અંતે પણ આવી સલાહ આપવી, પરન્તુ ઝુંટવી લેવા વિગેરેનો વિચાર નહિ કરવો, એ સ્વાર્થાંધ અને ક્રૂર હૈયાના માણસોને માટે શક્ય નથી.

ચિન્તામણિના આરાધનનો વિધિ:

આ **પશુપાલ** તો અતિશય મૂર્ખ છે, પણ સામાન્ય રીતિએ લોકોમાં પણ એ કહેતી છે કે–" દરિદ્રીની બુદ્ધિ પણ દરિદ્ર જ હોય છે." જ્યારે **જયદેવ** જેવા દયાળુએ એ **પશુપાલને** સમજાવ્યું કે–' તારી પાસે રહેલો આ પત્થર એ સામાન્ય પત્થર નથી પણ ચિન્તામણિ છે : મને તે ન આપે તો કાંઈ નહિ, પણ તું એની આરાધના કર, કે જેથી તને એ ચિંતિત વસ્તુ આપશે.' ત્યારે પણ **પશુપાલ** ચિન્તામણિની કિંમતને સમજી શકતો નથી. જેને ચિન્તામણિ મળે તે કેવો ભાગ્યવાન ગણાય, એની એને કલ્પના પણ આવતી નથી. આ જ કારણે તે **પશુપાલ** બોલ્યો કે–" જો આ સાચે જ ચિંતામણિ હોય,

તો હું ચિંતવું છું કે–મને જલદી બોર, કેરાં અને કચ્ચર (એટલે જલમાં પેદા થનારી એક જાતની વનસ્પતિ) ખૂબ આપો.”

પશુપાલના કથનથી સ્પષ્ટ થશે કે–‘દરિદ્રની બુદ્ધિ પણ કેવી દરિદ્ર હોય છે!’ **પશુપાલ**ના આવી જાતિના કથનથી શ્રેષ્ઠિપુત્ર **જયદેવ**ને હસવું આવે છે. હસવું આવે છે છતાં પણ પોતે જેમાં ઉપકાર માન્યો છે, એવો પણ ઉપકાર કરવાની વૃત્તિ તો તેનામાં બેઠી જ છે. આથી હાસ્યથી વિકસિત મુખ-વાળો પણ **જયદેવ**, તે **પશુપાલ**ને કહે છે કે–“આ પ્રમાણે ન ચિંતવાય. આની આરાધના કર્યા બાદ ચિંતવન કરાય. પ્રથમ તો આની આરાધના માટે ત્રણ ઉપવાસ કરવાના છે. ત્રીજા ઉપવાસની રાત્રિના પ્રથમ ભાગમાં લીંપેલી જમીન ઉપર પવિત્ર બાજોઠ મૂકવો, એ પવિત્ર બાજોઠ ઉપર સુંદર વસ્ત્ર પાથરવું, પછી મણિને નિર્મલ જલથી સ્નાન કરાવવું અને તે પછી સુંદર વસ્ત્રથી તે મણિને કોરો કરી, તેને ચંદનથી વિલિપ્ત કરવો. આ રીતિએ નવડાવેલા અને ચંદનના વિલેપનથી વિલિપ્ત કરેલા તે મણિને, તે સુંદર વસ્ત્રથી અલંકૃત કરેલા પવિત્ર બાજોઠ ઉપર સ્થાપન કરવો. આ રીતિએ પવિત્ર બાજોઠ ઉપર સ્થાપન કરેલા મણિની, સારીરીતિએ ઉત્તમ જાતિના કપુર અને સુંદર પુષ્પ આદિ ઉત્તમ વસ્તુઓ દ્વારા પૂજા કરવી. પૂજા કર્યા બાદ વિધિપૂર્વક નમસ્કાર કરવો. આ પ્રમાણેના વિધિ મુજબ મણિને પૂજીને અને નમીને, પોતાને જે વસ્તુ ઈષ્ટ હોય તેની ચિન્તા કરવાની છે. આ રીતિએ વિધિ મુજબ પૂજન અને નમસ્કાર કર્યા પછી જો આ મણિની આગળ ઈષ્ટની ચિંતા કરાય, તો પ્રાતઃકાલે સઘળું જ ચિંતવેલું મળે છે.”

પશુપાલ અને ચિન્તામણિ:

આ પ્રમાણેના વિધિને સાંભળીને તે મૂર્ખ એવો પણ **પશુપાલ**, ચિન્તામણિને આરાધીને પોતાના ચિન્તિતને મેળ-વવાનો વિચાર કરીને, પોતાના બકરીઓવાળા ગામ તરફ

ચાલ્યો. આ પ્રમાણે ચાલ્યા જતા એવા પણ **પશુપાલ**ની દશા અને સ્થિતિ આદિને જોઈને **જયદેવે** વિચાર્યું કે-" આ **પશુપાલ** પુણ્યવાન નથી લાગતો. પુણ્યહીન એવા આ **પશુપાલ**ના હસ્તતળમાં નિશ્ચિત છે કે-આ મણિરત્ન રહેશે નહિ. "

આ પ્રમાણેનો વિચાર કરીને, તે શ્રેષ્ઠિપુત્ર **જયદેવે** પણ તે **પશુપાલ**ની પુંઠ ન છોડી : અર્થાત્-**જયદેવે** પણ **પશુપાલ**ની પુંઠે ચાલવા માંડ્યું.

હવે માર્ગમાં જતો **પશુપાલ** મણિને ઉદ્દેશીને કહે છે કે-" હે મણે ! હમણાં હું આ બકરીઓને વેચીને અને એના વેચવાથી આવેલા પૈસા દ્વારા ચંદન અને કપુર આદિ ખરીદીને તારી પૂજા કરીશ અને એ પછી તું પણ મારા ચિંતિત અર્થને પૂર્ણ કરવા દ્વારા ભુવનમાં સાર્થક નામવાળો થજે. " આ પ્રમાણે મણિ સાથે વાત કરતા તેણે ફરીને પણ મણિને કહેવા માંડ્યું કે-" હે મણે ! ગામ હજુ દૂર છે, તો તું મારી આગળ કોઈ વાત કહે. જો કથા કહેવાનું તું ન જાણતો હો, તો હું તને જે કથા કહું છું, તે તું એકાગ્ર થઈને સાંભળ. "

આ પ્રમાણે બોલીને તે **પશુપાલ** તે ચિન્તામણિને કથા કહેતો હોય તેમ બોલવા માંડે છે કે-" એક દેવગૃહ-દેહરૂં છે પણ તે એક હાથનું છે અને તે એક હાથના દહેરામાં દેવ તો ચાર હાથના વસે છે. "

આ પ્રકારની વાતના બહાનાથી ફરી ફરી વાર કહેવા છતાં પણ મણિ તો કાંઈ બોલતો જ નથી. આ રીતિએ પોતે બોલે છે અને મણિ બોલતો નથી, એટલે તે **પશુપાલ** મણિ પ્રત્યે રોષાયમાન થાય છે. મણિના નહિ બોલવાથી રોષાયમાન થયેલા તે **પશુપાલે** તે મણિને ઉદ્દેશીને કહ્યું કે-"જો તું મને એક હુંકાર પણ નથી આપતો, તો તું મારા ચિંતિત અર્થનું સંપાદન કરશે, એ વાતમાં તો તારી આશા જ કેવી ? જે હુંકારો પણ ન આપે તે ચિંતિત અર્થને આપે, એ વાત જ ખોટી છે : તે

કારણથી 'ચિંતામણિ' આ પ્રમાણેનું તારૂં નામ ખોટું છે: અથવા એ વાત સાચી છે કે-તારૂં ચિંતામણિ એ નામ સાચું છે: કારણ કે-હે મણે! તારી મને સારી રીતિની પ્રાપ્તિ થયા છતાં પણ, મારી ચિંતા ફીટતી નથી. જો તારૂં નામ ચિન્તામણિ છે એ સાચું ન હોત, તો જરૂર મારી ચિંતા મટતી, પણ નથી મટતી એથી સિદ્ધ છે કે-તારૂં 'ચિંતામણિ' એવું નામ સાચું છે. 'ચિંતા કરાવનારો મણિ' એટલે 'ચિંતામણિ.' ખરેખર, આ રીતિએ ચિંતા કરાવીને અને મારી ચિંતા નહિ ફેડીને તેં તારૂં 'ચિંતામણિ' એવું નામ સાચું કર્યું છે."

આગળ વધીને તે **પશુપાલ** ચિન્તામણિને ઉદ્દેશીને એમ પણ કહે છે કે-"વળી બીજી વાત એ પણ છે કે-'જો હું રાબ અને છાશ વિના એક ક્ષણ પણ રહેવાને શક્તિવાળો નથી, તે હું જો ત્રણ ઉપવાસ કરૂં, તો એ ત્રણ ઉપવાસ કરવા દ્વારા હું અહીં મરી કેમ ન જાઉં?' તે કારણથી એ નક્કી છે કે-અરે! તે વાણીયાએ મને મારી નાખવાના હેતુથી જ તને ચિન્તામણિ તરીકે મારી પાસે વર્ણવ્યો છે! તે વાણીયાએ તારૂં આટલું બધું સારૂં વર્ણન મને મારી નાખવાના હેતુથી જ કર્યું છે, એ વાત નિશ્ચિત છે તે કારણથી, હે મણે! હવે તું ત્યાં જા, કે જ્યાં ગયો થકો દેખાય નહિ."

આ પ્રમાણે કહીને તે અતિ મૂર્ખ **પશુપાલે** તે સુમણિને ફેંકી દીધો. મૂર્ખ આત્માઓની હમેશાં આવી જ દશા હોય છે.

જયદેવને મળેલો ચિન્તામણિ:

પશુપાલના આ મૂર્ખાઇભર્યા વર્તનથી તેની પુંઠે ચાલતો **જયદેવ** ખૂશ થયો. **પશુપાલ** હાથમાં આવેલી સારી વસ્તુ ગુમાવે છે, ત્યારે **જયદેવને** એ પ્રાપ્ત થાય છે. પૌદ્‌ગલિક ઇષ્ટિની પ્રાપ્તિથી હર્ષ પામવો, એ મોહમગ્ન આત્માઓનો સ્વભાવ જ છે. એ જ સ્વભાવ મુજબ **જયદેવ** પ્રસન્ન મનવાળો થયો. 'જેના મનોરથ સંપૂર્ણ થાય તે મુદિત મનવાળો થાય.'

–એ જ રીતિએ ચિંતામણિ મેળવવાનો જેનો મનોરથ સંપૂર્ણ થયો છે, એવો **જયદેવ** મુદિત મનવાળો થયો. સંપૂર્ણ મનોરથવાળો અને એ જ કારણે મુદિત મનવાળો **જયદેવ પશુપાલે** જેવો મણિ ફેંક્યો કે તરત જ, તે મણિ આગળ પહોંચ્યો. મણિ પાસે જઈને તેણે મણિને પ્રણામ કર્યા. પ્રણતિપૂર્વક મણિને ગ્રહણ કરીને, તે **જયદેવ** કામ પૂર્ણ થવાથી પોતાના નગર તરફ ચાલ્યો.

મણિની પરીક્ષામાં નિપુણ એવા તેને આ ચિંતામણિની સાચી ઓળખ હતી, એટલે તેણે તો મહામુશીબતે પ્રાપ્ત થયેલા તે ચિંતામણિની વિધિપૂર્વક સારામાં સારી આરાધના કરી અને એ ઉત્તમ આરાધનાના પ્રતાપે એ મણિના માહાત્મ્યથી હર્ષ આપે એવા વિભવનો તે માલિક બન્યો. આવો વિભવશાલી બનેલો તે માર્ગમાં '**મહાપુર**' નામના નગરે પહોંચ્યો. એ નગરમાં રહેતા '**સુબુદ્ધિ**' નામના શ્રેષ્ઠિએ તેનો ખૂબ જ સત્કાર કર્યો અને પોતાની '**રત્નવતી**' નામની પુત્રી પરણાવી. આ રીતિએ **સુબુદ્ધિ** શેઠની **રત્નવતી** નામની પુત્રીને પરણીને, ઘણા પરિવારથી પરિવરિત થયેલો અને લોકોના સમુદાયો દ્વારા ગવાઈ રહ્યા છે ગુણો જેના એવો તે **જયદેવ**, '**હસ્તિનાપુર**' નામના પોતાના નગરમાં આવ્યો અને પરમ વિનીત એવો તે **જયદેવ** પોતાનાં ઉપકારી માતા-પિતાનાં ચરણોમાં ઘણા જ પ્રેમપૂર્વક નમી પડ્યો.

આ પ્રકારે ચિંતામણિ અને તેના પ્રતાપે પ્રાપ્ત થયેલી ઋદ્ધિપૂર્વક આવેલા પોતાના પુત્રને તે માતાપિતાએ અભિનંદિત કર્યો અને બહુમાનવાળા બનેલા સ્વજનોએ પણ તેને સન્માનિત કર્યો. બાકીના લોકો દ્વારા પણ તે સ્તુતિને પામ્યો થકો ભોગોનું ભાજન બન્યો. વ્યવહારમાં આવા પુત્રને માતા-પિતા અભિનંદન આપે, સ્વજનો પણ બહુમાનપૂર્વક તેનું સન્માન કરે અને બાકીના લોકો પણ તેની પ્રશંસા કરે, એ જેમ

સ્વાભાવિક વસ્તુ છે, તેમ આવાને ઉત્તમ ભોગોની સામગ્રી મળે, એ પણ સ્વાભાવિક વસ્તુ છે.

આ પ્રમાણે દષ્ટાન્ત અહીં પૂર્ણ થાય છે.

દૃષ્ટાન્તનો ઉપનય:

આ દષ્ટાન્તનો ઉપનય દર્શાવતાં, આચાર્યભગવાન શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-જેમ **જયદેવ** ઈતર સામાન્ય મણિઓની ખાણોમાં પરિભ્રમણ કરતો કરતો ઘણી જ મુશીબતે 'સન્મણિવતી' ખાણને પામ્યો, તેમ અમર, નરક અને તિર્યંચ નામની ગતિઓમાં ખૂબ ખૂબ પરિભ્રમણ કરતા જીવ દ્વારા ઘણી જ મુશીબતે 'સન્મણિવતી' ખાણ સમી આ મનુજગતિ પમાય છે. આ મનુજગતિ, એ સન્મણિવતી ખાણ સમી છે, એમ જો આત્માને લાગી જાય, તો સાચે જ એનો શક્ય લાભ લીધા વિના રહેવાય જ નહિ. સન્મણિવતી ખાણ સમી આ મનુજગતિ દુર્લભ છે, પણ એના કરતાં ય આ મનુજગતિમાં પણ, જેમ સન્મણિવતી ખાણમાં પણ ચિન્તામણિ દુર્લભ છે તેમ, શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલો ધર્મ દુર્લભ છે. હજુ પણ ઉપનય કરતાં અધિકમાં એ આચાર્યભગવાન ફરમાવે છે કે-આ દષ્ટાન્તમાં આપણે જોયું કે-પૂર્વે જે **પશુપાલે** સુકૃત રૂપ ધન ઉપાર્જન નહોતું કર્યું તે **પશુપાલે** મણિને ન મેળવ્યો અને પુણ્ય રૂપ વિત્તથી યુક્ત એવો વણિકપુત્ર તેને પામ્યો. આથી સ્પષ્ટ થાય છે કે-વિના પુણ્યે ચિતામણિ લભ્ય નથી. ચિંતામણિ તો સુવિસ્તૃત પુણ્ય હોય તો જ લભ્ય થાય છે. આ જ રીતિએ, સુકૃત રૂપ ધનનું ઉપાર્જન નહિ કરનાર **પશુપાલ** જેમ અહીં ખરે જ હાથમાં આવવા છતાં પણ ચિંતામણિને ન પામ્યો, એટલું જ નહિ પણ આશાતના કરનારો બન્યો, તે જ રીતિએ ચાલ્યો ગયો છે ગુણવિભવ જેનો એવો જીવ આ ધર્મરત્નને પામતો નથી: અને કદાચ એ ધર્મરત્નનો એને ભેટો પણ થઈ જાય, તો ય તે તો એ અમૂલ્ય

ધર્મરત્નની આશાતના કરનારો જ બને છે. પુણ્ય રૂપ વિત્તના માલિક બનેલા વણિકપુત્રે જેમ તે ચિંતામણિને પ્રયત્નથી પણ મેળવ્યો અને તેને આરાધીને તે જેમ ઈચ્છિતને પામ્યો, તેમ સંપૂર્ણ નિર્મલ ગુણગણ રૂપ વિભવને ધરનારો આત્મા, આ ધર્મરત્નને પામે છે અને ધર્મરત્નની આરાધના કરવા દ્વારાએ, દુન્યવી ઉત્તમ કોટિનાં સુખો ઉપરાન્ત એકાન્તિક અને આત્યન્તિક એવા પણ ઈચ્છિત સુખને પામે છે.

આ રીતિએ ઉપયોગ કરો :

આ દૃષ્ટાન્ત અને આ ઉપનય, કલ્યાણકામી આત્માઓને માટે ખૂબ જ વિચારણીય છે. સુખી ઘરમાં જન્મવાથી ચિંતામણિને ઓળખવા જેવી સામગ્રીને પામેલા **જયદેવે**, મણિઓની પરીક્ષાનો અભ્યાસ કરી, સામાન્ય મણિઓ કયા અને ચિંતામણિ કયો એ જાણવાનું જ્ઞાન મેળવ્યું અને એ જ્ઞાનની સાર્થકતા તેણે ચિંતામણિ મેળવવામાં જ માની. ચિંતામણિને મેળવવામાં જ તેણે સાર્થકતા માની, તો તે માતા-પિતાના પણ મોહને આધીન થયા વિના, એની શોધ માટે નીકળ્યો. ઘણી ઘણી મહેનત છતાંય તે ન મળ્યો તો પણ તે પ્રયત્નને તજનારો ન બન્યો. પરિણામે વૃદ્ધ મળ્યો, એથી તે સન્મણિવતી ખાણે પહોંચ્યો અને ત્યાં તેને ચિંતામણિ છે હાથમાં જેના એવો **પશુપાલ** મળ્યો, કે જે હીનપુણ્ય હતો. હીનપુણ્ય એવા તેણે પોતાના હાથમાં રહેલા પત્થરને ચિંતામણિ તરીકે જાણ્યા પછીથી પણ, તેનો લાભ ઉઠાવ્યો નહિ. તેણે મૂર્ખ હોઈને તેની આરાધનાને બદલે વિરાધના કરી, તેને ફેંક્યો અને તે **જયદેવના** હાથમાં આવ્યો. **જયદેવ** તો ચિન્તામણિના સ્વરૂપથી સુજ્ઞાત પણ હતો અને તેનો અર્થી પણ હતો, એટલે તેણે તેનો સત્કાર કર્યો, બહુમાનપૂર્વક પોતાનો કર્યો અને ખૂબ આરાધ્યો તથા ધાર્યું પામ્યો. શું આ વાત ઓછી વિચારણા પૂરી પાડે છે? આજે તમે તો સૌ સન્મણિવતી સમી મનુષ્ય-

ગતિમાં પણ આવી ચૂક્યા છો અને જેમ **પશુપાલ**ના હાથમાં અનાયાસે મણિ આવી પડ્યો હતો તેમ તમારા હાથમાં આ સદ્ધર્મચિંતામણિ પણ આવી પડ્યો છે. **જયદેવ**ને જેમ સન્મણિવતી ખાણમાં પહોંચવા માટે ઘણો પરિશ્રમ કરવો પડ્યો હતો, તેમ તમારે કરવો પડે તેમ નથી. તમારે તો માત્ર હવે **પશુપાલ** જેવી દશાને જ તજવાની છે. જ્યાં સુધી **જયદેવ**ની માફક તમે આ સદ્ધર્મ રૂપ ચિંતામણિની કિંમત આદિને ન સમજો, ત્યાં સુધી તમને લાગે છે ને કે–તમારી દશા **પશુપાલ** જેવી જ રહેવાની ? **પશુપાલ**ને જેમ પશુઓ ચારવાં અને એના યોગે મળતી આજીવિકામાં સર્વસ્વ માનીને મસ્ત રહેવું એમાં જ સઘળો આનંદ લાગતો હતો, તેમ આજે તમને પણ એમ લાગે છે ને કે–કુટુમ્બને ફાવતી રીતિએ પાળવું, એના માટે પૈસા મેળવવા મથવું અને એમાં જ આનંદ માનવો, એવી તમારી દશા છે ? પશુપાલ જેમ હાથમાં આવેલ ચિંતામણિને પત્થર માનતો, તેવી જ માન્યતા લગભગ તમારી ધર્મના સમ્બન્ધમાં છે, એમ કહેવાય તો તે વાસ્તવિક છે કે નહિ ? 'આ ચિંતામણિ છે અને આરાધના કરવામાં આવે તો ચિંતિતને આપે એવો છે'–એમ જાણવા છતાં પણ, **પશુપાલે** પોતાને પ્રિય એવાં બોર આદિની જ માગણી કરી અને એ વખતે સમજાવવા છતાં પણ અંતે જાણે એનું જીવન રાબ અને છાશમાં જ હોય, એમ માનીને 'એની ખાતર ત્રણ ઉપવાસ કરૂં તો મરી જ જાઉં' એવો નિશ્ચય કરી, એ ચિંતામણિને ફેંકી જ દીધો : આવી જ દશા જો તમારી પણ હોય તો વિચારજો કે–તમારામાં અને **પશુપાલ**માં શું ફરક છે ? વળી બીજી વાત એ પણ છે કે–ચિંતામણિને પામવા માટે જેમ વિસ્તૃત પુણ્યની જરૂર છે, તેમ સદ્ધર્મ રૂપ વરરત્નને પ્રાપ્ત કરવાને માટે પણ સંપૂર્ણ ગુણવિભવની જરૂર છે. **પશુપાલ** જેમ પુણ્યહીન હતો તેવી દશા તમારી આજે ગુણવિભવને અંગે છે,

એવું તમને પોતાને દેખાય છે કે કેમ? આ ગુણ રૂપ વિભવ આવે અને **જયદેવ** જેવો અર્થી બન્યો હતો તેવા જો તમે અર્થી બનો, તો તમે પણ આજે ધાર્યું કરી શકો તેમ છો. અર્થી બનેલ **જયદેવે** માતા-પિતાનો પણ અંતરાય નહિ સ્વીકારતાં ઇચ્છિત સાધ્યું અને પોતે સુખી થવા સાથે માતા-પિતા આદિને પણ સુખી કરીને સૌની પ્રશંસા મેળવી, એ જ રીતિએ તમે પણ જો ગુણવિભવના માલિક બનીને સદ્ધર્મ રૂપ શ્રેષ્ઠ રત્નનું અર્થિપણું જગાડીને, એની પ્રાપ્તિ અને આરાધના માટે માતા-પિતા આદિના ખોટા મોહને અવગણો અને તકલીફ વેઠીને પણ ધર્મની પ્રાપ્તિ અને પછી તેની આરાધના માટે બનતું કરો, તો તમારા પોતાના ઉદ્ધાર સાથે તમે તમારાં માતા-પિતાદિનો પણ ઉદ્ધાર કરીને, સજ્જન લોકની પ્રશંસાના પાત્ર બની શકો તેમ છો : પણ દૃષ્ટાન્તોનો આ રીતિએ ઉપયોગ જ કરવામાં ન આવે, ત્યાં થાય શું?

ખાબોચીઆમાં ન ડૂબો :

ઉપનય કર્યા પછી-' દૃષ્ટાન્ત સાંભળનારાઓએ આવું દૃષ્ટાન્ત સાંભળીને શું કરવું જોઈએ?' એનો ખ્યાલ આપવા ખાતર સદ્ધર્મરત્નની ઇચ્છાવાળા આત્માઓને ઉદ્દેશીને આચાર્યભગવાન શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

" दृष्टान्तमेनं विनिशम्य सम्यक्,
सद्धर्मरत्नग्रहणे यदीच्छा ।
अमुद्रदारिद्र्यविनाशदक्षं,
तत् सद्गुणद्रव्यमुपार्जयध्वम् ॥१॥ "

એટલે કે-હે ભવ્ય જીવો ! આ દૃષ્ટાન્તને સારી રીતિએ સાંભળીને, જો તમારી સદ્ધર્મરત્નના ગ્રહણમાં ઇચ્છા હોય, તો અમુદ્ર દારિદ્રના વિનાશમાં સમર્થ એવા તે સદ્ગુણ રૂપ દ્રવ્યનું

તમે ઉપાર્જન કરો. જો આવા દષ્ટાન્ત દ્વારા પણ આપણને સદ્‌ગુણો રૂપી દ્રવ્યનું ઉપાર્જન કરવાનો ઉલ્લાસ ન જાગે, તો સમજવું જોઈએ કે–આપણી એ કારમી કમનસીબી જ છે : પરન્તુ એવી કમનસીબીને જાણી જોઈને શા માટે વહોરવી જોઈએ ? મનુષ્યગતિ આદિ દુર્લભ દુર્લભ સામગ્રીઓને પામવાના યોગે પરમ ભાગ્યવાન કહેવડાવવાને લાયક બનેલા તમે, હવે પણ જો ધર્મની પ્રાપ્તિને યોગ્ય ગુણમય દશાને ન પામી શકો, તો તમારી સાગર તરીને ખાબોચીયામાં ડૂબવા જેવી દશા થાય અગર ફેર સાગરમાં જ ઝંપાપાત કરવા જેવું થાય. ઉત્તમ કોટિના મણિઓની ખાણની નજદિક આવી પહોંચ્યા છો, કુળના યોગે ચિન્તામણિ હાથમાં આવ્યો છે, એટલે હવે તો માત્ર ચિન્તામણિની કિંમત સમજી તેને આરાધી લેવાનું જ બાકી છે. આમ છતાં પણ, વૃથા વાતોથી અવિશ્વાસુ બનીને ફેંકી દેશો, તો તમે તમારૂં પણ ભૂંડું જ કરનારા બનશો. આ રીતિએ તમે તમારૂં પણ ભૂંડું જ કરનારા ન બની જાઓ, પણ તમારૂં અને બીજાઓનું પણ ભલું કરનારા બનો, એ માટે સદ્ધર્મ રૂપ વરરત્નને યોગ્ય બનીને, તેના આરાધક બનો એ જ શુભાભિલાષા.

દૃષ્ટાન્તનું સિંહાવલોકન

પશુપાલની નિર્ભાગિતા :

પશુપાલ ચિન્તામણિ દ્વારા લાભ ઉઠાવવાને માટે આવશ્યક એવા પુણ્યથી રહિત હોઈને, તેની શી દશા થઈ તે આપણે જોઈ આવ્યા. ચિન્તામણિ એના હાથમાં આવ્યો : ‘એ કોઈ સામાન્ય કોટિનો ઉપલ નથી પરન્તુ ચિન્તામણિ છે અને યોગ્ય પ્રકારે તેની આરાધના કરવામાં આવે તો સઘળાં વાંછિતોનો તે દાતાર છે’–એવું સમજાવનાર પણ તેને અનાયાસે મળ્યો : એટલું જ નહિ, પણ એ ચિન્તામણિની આરાધનાનો વિધિ

કયા પ્રકારનો છે તેનો પણ તે પશુપાલને જયદેવ નામના તે વણિક્પુત્રે ખ્યાલ આપ્યો. હવે કહો, કમીના શી રહી?

સ૦ માત્ર એની આરાધના કરવાની.

ખરેખર, પશુપાલ જો એ ચિન્તામણિની આરાધના કરી શક્યો હોત, તો તેની જીંદગીની દરિદ્રતા ફીટી જાત: પણ તેવું ભાગ્ય જોઈએ ને? એને બધું જ મળ્યું, પણ ખામી એ હતી કે—આવશ્યક એવા પુણ્યથી તે રહિત હતો. એ એવો પુણ્યશાલી નહિ હતો, કે જેથી ચિન્તામણિની આરાધના દ્વારા મનોવાંછિત સંપત્તિ આદિને પામી શકે અને ભોગવી શકે. એક માત્ર પુણ્યની ખામીએ એ દરિદ્રીનો દરિદ્રી જ રહ્યો. આવી જ રીતિએ, ગુણ રૂપ વિભવથી વર્જિત આત્માઓની દુર્દશા થાય છે. ગુણ રૂપ વિભવથી વર્જિત આત્માઓના હાથમાં સદ્ધર્મ રૂપ ચિન્તામણિ આવતો નથી અને કદાચ આવી જાય છે તોય તેઓ તેની આરાધના કરવા દ્વારા સુન્દર સ્થિતિને પ્રાપ્ત કરવાને બદલે, વિરાધના દ્વારા પોતાની સ્થિતિને સવિશેષ ભયંકર બનાવી દે છે. આ કારણે, સદ્ધર્મની પ્રાપ્તિ અને તેની યથાયોગ્ય આરાધના માટે ગુણ રૂપ વિભવની પરમ આવશ્યકતા છે.

કમનસીબી જાણી ચોંકો:

પશુપાલને સન્મણિવતી ખાણમાંથી ચિન્તામણિ હાથ લાગ્યો હતો; એ જ રીતિએ સન્મણિવતી ખાણ સમી આ મનુષ્યગતિ છે અને એમ કહી શકાય કે—તમે જૈનકુળમાં જન્મ્યા છો એ પૂરતો ચિન્તામણિ રૂપ સદ્ધર્મ પણ તમારા હાથમાં આવી પડ્યો છે. પશુપાલને જેમ તે ઉપલ ચિન્તામણિ હોવાની ગમ નહોતી, તેમ જૈનકુળમાં જન્મેલા પણ ઘણાઓને શ્રી જૈનધર્મના પરમ શ્રેયસ્કારી સ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન નથી. જયદેવે જેમ પશુપાલના હાથમાં રહેલા ચિન્તામણિને ચિન્તામણિ તરીકે જાણીને, તે ચિન્તામણિ હોવાનું પશુપાલને જણાવ્યું,

તેમ તમને પણ શ્રી જૈનશાસનના પરમાર્થવેદી મહાપુરૂષો શ્રી જૈનધર્મનું 'અનર્થોનો વિશિષ્ટ પ્રકારનો વિનાશ કરવા'નું જે સામર્થ્ય છે તે જણાવે છે. આ ઉપરાન્ત, જયદેવે જેમ ચિન્તામણિની આરાધના કરવાનો વિધિ પશુપાલને દર્શાવ્યો, તેમ તમને પણ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની આરાધના કરવાનો વિધિ સુસાધુઓ દર્શાવે છે. આટલા પછી પણ તમે જો ધર્મની આરાધનાથી વંચિત રહો, તો તમે કેટલા બધા કમનસીબ ગણાઓ ?

સ૦ ઘણા જ.

આ જવાબ હૃદયપૂર્વકનો હોય, તો એની પાછળ હૃદયનો વલોપાત ન હોય એ ન બને. તમને કમનસીબ કહેવાથી કે તમારી પાસે તમે કમનસીબ છો એવું કહેવડાવવાથી અમને આનંદ નથી જ થતો. અમે તો તમને મહા ભાગ્યવાન પણ માનીએ છીએ : છતાં કમનસીબીની વાતને આગળ ધરીને તમને ચોંકાવવાને ઇચ્છીએ છીએ. તમે તમારી વર્તમાન હાલતના ખરા સ્વરૂપને સમજો, ચોંકો અને પાપનિવૃત્ત બનીને ધર્મના સાચા આરાધક બનો, એ માટેનો જ આ પ્રયાસ છે. તમે કહી દો કે–' અમે ઘણા જ કમનસીબ '–એટલા માત્રથી શું સર્યું ? એ કમનસોબીનો હૈયામાં આઘાત થવો જોઈએ. એ આઘાત પણ એ કમનસીબીને ટાળવાનો ઉત્સાહ પ્રગટે એવો હોવો જોઈએ. તમને શું નથી મળ્યું ? તમે સમજો તો તમને જે સામગ્રી મળી છે, તે કોઇ સામાન્ય કોટિની નથી. આર્યદેશાદિએ સહિત મનુષ્યત્વ અને તેમાં પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોનાં વચનોને સાંભળવાની તક, ત્યાં સુધી તો તમે આવી પહોંચ્યા છો. આવા પરમ ભાગ્યને શું વેડફી જ મારવું છે ? આવા પરમ ભાગ્યને જો વેડફી જ મારવું ન હોય, તો પશુપાલે જેવી મૂર્ખતા કરી તેવી મૂર્ખતાથી બચી જવું જોઈએ અને જયદેવની જેમ કુશળ બનીને ધાર્યું સિદ્ધ કરવાના કામમાં લાગી જવું જોઈએ.

ધર્મ રૂપ સ્વામી પાસે માગણી ન કરો :

ચિન્તામણિને ચિન્તામણિ તરીકે જાણ્યા પછી પણ પશુપાલે શું કર્યું ? તરત જ તેની પાસે બોર આદિની માગણી કરી. એ જ રીતિએ આજે ઘણાઓ ધર્મની પાસે તુચ્છ ફલોની માગણી કરે છે. ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે-ધર્મની પાસે માગણી કરવાની જરૂર જ નથી. તમે તો એક જ ધ્યાન રાખો અને તે ધર્મનું યથાવિધિ આરાધન કરવાનું. ધર્મનું યથાવિધિ આરાધન કરનારને માટે સુન્દર ફલની પ્રાપ્તિ, એ સુનિશ્ચિત જ છે. સદ્ધર્મનું યથાવિધિ આરાધન કરનારો આત્મા, આ લોકમાં પરમ શાન્તિને પામી શકે છે: કારણ કે–તે અશુભ વિચારો આદિથી પર બની જાય છે; અને પરલોક તો તેનો નિયમા સુન્દર બને છે. સદ્ધર્મની આરાધનાના યોગે મુક્તિસુખની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પૌદ્‌ગલિક ભોગસામગ્રી પણ ઉત્તમ પ્રકારની પ્રાપ્ત થાય છે અને તે સામગ્રીનો ભોગવટો પણ આત્માને ઇતરોની જેમ ભોગરસિક બનાવતો નથી. તે આત્મામાં વિષયવિરાગાદિની વૃદ્ધિ થતી જાય છે અને એમ કરતાં કરતાં આરાધનાના બલે તે આત્મા અલ્પ કાળમાં જ મુક્તિસુખનો ભોક્તા બની જાય છે. ચિન્તામણિ દ્વારા લાભ મેળવવાને માટે તો તેની પૂજા કર્યા બાદ તેની પાસે બેસીને ઇચ્છિતનું ચિન્તવનેય કરવું પડે છે, જ્યારે સદ્ધર્મ પાસે તો તેવું કાંઈ જ કરવું પડતું નથી. તમે તમારી ફરજ બજાવશો, તો ધર્મ પોતાની ફરજ બજાવ્યા વિના રહેશે જ નહિ. ધર્મ, એ એક એવો સ્વામી છે કે–તેના સેવકને તે વગર માગ્યે પણ સુન્દર સુન્દર બદલો આપે છે અને તે સેવક વધારે ને વધારે સુન્દર બદલો પ્રાપ્ત કરવાને લાયક બને એવી જોગવાઈ કરી આપે છે. આમ છતાં પણ, ધર્મ રૂપ સ્વામિને એવા પણ અધીર સેવકો મળે છે, કે જેઓ પોતે કરેલી સેવાનું ફલ માગ્યા વિના રહેતા જ નથી. આવા સેવકોની બહુલતયા દુર્દશા થાય છે.

તેઓએ કરેલી ધર્મની સેવા નિષ્ફલ તો નિવડતી નથી, પણ એનું પરિણામ ઘણું જ ભયંકર આવે છે. ધર્મ રૂપ સ્વામિના છત્રથી તેઓ બાકાત થઈ જાય છે અને ધર્મસેવાના યોગે મળેલી સામગ્રીમાં તેઓ એટલા તો ભોગરસિક બની જાય છે કે–પરિણામે તેઓને નરકાદિનાં ભયંકર દુઃખો ભોગવવાનો વખત આવી લાગે છે. આથી જ, ઉપકારિઓ આ લોક અને પરલોક સંબંધી પૌદ્ગલિક આશંસાથી સહિત એવાં ધર્માનુષ્ઠાનોને પણ વિષાનુષ્ઠાનો અને ગરાનુષ્ઠાનો તરીકે ઓળખાવીને, તેનો ભારપૂર્વક નિષેધ કરે છે. મુગ્ધજીવો અગર તો કોઈ તેવી વિશિષ્ટ પ્રકારની ભવિતવ્યતાવાળા જીવોને માટે આવું વિપરીત પરિણામ ન પણ આવે, તે છતાં પણ તેવો માર્ગ ઉપદેશ્ય તો નથી જ.

રોટી અને વસ્ત્રના નામે ધર્મ અને ધર્મગુરૂઓને નિન્દનારાઓ :

ચિન્તામણિને ચિન્તામણિ તરીકે જાણ્યા પછીથી પણ, તેની પાસે બોર આદિ તુચ્છ વસ્તુઓની માગણી કરનાર તે પશુપાલને જયદેવે આરાધનાનો વિધિ સમજાવ્યો. આરાધનાના વિધિને જાણ્યા બાદ પણ, આરાધના કર્યા પહેલાં જ પશુપાલે તેની સાથે વાતો કરવા માંડી. ચિન્તામણિએ હાંકારો દીધો નહિ, એટલે પશુપાલને તે ચિન્તામણિ તરફ પણ રોષ પ્રગટ્યો અને જયદેવ માટે પણ તેના હૃદયમાં દુર્વિચારો ઉત્પન્ન થયા. પુદ્ગલાનંદી આત્માઓ કેટલીક વાર આવી જ રીતિએ ધર્મની સાથે પણ ગેલ કરવા માંડે છે અને પોતાની મૂર્ખાઇભરી અભિલાષા ફળે નહિ એટલે સદ્ધર્મ પ્રત્યે રોષવાળા બને છે તેમજ સદ્ધર્મનો મહિમા વર્ણવતા ઉપકારી મહાપુરૂષો પ્રત્યે પણ તેમને દુર્બુદ્ધિ પ્રગટે છે. આજે ઘણાઓ એવું પણ બોલે છે અને લખે છે કે–'જે ધર્મ ભૂખ્યાને રોટી અને નવસ્ત્રાને વસ્ત્ર ન આપે, તે ધર્મ શા કામનો ? એવા ધર્મના ઉપદેશો,

એ તો ભોળાઓને છેતરવાની ચાલબાજી છે.' આ રીતિએ સદ્ધર્મને વિષે પણ અશ્રદ્ધા પ્રગટાવીને, સાચા ઉપકારી ધર્મોપદેશક મહાત્માઓને ચાલબાજી ખેલનારા કહેનારાઓ, ખરેખર, પરમ દુર્ભાગી હોઈને ગમ્ભીર કોટિના દયાપાત્ર છે અને તેમનું આવું વર્તન પ્રતિકારપાત્ર પણ છે. એવાઓને ગમ નથી કે-પૂર્વભવનાં પાપકર્મોના યોગે તો, આ ભવમાં પરમ ધર્મશીલ એવા પણ પુણ્યાત્માઓને કારમી આફતો સહવી પડે છે. પૂર્વનાં બાંધેલાં તેવાં પાપકર્મોના ઉદયે, વર્તમાનના ધર્મશીલ એવા પણ આત્માઓને માથે આફતો આવવી એ સહજ છે: પરન્તુ એ ધર્મશીલ આત્માઓ એવી આફતોને પણ સમભાવે, શાન્તિથી, રીબાયા વિના સહન કરી શકે છે, એ પ્રભાવ ધર્મનો છે. ધર્મની આરાધનાના યોગે કેટલાંક દુષ્કર્મોની તો નિર્જરા પણ થઇ જાય છે અને તેવાં નિકાચિત દુષ્કર્મોની નિર્જરા ન થાય તોય, તેના ઉદયને સમયે ધર્મને પામેલો આત્મા જે સુન્દર સમાધિસુખને ભોગવી શકે છે, તેની તો તેવા ધર્મહીનોને કલ્પના પણ પ્રાપ્ત થવી મુશ્કેલ છે. બીજી વાત એ પણ છે કે-ધર્મના ફલ સામે ફરીયાદ કરનાર એ લોકો, એ તો બતાવે કે-તેમણે આજ સુધીમાં ધર્મની કેટલીક આરાધના કરી ? તેઓએ ધર્મની યથાવિધિ આરાધના કરી જ નથી, એમ કહીએ તોપણ ચાલી શકે. તેઓને તો ધર્મ અને ધર્મપ્રચારકો પ્રત્યે દ્વેષ છે,એટલે જ તેઓ રોટી અને વસ્ત્ર આદિની વાતોને આગળ ધરે છે. ધર્મની યથાવિધિ આરાધના કરવા છતાંય, મિથ્યાત્વના ઘોર ઉદયથી બુદ્ધિવિપર્યાસ થવો એ પણ અસંભવિત વસ્તુ નથી : પરન્તુ આજના રોટી અને વસ્ત્રના નામે ધર્મ અને ધર્મપ્રચારકોની નિન્દા કરનારાઓમાં. એવો કોઈ હોવાની સંભાવના બહુ જ ઓછી છે. બાકી એ સુનિશ્ચિત વાત છે કે-સદ્ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરવામાં રત બનેલા આત્માઓ, નિયમા, અનુપમ અને અજોડ સુખના

ભોક્તા બને છે. ધર્મને પામેલા આત્માઓના હૃદયમાં રોટી અને વસ્ત્ર આદિ માટેની મુંઝવણ હોઈ શકતી જ નથી. માટે એવી કોઈ વાતોમાં ફસાઈને તમે પશુપાલની જેમ ધર્મરત્નને ફેંકી દેનાર નહિ બનતાં, સદ્ગુરૂઓની નિશ્રામાં રહી સદ્ધર્મની આરાધના કરવામાં જ તત્પર બન્યા રહો, એ જ હિતાવહ છે.

ભોગમાં જ સર્વસ્વને માનનારાઓ ત્યાગની વાતોને હસે જ ને?

તેવા પ્રકારના પુણ્યથી રહિત એવા તે પશુપાલે એવો પણ વિચાર કર્યો હતો કે–'હું રાબ અને છાશ વગર એક ક્ષણને માટે પણ રહી શકતો નથી, એટલે ચિન્તામણિની આરાધના કરવાને માટે જો હું ત્રણ ઉપવાસ કરૂં તો તો મરી જ જાઉં : આથી મને મારી નાખવાને માટે જ તે વાણીયાએ તારાં ચિન્તામણિ તરીકેનાં મારી પાસે વખાણ કર્યાં હતાં, એમ મને સમજાય છે.' આ જાતિના વિચારો કરવામાં પશુપાલની મૂર્ખતા જેમ કારણભૂત હતી, તેમ કેટલાક ભોગમગ્ન આત્માઓ પણ મૂર્ખાઇથી ધર્મના વિષયમાં આ જાતિના વિચારો કરનારા હોય છે. આત્મા અને પરલોક આદિને નહિ માનનારા નાસ્તિકો એમ જ માને છે કે–'આ ધર્મ કરનારાઓ ઠગાઈ રહ્યા છે. પરલોક છે નહિ અને આ બીચારાઓ આ લોકમાં મળેલા પણ ભોગોને ધર્મની ઘેલછાને વશ બનીને ભોગવી શકતા નથી.' વળી તેવાઓ ધર્મદેશક સુસાધુઓને માટે પણ એવી અધમ કલ્પના કરનારા હોય છે કે–'પોતાના મઠો જમાવવાને માટે, સુખે લહેર કરવાને માટે, પારકી મુડી ઉપર તાગડધીન્ના કરવાને ઇચ્છતા સ્વાર્થી પામરોએ ધર્મનું તૂત ઉભું કરી દીધું છે.'

સ૦ જેઓના ગુરૂ ગણાતાઓ ભોગમાં લીન બનેલા હોય તેમને માટે ગમે તેમ કહે, પણ સાચા ત્યાગી ગુરૂઓને માટે પણ આમ કહે?

એવું બોલનારાઓને સત્યની દરકાર કેટલી? એ તો ત્યાગને

પણ દંભ માને અને ત્યાગી મહાત્માઓને માટે પણ તદ્દન કલ્પિત વાતો કરીને 'તે મહાત્માઓ ત્યાગી નથી પણ છૂપા ભોગી છે' એવું એવું ઠસાવવાનો પણ પ્રયત્ન કરે. પાપથી નહિ ડરનારો આદમી કયું પાપ કરતાં અચકાય ? રાજસત્તા આદિનો જો અંકુશ જ ન હોય, તો આજે કેટલા એવા માણસો છે, કે જે પાપથી ડરીને પાપથી બચતા રહેવાનો પ્રયત્ન કરે ? પાપભીરૂતાના યોગે પાપથી નિવૃત્ત રહેવાની ભાવનાવાળા તો વિરલા જ. આથી સમજી શકાય તેમ છે કે–પાપથી નહિ ડરનારા માણસો ધર્મ અને ધર્મગુરૂઓને માટે જેટલું ભૂંડું બોલે કે કરે નહિ તેટલું ઓછું. 'પરલોક નથી'–એમ કહેનારાઓ, જો જિજ્ઞાસુ બનીને સમજવાનો પ્રયત્ન કરે, તો પરલોક આદિની હયાતિ તેમને સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી: પણ ભોગસુખને માટે જ તરફડી રહેલાઓ બીજો વિચાર કરે જ શાના ? ભોગમાં જ સર્વસ્વને માનનારા તો ધર્મને માટે ભોગનો ત્યાગ કરવાની વાત ઉપર હસતા જ આવ્યા છે, હસે છે અને હસતા જ રહેવાના. ચિન્તામણિની આરાધના માટે માત્ર ત્રણ ઉપવાસ કરવાની વાતમાં પણ મૂર્ખ અને ભાગ્યહીન એવા પશુપાલને જેમ રાબ અને છાશ વિના મરી જવાય એવું લાગ્યું, તેમ ભોગમાં જ સર્વસ્વને માનનારાઓને 'ભોગ વિના સુખ સંભવે જ નહિ'–એવું લાગે તે સ્વાભાવિક છે. એ જ કારણે, પશુપાલને જેમ જયદેવ જેવો ઉપકારી પણ પોતાને મારી નાખવાની બુદ્ધિવાળો લાગ્યો, તેમ ભોગસુખને જ સર્વસ્વ માનનારાઓને પરમ ઉપકારી એવા પણ ધર્મગુરૂઓ ઠગારા જેવા લાગે, તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. આ વિશ્વમાં સાચા ધર્મગુરૂઓનો ઉપકાર અવર્ણનીય છે, પરન્તુ જેને ધર્મ પ્રત્યે તિરસ્કાર હોય તેને ધર્મગુરૂઓ ઉપકારી લાગે જ શાના ? ચિન્તામણિ ઉપર રોષવાળા બનતાંની સાથે જ પશુપાલને જયદેવ માટે ખરાબ વિચાર આવ્યો, પણ જો પશુપાલે ચિન્તામણિની યથાવિધિ આરાધના

કરી હોત તો તે જરૂર જયદેવને પરમ ઉપકારી માનત : એ જ રીતિએ, સદ્ધર્મ પ્રત્યે જેઓને સદ્ભાવ છે અને સદ્ધર્મની આરાધના કરવાને માટે જેઓ ઉજમાલ બન્યા છે, તેઓને તો સાચા ધર્મગુરૂઓ પ્રત્યે ભક્તિભાવ જ છે અને તે નિરન્તર વધતો જ જાય છે.

નિર્મળ શ્રદ્ધા કેળવો :

ચિન્તામણિને ચિન્તાનો હારક મણિ માનવાને બદલે ચિન્તાનો કારક મણિ માનીને, દુર્વિચારોને આધીન બનેલા પશુપાલે જેમ ચિન્તામણિને ફેંકી દીધો, તેમ તમે પણ કુશંકાઓ આદિના યોગે સદ્ધર્મને ફગાવી દેનારા ન બનો, એ માટે પણ સાવધ રહેવા જેવું છે. ' શ્રી વીતરાગ અને સર્વજ્ઞ એવા શ્રી અરિહન્તદેવે જે ફરમાવ્યું છે, તે જ સત્ય છે અને અશંકનીય છે. '–આ જાતિની મનોભાવનામાં ખૂબ જ સુદૃઢ બની જવું જોઈએ. કોઈ પણ વિષયમાં સમજ ન પડે, તો વિદ્વાન સદ્ગુરૂઓની પાસે જઈને તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેવળ શ્રદ્ધાગમ્ય વિષયોની તે રીતિએ અને આગમગમ્ય વિષયોની વિચારણા આદિ દ્વારા પણ શ્રદ્ધા નિશ્ચલ અને નિર્મલ બનાવવી જોઈએ. સદ્ગુરૂઓએ યુક્તિ, હેતુ, દૃષ્ટાન્ત આદિથી સમજાવવા છતાં પણ આપણી બુદ્ધિમાં જે વાત ન ઉતરે, તે વાત પણ જો અનન્ત ઉપકારી શ્રી અરિહન્તદેવોએ ફરમાવેલી હોય, તો પોતાની મતિમન્દતા આદિને કારણ તરીકે સમજીને પણ શ્રદ્ધાને શંકાદિથી અદૂષિત રાખવી જોઈએ. આ રીતિએ શ્રદ્ધાસંપન્ન બનશો અને વિરતિધર્મની આરાધનામાં પ્રવૃત્ત થશો, તો સદ્ધર્મ રૂપ ચિન્તામણિથી ઉત્કટમાં ઉત્કટ કોટિના પણ કલ્યાણને સાધી શકશો, એ સંશય વિનાની વાત છે. સદ્ધર્મની આગળ ચિન્તામણિની તો ફુટી કોડી જેટલી પણ કિંમત નથી, પરન્તુ ચિન્તામણિના દૃષ્ટાન્ત દ્વારા સદ્ધર્મની

કલ્યાણકારકતાનો તમને ખ્યાલ આપવાનો જ પ્રયત્ન કરવામાં આવ્યો છે, એ ભૂલશો નહિ.

અર્થી અને આરાધક બનો :

આ રીતિએ પશુપાલની કાર્યવાહીને અંગે આપણે વિચાર કર્યો. હવે આપણે જયદેવની કાર્યવાહીને અંગે પણ કેટલોક વિચાર કરી લઇએ. પશુપાલ જેમ નિર્ભાગી હતો, તેમ જયદેવ ભાગ્યશાલી હતો. ધર્મના વિષયમાં એ ગુણવિભવને અંગે સમજવાનું છે. ગુણવિભવથી વર્જિત આત્માઓ પશુપાલની જેમ સદ્ધર્મના લાભને પામી શકતા નથી, જ્યારે ગુણવિભવથી સહિત આત્માઓ જયદેવની જેમ મોક્ષ રૂપ ઇષ્ટને સાધનારા બની શકે છે : અથવા તો કહો કે–સદ્ધર્મ રૂપ ચિન્તામણિને પામી શકે છે અને એની આરાધના દ્વારા પરિણામે મોક્ષસુખના અને તે પૂર્વે સંસારમાં હોય ત્યાં સુધી ઉત્તમ કોટિના સંસાર-સુખના પણ ભોક્તા બની શકે છે. શરત એટલી જ કે–જયદેવ જેમ ચિન્તામણિ રત્નનો અર્થી અને આરાધક બન્યો, તેમ ગુણવિભવવાળા પણ આત્માએ સદ્ધર્મ રૂપ વરરત્નના સાચા અર્થી અને પરમ આરાધક બનવું જોઈએ.

વિનયશીલ બનવું જોઇએ :

જયદેવના અન્તરમાં ચિન્તામણિનું અર્થિપણું ક્યારે પ્રગટ્યું ? ત્યારે જ, કે જ્યારે તે રત્નપરીક્ષા કરવામાં નિપુણ બન્યો. રત્નપરીક્ષા કરવામાં નિપુણ બનવાને માટે જયદેવે બાર વર્ષ પર્યન્ત પરિશ્રમ કર્યો. જયદેવના એ પરિશ્રમને સફલ બનાવનાર કયી વસ્તુ હતી ? આપણે જોઈ ગયા છીએ કે–તે વિનયી હતો, ઉજ્જ્વલ મતિને ધરનારો હતો અને દક્ષ હતો. વિનય, બુદ્ધિ અને દક્ષતાના યોગે જ તે પોતાના રત્નપરીક્ષા માટેના પરિ-શ્રમને સફલ બનાવી શક્યો, એમ કહી શકાય. વિનયહીન, બુદ્ધિહીન અને અદક્ષ એવા આત્માઓને માટે વિદ્યાનો પરિશ્રમ

જેવો જોઇએ તેવો સફલ નિવડી શકતો નથી. વિદ્યાની પ્રાપ્તિમાં વિનયશીલતા, બુદ્ધિમત્તા અને દક્ષતા પણ ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. વિનયના અભાવે ઉદ્ધત બનેલા અને બુદ્ધિહીન એવા માણસો વિદ્યાને માટે સામાન્ય રીતિએ નાલાયક ગણાય છે. વિનય, એ તો ધર્મનું મૂળ છે. જયદેવના જીવનમાંથી સૌથી પહેલી પ્રેરણા એ મળે છે કે-વિદ્યાના અર્થી આત્માઓએ વિનયશીલ બનવું જોઈએ. વિનયના વૈરિઓ, એ તો પોતાના હિતના જ વૈરિઓ છે. એવાઓને વિદ્યા પ્રાપ્ત થઈ જાય છે તોય તે ફળતી નથી અને પુણ્યોદયે મળેલી બીજી પણ સામગ્રીઓનો તેઓ સદુપયોગ સાધી શકતા નથી.

સદ્ધર્મ પ્રત્યે જ રૂચિ જોઈએ :

જયદેવ ભાગ્યવાન હતો, એટલે રત્નપરીક્ષા કરતાં શીખવાની તેને જોગવાઈ મળી. તમે પણ ભાગ્યવાન છો કે-તમને ધર્મપરીક્ષા કરતાં શીખવાની સામગ્રી મળી છે. જયદેવે પોતાને મળેલી સામગ્રીને સફલ બનાવી, તેમ તમારે પણ ધર્મપરીક્ષામાં નિપુણ બનીને તમને મળેલી સામગ્રીને સફલ બનાવવી જોઈએ. બાર વર્ષ પર્યન્તના પરિશ્રમને અન્તે જયદેવ એક ચિન્તામણિને છોડીને અન્ય સર્વ મણિઓને પત્થર સમાન માનવા લાગ્યો. ખરેખર, ધર્માધર્મની પરીક્ષામાં નિપુણ બનેલા આત્માઓની પણ એ જ દશા થાય છે. ધર્માધર્મની પરીક્ષામાં નિપુણ બનેલા આત્માઓ, એક શ્રી જિનભાષિત ધર્મને જ વાસ્તવિક કોટિનો ધર્મ માનીને ઇતર ધર્મોને માત્ર નામના જ ધર્મો તરીકે, એટલે કે-પરમાર્થથી અધર્મો તરીકે માનનારા બને છે. આ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂર્વે ધર્મરૂચિ એ અસંભવિત વસ્તુ નથી, પરન્તુ સદ્ધર્મની વાસ્તવિક રૂચિ અને એથી ઇતર નામના ધર્મોની અરૂચિ સમ્યગ્દર્શનને પામેલા આત્માઓમાં જ પ્રગટે છે. કાંઈક લઘુકર્મિતા થતાં, ધર્મ પ્રત્યે રાગ ઉત્પન્ન થવો એ ભિન્ન વસ્તુ છે અને સદ્ધર્મ પ્રત્યે સાચા

રૂચિવન્ત બનવું એ ભિન્ન વસ્તુ છે. જ્યાં સુધી-' બધા ધર્મ સારા '-એવી માન્યતા હોય, ત્યાં સુધી સમ્યગ્દર્શનનો અભાવ છે, એ વાતમાં શંકાને અવકાશ જ નથી. ધર્માધર્મના પરીક્ષક બનવાની સફલતા તો, સદ્ધર્મ પ્રત્યેની સાચી રૂચિ ઉપર નિર્ભર છે. ધર્માધર્મનો સાચો પરીક્ષક તે જ છે, કે જે એક શ્રી જિનભાષિત ધર્મને જ પરમ તારક માને છે અને બીજા ધર્મોને પરમાર્થથી અધર્મો રૂપ માને છે. ચિન્તામણિ માટેની જે માન્યતા જયદેવની થઈ, તેવી માન્યતા સદ્ધર્મ માટેની જેની હોય, તે જ સાચો સમ્યગ્દષ્ટિ છે. જયદેવને જેમ ચિન્તા-મણિ સિવાયના સઘળા જ મણિઓ પત્થર સમાન લાગ્યા, તેમ સમ્યગ્દષ્ટિ આત્માને પણ શ્રી જિનવરભાષિત ધર્મ સિવાયના સઘળા જ ધર્મો અધર્મો તરીકે ભાસ્યા વિના રહેતા જ નથી.

ધર્માધર્મના પરીક્ષક બનો :

જયદેવ ચિન્તામણિ સિવાયના મણિઓને પત્થર સમાન માનનારો ત્યારે જ બની શક્યો, કે જ્યારે તે રત્નની પરીક્ષામાં નિપુણ બન્યો. ભિન્ન ભિન્ન પ્રકારનાં રત્નોના સ્વરૂપનું તેને જ્યારે યથાર્થ જ્ઞાન થયું, ત્યારે તેની ખાત્રી થઇ કે-દુનિયામાં કોઈ સાચો મણિ હોય તો તે ચિન્તામણિ જ છે. આ વસ્તુ સૂચવે છે કે-સદ્ધર્મના સાચા ઉપાસક બનવાને માટે ધર્મના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું એય આવશ્યક છે. નિસર્ગથી અને અધિગમથી-એમ બે પ્રકારે સમ્યગ્દર્શનનું પ્રગટીકરણ થાય છે. ઈતર દર્શનોનું જ્ઞાન પણ યોગ્ય આત્માઓને માટે સમ્યક્ત્વને નિર્મલ બનાવનારૂં બને છે. ઓઘ રૂચિ અને તાત્ત્વિક જ્ઞાન-પૂર્વકની રૂચિ વચ્ચે મોટું અન્તર રહેલું છે. તત્ત્વજ્ઞાન આત્માની સદ્ધર્મની રૂચિને સુનિર્મલ બનાવવા સાથે આત્માને પ્રમાદથી મુક્ત બનાવવામાં પણ ખૂબ જ સહાયક નિવડે છે. આજે તો તત્ત્વજ્ઞાન મેળવવાની દરકાર કેટલાને છે, એ તપાસીએ તોય દુઃખ થાય તેમ છે. દુનિયાદારીમાં નિપુણ બનવાની લાલસા

જેટલી તીવ્ર છે, તેટલી જ તત્ત્વજ્ઞાન માટેની અભિલાષા મન્દ છે. જયદેવે બાર વર્ષ પર્યન્ત રત્નપરીક્ષામાં નિપુણ બનવાનો પરિશ્રમ કર્યો, એ વાતમાં તો સંસારના રસિકો એમ જ કહેવાના કે–'બરાબર છે. બાર તો શું પણ જરૂર હોય તો બાવીસ વર્ષો પર્યન્ત અગર તો તેથી પણ વધુ સમય પર્યન્ત પરિશ્રમ કરવો જોઈએ : કારણ કે–તે ઉન્નતિનું સાધન છે.' ખરેખર, જેઓની દૃષ્ટિ આ લોકની જ ઉન્નતિમાં અટવાઈ ગઈ છે અને જેઓની બુદ્ધિ પરલોક, પુણ્ય, પાપ આદિના વાસ્તવિક કોટિના વિચારો સુધી પહોંચી શકતી નથી, તેઓ ઓછા કમનસીબ નથી. મિથ્યાત્વાદિનો જ એ પ્રતાપ છે કે–તેઓને મરણ પછી શું થશે, તેનો વાસ્તવિક કોટિનો વિચાર જ નથી આવતો. આ લોકની ઉન્નતિ, એ શું વાસ્તવિક કોટિની ઉન્નતિ છે? આ લોકની ઉન્નતિ, એ શું આત્માની ઉન્નતિ છે? મનુષ્યભવ આદિ દુર્લભ દુર્લભ વસ્તુઓને પામવા જોગા સુન્દર ભાગ્યને પામેલા પણ આત્માઓ, આત્માની ઉન્નતિનો વિચાર નહિ કરતાં, આ લોકની ઉન્નતિ પાછળ જ મચ્યા રહે, તો કહેવું પડે કે–તેઓ પોતાના સદ્ભાગ્યના ભોગે દુર્ભાગ્યને ઉપાર્જી રહ્યા છે. 'આત્મા અનાદિકાલથી આ સંસાર રૂપ સાગરમાં પરિભ્રમણ કરી રહ્યો છે અને એ પરિભ્રમણનો અન્ત માનવ-જીવનમાં સદ્ધર્મની સુન્દર પ્રકારે ઉપાસના કર્યા વિના આવવાનો નથી'–આ વસ્તુનો જેઓને ખ્યાલ નથી, તેઓ દુનિયા-ની દૃષ્ટિએ ગમે તેવા બુદ્ધિનિધાન ગણાતા હોય, તો પણ પરમાર્થવેદિઓની દૃષ્ટિએ તો તેઓ બુદ્ધિહીન જ છે. રત્ન-પરીક્ષામાં નિપુણ બનવા માટે બાર બાર વર્ષો જેટલો સમય ગાળનારની પ્રશંસા કરનારાઓ, ધર્માધર્મની પરીક્ષા માટે સમય ગાળનારને જ્યારે બેવકૂફ કહેવાને તૈયાર થાય છે, ત્યારે તેઓ ખરી રીતિએ તો પોતાની બેવકૂફીનું જ પ્રદર્શન કરનારા બને છે. રત્નપરીક્ષામાં નિપુણ બનેલો જો ભાગ્યવાન હોય તો

તે બહુ ત્યારે એકાદ ભવનું સુખ મેળવે છે, જ્યારે ધર્માધર્મની પરીક્ષામાં સુનિપુણ બનેલો તો પોતાના આ લોકને અને પરલોકને પણ સુખી બનાવી શકે છે.

આજની જ્ઞાનપ્રચારની વાતો:

આમ છતાં પણ, સંસારમાં આપણે જોઈએ છીએ કે–દુનિયાદારીના અભ્યાસને માટે વર્ષોનાં વર્ષો પસાર કરવામાં આવે છે. માત્ર ધર્માધર્મની પરીક્ષા માટેના અભ્યાસમાં જ દેવાળું હોય છે. મિથ્યાત્વથી ઘેરાએલી દુનિયાને મિથ્યાજ્ઞાનનો પ્રચાર જેટલો ગમે છે, તેટલો સમ્યગ્જ્ઞાનનો પ્રચાર ગમતો નથી. આત્મા આદિના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષા પણ વિરલ આત્માઓમાં હોય છે. આ ભવને પામીને જે જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે વધુમાં વધુ પ્રયત્ન કરવો જોઈએ, તે જ જ્ઞાન પ્રાપ્ત કરવા વિષેની ઉપેક્ષા, એ ઘણી જ કારમી વસ્તુ છે. આજે જ્ઞાનપ્રચારની વાતો તો ઘણી થઈ રહી છે અને જ્ઞાનપ્રચારના નામે પ્રવૃત્તિઓ પણ ઘણી ચાલી રહી છે, પરન્તુ એ વાતો અને એ પ્રવૃત્તિઓ શું સમ્યગ્જ્ઞાન માટેની છે? એ વાતો અને એ પ્રવૃત્તિઓનો હેતુ માનવજાતને આત્મકલ્યાણની ઉપાસક બનાવવાનો છે? આજની જ્ઞાનપ્રચારની વાતો અને પ્રવૃત્તિઓ તો મોટા ભાગે માનવજાતને પરલોકના હિતથી વિમુખ બનાવનારી છે. એનાથી પાપભીરૂતા વધતી નથી, પણ પાપરસિકતા વધે છે. એનાથી સદ્ધર્મની રૂચિ જાગતી નથી, પણ ધર્મ પામવાની યોગ્યતા હોય તોય તે હણાઈ જવા પામે છે. આજે જ્ઞાનપ્રચારને નામે વાતો કરી રહેલાઓને જો પૂછવામાં આવે કે–' તમે સમ્યગ્જ્ઞાનના પ્રચાર માટે કેટલી અને કેવી યોજનાઓ ઘડી છે?'–તો તેઓ પાસે તેનો શો જવાબ છે? જે જ્ઞાન પ્રાણિ માત્રનું કલ્યાણ સાધવામાં સહાયક થાય તેમ છે, તે જ્ઞાનનો લેશ પણ ખ્યાલ નહિ હોવા છતાં, જેઓ જ્ઞાનપ્રચારની વાતો કરવાને નીકળી

પડે, તેઓ જ્ઞાનના નામે પણ અજ્ઞાનના જ ઉપાસક બને અને બનાવે, એ જ સુસંભવિત છે. આત્માની મુક્તિનું ધ્યેય અને એ માટેના સાધન રૂપ સદ્ધર્મની રૂચિ, આ બેમાં જેઓનું દેવાળું છે, તેઓ જ્ઞાનના નામે પણ જગતને અજ્ઞાનના જ પંથે દોરનારાઓ છે. સમ્યગ્જ્ઞાનની સાધનામાં ભાષાજ્ઞાન આદિની આવશ્યકતા નથી એમ નહિ. સમ્યગ્જ્ઞાનની સાધનામાં ભાષાજ્ઞાન આદિની પણ આવશ્યકતા જરૂર છે, પરન્તુ ભાષાજ્ઞાન માટે પ્રયત્ન કરનારાઓનું એ ધ્યેય જ નથી તેનું શું? જ્ઞાનની પ્રાપ્તિ પછી જેઓને પૌદ્ગલિક પ્રગતિમાં જ આત્માની પ્રગતિ લાગતી હોય અને આત્માની પ્રગતિ માટે અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલી પ્રવૃત્તિઓ ન ગમતી હોય, તેઓ માટે તો એમ જ કહેવું પડે કે-'એ બીચારાઓ જ્ઞાનના નામે અજ્ઞાનની જ ઉપાસનામાં પડ્યા હતા.' આજે જ્ઞાનપ્રચારના નામે ચાલી રહેલી વાતો બહુલતયા અજ્ઞાનપ્રચારની જ છે અને એથી એવી વાતોથી પણ સમ્યગ્જ્ઞાનના પ્રચારની અભિલાષાવાળાઓએ સાવધ બન્યા રહેવાની જરૂર છે. જેઓ જ્ઞાન અને અજ્ઞાનનો વિવેક પણ કરી શકતા નથી, તેઓ જ્ઞાનપ્રચારની વાતો કરે, એ તો તેઓનું એક પ્રકારનું વાયડાપણું જ છે: પણ મિથ્યાત્વથી ઘેરાએલી દુનિયા તેવાઓના તે વાયડાપણાને પિછાણી શકતી નથી.

લક્ષ્મીનો સદ્વ્યય:

આજે જૈનસમાજના પૈસે ચાલતી શિક્ષણસંસ્થાઓનું ધ્યેય જો સમ્યગ્જ્ઞાનનું જ હોત અને એ ધ્યેય મુજબ એનો જો અમલ થયો હોત, તો શિક્ષિત ગણાતા જૈનો આજે આજના ગાંધીવાદ અને સામ્યવાદ આદિ વાદોના હાર્દને સમજીને એ વાદોથી અલપ્તિ જ રહ્યા હોત : પણ વસ્તુતઃ સમ્યગ્જ્ઞાનના પ્રચારનું ધ્યેય જ નથી અને કદાચ પ્રસંગે સમ્યગ્જ્ઞાનના પ્રચારની વાતો કરાતી પણ હોય, તોય તે જૈનસમાજના ધર્મપ્રેમી

એવા પણ ભદ્રિક વર્ગને ભોળવીને તેઓની લક્ષ્મીનો લાભ લેવાને માટે જ કરાતી હોય છે. બહુલતયા આજે આવી પરિસ્થિતિ છે અને એથી આવી કારમી પરિસ્થિતિને પહોંચી વળવાને માટે ધર્મપ્રેમી વર્ગે પોતાનાં સંતાનો અને અર્થી એવા સૌ કોઈ માટે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનાં સાધનોમાં સુવ્યવસ્થાપૂર્વક પાણીની માફક પૈસો વેરવો, એ પણ પરમ આવશ્યક છે. શ્રી જિનમંદિરોનાં નૂતન નિર્માણ, જીર્ણ એવાં શ્રી જિનમંદિરોનો ઉદ્ધાર, અપૂજ્ય રહે એવી સ્થિતિમાં આવેલાં શ્રી જિનબિમ્બોની પૂજનવ્યવસ્થા અને શ્રી જિનાગમ આદિ શાસ્ત્રોનાં આલેખન આદિમાં જેમ લક્ષ્મીનો વ્યય એ ઉત્તમમાં ઉત્તમ કોટિનો સદ્વ્યય છે, તેમ આ જાતિના સમ્યગ્જ્ઞાનના પ્રચારમાં પણ કરાતો લક્ષ્મીનો વ્યય એ સુન્દર પ્રકારનો સદ્વ્યય જ છે. પરન્તુ આ પ્રકારનો સદ્વ્યય કરવાની સદ્વૃત્તિ સમ્યગ્દર્શનના અભાવમાં પ્રગટે શી રીતિએ? આ જીવનમાં આત્માનું કલ્યાણ સાધવાને માટે અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલા ધર્મની આરાધના કરવામાં લીન બનવું, એ જ એક આ જીવનને અને આ સામગ્રીને સાર્થક બનાવવાનો ઉપાય છે,–એમ લાગ્યા વિના બીજા આત્માઓને સમ્યગ્જ્ઞાની બનાવવાની સાચી વૃત્તિ પ્રગટે અને એ વૃત્તિના અમલને માટે લક્ષ્મીનો વિપુલ વ્યય કરવાની ઉદારતા પ્રગટે, એ શું શક્ય છે? જેનામાં સ્વ–અનુગ્રહ નથી, તેનામાં વાસ્તવિક રીતિએ પરાનુગ્રહ પણ સંભવે કેમ? તમે તમારા આત્મા પ્રતિ અનુગ્રહવાળા બનો, એટલે બીજા આત્માઓ પ્રત્યેની અનુગ્રહબુદ્ધિ આપોઆપ પ્રગટશે. ધર્માધર્મની પરીક્ષામાં નિપુણ બનવાનો પ્રયત્ન કરવો, એ પણ સાચી અનુગ્રહશીલતાને પામવાનો એક ઉત્તમ માર્ગ છે.

સાચું આરોગ્ય મોક્ષ :

રત્નની પરીક્ષામાં પ્રવીણ બનેલા જયદેવે ચિંતામણિની પ્રાપ્તિનો જ પ્રયત્ન આરંભ્યો, એની પણ અનુમોદના કરનારા આ

દુનિયામાં ઘણા મળી આવવાના : કારણ કે–દુનિયાની ઉત્તમ ચીજ મેળવવા માટેના પ્રયત્નને જ અર્થ–કામનું પ્રેમી જગત ઇષ્ટ માને છે. આજના અર્થ–કામના પ્રેમી જગતને એક એ જ વાત નથી ગમતી કે–કોઈ અનર્થહર ધર્મને આરાધે. એ પ્રભાવ મિથ્યાત્વનો છે, જ્યારે સમ્યગ્જ્ઞાનનો તો એ સ્વભાવ છે કે–આત્માને એ અર્થ–કામનો દ્વેષી અને ધર્મનો પ્રેમી બનાવે છે. સમ્યગ્જ્ઞાનના પ્રતાપે આત્માને આત્માનું સાચું આરોગ્ય મોક્ષ લાગે છે અને એ આરોગ્યની પ્રાપ્તિને માટે એને ધર્મ રૂપ ઔષધનું આસેવન અતિશય ઉપયોગી ભાસે છે. આ ઔષધના સેવનની સફળતામાં અર્થ–કામ અપથ્ય હોઈ, મોક્ષ રૂપ આરોગ્ય સંપાદન કરવામાં તે અંતરાય કરનાર છે, એમ સમ્યગ્જ્ઞાનના સ્વામિને લાગે છે અને એ જ કારણે તે પુણ્યાત્માને અર્થ–કામ હેય કોટિના લાગે છે. ધર્માધર્મની પરીક્ષામાં નિપુણ બનેલા આત્માઓની આવી જ મનોદશા હોય છે, એથી તેઓ મોક્ષના અર્થી બને છે અને અર્થ–કામને તુચ્છ માનીને મોક્ષ-સાધક ધર્મને જ એક આરાધનીય માને છે.

સંસારરસિકોનું કથન ઉપેક્ષણીય છે :

જયદેવને પ્રયત્ન છતાં પણ પોતાના ગામમાં ચિન્તામણિની પ્રાપ્તિ ન થઈ, ત્યારે તેની ખાતર તેને પોતાના ગામને છોડીને પરદેશ જવાનું મન થયું. આ વાતમાં પણ અર્થ–કામનું લોલુપ જગત સમ્મત જ થવાનું અને ઉપરથી કહેવાનું કે–'ઇષ્ટ અને ઉત્તમ એવી વસ્તુની પ્રાપ્તિ માટે ઘર, ગામ અને દેશ આદિ છોડવાની પણ ઇચ્છા થવી એ સહજ છે. જેઓને એવી ઇચ્છા ન થાય તેઓ એદી જ ગણાવા જોઈએ.' એ જ લોકો, જો કોઈ આત્માને ધર્મની ખાતર એ બધું છોડવાનું મન થાય, તો કહેવાના કે–'આ તો ધર્મઘેલો છે.' આવી દશાના લોકોને સજ્ઞાન કહેવા અને તેઓના કથન ઉપર મદાર બાંધવી, એ આત્માના અહિતનો જ રાજમાર્ગ છે. સાચો ધર્મપ્રેમ જેઓમાં

પ્રગટ્યો હોય છે, તેઓ તો એવા માણસોના કથનને ગણતા જ નથી અને પોતાનું કાર્ય સાધવામાં જ ઉજમાળ થાય છે : પણ જેઓ સહજ ધર્મની સન્મુખ થયા હોય છે, તેવાઓને માટે આવાઓનું કથન પ્રાયઃ ધર્મની સન્મુખતાથી ખસેડી નાખનારૂં જ નિવડે છે. સામાન્ય ધર્મપ્રેમીઓની પણ ફરજ છે કે–તેઓએ સંસારરસિકોના કથન ઉપર બીલ્કુલ ધ્યાન જ ન આપવું. એવાઓ તો મીઠા શબ્દોમાં પણ ઝેર આપીને આત્માના ધર્મ રૂપ પ્રાણનો કારમી રીતિએ સંહાર કરનારાઓ છે. સંસાર-રસિક આત્માઓને સાચી રીતિએ ધર્મનો ખપ જ નથી હોતો. એવાઓ તો એક જાતના કુશળ ખેલાડીઓ હોય છે. જરૂર પડે તો તેઓ પોતાના સંસારરસની સિદ્ધિ માટે ધર્મિપણાનો પણ સ્વાંગ સજી શકે છે. એવાઓથી સાવચેત બન્યા રહીને જ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તવામાં જ ધર્માર્થી જગતનું શ્રેય છે.

પુત્રની ફરજ :

ચિન્તામણિ માટે અન્યત્ર જવાની પોતાની ઇચ્છા જયદેવે પોતાનાં માતા–પિતા પાસે જાહેર કરી અને અન્યત્ર જવામાં તેમની સહાનુભૂતિ ઇચ્છી, પણ જ્યારે માત–પિતાએ 'ચિન્તા-મણિ જેવી કોઈ વસ્તુ જ નથી'–એવું સમજાવવા દ્વારા તેને અન્યત્ર જતો રોકવાનો પ્રયત્ન ચાલુ જ રાખ્યો, ત્યારે જયદેવ પોતાનાં માતા–પિતાની ઇચ્છાને પણ અવગણીને પોતાની ઇષ્ટ-સિદ્ધિ માટે ચાલી જ નીકળ્યો. આ વાત સાંભળીને પણ આજના સંસારના ખેલાડીઓ એમ જ કહેવાના કે–'તદ્દન બરાબર છે. પુત્રની ફરજ બહુ બહુ તો વિનયભાવે માતા–પિતાને પોતાની ઇચ્છા જણાવીને તેમની સહાનુભૂતિ જાણી લેવાની છે. એ ફરજ અદા કરવા છતાં ય, માતા-પિતા જો જડ જેવાં બની જાય અને વિરોધ જ કર્યા કરે, તો ચાલ્યા જવું એ જ પુત્રનો ધર્મ થઈ પડે છે.' વળી વધુમાં કેટલાક તો એમ પણ કહે કે–'એવા કામમાં અવસર ન હોય તો ન પણ પૂછાય.'

અને એથી વધુ કહેવાય તો એમ પણ કહેવાય કે-' જે વિષયમાં માતા-પિતા મૂર્ખ હોય, તે વિષયમાં એમની સલાહ માગવાની હોય જ શાની ? ' આવું આવું માનનારા અને બોલનારા લોકો પણ, જ્યારે કોઈ યોગ્ય ઉમ્મરે પહોંચેલો આત્મા શાસ્ત્રવિધિ મુજબ માતા-પિતાને સમજાવવાના પોતાનાથી શક્ય એવા પ્રયત્ન આદિ કરવા છતાં પણ જ્યારે માતાપિતા ન સમજે ત્યારે જ શાસ્ત્રની આજ્ઞા મુજબ પોતાનું આત્મકલ્યાણ સાધવા તૈયાર થઈને પોતાના કલ્યાણમાર્ગે પ્રયાણ કરે, ત્યારે તેની યથેચ્છ ટીકા કરવાને ચૂકતા નથી. આથી સ્પષ્ટ છે કે-આવાં દષ્ટાન્તો પણ તે જ આત્માઓને ઉપકારક થાય છે, કે જે આત્માઓ કમથી કમ મધ્યસ્થભાવે સત્યનું ગ્રહણ કરવાને આતુર હોય. આત્માના કલ્યાણ વિષે અજ્ઞાન હોવા છતાં, સ્વચ્છન્દપણે ફાવતું લેવું અને ન ફાવતું છોડી દેવું-એવી ધુનવાળા બનેલાઓ તો, કોઈ પણ વસ્તુથી સાચું હિત સાધી શકતા નથી.

અત્યાગ રૂપ ત્યાગ કરવો જોઈએ :

જયદેવને તેનાં માતા-પિતાએ ' ચિન્તામણિ જેવી કોઈ વસ્તુ જ નથી '-એમ જે કહ્યું, તે પુત્રમોહના કારણે કહ્યું હોય એ પણ સંભવિત છે. એવું જ કાંઈક મોહાધીન માતા-પિતા આદિ તરફથી મુમુક્ષ પુત્ર આદિને કહેવાય છે. કેટલાંક મોહાધીન માતા-પિતા આદિ, સદ્ધર્મની વિશિષ્ટ પ્રકારે ઉપાસના કરવાને ઉત્સુક બનેલા તેમના પુત્ર આદિને, સદ્ધર્મ વિષે અને સદ્ધર્મની આરાધના કરવા સાથે પ્રચારણાદિ કરનારા સદ્ગુરૂઓ વિષે એવી એવી પણ અયથાર્થ વાતો જણાવે છે, કે જે સાંભળતાં ધર્મી આત્માઓને પારાવાર ખેદ થયા વિના રહે નહિ. ધર્મી આત્માઓ મોહાધીનતાની કારમી સ્થિતિને સમજનારા હોવાથી, તેઓને તેવા પ્રસંગે પણ આશ્ચર્ય નથી થતું, છતાં દયા આદિના યોગે ખેદ જરૂર થાય છે. એવા સમયે સદ્ધમની ઉપાસનાના અર્થી બનેલા આત્માઓએ, જયદેવની જેમ પોતાના

અર્થિપણાને લેશ પણ આંચ ન આવે, એની કાળજી રાખવી જોઈએ અને શાસ્ત્રવિહિત માર્ગે માતાપિતાદિનો પરમાર્થથી અત્યાગ રૂપ ત્યાગ કરવામાં પણ ખંચકાવું જોઈએ નહિ.

આરાધનામાં અપ્રમત્ત બનો :

આ રીતિએ ત્યાગ કર્યા પછીથી પણ, સદ્ધર્મની પ્રાપ્તિ અને આરાધના માટે પૌદ્ગલિક અનુકૂળતાઓને લાત મારતાં અને પૌદ્ગલિક પ્રતિકૂળતાઓને સમભાવે સહતાં શીખવું જોઇએ. જયદેવ જેમ માતા-પિતાદિને અને પોતાના નગરને તજીને ચાલી નીકળ્યા પછી પણ આપત્તિઓથી ડર્યો નહિ અને પોતાનું ઇષ્ટ સાધવાના જ પ્રયત્નમાં લાગી રહ્યો, તેમ સદ્ધર્મના અર્થી આત્માઓએ પણ આપત્તિઓને ગણકાર્યા વિના પોતાનું ઇષ્ટ સાધવાના પ્રયત્નમાં જ લાગ્યા રહેવું જોઈએ. ચિન્તામણિ મળ્યા પછીથી પણ જયદેવે તેની આરાધના કરવામાં પ્રમાદને સેવ્યો નહિ, એ જ રીતિએ સદ્ધર્મને પામ્યા પછીથી પણ કલ્યાણના અભિલાષી આત્માઓએ તેની આરાધનામાં અપ્રમત્ત બનવાની જ કાળજી અને કાર્યવાહી કર્યા કરવી જોઈએ. આ રીતિએ જેઓ વર્તે, તેઓને માટે મોક્ષસુખની પ્રાપ્તિ ઘણી જ સુલભ બન્યા વિના રહે નહિ : પરન્તુ આવી સુન્દર આરાધના સદ્ધર્મની પ્રાપ્તિ વિના શક્ય નથી અને સદ્ધર્મની પ્રાપ્તિ ગુણવિભવની અપેક્ષા રાખે છે. આથી કલ્યાણના અર્થી આત્માઓએ ગુણવિભવના સંપાદનમાં સુપ્રયત્નશીલ બનવું જોઈએ. સૌ કોઇ ગુણવિભવને પામો અને સદ્ધર્મના સુન્દર આરાધક બનીને મોક્ષસુખના ભોક્તા બનો, એ જ એક શુભાભિલાષા.

●

ભીમ અને સોમ

પ્રાસ્તાવિક કથન:

ધર્મના દાતાઓએ ક્ષુદ્રોને ધર્મનું દાન કરવાને માટે ઉતાવળા થવું, એ પણ ઉપકારના નામે એ આત્માઓનો પણ અપકાર કરવા જેવું છે અને સાથે સાથે ઈરાદાપૂર્વક આજ્ઞાના ભંજનનું પાપ આચરીને પોતાના આત્મા ઉપર પણ કારમો અપકાર કરવા જેવું છે. એવું પણ કહેનારાઓ હોય છે કે-'ધર્મને લેવા આવનારને ધર્મ આપી દેવો જ જોઈએ. એમાં વળી વિલમ્બ કેવો? ધર્મને લેવા આવનારના ગુણ-દોષ જોવાને માટે ઉભા રહેવાની કશી જ જરૂર નથી. ગુણ-દોષ જોવાની પંચાતમાં પડેલાઓ, એમની પંચાતમાં જેટલો સમય કાઢે તેટલા સમય સુધી ધર્મને ગ્રહણ કરવાને માટે આવેલો આત્મા ધર્મ વિનાનો રહે, એના પાપના ભાગીદાર થાય છે.' આમ કહેવું, એ તો ખરે જ મિથ્યાત્વના ઉદયનો કારમો નાચ જ છે. એવો નાચ કરનારાઓ જ્યારે ધર્મોપદેશકો હોય છે, ત્યારે તો તેમનાથી ધર્મના ઉદયને નામે જ ધર્મનો હ્રાસ થાય છે. આવું આવું વગર વિચાર્યું બોલનારા એ ધર્મના પ્રચારકો નથી, પણ ધર્મના સંહારકો છે: કારણ કે-અનન્તજ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તવામાં જ ધર્મ છે. અનન્તજ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તનારાઓને પાપ લાગે, એ જાતિનો વિચાર પણ જ્યાં પાપનું કારણ છે, ત્યાં એવું લખવું કે બોલવું એ તો અત્યન્ત પાપકારી ગણાય, તે સ્વાભાવિક જ છે. ખરેખર, ક્ષુદ્ર આત્માઓને જ અનન્તજ્ઞાનિઓનાં સ્પષ્ટ વિધાનો વિષે એવી વાતો કરવાનું સુઝે છે. તેઓએ સમજવું જોઈએ કે-પાપની ભાગીદારી તો તેઓની જ થાય છે, કે જેઓ અનન્તજ્ઞાનિઓની આજ્ઞાઓની અવજ્ઞા કરે છે અને ઉપકાર આદિના નામે ઉપકારક વિધાનોને ઉડાવવાને મથે છે. ભગવાનની આજ્ઞાના આરાધકોને તો એકાન્તે ધર્મ જ

થાય છે. હવે આપણે અક્ષુદ્રતા ગુણને સુંદર ખ્યાલ આપવાને માટે તેમજ ક્ષુદ્રમાં ધર્મની આરાધના માટેની નાલાયકાત કેવી કારમી હોય છે અને અક્ષુદ્રમાં ધર્મની આરાધના માટેની લાયકાત કેવી સુંદર હોય છે–એ દર્શાવવાને માટે, પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ '**ભીમ**' અને '**સોમ**'નું જે દૃષ્ટાન્ત વર્ણવ્યું છે, તે જોઈએ.

કનકકૂટ નગર : વાસવ રાજા :

'**કનકકૂટ**' નામનું એક નગર હતું. છંદ જેમ નગણ અને રગણે સહિત હોય છે તેમજ સુયતિએ યુક્ત હોય છે, તેમ આ '**કનકકૂટ**' નામનું નગર પણ નરગણકલિત હતું તેમજ સુયતિજનોએ સહિત હતું. 'સુયતિ' દ્વારા એવો પણ અર્થ થઈ શકે કે–તે નગર વિરામનાં જે સ્થાને, તેનાથી યુક્ત હતું. આ સંસારમાં સાચા મુનિજને, એ સંસારના તાપથી સંતપ્ત એવા આત્માઓને માટે સાચાં વિરામસ્થાને છે. સાચા મુનિજનોના શરણે આવેલા સંસારિઓ, પોતાના દુઃખને ભૂલી જાય છે અને અનુપમ સુખના આસ્વાદને પામી શકે છે. જે નગરમાં સાચા મુનિજનોનું આવાગમન ચાલુ હોય છે, તે નગરના જને ભાગ્યશાલી ગણાય તે સ્વાભાવિક છે. જો કે–એવા પણ આત્માઓ સર્વ કાલને માટે આ સંસારમાં વિદ્યમાન હોય જ છે, કે જેઓને મુનિજનોનું અકસ્માત્ થઈ ગએલું દર્શન પણ ખટકે છે. ઘોર મિથ્યાત્વને ઉદય આત્મામાં સારા પણ મુનિજને પ્રત્યે સદ્ભાવ પ્રગટવા દેતો નથી. બહુલકર્મી આત્માઓ તારક ગુરૂઓના દર્શનથી પણ ખેદને પામવા દ્વારા દુષ્કર્મને ઉપાર્જે છે, જ્યારે સુન્દર ભવિતવ્યતાવાળા લઘુકર્મી આત્માઓ સુગુરૂના યોગને પામીને, આ સંસારથી પોતાના નિસ્તારને સાધવાને માટે પ્રયત્નશીલ બની જાય છે. '**કનકકૂટ**' નામના તે નગરમાં '**વાસવ**' નામે રાજા રાજ્ય કરતો હતો. ઈન્દ્ર જેમ દેવોને પ્રિય હોય છે, તેમ એ રાજા પંડિતોને પ્રિય

હતો. તે જ રાજા પંડિતજનોને પ્રિય બની શકે છે, કે જે રાજા પ્રજાવત્સલતા અને નીતિસંપન્નતા આદિ ગુણોને ધરનારો હોય છે. પંડિતો કદી પણ અન્યાયના પક્ષમાં રહેનારા નથી હોતા અને અન્યાયના પક્ષમાં રહેનારા જનો ભણેલા હોય તોય પંડિતો ગણાતા નથી. આ કારણે જે રાજા પંડિતોને પ્રિય હોય, તે રાજાને ગુણસંપન્ન માનવામાં કશી જ હરકત નથી.

રોતી રાજપુત્રીઓ :

'**વાસવ**' નામના તે રાજાને '**કમલા**' નામની એક પુત્રી હતી, કે જે પોતાના પતિનો જે દુસ્સહ વિરહ, તેનાથી પીડિત હતી. જેમ **વાસવ** રાજાની પુત્રી **કમલા** પોતાના પતિના દુસ્સહ વિરહથી દુઃખિત હતી, તેમ બીજા પણ બે રાજાઓની '**કમલસેના**' અને '**સુલોચના**' નામની પુત્રીઓ પોતાના પતિના દુસ્સહ વિરહથી દુઃખિત હતી. આ ત્રણેય તરૂણીઓની દુઃખમાં જેમ સમાનતા હતી, તેમ વયમાં પણ સમાનતા હતી : કારણ કે–ત્રણેય વયમાં યુવાન હતી. સમાન દુઃખ અને સમાન વયવાળી તે **કમલા** આદિ ત્રણેય રાજપુત્રીઓ એક જ સ્થાનમાં રહેલી હોવા છતાં પણ, એક–બીજાને પિછાનતી નહોતી અને માત્ર રોઈ રોઈને જ પોતાના દિવસોને પસાર કરતી હતી.

શુભાશુભ કર્મનો ઉદય અને સાચી ધર્મશીલતા :

સંસારમાં આવા પ્રસંગો સદાને માટે સુલભ જ છે. ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ, એ સંસારમાં કોઈ નવીન વસ્તુ નથી. કર્મને આધીન જીવોને શુભોદયે જેમ ઈષ્ટ સંયોગની પ્રાપ્તિ થાય છે, તેમ અશુભોદયે અનિષ્ટ સંયોગ અગર ઈષ્ટ-વિયોગની પણ પ્રાપ્તિ થાય છે. શુભાશુભ કર્મના ઉદયથી થતી આ દશાને વિવેકિઓ સમજી શકે છે અને સામર્થ્યાદિને કેળવીને સમભાવમાં સ્થિત બની શકે છે : જ્યારે અવિવેકી આત્માઓ ઈષ્ટ સંયોગોમાં રાચે છે, ઇષ્ટના વિયોગમાં તથા

અનિષ્ટના સંયોગમાં ઝુરે છે અને પરિણામે દુઃખના ભોક્તા બને છે. ઇષ્ટસંયોગ કે ઇષ્ટવિયોગ, એ સૌની પોતપોતાની જ પૂર્વની કાર્યવાહીનું પરિણામ હોવા છતાં પણ, વિવેકવિકલ આત્માઓને તેનો ખ્યાલ નથી હોતો અને એથી તેઓ ઇષ્ટ-વિયોગના સમયે ઇષ્ટની ઝંખનામાં ઝુરે છે અને ઇષ્ટ સંયોગોમાં પણ એવા રાચે છે કે–દુઃખ તેમનો કેડો છોડે નહિ. સંસારમાં રાચવું અને દુઃખ ન જોઈએ એવી કામના કર્યા કરવી, એ નિરર્થક જ છે. દુઃખ ન જોઈએ તો દુઃખના કારણથી મુક્ત બનવું જોઈએ, પણ દુઃખનાં કારણોને તો અવિવેકિઓ રસ-પૂર્વક સેવે છે, એટલે એ બીચારાઓની ઇચ્છા વાંઝણી જ રહે તે સ્વાભાવિક છે. સંસારવર્તી આત્માઓ પરિપૂર્ણ અને શાશ્વત સુખના અભિલાષી છે–એ નિર્વિવાદ વાત છે, પણ તેઓ સદાકાળ ઇષ્ટ સંયોગોથી યુક્ત અને અનિષ્ટ સંયોગોથી વિયુક્ત રહેવાને ઇચ્છે છે: સદાકાળને માટે ઇષ્ટ સંયોગોથી યુક્ત અને અનિષ્ટ સંયોગોથી મુક્ત રહી શકાય–એમ બનવું, એ સંભવિત જ નથી. પુણ્યને આધીન દશા પુણ્ય પરવારતાંની સાથે જ વિલીન થવા સરજાએલી છે. આ કારણે સંસારમાં જ જેઓ પરિપૂર્ણ અને શાશ્વત સુખની ઇચ્છા કરે છે, તેઓના જેવા અજ્ઞાન આ દુનિયામાં બીજા કોઇ જ નથી. સંસારમાં જે કાંઇ થોડું–ઘણું પણ સુખ અનુભવાય છે, તે પ્રતાપ સંસારની રસિકતાનો નથી પણ ધર્મનો છે. ધર્મનો કાંઇક ને કાંઇક પણ આશ્રય કર્યો હોય, તો જ સંસારમાં થોડું પણ સુખ પ્રાપ્ત થાય છે. આ સુખમાં રાચનારાઓ ભાવિ દુઃખ-ની જ તૈયારી કરનારા છે. આ સંસારમાં કેટલાક આત્માઓ એવા પણ હોય છે, કે જે વિશિષ્ટ કોટિના સુખને ભોગવતા હોય છે. એ પ્રતાપ મોક્ષસાધક ધર્મનો છે. મોક્ષસાધક ધર્મની નિરાશંસભાવે આરાધના કરનારાઓ, પુણ્યાનુબંધી પુણ્યના યોગે ઉત્તમ કોટિનાં વિષયસુખોને પામે છે; પરન્તુ તેઓ તેમાં

તેવા આસક્ત બનતા નથી, કે જેથી તેઓના પુણ્યના ભોગવટાનું પરિણામ પાપવૃદ્ધિમાં આવી જાય. મોક્ષસાધક ધર્મની નિરાશંસભાવે આરાધના કરનારા આત્માઓ, પોતાની તે આરાધનાના પ્રતાપે મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધીમાં વિશિષ્ટ કોટિના સુખને અનુભવી શકે છે, પણ તે પુણ્યાત્માઓ તો ભોગોના ભોગવટા દરમ્યાન પણ પોતાની સંસારવિરક્ત ભાવનાને પ્રતિદિન સતેજ બનાવનારા હોય છે. આવા આત્માઓ, ધર્મ પામતાં પૂર્વેની પોતાની પાપ–કાર્યવાહીના પરિણામે કદાચ અનિષ્ટ સંયોગોમાં મૂકાઈ જાય છે, તોય તેઓ બીજાઓની જેમ રીબાતા નથી જ. પરન્તુ આવા ધર્મશીલ આત્માઓની સંખ્યા સદા કાલને માટે અલ્પ જ હોય છે. સાચી ધર્મશીલતાને પામનારા આત્માઓ તો પૌદ્ગલિક સુખોના તેવા અર્થી હોતા નથી : એટલું જ નહિ, પણ તેઓ જો શક્ય હોય તો પૌદ્ગલિક અનુકૂળતાઓને લાત મારીને અને પ્રતિકૂળતાઓને સાનન્દ વધાવી લઈને, આત્મસ્વભાવને પ્રગટાવવાના જ પ્રયત્નમાં રત બની જાય છે. આ જ કારણે, સાચા ધર્મશીલ આત્માઓ જ્યારે દુ:ખના પણ સંયોગોમાં અનુપમ સુખને અનુભવી શકે છે, ત્યારે ધર્મથી વિમુખ આત્માઓ સુખના સંયોગોમાં પણ રીબાતા માલૂમ પડે છે. અહીં જૂઓ કે–ત્રણેય રાજપુત્રીઓને એક માત્ર પ્રિયવિરહના દુ:ખે જ રોઈ રોઈને દિવસો પસાર કરતી બનાવી દીધી છે અને એથી તેઓ બીજી સઘળી જ સુખસામગ્રીની હયાતિમાં પણ સુખને ભોગવી શકતી નથી. આ સંસારમાં આ રીતિએ એક એક ઇષ્ટ વસ્તુને માટે પણ રીબાનારા ઘણા છે અને ઘણા હોય એ સ્વાભાવિક જ છે.

કલાસંપન્ન વામન રાજપુત્રીઓ પાસે :

હવે પોતાના પ્રિયના વિરહના દુ:ખથી રીબાતી તે ત્રણ રાજપુત્રીઓ જે અરસામાં રૂદનપૂર્વક પોતાના સમયને પસાર

કરી રહી છે, તે અરસામાં તે નગરમાં એક પુરૂષ–કે જે સુગુણોથી અવામન એટલે મહાન અને રૂપથી વામન એટલે કુબડો હતો,–તે પોતાની કળાઓ દ્વારા રાજા આદિ સકલ લોકને એટલે આખાએ નગરને ખૂશ કરતો હતો. આ રીતિએ આખુંયે નગર જ્યારે આનંદમાં સમય પસાર કરતું હતું, ત્યારે ત્રણ તરૂણ રાજપુત્રીઓ ઇષ્ટના વિયોગથી બળી–ઝળીને શોકમાં સમય પસાર કરતી હતી. આપણે જાણીએ છીએ કે–એ ત્રણ તરૂણ રાજપુત્રીઓમાં એક તો આ નગરના રાજાની જ પુત્રી છે. આથી રાજા, આ ત્રણના દુઃખથી અજાણ ન હોય તે સ્વાભાવિક છે. પોતાની પુત્રીના અને બીજી પણ બે રાજ-પુત્રીઓના દુઃખને જાણતો એવો તે રાજા, એ ત્રણેયના દુઃખને દૂર કરવાને ઇચ્છતો જ હતો, પણ સામગ્રીના અભાવ-માં રાજા પણ શું કરી શકે? આ સંસારમાં કર્મજનિત દુઃખને દૂર કરવાનું સામર્થ્ય કોઇનો જ હાથમાં નથી હોતું. જ્યારે અશુભના ઉદયનો અભાવ થાય છે ત્યારે જ એ દુઃખના સંયોગોનો વિનાશ થાય છે. અહીં રાજપુત્રીઓનો પણ અશુભ-નો ઉદય શમવા આવ્યો છે અને એ જ અરસામાં પેલો કલાસંપન્ન પુરૂષ રાજાના જોવામાં આવ્યો છે. એ પુરૂષની કળાઓથી રાજા પણ આશ્ચર્યમગ્ન બન્યો હતો અને રાજાને એમ લાગતું હતું કે–'કદાચ આવો કલાસંપન્ન પુરૂષ દુઃખી રાજપુત્રીઓના દુઃખને દૂર કરી પણ શકે.' આથી જ પ્રસંગ પામીને કોઈ એક દિવસે રાજાએ તે કલાસંપન્ન પુરૂષને કહ્યું કે–"જો તું અહીંયાં વિરહના દુઃખથી દુઃખિત એવી ત્રણ તરૂણીઓને રંજિત કરે, તો તારી કલાનો ઉત્કર્ષ જણાય."

આ પ્રમાણે કહેવાયેલા તે કલાસંપન્ન પુરૂષે કહ્યું કે–"આ કામ તો ઘણું જ થોડું છે." અર્થાત્–'આ કામ કરવામાં જરા પણ મુશ્કેલી નથી.'

વામનના આ જવાબથી રાજાને આનંદ થાય એ સહજ

છે. આનંદને પામેલા રાજાએ તેને એ કામ કરવાની અનુજ્ઞા આપી. રાજાની અનુજ્ઞા મળ્યા પછી તે વામન રૂપધારી કુમાર પણ તે કામ કરવાને તૈયાર થયો. એ કામ કરવાને તૈયાર થયેલા તેણે ઘણા મિત્રોને સાથે લીધા. ઘણા મિત્રોથી સહિત બનેલો તે, રાજાની અનુજ્ઞાથી તે ત્રણ તરૂણ રાજબાળાઓના ભવને પહોંચી ગયો. ત્યાં જઈને તે કલાસંપન્ન પુરૂષે તે ત્રણ રાજપુત્રીઓ સમક્ષ વિવિધ પ્રકારની કથાઓને કહેવા માંડી.

વામને શરૂ કરેલી કમલાદિની કથા:

અનેક પ્રકારની સારી પણ કથાઓ શોકમગ્ન આત્માઓને આનંદ આપવાનું સામર્થ્ય નથી ધરતી, એ વાત તો તમારા પણ અનુભવમાં જ હશે! એ જ સ્થિતિ અહીં પણ હોવી સંભવિત છે. આથી વિવિધ પ્રકારના વાર્તાલાપને કરતા તે વામન રૂપને ધરનારા કુમારને તેના એક મિત્રે કહ્યું કે–"હે મિત્ર! આવા પ્રકારની વાર્તાઓથી શું? કાંઇ પણ કાનને સુખ આપે એવા ચરિતને તું કહે!" અર્થાત્–'આવા પ્રકારની તારી વાતો કાંઈ જ આનંદ આપતી નથી, માટે કોઈ એવું સુંદર ચરિત કહે, કે જે શ્રુતિને સુખ આપનારૂં હોય.'

જ્યારે પોતાના એક મિત્રે આ પ્રમાણે કહ્યું, ત્યારે તે કલાસંપન્ન કુમારે પણ એક કથાની શરૂઆત કરી. એ કથા એવી હતી કે:—

"પૃથિવી રૂપી જે સ્ત્રી, તેના ભાલ એટલે કપાળમાં તિલકની શોભાને ધારણ કરતું હોય એવું અહીં એક નગર છે. તે નગરનું નામ છે–'**તિલકપુર**.' તે '**તિલકપુર**' નામના નગરમાં '**મણિરથ**' નામના રાજા છે. એ '**મણિરથ**' રાજા એવા ઉદાર છે કે–એમની નામના 'યાચકોના મનોરથોને પુરનાર' તરીકેની છે."

ઉદ્ધારના નામે કારમો સંહાર:

આવી નામના, એ ઉત્તમ કોટિની ઉદારતા વિના શક્ય નથી. આવી ઉદારતાને પામેલા આત્માઓ, કાં તો ધર્માત્માઓ

જ હોય છે અને કદાચ ધર્મની પ્રાપ્તિ ન કરી શક્યા હોય, તો પણ તેઓ ઘણી જ સહેલાઈથી ધર્મને પ્રાપ્ત કરી શકે છે. ‘ઉદારતા’ તો ધર્મસિદ્ધિનું એક લિંગ છે. ધર્મસિદ્ધ આત્મા કૃપણ જ હોવો, એ સંભવિત નથી. હૃદયના સાચા ઉદાર આત્માઓ તો યાચકોની ક્ષુદ્રતા આદિના પણ નાશક બને છે. આજે યાચકોને નામશેષ કરવાની ભાવનાવાળાઓ, એ હૃદયના ઉદાર નથી પણ ક્ષુદ્ર છે. યાચકોને જોતાંની સાથે જ જેઓ ગુસ્સામાં આવી જઈને લાલ-પીળા થઈ જાય છે, તેઓ ખરેખર અજ્ઞાનની મૂર્તિઓ જ છે. યાચકોને દેવામાં પાપ માનવાની વાતે કરનારા, ખરે જ, ભયંકર પાપાત્માઓ છે. ‘ઉદ્યમથી જ ખોરાક મલી શકે છે.’-આવું માનનારા, ઈશ્વરને માનવાની વાતો ભલે કરતા હોય, પણ પરમાર્થથી તો તેઓ નાસ્તિકશિરોમણિઓ જ છે. પુણ્ય-પાપની ગમ વિનાનાઓ, જ્યારે પોતાને ધર્મની પણ શુદ્ધિ કરનારા તરીકે માને છે, ત્યારે તો તેઓની ધૃષ્ટતા પરાકાષ્ટાએ પહોંચે છે. યાચકો, એ તો સાધનસંપન્ન આત્માઓને માટે પુણ્યના દરવાજા છે. આજે એમ પણ કહેવામાં આવે છે કે-‘યાચકોમાં લુચ્ચા આદિ હોય છે.’-તો એવાઓને એમ પૂછવું જોઈએ કે-“આજના શાહ ગણુતાઓમાં પણ લુચ્ચા ક્યાં નથી હોતા? ન્યાયમૂર્તિ ગણાતાઓમાં પણ અન્યાયના કરનારા ક્યાં નથી હોતા? કાયદાના જાણ પણ ગૂન્હેગારો ક્યાં નથી હોતા? શેઠ ગણાતાઓમાં પણ શઠ ક્યાં નથી હોતા? રક્ષક ગણાતાઓમાં પણ ભક્ષક ક્યાં નથી હોતા? પ્રમાણિકપણાની વાતો કરનારાઓમાં પણ અપ્રમાણિક ક્યાં નથી હોતા? દુશ્મનોને પણ નિભાવી લેવાની વાતો કરનારા, કિન્નો લેવાને માટે દુશ્મનોના નાશ માટેનાં કારમાં પણ કાવત્રાં ક્યાં નથી આચરતા? નિર્બળોની રક્ષા કરવાની વાતો કરનારાઓમાંના પણ પ્રસંગ પામીને નિર્બળોના નાશની કાર્યવાહીઓ ક્યાં નથી કરતા? ‘બળવાનના અન્યાયને શરણે ન થવું.’-

એમ કહેનારાઓમાંના પણ બળવાનના કારમા દસ્તાવેજો ઉપર પણ સહી ક્યાં નથી કરતા? નગ્ન સત્યની શેખાઈ કરનારા પણ, બંધબારણે ઘુસપુસ કરવાની પદ્ધતિને ક્યાં નથી અનુસરતા? ભૂલ કબૂલ કરવાની વાતો કરનારા પણ, લોકોને મુંઝવવાને માટે નાની ભૂલોને કબૂલ કરીને મોટી ભૂલોને માયાના ઢાંકણમાં ક્યાં નથી છૂપાવતા? મહાન તરીકેની જગતની પૂજા લેનાર, પોતાની નામનાનો દુરૂપયોગ કરીને પણ બીનગૂન્હેગારોને ય ગૂન્હેગાર ક્યાં નથી ઠરાવતા? એવાઓ પોતાની ભૂલોનો દોષ નિર્દોષો ઉપર ક્યાં નથી ઓઢાડતા?" આ અને આવી બીજી પણ વાતોનો વિચાર નહિ કરતાં, સત્તાના મદે ચઢેલા આજના ક્ષુદ્રો, ગરીબ બીચારા યાચકોનો ઉદ્ધાર કરવાના નામે પણ તેમનો કારમો સંહાર કરવાની બાજી રમી રહ્યા છે. એવાઓના કાને રાજાઓનાં આવાં વર્ણનો ક્યાંથી પહોંચે અને કદાચ પહોંચે તો પણ આવી સત્ય બીનાઓને બનાવટી કહેવામાં, એ ક્ષુદ્રો ક્યાં પાછા પડે તેમ છે?

સારા રાજાથી પ્રજાની ભાગ્યશાલિતાનું સૂચન :

રાજા **મણિરથ** આવો ક્ષુદ્ર નહોતો. તે તો માગણ લોકોના મનોરથોને પૂર્ણ કરવામાં પોતાને પ્રાપ્ત થએલી સામગ્રીની સફળતા માનતો હતો. કોઈના પણ દુઃખનું નિવારણ કરવામાં, પોતાને પુણ્યયોગે મળેલી સામગ્રી જો કામ લાગતી હોય, તો એને ઉત્તમ આત્માઓ પોતાની પરમ ભાગ્યશાલિતા સમજે છે. સાચા વિવેકિઓ તો દુઃખની જડ નાબૂદ થાય, એ પ્રકારે પ્રયત્ન કરનારા હોય છે અને એ કારણે દુનિયાના દુઃખી જીવોને તેઓ ધર્મમાર્ગના ઉપાસક બનાવવાની અભિલાષા સેવે છે. આમ છતાં પણ, તેઓ પોતાની કક્ષા મુજબની દ્રવ્ય ઉપકારની પ્રવૃત્તિ કરવાને પણ ચૂકતા નથી. કૃપણ આત્માઓ જો ધર્મી તરીકેની નામનાને પામી જાય છે, તો અવસરે તેમનાથી ધર્મ દીપવાને બદલે ધર્મની વગોવણી વધારે થાય છે. એ જ

રીતિએ, રાજા માટે જેમ અનેક ગુણો આવશ્યક છે, તેમ ઉદારતા ગુણ પણ આવશ્યક છે. માગણ લોકોના મનોરથોને પૂરનાર રાજા પણ ભાગ્યશાલી પ્રજાને જ મળે છે. સારો રાજા, એ પણ પ્રજાના પુણ્યોદયનો સૂચક છે. સારો રાજા પ્રજાને પણ ધર્મશીલ બનાવે છે. પ્રજાને પોતાના સંતાન જેવી ગણતો રાજા, પ્રજાને યોગ્ય રીતિએ યોગ્ય માર્ગે ચઢાવનાર હોય છે. એવા રાજાને કદી પણ જૂલ્મ ગુજારવા માટે અપવાદ શિવાય પ્રવર્તમાન થવું પડતું નથી. સાચો રાજા પોતાના શુદ્ધ વર્તનથી જ પ્રજાને સદાચારી બનાવી શકે છે. ગુણસંપન્ન રાજા પોતાની પ્રજાને પોતાના ગુણોથી જ ગુણસંપન્ન બનાવે છે. એવો રાજા પોતાની ઉદારતાથી પ્રજાને ઉદાર બનાવે છે. એવા રાજાની પ્રજામાં પૂર્વના પાપોદયથી જે દરિદ્ર આદિ હોય છે, તે પણ રાજાની અને પ્રજાની ઉદારતાથી કલ્લોલ કરતા હોય છે : એટલે એવા ઉત્તમ રાજાના રાજ્યમાં ગૂન્હાની વાત જ નામશેષ જેવી હોય છે. આવી દશાના રાજા હીનભાગીને નથી મળતા. એવા રાજા ભાગ્યવાન પ્રજાને જ મળે છે અને એવા રાજાના રાજ્યમાં સૌ કોઇ પોતાના ઉચિત ધર્મનું નિર્વિઘ્નપણે આચરણ કરવા દ્વારા પોતાના ઉભય લોકનું હિત સારામાં સારી રીતિએ સાધી શકે છે.

માલતી અને વિક્રમ :

હવે તે કલાસંપન્ન પુરૂષ, '**તિલકપુર**' નામના નગરના '**મણિરથ**' નામના રાજાની ઓળખ આપ્યા પછીથી, એ રાજાની રાણીની અને એ રાજાના પુત્રની ઓળખ આપતાં કહે છે કે–" અર્થી જનોના મનોરથોને પરિપૂર્ણ કરનાર તે '**મણિરથ**' નામના રાજાની '**માલતી**' નામની રાણી હતી. તેણીએ પવિત્ર અને સુંદર એવા શીલ દ્વારા 'માલતી'ને જીતી હતી." 'માલતી' પોતાની નિર્મલતા અને સુગંધયુક્તતાના પ્રતાપે મનોહર ગણાય છે. આ 'માલતી' નામની રાણી પણ, પોતાના

અતિ પવિત્ર અને એ જ કારણે સજ્જનોના મનને હરનાર હોઇને અતિ સુંદર એવા શીલને ધરનારી હતી. ‘શીલ’ ગુણનો કેટલો મહિમા છે, એ આવી જાતિનાં વર્ણનોથી ખૂબ જ સ્પષ્ટ થાય છે. સતી સ્ત્રીઓમાં અનેક ગુણો હોવા છતાં પણ, પ્રાયઃ સર્વત્ર સ્ત્રીઓના આ ગુણની જ મહત્તા ગાવામાં આવી છે. શીલ, એ સ્ત્રીનો સુંદરમાં સુંદર શણગાર છે. અનેક અલંકારોથી લદાયેલી પણ શીલહીના સ્ત્રી, સુંદર હોવા છતાં પણ સુંદર ગણાતી નથી : જ્યારે દરિદ્રા અને રૂપે અસુંદર એવી પણ સ્ત્રી જો શીલસંપન્ન હોય છે, તો તેણીને અતિ સુંદર તરીકે પણ વર્ણવી શકાય છે.

તે કલાસંપન્ન વામનપુરૂષ કથાને આગળ ચલાવતાં કહે છે કે–“આવા ઉદાર ‘**મણિરથ**’ રાજાને આવી મહાસતી ‘**માલતી**’ નામની રાણીથી થયેલ એક પુત્ર હતો અને એનું નામ ‘**વિક્રમ**’ હતું. એ ‘**વિક્રમ**’ નામનો કુમાર પણ ભુવનનો પરાભવ કરી શકે એવા પરાક્રમવાળો હતો.”

વિક્રમનો પુરત્યાગ :

આવા પરાક્રમી રાજપુત્રો હમેશાં મોટે ભાગે ચપલ હોય છે. પ્રસંગે ધાર્યું કરવાના દૃઢ નિશ્ચયવાળા હોય છે. આથી તેઓ માતા–પિતાના ભક્ત હોવા છતાં પણ, પ્રસંગે દુઃખ રૂપ પણ થઇ પડે છે. આવો જ પ્રસંગ આ પરાક્રમી એવા શ્રી **વિક્રમ**કુમાર માટે આવ્યો છે. તે કલાસંપન્ન પુરૂષ કહે છે કે– “એક વખત **વિક્રમ**કુમાર પોતાના મહેલમાં રહેલો છે અને સંધ્યાનો સમય છે. એવા કોઇક સંધ્યાના સમયે પોતાના મંદિરની પાસે રહેલા કોઈક ઘરમાં કોઈ દ્વારા એવા પ્રકારનું બોલાતું તે રાજકુમારે સાંભળ્યું, કે જે કાનને સુખ આપે એવું હતું.” પોતાના મહેલની પાસેના કોઈ મકાનમાં કોઈ દ્વારા શું બોલાયું, કે જેનું શ્રવણ તે રાજકુમારને માટે સુખદ થઇ પડયું, એનું વર્ણન કરતાં તે કલાસંપન્ન પુરૂષ કહે છે કે–

" नियपुन्नपमाणं गुणवियड्ढिमा सुजणदुज्जणविसेसो ।
नज्जइ नेगत्थठिएहिं, तेण निउणा नियंति महिं ॥१॥"

નિપુણ માણસો પૃથ્વીનું પર્યટન કરે છે; તેનું કારણ એ છે કે–એક સ્થાને સ્થિત રહેલા જનો પોતાના પુણ્યના પ્રમાણને જાણી શકતા નથી, પોતાના ગુણો વિષેની વિવૃદ્ધિને પણ જાણી શકતા નથી અને સુજનોમાં તથા દુર્જનોમાં રહેલી વિશેષતાને પણ જાણી શકતા નથી.

પોતાનું પુણ્ય કેટલું અને કેવું છે, પોતાનામાં ગુણો વૃદ્ધિને પામે છે કે કેમ તેમજ સજ્જનોની સજ્જનતા અને દુર્જનોની દુર્જનતા કેવા કેવા સ્વરૂપની હોય છે, એ વિગેરેનો ખ્યાલ એક સ્થળે જ વસનારાઓને આવતો નથી : આ કારણે નિપુણજનો પૃથ્વી ઉપર પર્યટન કરે છે. રાજકુમારે જે કથન સાંભળ્યું હતું અને જે કથન તેને માટે શ્રવણસુખદ થઈ પડયું હતું, તેનો આ ભાવ છે. તે કલાસંપન્ન પુરૂષ કહે છે કે–" આ જાતિના તે કથનને સાંભળીને રાજકુમાર **વિક્રમમાં** પણ દેશદર્શનની તૃષ્ણા ઉત્પન્ન થઈ."

વસ્તુતત્ત્વના અભ્યાસ વિનાના પણ પરાક્રમી આત્માઓને આવાં કથનો જ્યારે ખૂબ જ ઉત્તેજક નિવડે છે, ત્યારે સાચા તત્ત્વવેદિઓ તો આવાં કથનોની એકદેશીયતા આદિને સારી રીતિએ સમજી શકે છે : પરન્તુ જગતમાં કાંઈ બધા જ સાચા તત્ત્વજ્ઞાનિઓ નથી હોતા. સાચી તત્ત્વવેદિતાથી પર એવા આત્માઓ આંશિક સત્યને જ સંપૂર્ણ સત્ય તરીકે માની લઈને એના જ પૂજારી બની જાય છે. આવું બનવું, એ તત્ત્વથી અપરિચિત આત્માઓને માટે સહજ છે.

પૃથ્વીના પરિભ્રમણને પોતાના પુણ્યના પ્રમાણ આદિને જાણવાનું કારણ માની લેવાથી દેશદર્શનની તૃષ્ણાવાળા બનેલા તે રાજકુમારને એમ લાગ્યું કે–' જો પિતાજી આદિને હું પૂછવા રહીશ, તો મારી તૃષ્ણા શાંત થવી શક્ય નથી.' આથી રાજકુમારે પોતાના પરિજનોની અવગણના કરવાનો નિર્ણય કર્યો.

એક તો રાજપુત્ર અને વળી પરાક્રમી, આવાઓની ઉત્તેજના ભાગ્યે જ પ્રતીકાર્ય બને છે. આવાઓ પ્રાયઃ પોતાની ઇચ્છાને સફલ કરવાને માટે કોઇ પણ જાતિનું સાહસ ખેડવાને સજ્જ હોય છે. એ જ રીતિએ સજ્જ બનેલા રાજપુત્રે પોતાનો નિશ્ચય અમલમાં મૂકવાનું નક્કી કર્યું. પોતાના નિશ્ચયને અમલમાં મૂકવાનો નિર્ણય કર્યા પછીથી, દેશદર્શનને માટે સતૃષ્ણ બનેલો તે રાજકુમાર, કલાસંપન્ન પુરૂષ કહે છે કે–"પરિજનને અવગણીને રાત્રિએ તલવારથી સહિત હાથવાળો બન્યો થકો ધીમે રહીને નગરમાંથી નીકળી ગયો."

રાજપુત્રો એક તલવારને જ પોતાના સર્વસ્વ રૂપ માનનારા હોય છે, એથી **વિક્રમ** નામનો તે રાજપુત્ર પણ તલવારથી વ્યગ્ર બનેલા હાથવાળો બન્યો થકો ચાલી નીકળ્યો.

અપરિચિત પીડિતની સેવા:

દેશદર્શનની તૃષ્ણાથી ચાલી નીકળેલો તે રાજકુમાર **વિક્રમ** આગળ ને આગળ ચાલવા લાગ્યો. ચાલતો થકો તે આગળ માર્ગમાં કોઈ પણ એક પુરૂષને જૂએ છે. માર્ગે જતા રાજકુમારે જે કોઈ નરને જોયો, તે કઠોર પ્રહારથી વિધુર થયેલો હતો, પિપાસિત એટલે તૃષાતુર બનેલો હતો અને પૃથ્વીતલ ઉપર પડેલો હતો. કઠોર પ્રહારથી વિધુર બનીને જમીન ઉપર પડેલા અને તરસથી પીડાતા એવા તે દુઃખી માણસને દેખીને, કોઈ પણ સારા માણસને દયા આવવી એ સહજ છે: તો આ તો રાજપુત્ર છે, ગુણીયલ છે અને સુંદર હૃદયવાળો છે: એટલે આવાને દયા ન આવે, એ તો બને જ કેમ? ખરે જ, એવી દુઃખદ દશામાં પડેલા આદમીને જોઇને, રાજકુમારના અન્તઃકરણમાં ખૂબ જ કરૂણા ઉત્પન્ન થઈ ગઈ. ઉત્પન્ન થયો છે પૂર્ણ કરૂણાભાવ જેને એવો તે રાજકુમાર, પહેલાં તો નજદિકમાં આવેલા સરોવરમાંથી પાણી લઈ આવ્યો અને તે પાણી તેણે તે પીડિત માણસને પાયું. આ રીતિએ તે પીડિત માણસ-

ને પાણી પાઈને જ તે રાજકુમાર અટક્યો નહિ : પરન્તુ તેણે તો અસ્વસ્થ અવસ્થાવાળા તેને પવનના પ્રદાનથી સ્વસ્થ શરીરવાળો બનાવવાનો પ્રયત્ન કર્યો. રાજકુમારનો એ પ્રયત્ન ફળ્યો અને તે પીડિત માણસ સ્વસ્થ શરીરવાળો બન્યો.

આ રીતિએ તેને સ્વસ્થ શરીરવાળો બનાવ્યા પછીથી, તે રાજપુત્ર તે પુરૂષને પૂછે છે કે–" હે મહાશય ! તું કોણ છો ? અને તારી આ અવસ્થા શા કારણે થયેલી છે ? "

રાજકુમાર **વિક્રમ** એક અપરિચિત પણ દુ:ખી માણસને માટે કેટલી બધી લાગણીવાળો બન્યો, એ વિચારવા જેવું છે. પોતે રાજકુમાર હોવા છતાં પણ, માત્ર દયાભાવનાના કારણે જ જાતે પાણી લઈ આવ્યો અને પીડિતને પાણી પાઈને તથા પવન નાખીને સ્વસ્થ બનાવ્યો. જે આત્માઓના અન્તરમાં દયાભાવ નથી હોતો, તેમનાથી આ બનવું એ શક્ય નથી. દુ:ખી માણસને જોતાં જેમનું દિલ અનુકમ્પાભાવને પામતું નથી, તેવા આત્માઓ સદ્ધર્મના સાચા ઉપાસક બની શકે એ શક્ય જ નથી. રસ્તે પડેલો માણસ નિષ્ઠુર પ્રહારથી વિધુર બનેલો હતો, એટલે કરૂણાભાવથી હીન માણસોને તો તેની પાસે જઇને તેની ચાકરી કરતાં પણ સુગ આવે; પરન્તુ રાજકુમાર **વિક્રમ** તો દયાળુ હતો. આવી દયા, એ પણ હૃદયની એક ઉત્તમતાને જ સૂચવનારી છે. આવી ઉત્તમ દશાવાળો આત્મા, અપરિચિત અને દુ:ખી એવા પણ આત્માને કેવો અને કેટલો આશ્વાસક બને છે, એ પણ આપણે હમણાં એ દુ:ખી માણસના ઉત્તર ઉપરથી જોશું. હૃદયપૂર્વકની દયા, એ ખરે જ દુ:ખી આત્માઓને માટે તેમજ પોતાના આત્માને માટે પણ સાચા કલ્પતરૂની ગરજ સારનારી છે. આવી દયા સરલ આત્માઓના અંતરમાં જ આવિર્ભાવને પામે છે.

રાજકુમાર **વિક્રમે** કરેલી કરૂણાભાવથી ભરપૂર એવી ચાકરીના યોગે સ્વસ્થ દેહવાળો બનેલો તે પુરૂષ, એ રાજપુત્રને ઉદ્દેશીને કહે છે કે–" હે સુજનશિરોરત્ન ! તું સાંભળ. "

જૂઓ કે-સહૃદયતાથી કરેલી શુશ્રૂષા, એક અપરિચિત એવા પણ આદમીના હૃદયમાં કેવો સદ્ભાવ ઉત્પન્ન કરે છે? રાજકુમારના પરિચયથી રહિત તે પુરૂષને પણ રાજપુત્રની પરિચર્યા આદિથી ખાત્રી થઈ ગઈ કે-'આ આદમી કોઈ સામાન્ય કોટિનો નથી, પણ સુજનોમાં શિરોરત્ન સમાન છે.' આથી જ પોતાની ઓળખ આપતો તે, સુંદર પ્રકારના સંબોધનપૂર્વક રાજકુમારને સાંભળવાનું જણાવે છે.

એ રીતિએ સુન્દર સંબોધનપૂર્વક સાંભળવાનું કહીને, તે અપરિચિત પુરૂષ જણાવે છે કે-"હું '**સિદ્ધ**' નામનો એક યોગી છું. મારો એક દુશ્મન યોગી છે અને તે વિદ્યાથી બળવાન છે. વિદ્યાથી બળવાન એવા તેણે મારા શરીર ઉપર છળથી પ્રહાર કર્યો અને એથી જ હું આ પ્રકારની અવસ્થાને પામ્યો : પણ હે ગુણસંપન્ન પુરૂષ ! તેં મને પુનઃ સ્વસ્થ બનાવ્યો છે." એ અપરિચિત યોગી આટલું કહીને જ ચાલ્યો જતો નથી, પણ પોતાના ઉપકારિને ઉપકારના બદલા તરીકે પોતાની પાસેની અનેક વસ્તુઓ પૈકીની એક વસ્તુ આપીને જાય છે. ભયંકર દશામાં પોતાને સહાય કરનાર કુમારથી તે યોગિને ખૂબ જ તોષ થયો હતો. એ તોષથી તે યોગી તે ઉત્તમ ગુણવાળા કુમારને 'ગરૂડમંત્ર' આપીને પોતાના સ્થાને સૂખપૂર્વક પહોંચી ગયો.

દ્રવ્યદયા અને ભાવદયા :

જગતમાં ઉપકાર કરવાની વૃત્તિવાળા અને ઉપકારને ઉપકાર તરીકે જાણીને એનો બદલો વાળનારા પણ હોય છે. વિશ્વમાં જેમ આવા દ્રવ્યદયાવાળાઓ હોય છે, તેમ ભાવદયાવાળાઓ પણ હોય છે. જો કે-વિશ્વમાં સદા કાળ ભાવદયાવાળાઓની સંખ્યા થોડી હોય છે અને દ્રવ્યવાળાઓની સંખ્યા એથી વિશેષ હોય છે. દ્રવ્યદયા જ્યારે સર્ષવ છે, ત્યારે ભાવદયા મેરૂ છે. સ્વાર્થવૃત્તિ વિનાની દયા દ્રવ્ય હોય તો પણ તે ભાવદયાની પ્રાપ્તિનું કારણ બની જાય છે. દ્રવ્યદયાના બદલા હોઈ શકે

છે, જ્યારે ભાવદયાના બદલા જોગી વસ્તુ પ્રાયઃ દુર્લભ હોય છે. માત્ર દયા શબ્દથી અગર ઉપકાર શબ્દથી નહિ મુંઝાતાં, તેના સ્વરૂપ અને ભેદ આદિને જાણવાને માટે પ્રયત્નશીલ બનવું એ જરૂરી છે. દ્રવ્યદયા પણ જો નિઃસ્વાર્થભાવની હોય છે, તો એ ભાવદયા પામવાની સુંદરમાં સુંદર સામગ્રી મેળવી આપે છે. એવી સામગ્રીને પામેલા આત્માઓ, સ્વ-પરના સાચા દયાળુ બનીને, અનુપમ કોટિનો સ્વોપકાર અને પરોપકાર સાધવા દ્વારા, શ્રી સિદ્ધિપદના ભોક્તા બની જાય છે. આ જગતમાં ઉત્તમમાં ઉત્તમ કોટિના પરોપકારની સાધના ભાવદયા વિના શક્ય નથી. ભાવદયા, એ જેમ ઉત્તમ કોટિના પરોપકારની સાધક બને છે, તેમ સર્વશ્રેષ્ઠ સ્વોપકારની પણ સાધક બને છે. આમ છતાં પણ, એ વાત નિશ્ચિત જ છે કે-ભાવદયાના ઉપાસકો દ્રવ્યદયાના વિરોધી નથી જ હોતા. ભાવદયાના ઉપાસકો તો અવસરે અવસરે શક્યતા મુજબ દ્રવ્યદયાની પણ કાર્યવાહી અવશ્ય કરે છે. દ્રવ્યદયાના વિરોધિઓ, એ વસ્તુતઃ ભાવદયાના ઉપાસકો જ નથી; એટલું જ નહિ, પણ તેઓ જો ભાવદયાના નામે દ્રવ્યદયાનો વિરોધ કરતા હોય છે, તો તેઓ ભાવદયાની નિન્દાદિ કરાવનારા જ બને છે.

કામદેવના મંદિરમાં :

તમને યાદ તો હશે જ કે-કલાસંપન્ન પુરૂષ, વિરહદુઃખથી પીડાતી ત્રણ તરૂણ રાજપુત્રીઓના ભવનમાં તેઓની સમક્ષ વાત કરી રહ્યો છે. પોતાની કથાને આગળ ચલાવતાં તે કહે છે કે-તે **સિદ્ધ** નામનો યોગી રાજકુમાર **વિક્રમને** 'ગરૂડ મંત્ર' આપીને સ્વસ્થાને ચાલ્યો ગયો અને રાજકુમાર પોતે આ નગરમાં એટલે આ '**કનકકૂટ**' નામના નગરમાં આવ્યો. આ નગરમાં આવેલો તે રાજપુત્ર, રાત્રિએ કામદેવના મંદિરમાં વસ્યો. કામદેવના મંદિરમાં રાત્રિવાસ માટે વસેલો તે રાજકુમાર નિદ્રાધીન બન્યો નથી પણ સારી રીતિએ જાગે છે, એ દર-

આ્યાનમાં એક તરૂણી કામદેવનું પૂજન કરવાને માટે તે મંદિરમાં આવી પહોંચી. કામદેવની પૂજા કરવાને માટે આવેલી તે સ્ત્રીએ કામદેવની પૂજા કરી લીધી અને બહાર નીકળી ગઈ.

આ તરૂણીને આ રીતિએ રાત્રિના સમયે એકાકિની આવવાનું કારણ એ હતું કે-તેણીને આપઘાત કરવો હતો. આપઘાત કરતાં પૂર્વે તેણીએ કામદેવની પૂજા કરી લીધી. હવે તે બહાર નીકળીને બોલે છે કે-" હે વનદેવતા માતાઓ! તમે મારા કથનને સારી રીતિએ સાંભળો. હું આ નગરના '**વાસવ**' નામના નરપતિની '**કમલા**' નામની સુખિની પુત્રી છું: મારા પિતાએ મને ઉજ્જ્વલ ગુણોના અનુરાગી '**મણિરથ**' રાજાના પુત્ર '**વિક્રમ**'કુમારને આપેલી છે: પણ તે કુમાર હાલમાં ક્યાંક પણ ચાલ્યા ગયા છે. તેઓ ક્યાં ગયા છે એ જણાતું નથી. આથી જો આ ભવમાં એ કુમાર મારા પતિ ન થયા, તો પરલોકમાં પણ તે જ મારા પતિ થાઓ."

મોહવશ પાગલ બને છે:

વિચારો કે-મોહનું આ વિશ્વમાં કેવુંક સામ્રાજ્ય પ્રવર્તે છે! મોહવશ આત્માઓ કદી જ પોતાના આત્માના હિતની કે અહિતની સાચી ચિંતા કરી શકતા નથી. તેઓને તો સંસારની સાધનામાં જ આનંદ લાગ્યા કરે છે. સંસારના આનંદમાં જ સર્વસ્વને માની બેઠેલા અને મોહવશતાના યોગે વિવેકાન્ધ બનેલા આત્માઓ, એ સમજવાની તકલીફ લે જ ક્યાંથી કે-'એમ માગ્યા પતિ ભવાંતરમાં નથી મળતા!' ભિન્ન ભિન્ન સ્વભાવ અને ભિન્ન ભિન્ન પ્રવૃત્તિમાં પડેલા આત્માઓ, પોતપોતાની કરણીને અનુસારે, સદ્‌ગતિ યા દુર્ગતિમાં ચાલ્યા જાય છે; ત્યાં કામની પૂજા કરવી અને વનદેવતાઓને જાહેર કરવું તથા-' પરભવમાં પણ એ પતિ મળજો. '-આવું આવું ઇચ્છવું, આ બધું કારમી અજ્ઞાનતાના જ પરિણામ સિવાય બીજું શું સમજાય કે મનાય? મોહવશ આત્મા ખરે જ પાગલ બની

જાય છે. પાગલ બનેલા આત્માઓ ન બોલવાનું બોલે, ન આચરવાનું આચરે અને ન ઇચ્છવા જેવું ઇચ્છે, એમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. પણ આવા પ્રસંગોને જાણીને, પુણ્યશાલિઓએ એવા પાગલપણાને આણનારા મોહની પરાધીનતામાંથી છૂટવાને માટે જ પ્રયત્નશીલ બનવા જેવું છે. આવા પ્રસંગોને સાંભળીને પણ જેઓ આવા ચાળા કરવામાં જ આનંદમગ્ન બની જાય છે, તેઓ તો આવા પ્રસંગોને સાંભળીને પણ વધુ પાગલ જ બનવાના ! એમ કરવું એ શ્રવણનું ફલ નથી. શ્રવણનું ફલ તો એ છે કે-એના પરિણામે હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર થાય. જેઓ શ્રવણના પ્રતાપે હેયના ત્યાગ અને ઉપાદેયના સ્વીકારના ધ્યેયને નથી સ્વીકારતા, તેઓ માટે શાસ્ત્રનું શ્રવણ પણ નિષ્ફલ અને કદી કદી નુકશાનકારક પણ થઈ જાય છે. આથી જ, ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે-શ્રવણનો લાભ પામવાને માટે પણ યોગ્યતાની આવશ્યકતા છે.

રાજકુમારીને સ્વસ્થ બનાવવી :

આત્મઘાત કરતાં પૂર્વે પરભવમાં પણ એ જ પતિને આપવાની પ્રાર્થના કરતી તરૂણી, એ બીજી કોઈ નથી પણ અત્યારે પેલા કલાસંપન્ન પુરૂષના મુખથી કહેવાઈ રહેલી કથાને સાંભળી રહેલી ત્રણ રાજપુત્રીઓમાંની જ એક **કમલા** નામની રાજપુત્રી છે. મોહવશ ઘેલી બનીને તે આપઘાત કરવા આવી છે. પણ હજુ એનો શુભોદય જાગતો છે એટલે એના માટે પરિણામ ખરાબ નથી આવતું. જો કે-એણે તો પોતાની પાગલદશામાં વનદેવીઓને માતા તરીકે ઉદ્દેશીને કહેવાનું કહી દીધું અને તરત જ વડના ઝાડ ઉપર ફાંસો બાંધીને પોતાને લંબાવી દેવાને તૈયાર થઈ ગઈ : પણ તેણીનો પુણ્યોદય જાગતો હોવાથી, જેની ખાતર તે મરવાને તૈયાર થઈ છે, તે જ અહીંયાં હાજર છે. રાજપુત્રી **કમલા** જેટલામાં ફાંસો ખાઈને મરવાની તૈયારી કરે છે, તેટલામાં તરત જ **વિક્રમકુમાર** તેણીની તરફ

ગયો. કુમાર જાગતો જ હતો, એટલે તેણે સઘળું જ જોયું હતું અને સાંભળ્યું હતું : આથી તે તરત જ તેણીની તરફ વેગથી ગયો અને–' સાહસ ન કર '–આ પ્રમાણે કહેતા તે રાજપુત્રે, છુરિકા દ્વારા પાશને છેદી નાખ્યો. છુરિકા વડે પાશને છેદી નાખીને તે રાજકુમારે તે '**કમલા**' નામની રાજપુત્રીને કમલ જેવાં સુકોમલ વચનો દ્વારા સારી રીતિએ સ્વસ્થ બનાવી દીધી. સુકોમલ વચનોથી રાજકુમારે તેણીના આપઘાત કરવાના આવેશને રોકયો : એટલું જ નહિ, પણ તેણીને સ્વસ્થ દશામાં પણ સંસ્થાપિત કરી દીધી.

કમલા સાથે લગ્ન :

આ રીતિએ **મણિરથ** રાજાના પુત્ર **વિક્રમ**કુમારે આ નગરના **વાસવ** રાજાની **કમલા** નામની પુત્રીને મરવાનો પ્રયત્ન કરતાં અટકાવીને, કમળ જેવાં સુકોમળ વચનોથી સુસ્થાપિત કરી, એટલામાં તો પોતાની પુત્રીની શોધ માટે નીકળેલો અને ભટોના સમુદાયથી પરિવૃત્ત થયેલો **વાસવ** રાજા ત્યાં આવી પહોંચ્યો. ત્યાં આવેલા તે રાજાએ તે રાજકુમારને પણ જોયો. **વાસવ** રાજા તે **વિક્રમ**કુમારને ઓળખતો હોવાથી, તેને પોતાની પુત્રી **કમલા** પાસે જોઈને ખૂશ થયો. પુત્રીની શોધમાં નીકળેલા તે રાજાને, આ રીતિએ જમાઈ પણ મળી જવાથી, અધિક આનન્દ થવો એ સહજ છે.

આનન્દિત બનેલા તે રાજા **વિક્રમ**કુમારને કહે છે કે– " હે દાક્ષિણ્યપૂર્ણ કુમાર ! અમે અમારા પોતાના મિત્ર **મણિરથ** રાજાને મળવા ગયેલા, ત્યારે અમે તને બાળપણમાં જોયેલો છે. આ મારી **કમલા** નામની પુત્રી, કમલિની જેમ દિનનાથ એટલે સૂર્ય પ્રતિ સદા અનુરક્ત છે તેમ, પતિ પ્રત્યે હંમેશાં અનુરાગવાળી છે : આ કારણથી મારી દીકરી **કમલા** તારા જમણા હાથના મેળાપના વશથી સુખને પામો."

આ પ્રમાણેની મધુર અને ગંભીર વાણી દ્વારા **વાસવ**

રાજાએ પ્રાર્થના કરી, એટલે ત્રિવિક્રમ–કૃષ્ણ જેમ કમલા એટલે લક્ષ્મીને પરણ્યા હતા, તેમ આ **વિક્રમકુમારે** પણ **કમલાનો** કર ગ્રહણ કર્યો. અર્થાત્–તેમનું લગ્ન ત્યાં ને ત્યાં જ કરવામાં આવ્યું. આ પ્રકારે પોતાની પુત્રીને પરણાવ્યા પછી, બીજે દિવસે પ્રાતઃકાલે તોષપૂર્વક ભાર્યા સહિત તે કુમારને રાજાએ નગરમાં પ્રવેશ કરાવ્યો અને **કમલા** નામની પોતાની સ્ત્રી સાથે ક્રીડા કરતો તે કુમાર રાજાએ આપેલા પ્રાસાદમાં રહ્યો.

વામને ચાલ્યા જવું :

આ પ્રમાણે વાત કરીને તે કલાસંપન્ન પુરૂષ વિરામ પામ્યો. પોતાને લગતી વાત આવવાથી, ત્રણ તરૂણ રાજપુત્રીઓ પૈકીની એક જે **કમલા** નામની રાજપુત્રી હતી, તેણીને તો પૂરેપૂરી ખાત્રી થઈ ગઈ કે–' આ મારી અને મારા પતિની સઘળી જ વાતથી વાકેફ છે.' આવી ખાત્રી થયા પછી, પોતાના પતિ સંબંધી વિશેષ હકીકતને જાણવાની ઉત્સુકતા વધી જવી, એ આવી તરૂણીઓને માટે તો ખૂબ જ સહજ છે. વળી અત્યારે જે વિરહદુઃખ ઉત્પન્ન થયું છે, તેનો પ્રસંગ પણ હવે આવે છે. આ કારણે પ્રિયવિરહથી અતિ પીડિત એવી તે **કમલા** નામની રાજપુત્રી એકદમ બોલી પડી કે–' તે પછી આગળ શું થયું ? '

' સંસારમાં ઇષ્ટ વસ્તુના સમાચાર પણ માણસને કેટલો આનંદિત કરી શકે છે ? '–એ વાત તમે તો જાણતા જ હશો. ઇષ્ટના સમાચાર આત્માને જેમ આનંદિત કરે છે, તેમ અનિ-ષ્ટના સમાચાર શોકાતુર પણ કરે છે. આ સંસારની અનાદિથી ચાલતી અને અનંત કાલ સુધી ચાલુ રહેનારી આ શાશ્વતી પરિસ્થિતિ છે. સંસારમાંથી આવી પરિસ્થિતિને નામશેષ બનાવી શકવાની તાકાત કોઈ જ ધરાવતું નથી. આમ છતાં પણ, આવી પરિસ્થિતિથી પોતાને બચાવી લેનારા નથી હોતા એમ નહિ. એ પ્રતાપ ધર્મનો છે. સાચા પૂજનીય પુરૂષોની આરાધના કરનારા પુણ્યવાનો, તેવી પરિસ્થિતિથી પોતાને અને બીજા

પણ અનેકોને બચાવી લે છે. ધર્મની સુન્દર પ્રકારે આરાધના કરવા દ્વારા આવા કારમા સંસારથી મુક્ત બનીને જેઓ સિદ્ધિ-પદના ભોક્તા થયા છે તે અને જેઓ આવા કારમા સંસારથી બચવાને માટે અનંતજ્ઞાનિઓએ ઉપદેશેલા મોક્ષમાર્ગની આરાધનામાં જ મશ્ગુલ છે, તેઓ જ આ વિશ્વમાં પૂજનીય આદિ છે. આમ હોવાના કારણે, જેઓએ મોક્ષમાર્ગની સ્થાપના કરી છે, તેઓ તો આ વિશ્વના પ્રધાન પૂજનીય પુરૂષો ગણાય, એ તદ્દન સ્વાભાવિક જ છે. સાચા પૂજનીય પુરૂષોની પૂજા, એ સંસારનો ક્ષય સાધવા માટેનું પરમ કારણ છે અને તેવા તારકોની આજ્ઞાની આરાધના, એ જ તેઓની શ્રેષ્ઠતમ પૂજા છે.

અસ્તુ. પ્રિયના સમાચારને જાણવાને માટે આતુર બની ગયેલી **કમલા**–'તે પછી આગળ શું થયું?'–આ પ્રમાણે બોલી પડી, પણ પેલા કલાસંપન્ન પુરૂષે આગળની વાત તે દિવસે ન જણાવી; તે કુબ્જ પુરૂષ તો–'રાજસેવાનો સમય છે.'–આ પ્રમાણે કહીને ત્યાંથી ચાલતો થયો.

રાજપુત્રીઓનો ઉદ્વેગ:

સંસારમાં કુતૂહલી આત્માઓ પ્રેમિઓને દુ:ખ દેવામાં પણ આનંદ માને છે. સંસારનું પ્રેમનાટક કેટલું ગજબ છે, એ વિવેકિઓ જ સમજી શકે છે. જેના સુખમાં સુખ માને તેવા પ્રેમિને પણ કોઈ વખતે પજવવામાં પ્રેમી આનંદ માને છે. સંસારના પ્રેમનો એવો પણ એક સ્વભાવ છે અને અહીં તેનો જ સાક્ષાત્કાર છે. તે વામન પુરૂષ તો–'રાજસેવાનો સમય છે.'–એમ કહીને ચાલતો થયો, પણ એથી '**કમલા**' નામની રાજપુત્રીનો જીવ તો એ વાત તરત નહિ સાંભળી શકવાથી ઉદ્વિગ્ન જ બની ગયો. એની ચિંતા આ વામને ન કરી.

કમલા તો એ જાણવાને ઉત્સુક હતી કે–'તેનો પતિ **વિક્રમકુમાર** અચાનક ક્યાં ચાલ્યો ગયો અને હાલ તે ક્યાં છે?' આથી **વિક્રમકુમાર** સાથેનાં પોતાનાં લગ્ન થયાં અને

બેઉ **વાસવ** રાજાએ આપેલા પ્રાસાદમાં રહીને આનંદથી દિવસો પસાર કરવા લાગ્યાં, આટલે સુધી કથા કહીને તે કલાસંપન્ન પુરૂષ ચાલ્યો જાય, તેની **કમલા** ઉપર કેવી અસર થાય તે સમજવું મુશ્કેલ નથી. તે કલાસંપન્ન પુરૂષ તે વખતે તો જો કે–તે ત્રણ રાજપુત્રીઓના ભવનને છોડી ગયો હતો, પણ તે હંમેશને માટે તે ભવનને છોડી ગયો નહોતો. બીજા દિવસે તો તે આવવાનો જ હતો. છતાં પણ પ્રિયની કથા સાંભળવાની તક મળ્યા પછી, એટલો પણ વિલમ્બ થાય તે રાગી આત્માઓને માટે અસહ્ય થઈ પડે, એ અસ્વાભાવિક નથી. તે કલાસંપન્ન વામને '**કમલા**'ની જેટલી કથા કહી તે યથાર્થ હોવાના કારણે, **કમલસેના** અને **સુલોચના**ના હૃદયમાં પણ આશાનો સંચાર થયો હોય, એ બનવાજોગ છે : કારણ કે–તે બન્ને પણ રાજપુત્રીઓનો પતિ તો **વિક્રમકુમાર** જ હતો અને એથી તે બન્ને રાજપુત્રીઓ પણ તેના જ વિરહના દુઃખથી પીડાતી હતી. આ કારણે તે ત્રણેય રાજપુત્રીઓએ, આગલે દિવસે વામન ગયો તે બીજે દિવસે પાછો ફર્યો ત્યાં સુધીનો પોતાનો સમય, ઉત્સુકતા અને ઉદ્વેગ સાથે–'ક્યારે તે વામન પાછો આવે અને આગળ વાત કરે'–એવી આતુરતાથી રાહ જોવામાં જ પસાર કર્યો હોય, એ શક્ય છે.

સંસારરાગના યોગે થતા દુઃખાનુભવ અને ધર્મરાગના યોગે થતા દુઃખાનુભવ વચ્ચેનું અંતર :

સંસારમાં આવી ઉત્સુકતા અને ઉદ્વેગમયતા, એ કાઈ નવીન વસ્તુ નથી. સંસારરાગના યોગે દુઃખનો અનુભવ કરનારા આ સંસારમાં ડગલે ને પગલે મળશે, પણ ધર્મરાગના યોગે દુઃખનો અનુભવ કરનારા જવલ્લે જ મળશે. સંસારરાગના યોગે દુઃખનો અનુભવ કરનારા આત્માઓ દુઃખને વધારવાની પ્રવૃત્તિ કરી રહ્યા છે અને ધર્મરાગના યોગે દુઃખનો અનુભવ કરનારા આત્માઓ દુઃખના નાશની પ્રવૃત્તિ કરી રહ્યા છે, એમ

ઉપકારિઓ ફરમાવે છે: પરન્તુ ઉપકારિઓના એ કથનને ઝીલવાનું સામર્થ્ય જોઇએ ને? ઉપકારિઓના કથનને હૃદયમાં જચાવવા જેટલી યોગ્યતાને નહિ ધરનારા આત્માઓને માટે, તેમના એકાન્ત ભલાને માટે જ કહેવાએલી વાતો પણ, નિષ્ફળ અગર તો નુકશાનકારક નિવડે છે: જ્યારે એવા આત્માઓને સંસારરાગને પુષ્ટ બનાવનારી વાતો ખૂબ જ મીઠી લાગે છે. અજ્ઞાન આત્માઓ સમજી શકતા નથી કે–એ મીઠું પણ ઘણું ભયંકર એવું વિષ જ છે.

સ૦ ધર્મરાગના યોગે દુઃખનો અનુભવ થાય, એ કેમ બને?

ધર્મરાગના પરિણામે દુઃખનો અનુભવ ન જ થાય, પણ ધર્મરાગના યોગે દુઃખનો અનુભવ ન જ થાય એમ નહિ. આત્મા ધર્મનો સાચો રાગી બને છે, પછી એને પોતાની સંસારની કરણી સાલ્યા વિના રહેતી નથી. સદ્ધર્મના સાચા અનુરાગને ધરનારો આત્મા, જેટલે જેટલે અંશે ધર્મની આરાધના કરી શકતો નથી, તેટલે તેટલે અંશે તેને ખેદ થયા વિના રહેતો નથી. ધર્મરાગના યોગે તે ધર્મની આરાધનામાં સવિશેષ પ્રવૃત્ત થવાની ભાવનાવાળો હોય છે અને એ કારણે તેને જે કાંઇ સાંસારિક પ્રવૃત્તિ આચરવી પડતી હોય, તે બદલ તેને દુઃખનો અનુભવ થાય તે તદ્દન સ્વાભાવિક છે. જો કે–આવું દુઃખ પરિણામે તો સુખને જ પમાડનારૂં નિવડે છે: કારણ કે–આત્મહિતની ચિન્તાના યોગે પ્રગટેલું દુઃખ, ધર્મરાગવાળા સુવિવેકી આત્માઓને, સદ્ધર્મની વિશેષ વિશેષ આરાધનામાં જ યોજનારૂં નિવડે છે. સંસારરાગથી ઉત્પન્ન થયેલા દુઃખની એથી વિપરીત સ્થિતિ છે. સંસારરાગના યોગે અનુભવાતું દુઃખ સંસારને વધારવાનું કાર્ય કરે છે અને એથી એ દુઃખ દુઃખનું જ કારણ ગણાય: પરન્તુ અવિવેકી આત્માઓ એવા દુઃખથી પર રહી શકતા નથી. દુષ્કર્મજનિત દુઃખને સમભાવે સહીને પણ સુવિવેકિઓ સુખને સાધનારા બને છે અને અવિવેકિઓ

એ દુઃખને એવી રીતિએ ભોગવે છે કે–ભવિષ્યમાં એ કારણે દુઃખ આવ્યા વિના રહે નહિ. આથી જ ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે–કલ્યાણના અર્થી આત્માઓએ અવિવેકી મટીને સુવિવેકી બનવું જોઇએ અને સુવિવેકી બનીને સદ્ધર્મની આરાધના કરવામાં અપ્રમત્તતા કેળવવાના પ્રયત્નવાળા બનવું જોઈએ. ઉપકારી મહાપુરૂષોના આ કથનને શ્રદ્ધાપૂર્વક સ્વીકારીને, તે મુજબ વર્તનારા આત્માઓ, પરિણામે એકાન્તિક અને આત્યન્તિક એવા પરમ સુખના ભોક્તા બની શકે છે.

વામનનું પુનરાગમન અને કથાકથન :

અસ્તુ. અહીં તો સંસારરાગના યોગે જ ત્રણે રાજપુત્રીઓ દુઃખનો અનુભવ કરી રહી છે અને વામનના આગમનની રાહ જોઈ રહી છે. હવે બીજે દિવસે તે કલાસંપન્ન વામન આવીને, ગઈ કાલે અધુરી રાખેલી વાત આગળ ચલાવે છે.

વિક્રમકુમાર દ્વારા આત્મહત્યા કરતાં બચાવાએલી, સુકોમળ શબ્દોથી સ્વસ્થ બનાવાએલી અને **વાસવ** રાજાની વિનંતિના યોગે પત્ની તરીકે ગ્રહણ કરાએલી **કમલા** નામની રાજપુત્રી, પોતાના પતિ એવા તે **વિક્રમકુમાર**ની સાથે આનંદમાં દિવસો પસાર કરી રહી છે. એવામાં બન્યું એવું કે–એક વાર તે **વિક્રમકુમારે** રાતના સમયે રૂદન કરતી કોઈ સ્ત્રીનો કરૂણ શબ્દ સાંભળ્યો. કોઇક સ્ત્રી રૂદન કરી રહી છે, એમ જાણતાંની સાથે જ **વિક્રમકુમાર**ના અંતરમાં દયાભાવ પ્રગટે એ સહજ છે. દુઃખી સ્ત્રીના દુઃખને દૂર કરવાની વૃત્તિથી તે રાજકુમાર તરત જ પોતાના સ્થાન બહાર નીકળ્યો અને જે દિશામાંથી રૂદન કરતી સ્ત્રીનો કરૂણ અવાજ આવી રહ્યો હતો, તે દિશાએ તેણે ચાલવા માંડ્યું. ચાલતો ચાલતો તે સ્મશાનમાં આવી પહોંચ્યો.

વિચાર કરો કે–રાત્રિનો સમય છે અને જે સ્ત્રી રૂદન કરી રહી છે, તે કોણ છે?–એની માહિતી નથી; તેમ છતાં પણ **વિક્રમકુમાર** તેણીના શબ્દને અનુસારે છેક સ્મશાન સુધી જઈ

પહોંચ્યો ! આ પ્રકારની પરદુ:ખનિવારણની વૃત્તિ, ઉત્તમ આત્માઓમાં જ સંભવિત છે.

સ્મશાનનાં જોયેલી ત્રણ વસ્તુઓ :

પરદુ:ખે દુ:ખી બનીને પણ પોતાની સુન્દર દયાભાવનાનો અમલ કરવાને તત્પર બનેલા તે **વિક્રમકુમારે**, સ્મશાનમાં આવીને ત્રણ વસ્તુઓ જોઇ : સ્ત્રી, યોગી અને અગ્નિકુંડ. સ્ત્રીની આંખો આંસુઓથી ભરેલી હતી, એટલું જ નહિ પણ તેણી ભયભીત બનેલી હોય એમ પણ તેણીની આંખોની ચપલતા ઉપરથી જણાતું હતું. તે સ્ત્રીની સામે એક યોગી ઉભો હતો અને પાસેના કુંડમાં અગ્નિ ધીકતો હતો. આવા દૃશ્યને જોતાં સત્ત્વહીન આત્માઓ દયાળુ હોય તો પણ ફફડી ઉઠે અને ભાગી જાય એ શક્ય છે : પણ રાજકુમાર **વિક્રમ** તો પુષ્કળ પરાક્રમને ધરનારો હતો. આવા યોગિને અને કુંડને જોઈને એ ભય પામે, એમ હતું જ નહિ. એ તો તરતજ શું બને છે તે જોવાને માટે, લતાની આડમાં છૂપાઈ ગયો.

યોગીની કામપ્રાર્થના :

આ રીતિએ છૂપાઇને કોઇ પોતાની ચેષ્ટાઓ આદિને જોઈ રહેલ છે, એની પેલા યોગિને માહિતી નથી. એ યોગી તો અત્યારે પોતાને નિર્ભય માની રહ્યો છે. રાત્રિનો સમય, સ્મશાન જેવું અન્યને આવતાં ભીતિ ઉપજાવે એવું સ્થાન, ધીકતા અગ્નિવાળો કુંડ અને વળી પોતાનું બાહ્ય રૂપ યોગી જેવું, એટલે એ બધું જ તે યોગિને માટે જેમ નિર્ભયતાનું કારણ હતું, તેમ પેલી સ્ત્રીને માટે સભયતાનું કારણ હતું એમ કહી શકાય. આવા સંયોગોમાં યોગી યથેચ્છ આચરણ કરતાં પણ કંપે નહિ અને પેલી સ્ત્રી પળે પળે ભયથી કંપ્યા વિના પણ રહે નહિ, એમાં નવાઈ પામવા જેવું નથી. એ યોગી અત્યારે તો કામની પીડાથી ખૂબ જ વિહ્વલ બની ગયો છે, એટલે બાલાની પાસે કામપ્રાર્થના કરે છે. બાળાનાં નેત્રોને તે યોગી

શતપત્રી કમલના પત્રની ઉપમા આપવા પૂર્વક કહે છે કે–"તું પ્રસન્ન થા, મને તારા પતિ તરીકે સ્વીકાર અને મારો સ્પર્શ કર. મારી પત્ની બનેલી તું જગતની સકલ રમણીય રમણીઓમાં ચૂડામણી જેવી થઇશ."

બ્રહ્મચર્યના પાલનને માટે ઉપકારિઓએ દર્શાવેલી મર્યાદાઓનું પાલન કરવું આવશ્યક છે:

કામ કેટલો બધો દુર્ધર છે, એ તમે આવા આવા પ્રસંગોના શ્રવણાદિથી પણ સમજી શકો એવું છે. કામને જીતવો, એ બહુ મુશ્કેલ કાર્ય છે. કામાધીન બનેલા આત્માઓ, કેટલીક વાર, એવા તો અન્ધ બની જાય છે કે–એમને સ્થાન, સંયોગ, પોતાનું કર્ત્તવ્ય અને પરિણામ આદિનો ખ્યાલ સરખો પણ રહેતો નથી. આથી જ, શ્રી વીતરાગ–શાસનમાં બ્રહ્મચર્યના પાલનને માટે અનેકવિધ મર્યાદાઓનું પાલન કરવાનું ફરમાવવામાં આવ્યું છે. બ્રહ્મચર્યના અર્થી આત્માઓએ અબ્રહ્મના પ્રેરક સંયોગોથી સદા બચતા રહેવું, એ જ ડહાપણનું કાર્ય છે. આજે બ્રહ્મચર્યના પાલનને માટે પરમ આવશ્યક એવી મર્યાદાઓને હસી કાઢનારા કેટલાક સ્વચ્છન્દિઓ પાક્યા છે અને તેઓ મર્યાદાઓના પાલનમાં કાળજીવાળા પુણ્યાત્માઓને કાયર આદિ તરીકે વખોડવાની ધૃષ્ટતા પણ સેવી રહ્યા છે. બ્રહ્મચર્યના સંરક્ષણને માટે મર્યાદાઓનો સ્વીકાર, એ કાયરતા નથી પણ દીર્ઘદર્શિતા છે. પ્રતિકૂળ વાતાવરણમાં બેકાળજીથી વસનારાઓનો તો ભયંકર પ્રકારે વિનિપાત થયો છે. બ્રહ્મચર્યનો સાચો ઉપાસક અણધારી રીતિએ પ્રતિકૂળ સંયોગોમાં મૂકાઈ જાય તો તેવા સમયે પોતાના બ્રહ્મચર્યની રક્ષાને માટે સઘળા જ સત્ત્વનો સદુપયોગ કરવાને ચૂકે નહિ, પણ એનો અર્થ એ નથી જ કે–હરહંમેશ પ્રતિકૂળ સંયોગોમાં જ વસવું. પોતાના બ્રહ્મચર્યને કોઈ પણ સંયોગોમાં અસ્ખલિત જ રહે તેવું માનનારાઓ અને એમ માનીને

યોગ્ય મર્યાદાઓનો અસ્વીકાર કરનારાઓ, અવસરે કારમા પણ પતનના ભોગ થઈ પડે છે. બધા જ જો મહાત્મા શ્રી સ્થૂલભદ્રજી જેવું સામર્થ્ય ધરાવતા હોત, તો એ મહાપુરૂષની આટલી નામનાજ શાની હોત? પણ તમને ખબર તો હશે કે-એ મહાપુરૂષના સન્માનને નહિ સહી શકનાર મુનિની શી હાલત થઈ હતી ! આથી જ ઉપકારી મહાપુરૂષો બ્રહ્મચર્યના અર્થી આત્માઓને અબ્રહ્મભાવને ઉત્પન્ન કરનારાં નિમિત્તોથી પણ સદા સાવચેત બન્યા રહેવાનું ફરમાવે છે. આમ છતાં પણ આજે, બીજા વિષયોની જેમ બ્રહ્મચર્યના મર્મને પણ નહિ પામવા છતાંય,–'એ વિષયમાં પણ હું જ સૌથી વધુ સમજણ ધરાવું છું.'–આવું માની લઈને, મહાપુરૂષોએ બાંધેલી મર્યાદાઓના સમ્બન્ધમાં પણ યથેચ્છ લખી-બોલીને અનેક અજ્ઞાન આત્માઓને બ્રહ્મચર્યથી ભ્રષ્ટ કરવા જેવો પ્રયત્ન થઈ રહ્યો છે. બ્રહ્મચારિઓએ સ્ત્રીઓના સંસર્ગથી અલગ રહેવું જોઈએ, આ વાતનો વિરોધ કરીને સ્ત્રીઓના સમૂહમાં રહીને બ્રહ્મચારી બન્યા રહેવાની વાતો કરનારાઓ તો ભયંકર કામથી પીડાતા રાંકડાઓ છે, એમ કહેવાય તો તે લેશ પણ અતિશયોક્તિભર્યું નથી. સ્વસ્ત્રીમાં સંતોષથી વર્તનારાએ પરસ્ત્રીઓને યોગ્યતા મુજબ માતા, ભગિની અને પુત્રી સમાન માનવી એ બરાબર છે: પણ એમ માનીને પરસ્ત્રીઓના નિરંતરના પરિચયને સેવ્યા કરવો, એ તો વ્યભિચારને આમંત્રણ આપવા જેવું છે. ઉપકારિઓ તો ફરમાવે છે કે-વૃદ્ધાવસ્થામાં રહેલ પણ સ્ત્રી-પુરૂષે પરસ્પરના સંસર્ગથી અલગ રહેવામાં જ શીલ-સુરતરૂનું સંરક્ષણ છે. પણ આવી આવી વાતો વિચિત્ર જાતિના વિષયરસથી રીબાતા પામરોને પસંદ ન પડે, એ સહજ છે. એવાઓના સુન્દર પણ શબ્દોથી મુંઝાવું, એ મહા મૂર્ખતા છે. અનન્તજ્ઞાનિઓની આજ્ઞાના અભ્યાસથી દૂર ભાગનારા, ઠગારી બુદ્ધિને પનારે પડેલા અને પોતાની કલ્પનાઓને ઈશ્વરની પ્રેરણા તરીકે જણા-

વનારા આત્માઓ, વસ્તુતઃ કોઈ જ વિષયમાં નિશ્ચિત વિચારોને ધરાવનારા હોતા નથી : એટલે એવાઓની વાતોના વિશ્વાસે દોડનારાઓ, ઉન્નતિને બદલે અવનતિને સાધનારા બની જાય, તે સ્વાભાવિક છે. સ્વપરના હિતૈષિઓએ તો અનન્તજ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ : કારણ કે–એ વિના હિતકામનાની વાસ્તવિક સફલતા અસંભવિત જ છે. અનન્તજ્ઞાનિઓની આજ્ઞાને નહિ પામેલા આત્માઓ, યોગિઓ બની બેસે છતાં પણ તેઓ યોગનો ય પ્રાયઃ દુરૂપયોગ જ કરનારા નિવડે છે. પોતાની માન્યતા મુજબના ઉત્તમ ધ્યેયની સિદ્ધિને માટે જ નીકળેલા અને બાલતપ આદિને આચરનારા આત્માઓ, કોઈ સુન્દર યોગને પામીને અનંતજ્ઞાનિઓની આજ્ઞાના રસિક બની જાય એ અશક્ય નથી : પરન્તુ ઉત્તમ ધ્યેય વિનાના અને આ લોકના ભોગોની અભિલાષાથી નહિ મૂકાએલા આત્માઓ યોગી બન્યા બાદ પણ અવસરે ભયંકર ભોગી કરતાંય ભૂંડા બની જાય, તો એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. આ યોગી તો એટલો બધો અધમ નથી, છતાં યોગીના વેષમાં રહેલો એક પુરૂષ આવું પાપ આચરવાને સજ્જ બન્યો છે, એ ઓછું ભયંકર નથી. એ વાત પણ સાથે જ સમજવાની છે કે–આવી ભયંકરતાનાં પણ પ્રદર્શનો, એ મોહરાજાની રાજધાનીમાં કોઈ નવાઈની વસ્તુ રૂપ નથી. મોહરાજાની રાજધાનીમાં તો આવું ન બને, એ જ આશ્ચર્ય ગણાય.

બાલાનો ઉત્તર:

પેલા યોગિએ પતિ તરીકે પોતાનો સ્વીકાર કરવાની રડતી એવી તે બાલાને પ્રાર્થના કરી અને લાલચ પણ આપી કે–'મારી પત્ની બનવા દ્વારા તું રમણીય એવી રમણીઓમાં મુકૂટ સમાન બની જઈશ.'–પરન્તુ બાલા કુલીન છે. સાધ્વીથી લલચાઈને તે પોતાના શીલનો નાશ કરે એવી નથી. આથી તે બાલા રોતાં રોતાં પણ તે યોગી પ્રત્યે કહે છે કે–"તારા

આત્માની તું શા માટે નિરર્થક કદર્થના કરી રહ્યો છે? તું ચાહે તો ઈન્દ્ર હોય કે ચાહે તો તું કામદેવ હોય, પણ તારી સાથે મારે કોઈજ કાર્ય નથી."

બાલાનો આ ઉત્તર કેટલો બધો સુન્દર છે? વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ આ જાતિનો ઉત્તર આપવો, એ પોતાના સાચા શીલાનુરાગનો સાક્ષાત્કાર કરાવવા જેવું છે. શીલવતી સ્ત્રીઓ પરપુરૂષ ચક્રવર્તી હોય તોપણ તેની અભિલાષાને કરતી નથી: એટલું જ નહિ, પણ ખૂદ ઈન્દ્ર પણ અનાચારની પ્રાર્થના કરે તો તેનીય પ્રાર્થનાને અવગણનારી હોય છે. શીલવતી એવી પરસ્ત્રીઓને ઇચ્છનારાઓ, પોતાના આત્માની નિરર્થક કદર્થના કરે છે, એ વાત પણ સંશય વિનાની જ છે: કારણ કે-તેવા આત્માઓની તેવી અભિલાષા કદી પણ ફલવતી બની શકતી નથી અને પાપ પલ્લે પડી જાય છે. સતી સ્ત્રીઓની પરપુરૂષોએ કરેલી ઇચ્છા, સદા વાંઝણી રહેવાને જ સરજાએલી હોય છે. એવી ઇચ્છા કરનારાઓને રીબામણ આદિ સિવાય કોઈજ ફલની પ્રાપ્તિ થતી નથી.

વાગ્દત્તા અને વિધવા:

અહીં એ પણ સમજવા જેવું છે કે-જે યુવતીની સાથે પેલો યોગી વાત કરી રહ્યો છે, તે યુવતી હજુ અપરિણીતા જ છે: માત્ર વાગ્દાન દ્વારા જ દેવાએલી છે. આમ છતાં પણ, તે યુવતી તો પોતે જેને પોતાના પિતા દ્વારા વાગ્દાનથી દેવાઈ છે, તેને જ પોતાનો પતિ માની રહી છે. પોતાના સ્વામિથી પર એવો કોઈ ઈન્દ્ર હોય, તો પણ તેને વાગ્દત્તા એવી તે સ્વીકારવાને તૈયાર નથી. આર્યભૂમિમાં આવી યુવતીઓની હયાતી નવાઈ રૂપ નથી, પણ સ્વાભાવિક જ છે. આર્યસંસ્કારોમાં ઝીલતી બાળાઓ ભલે માત્ર વાગ્દત્તા જ કાં ન હોય, તે છતાં પણ વચન માત્રથી દેવાએલી એવી તે રમણીઓ, અન્યને સ્વામી તરીકે સ્વીકારવાને તૈયાર થતી જ નથી. પૂર્વે આર્ય-

દેશમાં આ ભાવના એટલી બધી જ્વલન્ત હતી કે-કોઈ વિષમ પ્રસંગે માતા-પિતાદિ દ્વારા પણ અન્ય સાથે લગ્ન કરવાની વાત થાય, તોય આર્યકન્યાઓ તેનો નિષેધ જ કરતી. અને આજે? આજે તો વાત જ જૂદી છે. દિવસે દિવસે શીલભાવનાની સંહારક વિચારશ્રેણિ પોતાનું સ્થાન જમાવતી જાય છે. પૂર્વે વાગ્દત્તા પણ અન્યને નહિ ઈચ્છતી, જ્યારે આજે તો પરણી ચૂકેલી અને અમુક કાલને માટે સાથે પણ રહી ચૂકેલી, એવી પણ સ્ત્રીઓને-વિધવાઓને પરણાવવામાં દેશનો અને સમાજનો ઉદ્ધાર મનાતો જાય છે. આ રીતિએ અનાચારોની પ્રવૃત્તિમાં ઉદ્ધારને માનવાની તૈયારી, એ તેવા આત્માઓના ભયંકર ભાવિને જ સૂચવનારી ગણાય. સદાચાર વિના સાચો ઉદ્ધાર શક્ય જ નથી: એ કારણે ઉત્તમ આત્માઓએ તો સ્વયં સદાચારશીલ બનવાનો અને ઇતર આત્માઓને પણ સદાચારને માર્ગે જ યોજવાનો પ્રયત્ન કરવો જોઈએ. ઉદ્ધારનો સાચો રાહ આ સિવાયનો હોઈ શકે જ નહિ.

બળાત્કારની તૈયારી અને યુવતીનો પોકાર :

અહીં તો વાગ્દત્તા એવી પણ તે યુવતીએ જ્યારે કામાતુર બનીને પ્રાર્થના કરતા યોગિને નિરર્થક આત્મકદર્થનાથી બચવાનું સૂચવવા સાથે-"તું ઇન્દ્ર હોય કે કામદેવ હોય તો પણ મારે તારાથી કોઈ કાર્ય નથી."-એમ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, ત્યારે પેલો યોગી એકદમ રૂષ્ટ થઇ ગયો. કામને આધીન બનેલો આત્મા ક્રોધને આધીન પણ બને, તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. કામને વિવશ બનેલા આત્માઓને કેટલીક વાર હિતશિક્ષા પણ અસહ્ય થઈ પડે છે. પોતાની ઇચ્છાનો અમલ કરવાને સામી વ્યક્તિ તત્પર ન બને, એથી તેઓને ક્રોધાધીન બનીને બળાત્કાર કરવાની હદે પહોંચતાં પણ વાર લાગતી નથી. આ યોગી પણ ક્રોધાધીન બનીને બળાત્કાર કરવાની વૃત્તિવાળો બની ગયો.

રૂષ્ટ બનેલા તે યોગિએ બળાત્કારથી પણ પેલી રમણીને હાથથી ગ્રહણ કરવાનો પ્રયત્ન કર્યો: એટલે અત્યન્ત ભયને પામેલી અને રક્ષણને ઇચ્છતી એવી તે રમણીએ પણ એકદમ પોકાર કર્યો કે–"હહા, આ પૃથ્વી નધણીઆતી છે."

આટલો જ પોકાર કરીને તે યુવતી અટકી નહિ, પણ તેણીએ પોતાની ઓળખાણ કરાવતા શબ્દો પણ જોરથી ઉચ્ચાર્યા. તેણીએ કહ્યું કે–"હું '**શ્રીપુર**' નામના નગરના '**જયસેન**' નામના નરપતિની '**કમલસેના**' નામની પુત્રી છું. મારા પિતાએ મને **મણિરથ** રાજાના પુત્ર **વિક્રમકુમારને** આપેલી છે. આમ છતાં પણ, અરે રે, વિદ્યાથી બલવાન એવો આ કોઇક યોગી અક્ષત્રકર્મને આચરી રહ્યો છે." અર્થાત્–'**જયસેન** જેવા રાજાની હું પુત્રી, **મણિરથ** જેવા રાજાની હું પુત્રવધૂ અને **વિક્રમકુમાર** જેવા પરાક્રમી રાજકુમારની હું પત્ની હોવા છતાં પણ, આ કોઈ અજાણ્યો વિદ્યાબલી મારા ઉપર અત્યાચાર ગુજારી રહ્યો છે: એથી હું કહું છું કે–આ પૃથ્વી નધણીઆતી બની ગઈ છે.'

સ૦ આમ પોતાની ઓળખાણ આપવા પૂર્વક પોકાર કરવાનો શો હેતુ?

આ પોકારને સાંભળનાર કોઈ પણ માણસ જો રાજા **જયસેન**, રાજા **મણિરથ** કે રાજકુમાર **વિક્રમને** પિછાનતો હોય, તો ઝટ મદદે દોડી આવે: અથવા અજાણ્યો પણ માણસ આ એક રાજપુત્રી અને રાજવધૂ છે, એમ જાણીને પણ મદદે દોડી આવે: અથવા તો આવી રાજપુત્રી અને રાજવધૂ યુવતીને બચાવવાથી મોટું ઇનામ મળશે, એવી માન્યતાથી પણ કોઈ મદદ કરવા પ્રેરાય: આ પ્રકારનો કોઇ હેતુ, પોતાની ઓળખાણ આપવા પૂર્વક પોકાર કરવામાં હોય, તો તે અસંભવિત નથી.

વિક્રમકુમારનો પડકાર:

અહીં તો આપણે જાણીએ છીએ કે–કરૂણાબુદ્ધિવાળો

વિક્રમકુમાર આવીને લતાની આડમાં છૂપાઈ રહ્યો છે. **વિક્રમકુમારે** જોયું કે–હવે વિલમ્બ કરવો એ અનુચિત છે: કારણ કે–પેલો યોગી તો બળાત્કારે હાથથી ગ્રહણ કરીને જૂલ્મ ગુજારવાને તૈયાર થયો છે. વધુમાં, **વિક્રમકુમાર** એ પણ જાણી શકયો કે–આ બીજી કોઈ સ્ત્રી નથી, પણ મને જ પતિ તરીકે સ્વીકારનારી બાળા છે. કોઈ અજાણી સ્ત્રી ઉપર પણ અત્યાચાર ગુજારાતો હોય, તોય જે કુમાર રક્ષા કરવાને ચૂકે એવો નથી, તે કુમાર હવે તો જરાય વિલમ્બ કરે જ શાનો? યુવતીના પોકારને સાંભળતાંની સાથે જ ક્રોધથી ધમધમી ઉઠેલો તે **વિક્રમકુમાર** એકદમ પ્રગટ થયો, ત્યાં આવી પહોંચ્યો અને યોગીના વેષમાં હોવા છતાં પણ અતિ ભયંકર દુષ્કૃત્યને આચરવાને માટે તત્પર બનેલા તે યોગિને પડકાર કરતાં બોલ્યો કે–" જો તું મર્દ હોય તો શસ્ત્ર હાથમાં લે અને તારા ઈષ્ટ દેવનું સ્મરણ પણ કરી લે : કારણ કે–પરસ્ત્રીને ઇચ્છતા એવા હે પાપી! તારૂં જીવન હવે ખતમ જ થયેલું છે. "

વિક્રમકુમારનો આ પડકાર, બલનો ગર્વ ધરાવનારા પણ આત્માઓને ઘડીભર ભયભીત અને સ્તમ્ભિત બનાવી દે એવો હતો. આ યોગી સામાન્ય કાટિનો નહિ જ હતો. યુવતીએ પોકાર કરતાં તેને વિદ્યાબલી તરીકે ઓળખાવ્યો હતો, તે કાંઇ માત્ર ભયના જ માર્યા કહ્યું હતું, એમ નહોતું. અનેક વિદ્યાઓ આ યોગીની પાસે હતી. આમ છતાં પણ, **વિક્રમકુમારના** તે પડકારને સાંભળતાં જ એ યોગી ભયભીત બની ગયો.

ભયનું કારણ પણ ઉપકારનું કારણ :

કેટલીક વાર પાપમાં પ્રવૃત્ત બનેલા આત્માઓને ભયથી પણ સદ્દબુદ્ધિની પ્રાપ્તિ થઈ જાય છે. ભય આવી પડતાં કેટલાક પાપી પણ આત્માઓને પોતાના પાપનો ખ્યાલ આવી જાય છે અને એથી તેઓમાં પશ્ચાત્તાપની લાગણી પણ પ્રગટી જાય છે. આ રીતિએ પણ પોતાના પાપથી ત્રાસ પામેલા અને

પશ્ચાત્તાપની ભાવનાથી ઓતપ્રોત બનેલા યોગ્ય આત્માઓ તો, પોતાને ભય ઉપજાવનાર પણ આદમીને ઉપકારી માને છે અને એ ઉપકારનો બદલો વાળવાને માટે પણ બનતું કરવાને ચૂકતા નથી. સંયોગવશ પાપી બનેલા આત્માઓને આ રીતિએ ભયનું કારણ પણ પાપનિવૃત્તિનું કારણ બની જાય છે, જ્યારે અતિ દુષ્ટ હૃદયના પાપી આત્માઓ તો ભયના સમયે પણ એવી ભાવના અને એવી કાર્યવાહી કરનારા બને છે, કે જેથી તેઓ માટે ભયંકર દુર્ગતિનું સ્થાન ઘણા લાંબા કાળને માટે પણ પ્રાયઃ નિયત થઈ ગયા વિના રહે નહિ.

પણ આ યોગી એવા દુષ્ટ હૃદયનો પાપી નથી. તેણે અત્યાર સુધીમાં જે કાંઇ કર્યું, તે ઘણું જ ભયંકર હોવા છતાં પણ, આપણે કહેવું જોઈએ કે-તે સાવ નાલાયક નહિ હતો. પાપની પ્રવૃત્તિમાં રસભેર પણ પ્રવૃત્ત થયેલો આત્મા, જો કોઈ સંયોગને કારણે જ તેવો પાપી બની ગયો હોય, તો પ્રસંગ પામીને આબાદ બચી જાય છે અને એ રીતિએ પણ જે પાપી આત્માઓ પાપનિવૃત્ત બનતા હોય, તે આત્માઓને પાપનિવૃત્ત બનેલા જાણી, તે પૂરતી તેમની યોગ્યતાથી આનંદ જ પામવાનો હોય. એવી રીતિએ પણ પાપનિવૃત્ત બનેલા આત્માઓની જાણ્યા છતાં નિન્દા કરવી, એ અત્યન્ત અધમ કાર્ય છે. તે યોગી જેવો વિદ્યાબલી પણ આત્મા, આવા સમયે પોતાના વિદ્યાબલને અજમાવવાનો વિચાર સરખો પણ ન કરે અને થઈ ગએલા પાપ બદલ પશ્ચાત્તાપવાળો બને, એ વસ્તુ તો તેનામાં રહેલી યોગ્યતાનો ખ્યાલ આપનારી જ ગણાય.

વિક્રમકુમારને જોઇને અને તેના પડકારને સાંભળીને ક્ષુબ્ધ બનેલો તે યોગી, જાણે પોતાના પાપનો ખ્યાલ આવવાથી તેનો આત્મા ખૂબ જ ખળભળી ઉઠ્યો હોય, તેમ કહે છે કે-" હે કુમાર! તેં મારી રક્ષા કરી છે. પરસ્ત્રીના પ્રસંગથી તેં જો મને રોક્યો ન હોત, તો પરસ્ત્રીસંગના પાપથી હું

નરકમાં પડત. પરસ્ત્રીના પ્રસંગથી મને વારવા દ્વારાએ, તેં મને નરકમાં પડતો બચાવ્યો છે.”

વિચારો કે–અલ્પ સમય પૂર્વેની તે યોગીની દુર્બુદ્ધિ ક્યાં અને આ સદ્બુદ્ધિ ક્યાં? આવું પરિવર્તન અયોગ્ય આત્માઓને માટે લાંબા કાળે પણ દુઃશક્ય છે, જ્યારે યોગ્ય આત્માઓને માટે અલ્પ કાળે પણ સુશક્ય છે. એક સમયે ઘોર પાપનું આચરણ કરનારા પણ આત્માઓ, કોઈ તેવા સંયોગને પામીને અન્ય સમયે પરમ પાવનકારી પણ બની જાય છે. આમ પરમ પવિત્ર આચરણવાળા બનેલા આત્માઓની, તેમના પૂર્વના પાપને સંભારીને નિન્દા કરવી, એ તો અધમ આત્માઓનું જ કાર્ય ગણાય. આજે જૈન ગણાતાં કુલોમાં જન્મેલા પણ કેટલાકો આવા અધમ બન્યા છે અને આજના સાચા ધર્માત્માઓની તેઓ તે આત્માઓના પૂર્વના પાપને આગળ કરીને નિન્દા કરવા સાથે ધર્મની પણ વગોવણી કરી રહ્યા છે. આવાઓના કથનથી અને વર્તન આદિથી, ધર્મના અર્થી આત્માઓએ સદાય સાવચેત રહેવા જેવું છે.

ઉપકારના બદલામાં:

પેલો યોગી તો **વિક્રમકુમારને** પોતાનો પરમ ઉપકારક માને છે. કેમ ન માને? જ્યારે તે સમજ્યો કે–મને નરકમાં પડતાં આણે બચાવ્યો છે; ત્યારે તે યોગી કુમારને પોતાનો પરમ ઉપકારક જરૂર માને જ. શ્રી અરિહન્તદેવો આદિને આપણે અનન્ત ઉપકારને કરનારા માનીએ છીએ કે નહિ? માનીએ જ છીએ, કારણ કે-આપણને દુર્ગતિમાં પડતા બચાવીને શુભ સ્થાનમાં સ્થાપિત કરવાને સમર્થ એવા તીર્થની શ્રી અરિહંતદેવોએ સ્થાપના કરી છે અને શ્રી સિદ્ધાત્માઓ આદિ આપણને મુક્તિમાર્ગની આરાધનામાં પ્રેરણા આપનાર આદિ છે. ઉપકાર ઉપકાર રૂપે જ્યાં સુધી સમજાતો નથી, ત્યાં સુધી જ ઉપકારિઓ પણ ઉપકારિઓ તરીકે લાગતા નથી. ઉપકારીનો

ઉપકાર યથાર્થપણે સમજાય અને તે ઉપકાર દુઃખથી બચાવી સુખને પમાડનારો છે એમ બરાબર લાગે, પછી ઉપકારી પ્રત્યે અત્યન્ત આદરભાવ પ્રગટ્યા વિના રહે જ નહિ.

અહીં તો પેલો યોગી **વિક્રમકુમારને** પોતાનો ઉપકારી માનીને એને એક એવી વિદ્યા આપે છે, કે જેના યોગે તે વિદ્યાને ધરનારો પોતાના રૂપમાં યથેષ્ટ પરિવર્તન કરી શકે. યોગી **વિક્રમકુમારને** રૂપપરાવૃત્તિકારિણી વિદ્યાને આપે છે, એ પ્રસંગ પણ આપણને એમ માનવાને પ્રેર્યા વિના રહેતો નથી કે–' તે યોગી કૃતજ્ઞતા ગુણથી હીન તો નહોતો જ. '

કમલસેના સાથે લગ્ન :

આ રીતિએ, પોતાના ઉપકારી એવા **વિક્રમકુમારને** રૂપ-પરાવૃત્તિકારિણી વિદ્યાને આપીને, તે યોગી કહે છે કે–" તારા આવા પરાક્રમ અને સાહસ ગુણો દ્વારા તેમજ આ રમણીની દૃષ્ટિ તારા પ્રતિ વળેલી છે એ જોતાં, હું માનું છું કે–તું **વિક્રમકુમાર** પોતે જ છો. "

યોગીની આ કલ્પના તદ્દન વ્યાજબી હતી, એમ આપણે તો જાણીએ જ છીએ : પણ જોવાનું એ છે કે–તે યોગી ઇંગિતાકાર વિષેનું પણ કેવું કુશલપણું ધરાવે છે. **વિક્રમકુમારે** પણ તેના જવાબમાં–' હા, હું તે જ **વિક્રમકુમાર** છું '–એમ નહિ કહેતાં, એ જ કહ્યું છે કે–" અહો, તારૂં ઇંગિતાકાર સંબંધી કુશલપણું ! "

વિક્રમકુમારના આવા ઉત્તરથી, તે **વિક્રમકુમાર** જ છે–એવી માન્યતામાં નિશ્ચિત બનેલો તે યોગી, હવે કહે છે કે–" **કમલસેના** નામની આ કુમારિકાને તેના પિતા **જયસેન** રાજાએ તને આપેલી તો છે જ અને અત્યારે તે તારા જ આશ્રયે છે, આ કારણે અત્યારે અને અહીં જ તું આ **કમલ-સેનાને** પરણ, એવી મારી પ્રાર્થના છે. "

યોગિએ કરેલી આ પ્રકારની પ્રાર્થનાના કારણે **વિક્રમકુમારે**

ત્યાં ને ત્યાં જ તે બાલાની સાથે લગ્ન કર્યું અને યોગિને વિસર્જિત કર્યો. આ પછી, પોતાની તે **કમલસેના** નામની નવવધૂની સાથે તે **વિક્રમકુમાર** પોતાના ભવનના ઉદ્યાનમાં આવ્યો.

વામનને પુન: ચાલ્યા જવું:

તમને યાદ તો હશે જ કે–આ પ્રમાણેની કથા, વામન રૂપધારી કલાસંપન્ન પુરૂષ **કમલા, કમલસેના** અને **સુલોચના** એ નામની ત્રણ પ્રિયવિરહે દુ:ખી રાજપુત્રીઓ સમક્ષ કહી રહ્યો છે. આટલે સુધી તે કલાસંપન્ન પુરૂષે વાત કહી, ત્યાં તો **કમલસેના** ઉત્સુકતાથી બોલી ઉઠી કે–" પછી શું થયું ? "

ગઈ કાલે **કમલાએ** પણ આ પ્રમાણેનો જ પ્રશ્ન કર્યો હતો. આજે **કમલસેનાએ** આ પ્રમાણેનો પ્રશ્ન કર્યો : કારણ કે–આજના કથાકથનમાં તેણીની હકીકતની પ્રધાનતા હતી.

વામન પુરૂષે પણ જે ઉત્તર ગઈ કાલે આપ્યો હતો, તે જ ઉત્તર આજે પણ આપ્યો. અર્થાત્–' રાજસેવાની વેળા થઈ છે. '–એમ કહીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

પૌદ્ગલિક આશા આત્માને દીન અને હીન બનાવ્યા વિના રહેતી નથી :

વિચારી જૂઓ કે–આ રીતિએ બીજા દિવસે પણ ચાલુ કથાને અધુરી મૂકી દઈને તે કલાસંપન્ન પુરૂષના ત્યાંથી ચાલ્યા જવાના યોગે, તે ત્રણ રાજપુત્રીઓની કયી દશા થઈ હશે ? પોતાના સ્વામીની પ્રવૃત્તિઓ વિષે આ પુરૂષ યથાર્થ માહિતી ધરાવે છે, એવી તે ત્રણેય રાજપુત્રીઓને ખાત્રી થવા પામી હોય અને એથી પોતાના દુ:ખનો અન્ત લાવવાનો ઉપાય જડી આવશે એવી આશા પણ બંધાવા પામી હોય એ સહજ છે. એ હાલતમાં કલાસંપન્ન વામનપુરૂષનું આ વર્તન તે ત્રણેય રાજપુત્રીઓને અત્યન્ત ખેદ ઉપજાવનારૂં નિવડે, એ તદ્દન બનવાજોગ જ છે ને ?

સ૦ બીજી બે રાજપુત્રીઓ તો નહિ, પણ **કમલા** પોતાના પિતા **વાસવ** રાજાને એ વિષે ફરિયાદ ન કરી શકે?

આવી સ્થિતિમાં એવા આત્માઓ ફરિયાદ કરવા જોગી સ્થિતિમાં પણ પ્રાયઃ હોતા જ નથી. એવા આત્માઓને પ્રાયઃ સદાને માટે એવો ડર રહ્યા કરે છે કે–"આપણે ફરિયાદ કરીએ અને એથી રાજા કલાસંપન્ન વામનપુરૂષને જો કાંઈક કહે, તો તે કદાચ ગુસ્સે થઈ જાય અને એથી જે હકીકત જાણવાની ઉત્સુકતા છે, તે હકીકત જાણવાની તો બાકી જ રહી જાય, તો થાય શું?" પૌદ્‍ગલિક આશા, એ એક એવી વસ્તુ છે, કે જે આશાધીન આત્માને દીન બનાવ્યા વિના રહેતી નથી. જેના તરફથી આશા બંધાઈ હોય, તે આદમીને ભૂલે-ચૂકે પણ ખોટું ન લાગી જાય, એની પૌદ્‍ગલિક આશાને આધીન બનેલાઓ શક્ય કાળજી રાખવાને ચૂકતા નથી. એ જ આશાના પ્રતાપે, વીર અગર ઉદ્ધત પણ ગણાતા આદમીઓ, દીન અને ખામોશીને ધારણ કરનારા પણ બની જાય છે. સામાનું વર્તન ગમે તેટલું અપમાનજનક હોય કે કઠોર હોય, તે છતાં પણ તેની સામે ક્રોધ કરવા જેટલી કે સામાને અરૂચિકર એવી સાચી પણ વાત કહેવા જેટલી હામ, પૌદ્‍ગલિક આશાથી બદ્ધ બનેલાઓમાં હોતી નથી. શ્રીમંત પણ વ્યાપારી, ગરીબ પણ ગ્રાહકના, અપમાનભર્યા વર્તાવને કેવો હસમુખો બનીને સહી લે છે? એ પ્રતાપ તેના હૈયામાં રહેલી માલ વેચીને રળવાની આશાનો છે. જ્યારે એક પૈસાદાર વ્યાપારી એક સામાન્ય પણ નફાની આશાને આધીન બનીને ગરીબ ગ્રાહકના અયોગ્ય અને અણગમતા પણ વર્તાવને હસતે મોંઢે સહન કરી લે છે, તો ત્રણ રાજપુત્રીઓ કલાસંપન્ન વામનના તેવા વર્તાવને કેમ ન સહી લે? તે ત્રણ રાજપુત્રીઓનું દુઃખ પણ મોટું છે અને એથી તેમની આશા પણ મોટી છે. આ સ્થિતિમાં રાજપુત્રી **કમલા** પોતાના પિતા પાસે વામન સંબંધી ફરિયાદ કરે, એ તો અશક્ય પ્રાયઃ છે: એટલું જ

નહિ, પણ વામનના વર્તનથી પોતે નારાજ થતી હોવા છતાં પણ, તે ત્રણમાંથી એકેય રાજપુત્રી, કલાસંપન્ન વામનપુરૂષને લેશ પણ ખોટું લાગે એવી નારાજી ન જ દેખાડે, એ વાત પણ સન્દેહ વિનાની છે.

મોક્ષાભિલાષા સત્ત્વને ખીલવનારી નિવડે છે :

સ૦ પૌદ્‌ગલિક આશાથી મનુષ્યની આવી દશા થાય છે, તો મોક્ષની આશાથી પણ તેવી સ્થિતિ થાય જ ને?

એ વસ્તુ સમજવા જેવી છે. પૌદ્‌ગલિક આશા આદમીને રાંકડો બનાવી દે છે, જ્યારે મોક્ષની આશા આદમીને સુવિનયે સહિત બનાવનારી નિવડે છે. તેનું સત્ત્વ દબાતું નથી, પણ ખીલતું જાય છે : કારણ કે–વસ્તુતઃ તેને જે મોક્ષની અભિલાષા છે, તે મોક્ષ પરાધીન નથી. વાસ્તવિક રીતિએ મોક્ષ એ કોઈની કૃપાના યોગે પ્રાપ્ત થતું ફલ નથી, પરન્તુ આત્માના સત્પુરૂષાર્થે યોગે પ્રાપ્ત થતું ફલ છે. મોક્ષાર્થી આત્મા દેવ–ગુરૂ આદિનો જે વિનય કરે છે, તે તો પોતાની સાધનાના સ્થિરીકરણ આદિને માટે કરે છે. તેઓને પરમ ઉપકારી અને માર્ગની આરાધનાના પરમ સહાયક આદિ માનીને જ, તેઓના વિનયાદિને તે આચરે છે. સદ્‌ગુરૂઓની કૃપા દામ્ભિક વિનયથી નહિ, પણ ગુણસંપન્ન બનવાથી પ્રાપ્ત થાય છે અને ગુણસંપન્નતા આરાધનાના યોગે જ પ્રાપ્ત થાય છે,–એમ તે સમજતો હોઇને, તેનામાં પોતાના સત્ત્વને ખીલવવાના અને તેનો સદુપયોગ સાધવાના જ મનોરથો પ્રગટે છે. એ સ્થિતિમાં દીનતા આવવી, એ કોઈ પણ રીતિએ સંભવિત જ નથી.

ઇચ્છા કેવી કરવી ?

વિનયગુણસંપન્નતા અને દીનતા, એ બે તદ્દન ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. મોક્ષની આશા ઉત્સાહ અને જોમ પ્રેરે છે, જ્યારે પૌદ્‌ગલિક આશા દીનતા આદિનું કારણ પણ બને જ છે.

પૌદ્‌ગલિક અભિલાષાના યોગે પણ કેટલાક આત્માઓ ઉત્સાહિત બને છે અને તેમનું જોમ વિકસતું દેખાય છે, પરન્તુ જ્યાં એ અભિલાષા કોઈની કૃપા દ્વારાએ જ સફલ બનવાની હોય છે, ત્યાં તો દીનતા આવ્યા વિના રહેતી જ નથી. વળી તે ઉત્સાહ અને તે જોમ પણ, પરિણામે તો, આત્માના હિતને હાનિ જ પહોંચાડે છે. આથી પૌદ્‌ગલિક અભિલાષાના પરિત્યાગ પૂર્વક, મોક્ષની અભિલાષાને સુસફલ બનાવવાને માટે પ્રયત્નશીલ બનવું, એ જ એકાન્તે હિતાવહ છે. પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-'યૌવનાવસ્થામાં આત્મા જેવી રીતિએ વિષયોને માટે પ્રયત્નશીલ બને છે, તેવી રીતિએ જો તે મોક્ષને માટે પ્રયત્નશીલ બને, તો કમીના શી રહે?' વિષયો માટેનો પ્રયત્ન હાનિકર છે અને મોક્ષ માટેનો પ્રયત્ન હિતકર છે, એ સમજાય તો મોક્ષની આશા દીનતાને પ્રેરનારી નિવડે જ નહિ, એ સમજાયા વિના રહે નહિ. ઇચ્છા કરવી નહિ અને કરવી તો મોક્ષ અગર મોક્ષસાધનાના જ એક માત્ર હેતુથી મોક્ષસાધનામાં સહાયક સામગ્રી આદિની કરવી. એવી ઇચ્છા પરિણામે આત્માને ઇચ્છા માત્રથી મુક્ત બનાવ્યા વિના રહેતી નથી.

પૌદ્‌ગલિક સુખના અર્થિઓ સાચા અહિંસક બની શકતા જ નથી :

સંસારના સુખમાં રાચનારા આત્માઓ આ જાતિનો વિવેક ન કરી શકે એ સહજ છે, પણ એવા વિવેકને યોગ્ય તમને બનાવવાનો અમારો આ પ્રયત્ન છે. કલાસંપન્ન વામનને કુતૂહલ પ્રિય છે, એટલે પેલી ત્રણ રાજપુત્રીઓના હૃદયની વ્યથા વિષે તેના હૈયામાં તેવો આઘાત નથી. રાજપુત્રીઓ પણ પોતાના પતિ માટે જ ઝુરી રહી છે, એટલે વામનના તેવા પણ વર્તાવને સહી લે તે સ્વાભાવિક છે. વિવેકશીલ વિચારકોને માટે આ ઘટના આશ્ચર્યનું કારણ નથી. સંસારમાં આવી ઘટનાઓ બનતી

જ આવી છે, બન્ને જ જાય છે અને બન્ને જ જવાની છે. પૌદ્ગલિક સુખના અર્થિઓ ગમે તેવી અને ગમે તેટલી અહિંસા આદિની વાતો કરે, પણ તેઓ તે દશામાં સાચા અહિંસક આદિ હોઈ પણ શકતા નથી અને બની પણ શકતા નથી. પૌદ્ગલિક સુખ માટેની પ્રવૃત્તિ જ નહિ, પણ પૌદ્ગલિક સુખ માટેની વૃત્તિ, એય હિંસાની જનેતા છે. સાચા અહિંસક બનવું હોય, તેણે તો સૌથી પહેલાં પૌદ્ગલિક સુખને પ્રાપ્ત કરવાની વૃત્તિથી જ પર બની જવું જોઈએ અને એ વસ્તુ મુક્તિસુખના સાચા અભિલાષી બન્યા વિના આવવી એ શક્ય નથી. એક માત્ર મોક્ષસુખના અર્થી બન્યા બાદ પણ, આત્મા તે તે પ્રમાણમાં જ સાચો અહિંસક બની શકે છે, કે જે જે પ્રમાણમાં તે શ્રી જિનાજ્ઞા મુજબ મુક્તિમાર્ગને પોતાના જીવનમાં અમલ કરનારો બને છે. પૌદ્ગલિક સુખના અર્થી આત્માઓમાં તો સાચા અહિંસક પરિમાણો જ પ્રગટતા નથી, ત્યાં પૌદ્ગલિક સુખ માટે મથનારો પોતાની જાતને મોટા અહિંસક તરીકે ઓળખાવે, એ તો તેવા આત્માની કારમી અને સ્વપરહિતઘાતક અજ્ઞાનતા જ કહેવાય. પૌદ્ગલિક સુખના અર્થિપણાના કારણે જ ત્રણ રાજપુત્રીઓ દુઃખી થઈ રહી છે અને પૌદ્ગલિક સુખના અર્થિપણાના કારણે જ કલાસંપન્ન વામન પોતાના વર્તનથી ત્રણ રાજપુત્રીઓને દુઃખ ઉપજે છે તે જાણવા છતાં પણ તેની દરકાર કરતો નથી.

ત્રીજા દિવસે :

હવે ત્રીજા દિવસે પણ તે ત્રણ તરૂણ રાજપુત્રીઓના ભવને તે કલાસંપન્ન વામન યથાસમય આવી પહોંચે છે અને પોતે કહેવી શરૂ કરેલી **વિક્રમકુમાર**ની કથાને આગળ ચલાવે છે.

વિક્રમકુમાર પોતાની નવપરિણીતા પત્ની **કમલસેના**ની સાથે પોતાના ભવનના ઉદ્યાનમાં આવીને, જેટલામાં તેણીની સાથે ક્રીડા કરે છે, તેટલામાં જ ત્યાં કોઈ એક અજાણ્યો આદમી

આવી પહોંચે છે. રાત્રિના સમયે પણ પોતાના ઉદ્યાનમાં આવી પહોંચેલા તે પુરૂષનો **વિક્રમકુમાર** અનાદર કરતો નથી : આથી પેલો કહે છે કે-" હે કુમાર ! આપ પરનું કાર્ય કરવામાં સદા સજ્જ રહો છો, તો કૃપા કરીને આપ મારા પણ એક કાર્યને કરો ! "

આવનાર અજાણ્યા આદમીએ કરેલી એ પ્રાર્થનાના ઉત્તરમાં **વિક્રમકુમાર** કહે છે કે-" તેમ હો. હું તારૂં કાર્ય જરૂર કરી આપું. આ જીવિતનું સાચું ફલ બીજું છે પણ શું ? "

વિક્રમકુમારનો આવા ભાવનો ઉત્તર ઓછો વિચારણીય છે ? વિચારો કે-**વિક્રમકુમારમાં** દાક્ષિણ્યગુણ કેટલો બધો પ્રગટેલો હશે ? 'પરના કાર્યને સાધી આપવું, એ જીવિતનું ફલ છે.'-એમ **વિક્રમકુમાર** માને છે અને કહે છે. આવા આત્માઓને માટે ધર્મની પ્રાપ્તિ અને આરાધના સુલભ હોય તે સ્વાભાવિક છે.

વિક્રમકુમાર આ વખતે નથી તો મહેલમાં રહેલી પોતાની **કમલા** નામની પત્નીને પૂછવા જતો કે નથી તો નવપરિણીતા **કમલસેનાને** પૂછવા રહેતો. આવા પરાક્રમી પુરૂષોની પત્નીઓ પણ તેવા સમયે આડે આવી શકતી નથી અને આડે આવવાનો પ્રયત્ન કરે તોય પ્રાયઃ અપમાનને જ પામે છે. વિશ્વના માણસો દુન્યવી પરોપકાર કરનારા આત્માઓના એવા પણ વર્તનને ખમી ખાય છે : એટલું જ નહિ, પણ અવસરે તેનાં વખાણ પણ કરે છે : પણ એવું જ વર્તન જો સાચા સ્વપરહિતના માર્ગે જતા આત્માએ કર્યું હોય, તો તો સંસારરસિકો કાગારવ કરી મૂકે છે. સ્વપરના હિતને સાધવાના વાસ્તવિક માર્ગે-સંયમમાર્ગે જનારા આત્માઓ તો પાછળનાં સ્વજનો માટે શક્ય સમજાવટ આદિ પૂર્વક નિર્વાહનો પ્રબંધ કરનારા પણ હોય છે. તે છતાં પણ અજ્ઞાન અને ધર્મદ્વેષી દુનિયા તે પુણ્યાત્માઓને માટે એલ-ફેલ બોલતાં કે લખતાં અચકાતી નથી,-એ પણ મોહનો જ એક પ્રકારનો કારમો નાચ છે.

વિજય રાજા પાસે :

અહીં તો **વિક્રમકુમારે** તે અજાણ્યા આદમીની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો, એટલે તરત જ તે **અજાણ્યો આદમી** પણ **વિક્રમકુમારને** પોતાની સાથે લઈને ચાલ્યો. વિમાનમાં બેસાડીને તે અજાણ્યો આદમી, **વિક્રમકુમારને વૈતાઢ્ય** પર્વત ઉપર આવેલા **કનકપુરના વિજય** નામના રાજાની પાસે લઈ આવ્યો : કારણ કે–તે અજાણ્યો આદમી તે **વિજય** રાજાનો સેવક હતો અને **વિજય** રાજાની આજ્ઞાથી જ તે **વિક્રમકુમારને** તેડવાને માટે **કનકકૂટ** નામના નગરમાં આવ્યો હતો.

વિજય રાજા પોતે બોલાવેલા તે **વિક્રમકુમારને** કહે છે કે–"હે કુમાર! **ભદ્દિલપુર** નામના નગરનો **ધૂમકેતુ** નામનો જે રાજા છે, તે મારો શત્રુ છે. મારા એ શત્રુ ઉપર આક્રમણ કરવાને માટે મેં કુલદેવતાનું આરાધન કર્યું. મારા એ આરાધનના યોગે કુલદેવતાએ મને કહ્યું કે–'**ધૂમકેતુ** રાજાનો વિજય સાધવાને સમર્થ જો કોઈ પણ હોય, તો તે **તિલકપુર** નગરના રાજા **મણિરથનો** પુત્ર **વિક્રમકુમાર** છે.' આથી મેં તમને તેડાવ્યા છે, તો તમે આ આકાશગામિની આદિ વિદ્યાઓને ગ્રહણ કરો!"

વિક્રમકુમારનો વિજય :

વિક્રમકુમારે પણ તે વિદ્યાઓને ગ્રહણ કરી અને ઘણી વિદ્યાઓને સાધી. ત્યારબાદ હાથી, ઘોડા અને સુભટોના એક સુવિશાલ સૈન્યની સાથે તે **વિક્રમકુમારે ભદ્દિલપુર** તરફ પ્રયાણ આદર્યું.

આ તરફ **ભદ્દિલપુરના** રાજાને પણ ખબર પડી ગઈ કે–'**વિક્રમકુમાર** વિદ્યાઓને સાધીને અને વિશાલ સૈન્યને લઈને મારી સાથે યુદ્ધ કરવાને માટે આવી રહ્યો છે.' એ ખબર સાંભળતાંની સાથે જ તે ગભરાયો. એને એમ થઈ ગયું કે–'યુદ્ધ કરવામાં સાર નથી. રાજ્ય પણ જશે અને પ્રાણ

પણ જશે.' આથી પોતાના વિપુલ લક્ષ્મીસંપન્ન પણ રાજ્યને તજીને તે ક્યાંક પલાયન કરી ગયો.

આ રીતિએ રાજા **ધૂમકેતુ** ભાગી જવાથી, **વિક્રમકુમારને** યુદ્ધ કરવાની જરૂર રહી નહિ. શત્રુઓને પરાભવ પમાડનાર તે કુમારે તરત જ રાજ્યનો કબજો લઈ લીધો અને **ભદ્દિલપુરમાં** **વિજય** રાજાની આણ પ્રવર્તાવી. તે પછી **વિક્રમકુમાર** પાછો **કનકપુર** નગરમાં આવી પહોંચ્યો.

પુણ્યનો પ્રભાવ અને પુણ્યોદયકાળની વિચારણા :

વિક્રમકુમારનો આ વિજય પણ પુણ્યના પ્રભાવનો ખ્યાલ આપનારો છે. આકાશગામિની આદિ વિદ્યાઓ **વિજય** રાજાની પાસે હતી અને હાથી, ઘોડા તથા સુભટોનું વિરાટ સૈન્ય પણ **વિજય** રાજાની પાસે હતું : છતાં તે **ધૂમકેતુ** રાજાને જીતવાને માટે અસમર્થ હતો અને **વિક્રમકુમારના** આધિપત્યમાં એ જ સામગ્રી આવતાં **ધૂમકેતુ** રાજા પોતાના રાજ્યને મૂકીને ચાલતો થઈ ગયો. આ ઘટના પુણ્યપ્રભાવની વિચારણા માટેની સામગ્રી પૂરી પાડે છે. વિશિષ્ટ પુણ્યશાલિઓને માટે પ્રયત્ન તો નામ માત્રનો હોય છે. ઉગ્ર પુણ્યના પ્રભાવે જે કાર્યો સધાય છે, તે કાર્યો ઘણી ઘણી વિદ્યાસંપન્નતા, બલસંપન્નતા કે સૈન્યસંપન્નતા આદિથી પણ સધાતાં નથી. અલ્પ પુણ્યવાળા આત્માઓ ઉગ્ર પુણ્યને ધરનારા આત્માઓના તેજને પણ સહી શકતા નથી. તેમની સાથેના યુદ્ધનો વિચાર કરતાં પણ અલ્પ પુણ્યના સ્વામિઓને કમ્પારી છૂટે છે. આ સંસારમાં પુણ્યોદય એ એક એવી વસ્તુ છે, કે જે આદમીને હરેક સ્થાને અને હરેક સમયે અનેક પ્રકારની ઉત્તમ સામગ્રીઓ મેળવી આપે છે અને તેના યોગે સમર્થમાં સમર્થ ગણાતા શત્રુઓ પણ તેવા પુણ્યશાલિઓથી ડઘાઈ જાય છે. આવા પુણ્યને પામેલા આત્માઓ જો શ્રી સર્વજ્ઞશાસનને સમર્પિત બની જાય છે, તો તો ઘણી જ ઉત્તમ કોટિના સ્વપર–ઉપકારને તેઓ

સાધી શકે છે. પુણ્યોદયે પ્રાપ્ત થએલી સામગ્રીનો સદુપયોગ સાધવો, એ કાંઈ સહેલું નથી. સુન્દર ભવિતવ્યતાના અભાવમાં એ બની શકતું નથી. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા આત્માઓ માટે સદુપયોગ સધાવો એ જેમ સહેલું છે, તેમ પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા આત્માઓ માટે દુરૂપયોગ સધાવો એય સહેલું છે. સંસારમાં સારી સારી ગણાતી સામગ્રીઓ પુણ્ય વિના તો પ્રાપ્ત થઈ શકતી જ નથી, પરન્તુ પુણ્યના યોગે તે તે સામગ્રીઓને પામવા બાદ, દુષ્ટ મનોવૃત્તિઓથી પર રહેવું એ બહુ મુશ્કેલ છે. આજે સંસારમાં એવા માણસો ઘણા છે, કે જેઓ પોતાને પુણ્યયોગે સાંપડેલી સામગ્રીને કારણે લગભગ ઉન્મત્ત જેવી દશાને ભોગવે છે. જે સામગ્રીના યોગે સ્વની સાથે પરનું પણ સુન્દર પ્રકારે હિત સાધી શકાય તેમ હોય છે, તે જ સામગ્રીના યોગે પારકાને પીડનારા અને આત્મહિતને હણનારા બનનારા આત્માઓ ઘણા જ દયાપાત્ર છે અને જગતમાં શ્રાપ સમાન છે. પુણ્યના ઉદય સમયે તો તેવા પણ આત્માઓ આ સંસારમાં થોડા-વધુ પ્રમાણમાં સેવાય છે, પરન્તુ તેમનું ભાવિ અત્યન્ત વિષમ બની જાય છે. પુણ્યોદયની પ્રબલતા સાથે સ્વપર-હિતસાધક મનોવૃત્તિની પ્રબલતા હોવી, એ પરમ આવશ્યક છે: પરન્તુ તેવો યોગ તો અલ્પ આત્માઓ જ પામી શકે છે. આ જાતિનો વિચાર સુવિવેકી આત્માઓ જ કરી શકે છે. નિર્વિવેકી આત્માઓ તો પુણ્યોદય સમયે ઉન્મત્ત બને છે અને પાપોદય સમયે દીન બને છે. નિર્વિવેકી એવા હીનપુણ્ય આત્માઓ, કેટલીક વાર, પુણ્યવાન આત્માઓનો પણ પરાભવ કરવાને ઉદ્યત બને છે; ત્યારે સમજી લેવું કે-એ નિમિત્તે એ બીચારાઓનો નાશ સરજાએલો છે. સુવિવેકી આત્માઓ તો, હરકોઈ દશામાં સમતાભાવ બન્યો રહે અને શક્ય એટલી સ્વપર-ઉપકારક પ્રવૃત્તિ થયા જ કરે, એ વિષે કાળજીવાળા હોય છે: અને એથી તેવા આત્માઓનું પુણ્ય તથાપ્રકારનું

ઉગ્ર ન હોય તોય તેઓ પોતાના આત્માનો સુન્દર પ્રકારે નિસ્તાર સાધી શકે છે તેમજ અન્યોને માટે પણ શકયતા મુજબ ઉપકારક બન્યા વિના રહેતા નથી. એથી વિરૂદ્ધ, નિર્વિવેકી આત્માઓ નથી તો પોતાના આત્માનો નિસ્તાર સાધી શકતા કે નથી તો પરનિસ્તારના સાધક બની શકતા. તેવાઓનું જીવન સ્વ-પરને માટે અહિતકારક જ હોય છે.

બાહ્ય શત્રુઓના પરાભવથી હર્ષિત બનનારાઓ હાનિને જ પામે છે :

હવે અહીં **વિક્રમકુમાર** વિના પરિશ્રમે જ **ભદ્દિલપુર** ઉપર વિજય સાધીને પાછો ફરે છે. **કનકપુરનો વિજય** રાજા એથી ખૂબ જ હર્ષિત થાય છે.

સાચા વિવેકગુણને નહિ પામેલા અથવા તો સંસારની અતિ આસક્તિથી રીબાતા આત્માઓ, બાહ્ય શત્રુઓના આ પ્રકારના પરાભવ દ્વારા આનન્દ માણીને પણ દુષ્કર્મના કારમા બન્ધના ભોગ થઈ પડે છે. શત્રુનો પરાભવ આનન્દ પમાડનારો હોઈ શકે છે, પણ તે બાહ્ય શત્રુઓનો પરાભવ નહિ. આન્તર શત્રુઓનો પરાભવ જ આનન્દ પમાડનારો બનવો જોઈએ અને એ વૃત્તિ આવે તો જ બાહ્ય શત્રુઓ પ્રત્યે પણ હિતબુદ્ધિ પ્રગટે. નિર્વિવેકી આત્માઓ જ્યારે બાહ્ય શત્રુઓના પરાભવમાં આનન્દ માનનારા હોય છે, ત્યારે સુવિવેકી આત્માઓ આન્તર શત્રુઓના પરાભવમાં આનંદ માનનારા હોય છે. આન્તર શત્રુઓના પરાભવને ધ્યેય રૂપ માનીને વર્તનારા પુણ્યાત્માઓ, જ્યારે કોઈને પણ શત્રુ માનતા નથી અને એથી સર્વ જીવોના હિતની જ કામનાપૂર્વક પ્રવર્તે છે; ત્યારે બાહ્ય શત્રુઓના પરાભવમાં રાચનારાઓ, સંસારના અનેક આત્માઓનું ભૂંડું ચિન્તવ્યા અને બની શકે તો ભૂંડું કર્યા વિના પણ રહી શકતા નથી : પરિણામે તેઓ દુષ્કર્મને ઉપાર્જે છે અને પોતાના આનન્દને કારણે તે દુષ્કર્મને તેઓ ખૂબ જ ગાઢ બનાવી દે છે. આન્તર શત્રુઓના પરાભવને

માટે જ પ્રયત્નશીલ બનેલા આત્માઓ કોઈનુંય ભૂંડું ચિન્તવતા નથી, કોઈને પણ અજાણતાં દુ:ખ રૂપ બની જવાય નહિ એનીં પણ કાળજી રાખે છે અને સદ્વૃત્તિ તથા સત્પ્રવૃત્તિ દ્વારા કેટલાય જીવોનું કલ્યાણ સાધવા સાથે, કર્મનિર્જરાદિ દ્વારા સ્વકલ્યાણ પણ સાધે છે. આ વસ્તુને નહિ સમજનારાઓ જ બાહ્ય શત્રુઓના પરાભવથી હર્ષિત બને છે. સંસારમાં રહેલા પણ આત્માઓ, તેવી પ્રવૃત્તિ કરવા છતાંય જો હર્ષને વશ બનતા નથી પણ પશ્ચાત્તાપ આદિની લાગણી અનુભવે છે, તો તેઓ તથાપ્રકારના દુષ્કર્મને ઉપાર્જનારા બનતા નથી : પરન્તુ તેવી દશા હૃદયમાં વિવેકદીપક પ્રગટયા વિના આવી શકતી નથી. આથી જ, કલ્યાણના અર્થી આત્માઓએ સુવિવેકશીલ બનવાને માટે પ્રથમ પ્રયત્નશીલ બનવું, એ આવશ્યક છે.

સુલોચના સાથે લગ્ન :

અહીં તો **વિજય** રાજા **ધૂમકેતુ**ના પરાભવથી ખૂબ જ હર્ષિત બને છે અને પોતાના શત્રુના વિજેતાનો જાણે કે સુન્દર સત્કાર કરવાને ઇચ્છતો હોય તેમ, તે પોતાની પુત્રી **સુલોચના**ને **વિક્રમકુમાર** સાથે પરણાવવાને તત્પર બની જાય છે. આના કરતાં વધારે સારો વર મારી પુત્રી માટે મળી શકશે નહિ,–એવી **વિજય** રાજાની માન્યતા હોય તે સ્વાભાવિક છે તેમજ પુત્રી-દાન દ્વારા આવા પ્રસંગોએ સત્કાર કરવાનો તે સમયે રાજાઓમાં રિવાજ જેવું હોય એય બનવાજોગ છે. કથાઓમાં એવા પ્રસંગો ઘણા આવે છે કે–હારેલા રાજાઓએ પોતાની પુત્રીને અગર બેનને જીતેલા રાજાને દીધી હોય. એ રાજાઓ પણ સામો રાજા પોતાને એ પ્રકારે પુત્રી અગર બેનનું પ્રદાન કરે, એને પોતાનું ગૌરવ અને પોતાની વડાઈ સમજતા હતા. અહીં પણ પોતાના શત્રુને જીતીને આવેલા **વિક્રમકુમાર**ને, હર્ષિત બનેલા **વિજય** રાજાએ, પોતાની **સુલોચના** નામની કન્યાની સાથે પરણાવ્યો.

વામને ત્રીજા દિવસે રવાના થવું :

વિક્રમકુમાર વિજય રાજાની પુત્રી **સુલોચનાને** પરણીને કેટલોક કાળ તો ત્યાં જ રહ્યો, પણ એક વાર તેને પોતાની પૂર્વની પ્રિયાઓને જોવાની ઉત્કંઠા થઈ. આથી તરત જ તે **વિક્રમકુમાર** પુનઃ આ જ નગરને વિષે પાછો ફર્યો અને પોતાના ભવનના ઉદ્યાન સુધી આવી પહોંચ્યો.

આટલું કહીને તે કલાસંપન્ન વામન, કે જે પ્રિયવિરહના દુઃખથી પીડિતા એવી ત્રણ તરૂણ રાજપુત્રીઓને **વિક્રમકુમારની** કથા કહી રહ્યો છે, તે અટક્યો. **સુલોચનાની** સાથે પોતાના ભવનના બગીચા સુધી આવ્યા બાદ **વિક્રમકુમાર** ક્યાંક ચાલ્યો ગયો હતો અને એથી જ **કમલા** અને **કમલસેનાની** જેમ **સુલોચના** પણ પ્રિયવિરહના દુઃખનો ભોગ થઈ પડી હતી. આ કારણે, આગલા બે દિવસોએ જેમ **કમલાએ** અને **કમલસેનાએ** પ્રશ્ન કર્યો હતો, તેમ આજે **સુલોચનાએ** પણ તે વામન પ્રતિ પ્રશ્ન કર્યો કે–"**સુલોચનાની** સાથે પોતાના ભવનના બગીચા સુધી આવેલા તે **વિક્રમકુમાર** પછી ક્યાં ગયા ?"

સુલોચનાના આ પ્રશ્નના ઉત્તરમાં તે કુતૂહલપ્રિય વામને હાસ્ય કર્યું અને કહ્યું કે–"તમે તો કામ વિનાની નવરીઓ છો. અમે કાંઈ તમારી જેમ નવરા નથી."

આટલું કહીને, તે કલાસંપન્ન વામન તે રાજપુત્રીઓના ભવનેથી રવાના થઈ ગયો.

સંસારની આવી હાસ્યશીલતા પણ તત્ત્વદૃષ્ટિઓને તિરસ્કાર-પાત્ર લાગે છે : પણ સંસારદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિનો કદીએ મેળ મળ્યો પણ નથી અને મળવાનો પણ નથી. આ જ કારણે, સંસારમાં રહેવા છતાં પણ તત્ત્વદૃષ્ટિઓ સંસારમાં રમતા નથી. હાસ્ય અને કુતૂહલ આદિની વાતોને સાંભળીને સંસારમાં રક્ત બનવું, એ તો બુદ્ધિમત્તાનું દેવાળું કાઢવા જેવું છે. આવી વાતો પણ વિચક્ષણ આત્માઓને વિરક્ત બનવાની

જ પ્રેરણા આપનારી છે. કોઈને દુઃખી થતો જોઈને હસવું, આનન્દ પામવો, એ અવિવેકશીલતા સિવાય બીજું છે પણ શું? કેટલીક વાર સુજ્ઞ પણ આત્માઓ આ વસ્તુને વિચારી શકતા નથી અને તેથી કુતૂહલપ્રિયતા આદિના ઉપાસક બની જાય છે.

ત્રણ રાજપુત્રીઓનો તર્ક :

સુલોચનાએ પૂછવા છતાં પણ તેનો ખૂલાસો નહિ કરતાં, હસતો હસતો તે વામન ત્યાંથી ચાલી ગયો. એથી **કમલા, કમલસેના** અને **સુલોચના**–એ ત્રણેયને દુઃખ તો જરૂર થયું : પરન્તુ આટલી વાત જાણવાના યોગે તેઓ પરસ્પરને એક જ પતિની પત્નીઓ તરીકે પિછાનતી થઈ અને એથી અમુક પ્રકારના આશ્વાસનને પણ પામી.

વામનના ચાલ્યા જવા બાદ, તે ત્રણેય રાજપુત્રીઓ, વામને કહેલી હકીકત અને તેની ચેષ્ટાઓ આદિના સંબંધમાં વિચાર કરવા લાગી. 'વામન કોણ હશે, કે જે આપણી અને આપણા સ્વામી **વિક્રમકુમાર**ની સઘળી જ હકીકતને જાણે છે?'–એવો વિચાર કરતી તે ત્રણ રાજબાલાઓએ, પોતપોતાનાં અંગોનું કુશલસૂચક સ્ફુરણ અનુભવ્યું. આથી તે ત્રણેયને એમ જ લાગ્યું કે–" આ વામન જ આપણા સ્વામી હોવા જોઈએ. રૂપનું પરાવર્ત્તન કરવાથી જ તેમને આપણે પિછાની શકતી નથી, પણ એ જાતેજ આપણા પતિ **વિક્રમકુમાર** છે."

આ રીતિએ તે ત્રણેએ તે વામનને પોતાના સ્વામી તરીકે તર્કિત તો કર્યો, પણ તેટલા માત્રથી શું વળે?

વામનની પરોપકારશીલતા :

હવે બીજી તરફ વામન ક્યાં ગયો અને શું થયું, તે પણ જોઈએ. **કમલા, કમલસેના** અને **સુલોચના**ના નિવાસસ્થાનેથી રવાના થયેલ તે હસનશીલ વામન જે સમયે તે જ **કનકકૂટ** નામના નગરના રાજપથ ઉપરથી પસાર થઈ રહ્યો હતો, તે સમયે તેના કાને કોઈકનો કરૂણ સ્વર પડ્યો. તે કરૂણ શબ્દને

સાંભળીને તે ઉભો રહ્યો અને ક્યાંથી તથા કોનો આ કરૂણ શબ્દ આવે છે, તેનો વિચાર કરવા લાગ્યો. જે ઘરમાંથી તે કરૂણ સ્વર આવી રહ્યો હતો, તે ઘરની નજદિકમાં આવીને તેણે કોઇકને પૂછ્યું કે–" અહીં શા કારણે રૂદન કરાય છે ? "

જે પુરૂષને તે વામને રૂદનનું કારણ પૂછ્યું, તે પુરૂષ તે રૂદનનું કારણ જાણતો હતો : આથી તેણે વામનને કહ્યું કે– " આ નગરના **તિલક** નામના મંત્રિનું આ ઘર છે. તિલક મંત્રિની **સરસ્વતી** નામની પુત્રી ભવનના ઉપરના ભાગમાં ક્રીડા કરતી હતી : ત્યાં તેણીને કાળો સર્પ ડસ્યો. પોતાની પુત્રીને સર્પના વિષથી રહિત બનાવવાને માટે **તિલક** મંત્રિએ વિષ-વૈદ્યોમાં પણ મુખ્ય એવા ઘણા વૈદ્યોને બોલાવ્યા : પરન્તુ કાળા સર્પનું ઝેર ઉતારવામાં તેઓ નિષ્ફળ નિવડયા. આથી તે વિષવૈદ્યમુખ્યોએ તે **સરસ્વતીને** તજી દીધી અને એ કારણે બીજો કોઈ ઉપાય નહિ જોતાં, તેના જીવનની આશા છૂટી જવાના યોગે, **સરસ્વતીનાં** માતા–પિતા અને સ્વજનો આ રીતિએ ઉન્મુક્ત કંઠે રૂદન કરી રહ્યાં છે. "

વામન જેમ હસનશીલ હતો, તેમ પરોપકારશીલ પણ હતો. વિષધરના વિષને દૂર કરવાના પ્રૌઢ મંત્રને તે જાણતો હતો, એટલે **સરસ્વતીને** એ રીતિએ મરતાં બચાવવાની તેનામાં શક્તિ પણ હતી. આમ તો મૃત્યુથી કોઇ જ કોઈને બચાવી શકતું નથી, પરન્તુ જો કોઈ નિમિત્તે અકાલ અવસાન થતું હોય છે, તો તથાપ્રકારના ઉપચારાદિથી મરતાં બચાવી શકાય છે.

સ૦ અકાલે અવસાન થાય ?

અકાલે અવસાન થવું, એ કાંઇ અશક્ય નથી. આયુષ્યકર્મ સોપક્રમ પણ હોઇ શકે છે અને તેવા આયુષ્યકર્મવાળાનું કોઇ તેવા નિમિત્તે અવસાન થઇ જાય એ શક્ય છે. એ અવસાનને અકાલે થયેલા અવસાન તરીકે ઓળખી શકાય.

સ૦ ગમે તેવું નિમિત્ત મળે તોય ન મરે એમ પણ બને ખરૂં ?

શ્રી તીર્થંકરદેવો, ચક્રવર્તિઓ, બલદેવો અને વાસુદેવો આદિ નિરૂપક્રમ આયુષ્યકર્મવાળા હોય છે, એટલે તે પુણ્યાત્માઓનું આયુષ્યકર્મ જ્યાં સુધી વિદ્યમાન હોય છે ત્યાં સુધી તેમના આયુષ્યને ગમે તેવા નિમિત્તે પણ ઉની આંચ આવતી નથી. નિરૂપક્રમ આયુષ્યકર્મવાળાઓનું તે કર્મ નિમિત્તવશ પરાવર્તનને પામતું નથી, જ્યારે સોપક્રમ આયુષ્યવાળાઓનું તે કર્મ નિમિત્તવશ પરાવર્તનને પણ પામી શકે છે.

હવે અહીં તો તે કલાસંપન્ન વામન પરોપકાર કરવાની વૃત્તિથી પેલા માણસને કહે છે કે–" હે ભદ્ર! ચાલો આપણે મંત્રિના ઘરમાં જઈએ. તે બાલાને હું પણ જોઉં અને તેણીને વિષરહિત બનાવવાનો હું પણ કાંઈક પ્રયત્ન કરૂં."

કલાસંપન્ન વામનની એ ઈચ્છાને પેલા માણસે વધાવી લીધી અને તે બન્નેય **તિલક** મંત્રિના મકાનમાં ગયા. ત્યાં જઈને કલાસંપન્ન વામને થોડી જ ક્ષણોમાં પ્રૌઢ મંત્રના પ્રભાવથી તે બાળાને સ્વસ્થ બનાવી દીધી.

વામનનું સ્વરૂપ-પ્રકટીકરણ:

બાલાને સ્વસ્થ બનેલી જોતાં, મંત્રી આદિ સર્વના આશ્ચર્યનો અને આનંદનો પાર રહ્યો નહિ. થોડીક ક્ષણો પૂર્વે જે ઘરમાં સૌ કોઇ પોક મૂકીને રોતું હતું, તે જ ઘરમાં હવે આનન્દથી સૌ કોઇ કલ્લોલ કરવા લાગ્યું. મંત્રી બુદ્ધિશાળી હતો. જે કાર્ય વિષવૈદ્યોમાં પણ મુખ્ય એવા વૈદ્યો ઘણા ઘણા પ્રયત્નો કરવા છતાં પણ ન કરી શક્યા, તે કાર્ય આ વામને જોતજોતાંમાં કરી દીધું–એથી મંત્રિને એવી ખાત્રી થવી એ સહજ છે કે–' આવો કલાસંપન્ન પુરૂષ કોઇ સામાન્ય માણસ ન હોઈ શકે.' સાથે એમ પણ વિચાર આવવો એ સહજ છે કે-' ઉત્તમ પુરૂષનું આવું રૂપ પણ કેમ હોઈ શકે ?'

આ જાતિના વિચારને વશ બનીને, તે **તિલક** મંત્રિએ

તરત જ તે કલાસંપન્ન વામનને પ્રાર્થના કરી કે-" હે કલાસંપન્ન ! તેં જેમ તારૂં વિજ્ઞાન અમને દર્શાવ્યું, તેમ તું તારા પોતાના રૂપને પણ દર્શાવ !"

મંત્રિએ કરેલી આ પ્રકારની પ્રાર્થનાનો વામને સહર્ષ સ્વીકાર કર્યો અને ક્ષણ પહેલાં રંકના રૂપમાં રહેલો નાટકીઓ જેમ ક્ષણ પછી રાજા બનીને આવે, તેમ તે કલાસંપન્ન વામને પણ પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું.

એથી અતિ વિસ્મિત બનેલો **તિલક** મંત્રી તેના પ્રધાન રૂપને જોઇ જ રહ્યો : પણ-' આવા પ્રધાન રૂપને ધરનાર આ કોણ હશે ?'-એ વિગેરેનો વિચાર કરવાની તેને જરૂર ન પડી. ત્યાં જે માગધવૃન્દ હાજર હતો, તે એકદમ બોલી ઉઠયો કે-" રાજા **મણિરથ**ના કુલમાં ચન્દ્રમા સમા, હરહાર અને શ્વેત હસ્તિનીની માફક ધવલ યશના પ્રસરવાળા અને જેનું પરાક્રમ ત્રણેય ભુવનમાં ફેલાએલું છે એવા હે **વિક્રમકુમાર** નામના શ્રેષ્ઠ કુમાર ! તમે સુચિરકાલ પર્યંત જયવન્ત હો !"

તમે જાણતા હશો કે-ભાટચારણો ગામે ગામ ફરનારા હોય છે. તેઓ જૂદા જૂદા રાજાઓની સભામાં જનારા હોય છે : આથી જૂદા જૂદા દેશોના રાજાઓ અને રાજકુમારો આદિને તેઓ ઓળખનારા હોય તે સ્વાભાવિક છે. એ સ્થિતિમાં **વિક્રમકુમાર** જેવા રાજકુમારને ભાટચારણો ઓળખતા હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ.

મંત્રિપુત્રી સાથે લગ્ન :

ભાટચારણોએ કરેલા જયઘોષને સાંભળતાં જ **તિલક**મંત્રિને ખાત્રી થઈ ગઈ કે-આ કુમાર જેમ પ્રધાન રૂપને ધરનારો છે અને કલાનિપુણ છે, તેમ આનું કુળ પણ ઉત્તમ છે અને પરાક્રમ પણ ઉત્તમ છે. આવા કુળ, રૂપ અને પરાક્રમ ત્રણે ય વિષયમાં ઉત્તમતાને ધરનાર કુમારને પોતાની પુત્રી દેવાને કોણ તૈયાર થાય નહિ ? શ્રેષ્ઠ કુલ, રૂપ અને પરાક્રમવાળા તે **વિક્રમ-**

કુમારને જોઈને હૃષ્ટ અને તુષ્ટ મનવાળા બનેલા **તિલક** મંત્રિએ પણ પોતાની પુત્રીને તે કુમારની સાથે પરણાવી દીધી.

વિક્રમકુમાર પુન: તિલકપુરમાં :

આવી વાતને નગરમાં ફેલાતાં વાર કેટલી ? આવી વાતો લોકમાં એટલી ઝડપથી પ્રસરે છે કે-એને માટે લોક પ્રાયઃ એમ જ બોલે કે-એ વાત નગરમાં પવનના વેગે પ્રસરી જવા પામી. **કનકકૂટ** નામના તે નગરના **વાસવ** રાજાને પણ ખબર પડી કે-કલાસંપન્ન વામન બીજો કોઈ જ નહિ હતો, પણ પોતાની પુત્રી **કમલાનો** પતિ **વિક્રમકુમાર** જાતે જ હતો. પોતાની પુત્રી **કમલાને** અને બીજી પણ બે રાજપુત્રીઓને પ્રિયવિરહના દુઃખથી પીડાતી જોઈને **વાસવ** રાજા પણ નિરંતર ઉદ્વિગ્ન રહેતો હતો. આથી **વિક્રમકુમારનો** પત્તો લાગતાં તે અત્યન્ત હર્ષિત બન્યો અને આખાએ નગરમાં તેણે મહોત્સવ કરાવ્યો. આ પછી **વાસવ** રાજા પોતાની વિશાલ વિભૂતિથી **વિક્રમકુમારને** મંત્રિગૃહેથી રાજમન્દિરે લઈ આવ્યો.

હવે તો રાજમન્દિરે આવેલ **વિક્રમકુમાર** પોતાની ચાર સુરૂપવતી, અનુરાગવતી અને પડતો બોલ ઝીલતી પ્રિયાઓની સાથે સુરની જેમ સુખ ભોગવે છે. **વિક્રમકુમાર** પોતાને ઘેરથી એકલો જ નીકળ્યો હતો : સાથીદાર તરીકે એક માત્ર તલવાર હતી : આમ છતાં પણ, તે પોતાના પુણ્યના પ્રતાપે અનેક પ્રકારની ઋદ્ધિ-સિદ્ધિને અને મંત્રવિદ્યા આદિને પામ્યો તેમજ ઉત્તમ કુલની ચાર કન્યાઓનો સ્વામી બનીને અત્યારે તે આનંદથી વિષયસુખને ભોગવી રહ્યો છે.

એક તરફ પરદેશમાં જ્યારે **વિક્રમકુમાર** આ રીતિએ આનન્દમાં કાલ નિર્ગમન કરી રહ્યો છે, ત્યારે **તિલકપુરમાં** તેનાં માતા-પિતા તેના વિયોગના દુઃખને ભોગવી રહેલ છે.

આ પણ સંસારની વિષમતાનો જ એક વિલાસ માત્ર છે. સંસાર એ તો વિષમતાઓનો સાગર છે, એટલે સંસારમાં

આવી વિષમતાઓ દૃષ્ટિગોચર થવી એ સહજ છે. તમને યાદ તો હશે કે-**વિક્રમકુમાર** પોતાનાં સ્વજનોની અવગણના કરીને જ ચાલી નીકળ્યો હતો. તે પછી તેણે પોતાની પ્રવૃત્તિ વિષેનો કશો જ સંદેશો માતા-પિતાને મોકલ્યો નથી. એવી દશામાં પુત્રમોહને આધીન બનેલાં માતા-પિતા પુત્રદર્શનની ઝંખનામાં ઝુર્યા કરે, એ સહજ છે.

હવે તો **વિક્રમકુમાર** પ્રગટપણે રહે છે અને વળી ભાટ-ચારણોદ્વારા પણ જોવાયો છે, એટલે તેના પિતા **મણિરથ** રાજાને પોતાનો પુત્ર **કનકકૂટ** નગરમાં હોવાના સમાચાર મળે, એ સ્વાભાવિક છે. પોતાનો પુત્ર **કનકકૂટ** નગરમાં છે–એવા સમાચારો પ્રાપ્ત થતાંની સાથે જ **મણિરથ** રાજાએ **વિક્રમ-કુમાર** ઉપર એક સંદેશો લખી મોકલ્યો.

માતા-પિતા આદિ સ્વજનો પોતાના વિયોગથી પીડાય છે અને તેઓ પોતાને શીઘ્રતાથી પોતાના **તિલકપુર** નામના નગરમાં બોલાવે છે, એ વિગેરે બાબતોથી તે **વિક્રમકુમાર** પોતાના પિતાનો લેખ હાથમાં આવતાંજ સુજ્ઞાત બન્યો અને એથી **તિલકપુર** નગરે પોતાના પિતા આદિની પાસે તરત જ પહોં-ચવાને માટે ઉત્કંઠિત બન્યો. પોતાના શ્વસુર **વાસવ** રાજાને તેણે એ વાત જણાવી અને પછી પોતાની ચારેય ભાર્યાઓની સાથે ત્યાંથી રવાના થઈને તે **તિલકપુર** નગરે આવી પહોં-ચીને પોતાનાં માતા-પિતાને ચરણે નમ્યો.

ગુરૂદેવના દર્શનાર્થે રવાના થવું :

આ રીતિએ ચાર ભાર્યાઓ અને વિપુલ ઋદ્ધિ-સિદ્ધિ આદિ સાથે ઘણા સમયે પાછા ફરેલા **વિક્રમકુમારને** જોઈને તેનાં માતા-પિતા આદિ જેવામાં આનન્દમગ્ન બન્યાં, તેવામાં જ આનન્દનો એક વધુ પ્રસંગ પણ તેમને પ્રાપ્ત થયો. તે જ સમયે ઉદ્યાનપાલકે આવીને રાજાને સમાચાર આપ્યા કે-"આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા

પધાર્યા છે." ગુરૂમહારાજના આગમનના સમાચાર સાંભળતાં **મણિરથ** રાજાનો આનન્દ ખૂબ વધી ગયો. તરત જ તેમ ઝળહળતી વિભૂતિએ યુક્ત બનીને **વિક્રમકુમાર** આદિની સા ગુરૂમહારાજની સમીપે જવાનો નિર્ણય કર્યો: નિર્ણય કર્યો એટલું જ નહિ, પણ તે નિર્ણયનો તરત જ અમલ પણ કર્યો.

શ્રી **મણિરથ** રાજાનો આ નિર્ણય અને તેનો તાત્કાલિ અમલ, તે પુણ્યાત્માના અન્તરમાં રહેલ ધર્મરાગને જ સૂચ છે. પોતાનો પુત્ર ઘણા લાંબા કાળે હજુ હમણાં જ પા ફર્યો છે, વર્ષોનાં વર્ષો સુધી તેના તરફના કોઇ પણ પ્રકારન સમાચારને પામ્યા વિના જ તેના વિયોગનું દુ:ખ સહન કર્યુ છે અને હજુ કુશલતા આદિની પ્રારંભિક વાતો પણ તેન સાથે કરી નથી, તે છતાં પણ રાજા **મણિરથ** ગુરૂ મહારાજન પાસે જવામાં જરા પણ ઢીલ કરતા નથી.

ધર્મી આત્માઓને મન સદ્ગુરૂનું આગમન, એ પણ અ આનન્દનો પ્રસંગ હોય છે અને એથી જ ધર્માત્માઓ તે સમયે ઈતર કાર્યોને ગૌણ બનાવીને સદ્ગુરૂની સેવામાં હાજ થઇ જાય છે. ધર્મકથાઓમાંથી ધર્મી આત્માઓની મનોદશા સમજવાનો પ્રયત્ન થાય, તો ધર્મકથાઓનું વાંચન અને શ્રવ આત્માને માટે ખૂબ જ લાભદાયી બને. ધર્માત્માઓની પ્રવૃત્તિ ઉપરથી તે પુણ્યાત્માઓની મનોદશાનો વિચાર કરવો અને એ મનોદશાને પ્રાપ્ત કરવાને માટે ઉદ્યમશીલ બનવું, એમાં જ ધર્મકથાઓના વાંચન અને શ્રવણ આદિની સાચી સફલતા છે.

રાજમાર્ગમાં જોએલો પીડિત:

હવે સાક્ષાત્ જાણે કે—કામદેવનું શાસન જ ન હોય, એ રીતિએ ઝળહળતી વિભૂતિથી યુક્ત બનીને શ્રી **મણિરથ** રા **વિક્રમકુમાર** આદિની સાથે અનન્ત ઉપકારી, આચાર્યભ વાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા પાસે જઈ રહે છે; ત્યાં રાજમાર્ગમાં એક એવા પુરૂષને તે જૂએ છે, કે

કારમા રોગથી કારમી રીતિએ પીડાઈ રહ્યો હતો. એ પુરૂષનું શરીર કૃમિઓથી ખદબદી રહ્યું હતું અને માંખીઓથી ઢંકાઈ ગયું હતું. અતિશય સળવળાટ કરતા કૃમિઓના અનેક સમૂહોથી અને બળાત્કારે શરીરને ઢાંકી રહેલી માખીઓથી પીડાને પામતા તે પુરૂષનું માથું પણ અતિશય અધમ જાતિના કોઢથી સડી ગએલું હતું. આવા માણસનો સ્વર પણ અતિશય દીન હોય, એમાં તો પૂછવાનું જ શું ?

અશુભનો ઉદય :

અશુભનો ઉદય શું નથી કરતો ? દુષ્કર્મનો ઉદય સંસારના જીવોને જે જે પ્રકારની પીડાઓને ઉત્પન્ન કરી શકે છે, તેનું વર્ણન પણ વચનાતીત છે. દુઃખને નહિ ઇચ્છનારા પણ આત્માઓ, અશુભના ઉદયે આવા અગર આથી પણ વધારે દુઃખના ભોગ બને, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. અશુભના ઉદયે આવાં અગર આથી પણ વધારે કારમાં દુઃખો વિશ્વના બુદ્ધિમાનોને પણ ભોગવવાં પડે છે અને વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ ગણાતા શરીરચિકિત્સકોને પણ ભોગવવાં પડે છે. આ પ્રકારે પ્રત્યક્ષ અને બુદ્ધિગમ્ય છતાં, પૂર્વના કર્મ-વિપાકને નહિ માનવાની શેખાઈ નાસ્તિકો કરી શકે છે, એ ખરે જ તેઓની દયાપાત્ર બુદ્ધિનો પ્રતાપ છે. નાસ્તિકોને પણ અશુભના ઉદયનો અનુભવ તો કરવો જ પડે છે અને કેટલીક વાર તો તેઓ અશુભના ઉદયયોગે કારમી પણ શરીરપીડા આદિનો ભોગવટો કરતા હોય છે. અશુભના ઉદયે પીડા ભોગવતા આત્માઓની તે સ્થિતિ જેમ આશ્ચર્ય ઉપજાવનારી નથી, તેમ દયા ઉપજાવનારી નથી એમ નહિ. ઉત્તમ આત્માઓ તેવા દીન અને હીન આદિ પીડિતોને જોઈને દયાની લાગણી અવશ્ય અનુભવે છે અને શકયતા મુજબ તેઓને પીડામુક્ત બનાવવાનો તથા સાચું આશ્વાસન આપવાનો પણ પ્રયત્ન કરે છે. જેઓમાં એ પ્રકારની દયા નથી, તેઓ ધર્મી તો નથી જ પણ ધર્મને પામવાને લાયક્ય નથી, એ નિર્વિવાદ વાત છે.

ગુરૂદેવની પાસે :

હવે અહીં તો, અનિષ્ટ અરિષ્ઠમંડલ જેવા તે પુરૂષને જોઈને રાજા **મણિરથ** ખૂબ વિષાદને પામે છે. વિષાદના યોગે તેમનું મુખ મલિનતાવાળું બની જાય છે. આ કેવા પ્રકારના પાપકર્મનો પ્રતાપ હશે, એવો વિચાર આવવો એય સહજ છે. એ રીતિએ વિષાદથી મલિન મુખવાળા બનેલા રાજા ગુરૂમહારાજની પાસે પહોંચ્યા. ગુરૂમહારાજની પાસે પહોંચેલા રાજા પોતાને રાજા નથી માનતા, પણ એક સેવક જ માને છે. પોતાની જાતને એક સેવક સદૃશ માનીને તે રાજા ઘણા જ નમ્રભાવથી, સાચા સેવકને છાજતી રીતિએ વન્દન કરે છે. એ રીતિએ વન્દન કર્યા બાદ, રાજા **મણિરથ** અને **વિક્રમકુમાર** આદિ ઉચિત સ્થાને અને ઉચિત આસને બેસે છે.

આચાર્યભગવાનની દેશના :

હવે અનન્ત ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા શ્રી **મણિરથ** રાજા આદિને ધર્મદેશના સંભળાવે છે. તેઓશ્રી ફરમાવે છે કે–

"जीवो अणाइतणुकम्म–बंधसंजोगओ सया दुहिओ ।
भमइ अणाइवणस्सइ–मज्झगओ णंतपरियट्टे ॥ १ ॥

"तो बायरेसु तत्तो, तसत्तणं कहवि पावए जीवो ।
लहुकम्मो य तओ जइ, पावइ पंचिंदियत्तं च ॥ २ ॥

" पुण्णविहूणो य तओ, न अज्जखित्ते लहेइ मणुयत्तं ।
लध्धे वि अज्जखित्ते, न कुलं जाइं बलं रूवं ॥ ३ ॥

"एयं पि कह वि पावइ, अप्पाऊ वा हविज्ज वाहिल्लो ।
दीहाउओ निरोगो, हविज्ज जइ पुण्णजोएणं ॥ ४ ॥

"पत्ते नीरोगत्ते, दंसणनाणस्स आवरणो य ।
न य पावइ जिणधम्मं, विवेयपरिवज्जिओ जीवो ॥ ५ ॥

" लध्धूण वि जिणधम्मं, दंसणमोहणीयकम्मउदएणं ।
संकाइकलुसियमणो, गुरुवयणं नेव सद्दहइ ॥ ६ ॥
"अह निम्मलसम्मत्तो, जहाट्ठियं सद्दहेइ गुरुवयणं ।
नाणावरणस्सुदए, संसिज्जंतं न बुज्झेइ ॥ ७ ॥
"अह संसियं पि बुज्झइ, सयं पि सद्दहइ बोहए अन्नं ।
चारित्तमोहदोसेण, संजमं न य सयं कुणइ ॥ ८ ॥
"खीणे चरित्तमोहे, विमलतरं संजमं जो कुणइ ॥
सो पावइ मुत्तिसुहं, इय भणियं खीणरागेहिं ॥ ९ ॥
"चुल्लग–पासग–धन्ने, जूए रयणे य सुमिण–चक्के य ।
चम्म–जुगे परमाणू, दस दिट्ठंता सुयपसिद्धा ॥ १० ॥
"एएहिं इमं सव्वं, मणुयत्ताई कमेण दुल्लंभं ।
लध्धुं करेह सहलं, काऊण जिणिंदवरधम्मं ॥ ११ ॥"

પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ, અનન્ત ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ અકલંકસૂરીશ્વરજી મહારાજાએ દીધેલી દેશનાનો જે સાર રજૂ કર્યો છે, તે ટૂંકાણવાળો હોવા છતાં પણ વિસ્તૃત ભાવથી ભરેલો છે. રાજા આદિ સાંભળનાર છે, છતાં ગુરૂમહારાજા એ જ ફરમાવે છે કે–" શ્રી જિનોપદિષ્ટ ધર્મની આરાધના કરવી, એ જ આ દુર્લભ મનુષ્યભવ આદિ એક એકથી વિશેષ દુર્લભ એવી સામગ્રીને સુસફલ બનાવવાનો એક માત્ર ઉપાય છે."

મુક્તિ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ:

અનન્ત ઉપકારી, આચાર્યભગવાન, ધર્મદેશનાની શરૂઆત કરતાં જીવ, કર્મ અને એ ઉભયના સંયોગને અનાદિસિદ્ધ તરીકે જ્ઞાપિત કરે છે. આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવો આજકાલના દુઃખી છે અગર તો અમુક કાલથી દુઃખી છે એમ

નથી : પરન્તુ સંસારમાં પરિભ્રમણ કરતા સઘળા જ જીવો અનાદિકાલથી દુ:ખી છે. સંસારપરિભ્રમણનું અને એથી ઉત્પન્ન થતાં દુ:ખોનું વાસ્તવિક કારણ, જીવનો કર્મ સાથેનો સંયોગ છે. જીવ અને કર્મનો યોગ એ સંસાર છે અને એનો વિયોગ એ મોક્ષ છે. જ્યાં સુધી આત્મા કર્મના યોગવાળો છે, ત્યાં સુધી તેનો સંસાર કાયમ છે એમ કહી શકાય. જ્યારે આત્મા કર્મના યોગથી સર્વથા રહિત બની જાય છે, ત્યારે જ તે સિદ્ધિસુખનો ભોક્તા બની શકે છે. આ કારણે, ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે—એકાન્તિક અને આત્યન્તિક એવા સુખના અર્થી આત્માઓએ, બીજી સઘળી જ પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને, પોતાના આત્માને કર્મના યોગથી મુક્ત બનાવવાને માટે જ પ્રયત્નશીલ બનવું જોઈએ. કર્મના યોગથી મુક્ત બન્યા વિના કોઈ પણ આત્મા એકાન્તિક અને આત્યન્તિક એવા સુખનો સાચો ભોક્તા બની શક્યો નથી, બની શકતો નથી અને બની શકશે પણ નહિ.

સ૦ જીવ અને કર્મનો યોગ એમ કહેવાય કે જીવ અને કર્મનો સંયોગ એમ કહેવાય ? જીવ અને કર્મનો યોગ કહેવામાં કાંઈ ભૂલ તો થતી નથી ને ?

'જીવ અને કર્મનો સંયોગ' એમ પણ કહી શકાય અને 'જીવ અને કર્મનો યોગ' એમ પણ કહી શકાય. જીવ અને કર્મનો યોગ કહેવામાં ભૂલ થાય છે, એમ માનવું અગર તો કહેવું એ ભૂલભરેલું છે. 'જીવ અને કર્મના સમ્બન્ધ'ને અગર તો 'જીવ અને કર્મના સંયોગ'ને, 'જીવ અને કર્મનો યોગ' ન જ કહી શકાય—એવું કહેનારાએ, કાં તો મહાપુરૂષોએ રચેલાં શાસ્ત્રોનું વાસ્તવિક અવલોકન નથી કર્યું, કાં તો વાંચેલું કે ભણેલું ભૂલાઈ ગયું છે અને કાં તો વ્યક્તિદ્વેષ આદિના પ્રતાપે કોઈ મલિન આશયની આધીનતાથી સત્યનો પણ વિરોધ કરવાની સ્વ-પરહિતઘાતક વૃત્તિના પ્રતાપથી જ એવું કહેવાઈ રહેલ છે. શાસ્ત્રકાર મહાત્માઓએ, અનેક સ્થલોએ, જીવ અને કર્મના

સમ્બન્ધને અગર જીવ અને કર્મના સંયોગને ‘ જીવ અને કર્મના યોગ ’ તરીકે પણ ફરમાવેલ છે. આવી તદ્દન સાચી, સાદી અને સીધી પણ વાતનો વિરોધ કરીને, સ્વયં ઉત્સૂત્રપ્રરૂપણાના પાપમાં પડવું અને અનેક ભદ્રિક આત્માઓને ખોટા ખ્યાલમાં દોરીને તેઓના પણ હિતના સંહારક બનવું, એ કોઈ પણ સુવિવેકી આત્માને માટે યોગ્ય નથી : પરન્તુ કષાયાધીન આત્મા વિવેકને ગુમાવી બેસે છે. એવા આત્માઓ પોતાની જાતને ખૂબ જ દયાપાત્ર દશામાં મૂકી દે છે અને એવાઓની પ્રવૃત્તિઓ ખૂબ જ તિરસ્કારપાત્ર બની જાય છે : આથી જ, તેવાઓના પણ કલ્યાણને જ કાંક્ષતા પુણ્યપુરૂષોને, તેવાઓનાં શાસ્ત્રવિરૂદ્ધ વક્તવ્યો આદિનો, સ્વપરહિતને અનુલક્ષીને પ્રતીકાર કરવો પડે છે.

અનાદિસિદ્ધ શરીરસમ્બન્ધ :

આપણે વાત તો એ ચાલે છે કે–જીવ, કર્મ અને એ ઉભયનો યોગ અનાદિસિદ્ધ છે. જીવ અને કર્મનો યોગ અનાદિસિદ્ધ હોઈને, જીવને શરીરનો સમ્બન્ધ પણ અનાદિકાલથી છે એમ કહી શકાય. આ અનાદિસિદ્ધ સંસારમાં જીવનો તૈજસ અને કાર્મણ શરીર સાથેનો સમ્બન્ધ યાવત્ સંસાર હોય છે : એટલે કે–જ્યારે આત્મા સંપૂર્ણ સ્વભાવસ્થતાને પ્રાપ્ત કરે છે, સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે, ત્યારે જ તે તૈજસ અને કાર્મણ શરીરના સમ્બન્ધથી મુક્ત બને છે : પણ તે પૂર્વે કોઈ પણ અવસ્થામાં તે તૈજસ અને કાર્મણ શરીરથી તો મુક્ત હોઈ શકતો જ નથી. તૈજસ અને કાર્મણ શરીરનો સંબંધ જ્યારે જીવની સાથે આ જાતિનો છે, ત્યારે ઔદારિક અને વૈક્રિય શરીરની લે–મૂક થયા કરે છે; પણ એ વાત ધ્યાનમાં રાખવાની છે કે–જે ભવમાં જે આત્મા મુક્તાવસ્થાને પ્રાપ્ત કરે છે, તે ભવમાં તે આત્મા તૈજસ અને કાર્મણ સાથે ઔદારિક શરીરના પણ સમ્બન્ધવાળો જ હોય છે. હવે રહ્યું જે આહારક શરીર, તે તો ચૌદ પૂર્વધર મહાત્માઓ જ કોઈ કારણ–

પ્રસંગે કરી શકે છે. આ ઉપરથી તમે સમજી શકશો કે-જીવનો કર્મબંધનો સમ્બન્ધ જેમ અનાદિકાલીન છે, તેમ કર્મબન્ધના કારણે શરીરનો સંબંધ પણ અનાદિકાલીન છે.

આપણી ભવિતવ્યતા વિ. :

અનાદિકાલીન કર્મબન્ધના સમ્બન્ધના પ્રતાપે જીવ શરીરની સાથે સમ્બન્ધવાળો બનીને દુઃખને અનુભવે છે અને અનાદિ વનસ્પતિમાં અનન્ત પુદ્ગલ પરાવર્તો પર્યન્ત જન્મ-મરણ કર્યા કરે છે. અનન્ત પુદ્ગલ પરાવર્તો પર્યન્ત આ રીતિએ પરિભ્રમણને કરતાં કરતાં, જીવની ભવિતવ્યતા જો અનુકૂળ હોય છે, તો તે જીવ તેમાંથી નીકળે છે અને બાદરપણાને પામે છે. બાદરપણામાં પણ જીવ ઘણો ઘણો કાલ પરિભ્રમણ કરે છે. બાદરપણામાંથી નીકળીને જીવ ત્રસપણાને પણ ઘણી જ મુશ્કેલીએ પામે છે. ત્રસપણામાં પણ વિકલેન્દ્રિયપણામાં ભટકતા જીવને જો લઘુકર્મિતા થાય છે, તો જ તે પંચેન્દ્રિયપણાને પામે છે. પંચેંદ્રિય થવા જોગી લઘુકર્મિતાને પામેલા આત્માઓ જ પંચેંદ્રિયપણાને પામે છે. અહીં સુધી આવવામાં મુખ્યત્વે ભવિતવ્યતા અને લઘુકર્મિતાએ કામ બજાવ્યું, પણ હવે વિશિષ્ટ પુણ્યકર્મની પણ આવશ્યકતા ઉભી થાય છે. જો કે-પંચેંદ્રિયપણું પણ વિના પુણ્યે તો નથી જ મળતું, પરન્તુ પંચેન્દ્રિયપણાને પામ્યા પછીથી પણ મનુષ્યપણાને પામવાને માટે વિશેષ પુણ્યની આવશ્યકતા રહે છે : અને એથી જ અનંત ઉપકારી આચાર્યભગવાન ફરમાવે છે કે-'પુણ્યવિહીન આત્મા આર્યક્ષેત્રમાં મનુષ્યપણાને પામતા નથી.' આ ઉપરથી તમે સમજી શકશો કે-આર્યક્ષેત્રમાં મનુષ્યપણું પામવું, એ પણ કેટલું બધું મુશ્કેલ છે ! આર્યક્ષેત્રમાં મનુષ્યપણું પામવા માત્રથી પણ કાર્ય નથી સરતું, એ વાત પણ તમને આગળના ઉપદેશથી સમજાશે : પણ અત્યારે આ વાત તો બરાબર સમજી લ્યો કે-અનાદિ વનસ્પતિમાંથી નીકળવું એ જ પ્રથમ ઘણું મુશ્કેલ છે. અનંતા-

નંત આત્માઓ એવા છે, કે જેઓ હજુ એમાંથી નીકળ્યા પણ નથી અને નીકળવાના પણ નથી. એ જીવોની અપેક્ષાએ તમારી ભવિતવ્યતા ઘણી સુંદર છે, એ વાત નિર્વિવાદ છે. સુંદર ભવિતવ્યતાના યોગે આપણે અનાદિ વનસ્પતિમાંથી બહાર આવ્યા અને વચમાંનાં પણ ભટકવાનાં સ્થાનોમાં ભટકી લીધું : એમ પરિભ્રમણ કરતાં કરતાં આપણે પંચેંદ્રિયપણાને, તેમાં પણ મનુષ્યપણાને અને તે મનુષ્યપણું પણ આર્યક્ષેત્રમાં પામ્યા. આટલા પ્રમાણમાં આપણી ભવિતવ્યતા સુંદર, અમુક પ્રકારની લઘુકર્મિતા પણ ખરી અને અમુક જાતિની પુણ્યશાલિતા પણ ખરી જ. જે જીવો આર્યક્ષેત્રમાં મનુષ્યપણાને પામ્યા છે, તેઓ તેટલી સુંદર ભવિતવ્યતાવાળા છે, અમુક પ્રકારની લઘુકર્મિતાને ધરનારા છે અને અમુક જાતિના પુણ્યને પણ ધરનારા છે, એ વાત તો શંકા વિનાની જ છે.

આર્યક્ષેત્રમાં મનુષ્યત્વને પામ્યા પછી :

પણ એટલા માત્રથી જ વિવેકી આત્માઓએ સંતોષ માની લેવાનો નથી. આત્માની મુક્તિ માટે હજુ ઘણી ઘણી વસ્તુઓની આવશ્યકતા છે. એ વસ્તુઓ મળે અને આત્મા એનો સદુપયોગ કરે, તો જ આત્મા પોતાનું સાચું શ્રેય સાધી શકે છે. આ જ કારણે, આચાર્યભગવાન શ્રીમદ્ અક-લંકસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-'આર્યક્ષેત્રમાં મનુ-ષ્યપણાને પામ્યા પછીથી પણ આર્યકુલ, આર્યજાતિ, બલ અને રૂપ-આ બધી વસ્તુઓને પણ આત્મા ઘણી જ મુશીબતે પામે છે.' આર્યક્ષેત્રમાં મનુષ્યપણું પામવાને જે પુણ્ય જોઇએ છે, તેના કરતાં ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, બલ અને રૂપ પામવામાં ક્રમસર વિશેષ વિશેષ પુણ્ય જોઈએ છે. વિશિષ્ટ કોટિના પુણ્યથી સાધ્ય કુળ, એના કરતાં પણ વિશિષ્ટ કોટિના પુણ્યથી સાધ્ય જાતિ, એના કરતાં પણ વિશિષ્ટ કોટિના પુણ્યથી સાધ્ય બલ અને એના કરતાં પણ વિશિષ્ટ કોટિના

પુણ્યથી સાધ્ય રૂપને પામ્યા પછીથી પણ, જો એના કરતાં પણ વિશિષ્ટ કોટિનું પુણ્ય ન હોય, તો જીવ દીર્ઘ આયુષ્યને નહિ પામતાં અલ્પ આયુષ્યને પામે છે. અલ્પ આયુષ્યને પામેલો આત્મા, આર્યકુલ અને આર્યજાતિ તથા બલ અને રૂપને પણ પામવા છતાં, તેના વાસ્તવિક ફલને પામ્યા વિના જ સંસારમાં પરિભ્રમણ કરવાને ચાલી નીકળે છે. ઘણાય આત્માઓ માટે આપણે સાંભળીએ છીએ કે-કેટલાક આત્માઓ સમજવાળી વયે આવે તે પહેલાં જ અને કેટલાક આત્માઓ તો ગર્ભમાં જ મરણને પામીને સંસારની મુસાફરી માટે ચાલી નીકળે છે. આર્યક્ષેત્રમાં, ઉત્તમ કુલમાં આવવા અને આર્યજાતિમાં છતાં પણ, પામવા જોગું કશું જ પામ્યા વિના બીચારા ઘણા જીવો રખડી જાય છે. આ જ કારણે, અનંત ઉપકારી આચાર્ય-ભગવાન ફરમાવે છે કે-'જો પુણ્યનો યોગ હોય તો જ સંસાર-માં પરિભ્રમણ કરતો જીવ આર્યક્ષેત્ર, કુલ, જાતિ, બલ અને રૂપની સાથે દીર્ઘ આયુષ્યને પામે છે.' ઉત્તમ સામગ્રીઓની સફલતા માટે દીર્ઘ આયુષ્યની પણ આવશ્યકતા છે, એ વાત વગર દલીલે પણ સમજી શકાય એવી છે. કોઈ કોઈ આત્મા વિશિષ્ટ આરાધના આદિ કરીને આવ્યા હોય અને એથી એ ગર્ભમાં પણ આરાધના કરી શકતા હોય એ વાત જૂદી છે. બાકી સામાન્ય રીતિએ ધર્મની આરાધના માટે દીર્ઘ આયુ-ષ્યની પણ આવશ્યકતા છે, એમાં વિવાદને સ્થાન જ નથી. ધર્મની આરાધના માટે આર્યક્ષેત્ર, કુલ, જાતિ, બલ, રૂપ અને દીર્ઘ આયુષ્ય આટલાથી જ નથી સરતું. આ બધાની સાથે ધર્મની આરાધના માટે રોગરહિત અવસ્થા પણ આવ-શ્યક છે. રોગની હાજરીમાં પણ આરાધના કરનારા વિવેકિઓ નથી થયા અગર નથી હોતા એમ નથી, પણ સત્રળાય અગર તો મોટા ભાગના માણસોસ રોગાવસ્થામાં ધર્મની આરાધના કરવાને માટે સમર્થ નથી હોતા : પણ ઉપકારી મહાપુરૂષો ફરમાવે

છે કે—તેવું વિશિષ્ટ પુણ્ય નથી હોતું, તો આર્યક્ષેત્ર, ઉત્તમ કુલ અને ઉત્તમ જાતિમાં જન્મેલા તથા બલ, રૂપ અને દીર્ઘ આયુષ્યને પામેલા પણ જીવો, નિરોગાવસ્થાને નથી પામતા. નિરોગાવસ્થા માટે પણ વિશિષ્ટ પુણ્યની આવશ્યકતા છે.

દર્શન અને જ્ઞાનના આવરણનો ક્ષયોપશમ સાધવાને પ્રયત્નશીલ બનો :

ધર્મની સંપૂર્ણ કોટિની અગર ઉત્કટ કોટિની આરાધના મનુષ્યપણાની પ્રાપ્તિ વિના શક્ય નથી : એ મનુષ્યપણું પણ આર્યક્ષેત્ર, આર્યકુલ, આર્યજાતિમાં મળવું જોઇએ : એમાં પણ બલ અને રૂપ એ પણ સુંદર ધર્મની આરાધના માટે જરૂરી છે. એ બધું હોવા છતાં પણ, દીર્ઘ આયુષ્ય અને નિરોગી શરીરની પણ આવશ્યકતા છે. અનંત ઉપકારી આચાર્યભગવાન ફરમાવે છે કે—આ બધુંય પુણ્યના યોગે કરીને મળી જાય, તો પણ એટલા માત્રથી જ કામ નથી સરતું. હજુ ય ધર્મની આરાધના માટે ઘણું ઘણું બાકી રહે છે જ. તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગે જીવ અનાદિ નિગોદમાંથી નીકળ્યો, ક્રમસર બાદરમાં આવ્યો, તેમાંથી પણ ભટકતો ભટકતો ત્રસપણામાં આવ્યો, ત્રસપણામાં પણ વિકલેંદ્રિયપણામાં ખૂબ ભટક્યા અને એમાં ભટકતાં ભટકતાં જીવને લઘુકર્મિતા થાય ત્યારે જ તે પંચેંદ્રિયપણાને પામે છે. પંચેદ્રિય જાતિની પ્રાપ્તિ પણ પુણ્યોદયના યોગે જ થાય છે. આ વિષયમાં અનંત ઉપકારિઓ ફરમાવે છે કે—સઘળાય જીવો સ્થાવરપણે અવ્યવહાર નિગોદમાં અનંત પુદ્ગલ પરાવર્તો સુધી પ્રથમ રહે છે : ત્યાંથી નીકળ્યા થકા પણ જીવો વ્યવહાર વનસ્પતિમાં અનન્તકાયાદિભાવથી અનન્તકાલ સુધી વસે છે : ત્યાંથી પણ સમુદ્વર્તન પામેલા તે જીવો પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયમાં ભિન્ન ભિન્ન અસંખ્યાત ઉત્સર્પિણી—અવસર્પિણી પર્યંત વસે છે : તે પછી બેઈંદ્રિયપણામાં સંખ્યાતકાલ સુધી વસે છે, તેઈન્દ્રિયપણામાં

સંખ્યાતકાલ સુધી વસે છે, અને ચઉરિંદ્રિન્યપણામાં પણ સંખ્યાતકાલ સુધી વસે છે. આ પ્રમાણે અનાદિ નિગોદમાંથી નીકળેલા જીવો, વ્યવહાર રાશિમાં પુનઃ પુનઃ પરિભ્રમણ કરે છે. આ પ્રમાણે ભટકતા જીવોમાં જે જીવો લઘુકર્મી બનવા સાથે તેવા પ્રકારના પુણ્યવાળા બને છે, તેઓ પંચેંદ્રિય–તિર્યંચપણાને પામે છે. આ રીતિએ પંચેંદ્રિયપણાને પામેલા આત્માઓ પણ પરમ પુણ્યોદય હોય ત્યારે જ મનુષ્યપણાને પામે છે. મનુષ્યપણું આર્યક્ષેત્રમાં જોઈતું હોય, તો એથી પણ અધિક પુણ્યનું પ્રયોજન પડે છે. આ પ્રમાણે અધિક અધિક પુણ્યના પ્રતાપે આર્યકુલ, આર્ય જાતિ, બલ, રૂપ, દીર્ઘ આયુષ્ય અને નિરોગતા મળે છે. મનુષ્યપણું આદિ એ સઘળું મળ્યા છતાં પણ, આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે–"દર્શન અને જ્ઞાનના આવરણથી વિવેકરહિત જીવ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મને નથી પામતો." આથી સમજી શકાશે કે–આર્યક્ષેત્ર આદિ સામગ્રીએ સહિત મનુષ્યપણાને પામવા છતાં પણ, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ધર્મની પ્રાપ્તિ માટે વિવેકની પ્રાપ્તિ, એ પરમ આવશ્યક છે. વિવેકની પ્રાપ્તિ માટે દર્શનાવરણીયના અને જ્ઞાનાવરણીયના પણ ક્ષયોપશમની આવશ્યકતા છે. જેઓ પોતાને આર્યદેશ આદિમાં જન્મ મળવા માત્રથી અને બળ આદિની પ્રાપ્તિ થવા માત્રથી મલકાય છે અને દર્શન તથા જ્ઞાનના આવરણના ક્ષયોપશમ દ્વારા વિવેક પમાય એ માટે ઉચિત પ્રવૃત્તિને નથી કરતા, તેઓ શ્રી જિનેશ્વરદેવના ધર્મની પ્રાપ્તિથી વંચિત જ રહી જાય છે. દર્શન અને જ્ઞાનને આવરનાર આવરણોના ક્ષયોપશમથી વિવેકને પામેલો જીવ, સદ્ધર્મની પ્રાપ્તિને માટેની જે લાયકાત, તેને ઘણી જ સહેલાઈથી પામે છે. લાયકાત વિના ધર્મની પ્રાપ્તિ નથી, એ વાત શ્રી વીતરાગદેવના શાસનને જાણનારથી અજ્ઞાત ન જ હોય. જેઓ લાયકાત જેવાની વાતનો વિરોધ કરે છે, તેઓ તો ખરે જ શ્રી જિનશાસનના મર્મથી અજ્ઞાત છે, એમ કહેવામાં સહજ પણ અતિશયોક્તિ નથી. જે આત્માઓ સ્વા-

ભાવિક રીતિએ ધર્મના અર્થી હોય છે, તેઓ ક્ષયોપશમને લઈને આવેલા હોવાથી વિવેકી હોઈ શકે છે. કેટલાક એવા પણ આત્માઓ હોય છે કે-સંયોગ પામીને અર્થિપણાને પામવા જોગા વિવેકને મેળવવા જોગો ક્ષયોપશમ સાધી લે છે. સાચા અર્થી આત્માઓ, તે પછી વિશિષ્ટ કોટિના વિવેકને પામવા જોગી પ્રવૃત્તિ કરતા જ રહે છે. અર્થિપણાનો એ સ્વભાવ જ છે કે-જેનું અર્થિપણું જાગ્યું હોય, તેની પ્રાપ્તિ માટેના પ્રયત્નોમાં અર્થી આત્મા બદ્ધકક્ષ બને છે. એ જાતિની બદ્ધકક્ષતાના પ્રતાપે, ધર્મની પ્રાપ્તિ જોગા વિશિષ્ટ વિવેકને પામવા જોગો દર્શન અને જ્ઞાનનાં અવરણોનો ક્ષયોપશમ પણ અર્થી આત્મા સાધી જ લે છે. એવી જાતિના ક્ષયોપશમથી વિશિષ્ટ વિવેકને પામેલો આત્મા ઘણી સહેલાઈથી શ્રી જિનેશ્વરદેવના ધર્મને પામે છે.

મધ્યસ્થતા કેવી હોય?

આજે એવા પણ આત્માઓ આપણી દૃષ્ટિમાં આવે છે, કે જેઓ સામાન્યપણે ધર્મના અર્થી હોવા છતાં પણ, સર્વ ધર્મોને સમાન માનવાની વિપરીત જાતિની લતે ચઢી જવાથી, સાચા-ખોટાનો વિવેક કરવાની વાતનો જ ઈનકાર કરે છે. એવાઓ એવી માન્યતાએ ચઢી જાય છે કે-'સૌ સૌની દૃષ્ટિએ સાચા છે. કોઈને પણ આપણાથી ખોટા કહેવાય પણ કેમ અને મનાય પણ કેમ?' એવા આત્માઓ સાચા અને ખોટાનો વિવેક કરવાની ભાંજગડમાં પડવાનું પસંદ કરતા નથી અને એથી એવા આત્માઓનું અર્થિપણું પણ જરૂરી ક્ષયોપશમ વિના એળે જાય છે. એવાઓના અર્થિપણાને પણ મામુલી માનવાની ફરજ પડે છે. એવાઓનું અર્થિપણું વિપરીત ધ્યેયવાળું પણ હોઈ શકે છે. સાચાનો અર્થી આત્મા, જ્યાં સુધી સાચું-ખોટું ન સમજાય ત્યાં સુધી મધ્યસ્થ રહે એ વાસ્તવિક છે, પણ સાચું-ખોટું સમજાયા પછીથી પણ સાચા-ખોટા ઉભયમાં મધ્યસ્થ રહેવાની લતવાળા આદમીને તો પછી મૂર્ખ અગર તો

કદાગ્રહી જ માનવો રહ્યો. ન્યાયાસનને દીપાવવાવાળા મધ્યસ્થ જ હોય છે. મધ્યસ્થતા તો ન્યાયાસનને દીપાવનારાઓનો અલંકાર છે. મધ્યસ્થતા રૂપ અલંકાર વિનાના આત્માઓ જો ન્યાયાસનને પચાવી પડે છે, તો તેઓ ન્યાયના સંરક્ષક નહિ બનતાં તેના ખૂની જ બને છે. ન્યાયાસનને સાચી રીતિએ દીપાવનારાઓ તેઓને જ કહી શકાય, કે જેઓ ગમે તે જોખમે પણ પોતાના મધ્યસ્થતા રૂપ અલંકારને સાચવનારા જ હોય. એવાઓ પણ સાચા–ખોટાને સમજી ગયા પછીથી પણ જો સત્યનું સમર્થન કરીને અસત્યનું ઉન્મૂલન કરનારા અથવા તો અસત્યના ઉન્મૂલન પૂર્વક સત્યનું સમર્થન કરનારા નથી બનતા, તો તેઓ ન્યાયાસને બેસવાને માટે લાયક રહી શકતા નથી. એ જ રીતિએ, જેઓ સાચા–ખોટાનો વિવેક નહિ કરવા જોગી અગર તો સમજાવા છતાં પણ ખોટાને ખોટું અને સાચાને સાચું નહિ માનવા જોગી મધ્યસ્થતાના પૂજારી બની જાય છે, તેઓ સાચી કોટિના સત્યના કે ધર્મના અર્થી હોતા જ નથી. અર્થી આત્માઓ મધ્યસ્થ હોવા જોઈએ–એમાં બે મત નથી; પણ એવાઓ એવા મધ્યસ્થ તો ન જ હોવા જોઈએ, કે જેથી તેઓ સત્ય અને અસત્યનો, ધર્મ અને અધર્મનો, ગુરૂ અને અગુરૂનો, તથા દેવ અને અદેવનો વિવેક કરવાની વૃત્તિથી જ દૂર ભાગનારા હોય. જેઓના અંતરમાં સુદેવનો અને કુદેવનો, સુગુરૂનો અને કુગુરૂનો તથા સુધર્મનો અને કુધર્મનો વિવેક કરવાની વૃત્તિ જ નથી, તેઓમાં અર્થિપણું હોય તો પણ તે નિષ્ફળ બનવાને જ નિર્માએલું છે : એટલું જ નહિ, પણ એવું અર્થિપણું એવા-ઓને જીવનભર સુદેવની સાચી શ્રદ્ધાપૂર્વકની સેવાથી, સુગુરૂની એક ચિત્તવાળી ઉપાસનાથી અને સુધર્માનુષ્ઠાનના વિધિપૂર્વકના સુઆચરણથી વંચિત જ રાખે છે. આવું અર્થિપણું મળવાથી લાભ મળવાને સ્થાને અલાભ જ મળે છે. આ જ કારણે, અનંત ઉપકારિઓ ગાઢ મિથ્યાદૃષ્ટિ આત્માઓના ગુણોને સાચા ગુણોની

કક્ષામાં મૂકતા જ નથી. એવા આત્માઓના ગુણો પણ એવાઓના અહિતને માટે જ નિવડે છે. ગુણોના ફલને પણ મિથ્યાત્વની મંદતાવાળા આત્માઓ જ પામી શકે છે. જે આત્માઓમાં મિથ્યાત્વની મંદતા નથી હોતી, એ બીચારાઓ કેટલાક કારમા અને સ્વપરના હિતને હાનિ પહોંચાડનારા દોષોને પણ ગુણો રૂપ માનીને સેવે છે. એવાઓ જ્યાં સુધી એવી દશાથી મુક્ત બનતા નથી, ત્યાં સુધી સાચા ગુણોને પામી શકતા જ નથી.

વિવેક વિના ધર્મપ્રાપ્તિ નથી :

સામાન્ય જનોની વાત તો દૂર રહી, પણ કેટલાક ધર્માચાર્ય ગણાતાઓ પણ મધ્યસ્થતાના નામે ઉન્માર્ગને પોષનારા બની જતા જોવાય છે. વાસ્તવિક રીતિએ માર્ગને નહિ પામેલા, માર્ગને પામવા છતાં પણ પછી હારી ગયેલા અથવા કારમી મહત્ત્વાકાંક્ષાથી રીબાતા ધર્માચાર્યો પણ, સત્યના ખૂન અને અસત્યના પ્રચારમાં મધ્યસ્થપણાના નામે સહાયક થાય છે, તો પછી બીચારા ગાઢ મિથ્યાત્વના ઉદયથી રીબાતાઓ મધ્યસ્થતાના નામે આત્માને સદ્ધર્મથી વંચિત રાખે, તો એમાં આશ્ચર્ય પામવા જેવું પણ શું છે ? સમજુ ગણાતા આત્માઓ સાચા-ખોટામાં મધ્યસ્થપણું તો જ ધરી શકે, કે જો તેઓ સત્ય કરતાં ય પોતાની જાતને કિંમતી માનતા હોય. આથી સ્પષ્ટ છે કે-મધ્યસ્થપણું એ ગુણ છે, પણ તે જાતના પૂજારિઓને માટે કે ગાઢ મિથ્યાદષ્ટિઓને માટે નહિ જ : કારણ કે-એવાઓ માટે તો એ પણ દોષ રૂપ બની જાય છે. આ જ એક હેતુથી, અનંત ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજાએ ફરમાવ્યું કે-"સત્ય અને અસત્ય તથા સુ અને કુનો વિવેક કરવાની શક્તિ વિનાનો આત્મા શ્રી જિનધર્મને પામતો નથી." એવા વિવેકની પ્રાપ્તિને માટે દર્શન અને જ્ઞાનના આવરણનો ક્ષયોપશમ અતિશય જરૂરી છે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના ક્ષયોપશમની પ્રાપ્તિ માટે, સત્ય અને અસત્યનો વિવેક કરવાને

પ્રયત્નશીલ બનવું જોઈએ. ધોળું એટલું દૂધ માનવાની અને જેને જેને દૂધ કહેવાય તે ભક્ષ્ય જ હોય એમ માનવાની વૃત્તિ-વાળા બની જવાથી, જેમ અકારણ મરવાનો પ્રસંગ પણ આવી પડે છે, તેમ કહેવાતા દેવોને દેવ માની લેવાથી, કહેવાતા ગુરૂઓને ગુરૂઓ માની લેવાથી અને કહેવાતા ધર્મને ધર્મ માની લેવાથી આત્માનું ભયંકર અહિત થાય, તો તેમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. દૂધ આદિ દુનિયાદારીની વસ્તુમાં ભૂલ થવાથી બગડે તોય કદાચ એક જીવન બગડે, જ્યારે વિવેક-ના અભાવે તો ઘણું ઘણું બગડે. અવિવેકાવસ્થામાં સઘળાય દેવોને દેવ માનનારો, સઘળાય ગુરૂઓને ગુરૂ માનનારો અને સઘળાય ધર્મોને ધર્મ માનનારો ક્ષન્તવ્ય ગણાય છે : કારણ કે–મિથ્યાત્વથી પીડાતો હોવા છતાં પણ તે સુદેવ અને કુદેવ, સુગુરૂ અને કુગુરૂ તથા સુધર્મ અને કુધર્મનો વિવેક કરવાનો તે વિરોધી નથી. એવો આત્મા, વિવેક કરવાની તાકાત આવે એવું જ્ઞાન મેળવવાનો જો પ્રયત્ન કરે, તો ક્ષયોપશમને પામીને વિવેકયુક્ત બની જાય છે. વિવેક પ્રાપ્ત કરવામાં સહાયક થાય એવી ક્રિયાઓમાં ઉજમાળ બનેલો એવો આત્મા, મિથ્યાત્વથી સહિત હોવા છતાં પણ સુંદર વિવેકને પામીને, એની સહાયથી મિથ્યાત્વનો પરાભવ કરી, અનંતજ્ઞાની શ્રી વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલા ધર્મને પામી જાય છે. આથી એ સ્પષ્ટ છે કે–મનુષ્ય-પણું આર્યક્ષેત્ર આદિમાં મળવા માત્રથી અને કુલ, જાતિ, બલ, રૂપ, દીર્ઘ આયુષ્ય અને નિરોગી શરીર મળવા માત્રથી પણ શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ધર્મની પ્રાપ્તિ થઈ જતી નથી. શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ધર્મની પ્રાપ્તિને માટે તો એ બધા ઉપરાંત સાચા–ખોટાનો અને સુ–કુનો વિવેક જોઈએ અને એ વિવેક દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ વિના શકય નથી. આથી એ બધું પામેલા પુણ્યાત્માઓએ તે ઉત્તમ વિવેકને પમાડનાર ક્ષયોપશમને પમાડનારી પ્રવૃત્તિમાં

પ્રયત્નશીલ બનવું જ જોઈએ. એ પામ્યા પછી સાચા–ખોટાને અને 'સુ'–'કુ'નો વિવેક કરીને 'કુ'નો ત્યાગ કરવાને માટે અને 'સુ'નો સ્વીકાર કરવાને માટે સજ્જ થવું જ જોઈએ. એ વિના પરમ શુદ્ધ એવા શ્રી જિનધર્મની પ્રાપ્તિ શક્ય નથી.

વિવેકનો અપલાપ ન કરો :

જે આત્માઓ પોતાને ધર્મના અર્થી તરીકે મનાવે છે અને તેમ છતાં પણ સાચા–ખોટાના તથા 'સુ'–'કુ'ના વિવેકથી દૂર જ રહેવાને ઇચ્છે છે, તે આત્માઓની વિષમ દશા ખરેખર દયાપાત્ર છે. એક તરફ સત્યની પૂજાનો દાવો કરવો અને બીજી તરફ સાચા–ખોટાનો વિવેક કરવાની અરૂચિ બતાવવી, એ ખરેખર દંભને જ સૂચવે છે. એવાઓનો સત્યની પૂજાનો દાવો, સાચા–ખોટાનો વિવેક કરવાની તેમની અરૂચિથી પાંગળો બની જાય છે અને દંભ રૂપ પૂરવાર થઈ જાય છે. જેઓ સત્યની પૂજા કરવાની ઉત્કટ અભિલાષા ધરાવે છે, તેઓમાં સાચા–ખોટાનો વિવેક કરવાની અરૂચિ હોઈ જ કેમ શકે ? શુદ્ધ દેવની ઉપાસના કરવાને ઇચ્છતો આત્મા, સુદેવ અને કુદેવનો વિવેક કરવાની ના પાડે, એ તો બનવાજોગ જ નથી. જેઓનાં જીવન દોષોથી દૂષિત હોય, જેઓના ઉપદેશો વિવેકહીન હોય અને જેઓની મૂર્તિઓ રાગાદિનાં ચિન્હોથી કલંકિત હોય, તેઓને દેવો તરીકે માનવાનું કે પૂજવાનું મન તો તેને જ થાય, કે જે અઢાર દોષોથી રહિત, શુદ્ધ મોક્ષમાર્ગના સ્વતંત્ર પ્રરૂપક અને રાગાદિનાં ચિન્હોથી અકલંકિત મૂર્તિવાળા શુદ્ધ દેવના સ્વરૂપ આદિથી અજ્ઞાત હોય. શુદ્ધ દેવના સ્વરૂપને જાણવાનો દાવો કરનારો જો અશુદ્ધ દેવોની ઉપાસનામાં પણ રાચે, તો માનવું કે–એ બીચારો ગાઢ મિથ્યાત્વના રોગથી રીબાતો આત્મા છે. શુદ્ધ દેવના સ્વરૂપ આદિથી જેઓ સુપરિચિત હતા અને જેઓ સમભાવમાં સદા ઝીલ્યા કરતા હતા, એવા પણ મહર્ષિઓએ સુદેવનો અને કુદેવોનો ખ્યાલ આપતાં સ્પષ્ટ શબ્દોમાં ગાયું છે કે–

"ઓરનમેં હે કષાય કી કાલિમા, સો કયું સેવા લાગ."

"રાજહંસ તું માન સરોવર, ઓર અશુચિરૂચિ કાગ;
વિષયભુજંગમ ગરૂડ તું કહીયેં, ઓર વિષયવિષનાગ."

"ઓર દેવ જલછિલ્લર સરિખે; તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરૂ જગવંછિતપૂરન, ઓર તો સુકે સાગ."

આવાં સ્પષ્ટ ભાવને પ્રગટ કરતાં કવનો પણ જેઓને કરડે, તેઓ–'શુદ્ધ દેવની ઉપાસનાના રાગી છે.'–એ વાત માનવી, એ પણ મહા મૂર્ખાઈ છે. શુદ્ધ દેવના સાચા ઉપાસકો કોઈના પણ નિન્દક ન હોય, પણ તેઓ અવસર પામીને શુદ્ધ અને અશુદ્ધના સ્વરૂપને પ્રકાશિત કરનારા પણ ન હોય, એ તો કેમ જ બને? વિવેકિઓ જો છતી શક્તિએ અને આવશ્યકતા હોવા છતાં પણ, સત્યના સમર્થક અને અસત્યના ઉન્મૂલક ન બને, તો સત્યના અર્થી આત્માઓને સત્યની પ્રાપ્તિ પણ ક્યાંથી થાય? સૂર્ય જો અંધકારનો નાશક ન હોય, તો ચક્ષુને પામેલા પણ આંધળા જેવા જ બની જાય. આ વાત કદી પણ બને જ નહિ, પણ માધ્યસ્થ્યના નામે ઘણાય આત્માઓ આવી જાતિના વિવેકનો અપલાપ કરવામાં બુદ્ધિમત્તા સમજે છે. એવા નિર્વિવેકિઓ ખોટાને ખોટા તરીકે સમજવાને તૈયાર જ નથી હોતા. એવાઓને તો કુદેવોનાં વર્ણનો પણ ગમે, કુગુરૂઓનાં વર્ણનો પણ ગમે અને કુધર્મોનાં વર્ણનો પણ ગમે. એવાઓ તો માને કે–કુદેવો, કુગુરૂઓ અને કુધર્મોની સેવાથી પણ પોતાના આત્માનું હિત થઈ શકે. કોઈને આયુષ્ય બળવાન હોવું એ આદિ કારણે વિષભક્ષણ પણ રોગનાશક બની ગયું, એ ઉપરથી વિષભક્ષણ પણ રોગનાશક છે એમ જ લાગવા માંડ્યું અને એ જ વસ્તુ હૃદયમાં સ્થિત થઈ ગઈ. એવાઓ જેમ પોતે મરે અને અન્ય પણ અવિવેકિઓને મારે, એ જ રીતિએ દેવ, ગુરૂ અને ધર્મના સમ્બન્ધમાં પણ વિવેકની અપેક્ષાને નહિ રાખનારા અને 'સુ'–'કુ'નો વિવેક કરવો જ જોઈએ એવું માનવાને તૈયાર નહિ

થનારા આત્માઓ, કદી પણ ભગવાન,શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ધર્મને પામતા નથી.

શંકા આદિનો ત્યાગ કરવો જોઈએ :

હવે આગળ ચાલતાં અનંત ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ અકલંકસૂરીશ્વરજી મહારાજા, એ વાતને ફરમાવે છે કે-" પુણ્યના ઉદયથી ઉત્તમ સામગ્રીને પામેલો આત્મા દર્શન-જ્ઞાનના આવરણના ક્ષયોપશમથી વિવેક પામ્યો અને એ વિવેકના સુપ્રતાપે શ્રી જિનધર્મને પામ્યો : પણ શ્રી જિનધર્મને પામ્યા પછી પણ એ આત્માએ એ પ્રાપ્તિને સુસ્થિર બનાવવાને માટે એવી સ્થિતિ અને એવી દશા તથા એવા સુંદર વાતાવરણમાં રહેવું જોઈએ, કે જેથી દર્શનમોહનીય કર્મ આત્મા ઉપર સત્તા ન મેળવી જાય : કારણ કે-શ્રી જિનધર્મને પામીને પણ દર્શનમોહનીય કર્મના ઉદયથી થતી શંકા આદિથી કલુષિત મનવાળો થયેલો આત્મા ગુરૂવચનને સદ્દહતો નથી જ." આથી સમજી શકાશે કે-દર્શન અને જ્ઞાનના આવરણનો ક્ષયોપશમ થવાથી પ્રાપ્ત થયેલા વિવેકના પ્રતાપે સમ્યક્ત્વ રૂપ શ્રી જિન-ધર્મની પ્રાપ્તિ થયા પછીથી પણ, એની રક્ષાને માટે આત્મા જો સાવધ ન બને, તો તે 'દર્શનમોહનીય' કર્મના ઉદયમાં સપડાઈ જાય છે અને એથી એવો આત્મા શંકાદિ દોષોમાં ફસી જઈને પરમ તારક સદ્ગુરૂના વચન ઉપરની જે શ્રદ્ધા, કે જે આત્માને સન્માર્ગમાં આણનાર, સ્થિર કરનાર અને આગળ વધારનાર છે, તેનાથી પરવારી બેસે છે : આવા આત્માને પુનઃ અવિવેકી બનીને ધર્મહીન બનતાં પણ વાર લાગતી નથી. આ જ કારણે, ઉપકારિઓ ફરમાવે છે કે-શુદ્ધ સમ્યક્ત્વના અર્થી આત્માઓએ શંકા આદિ પાંચ દોષો, કે જે સમ્યક્ત્વના અતિચારો છે, તેનાથી દૂર જ રહેવું જોઈએ : અને કદાચ મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી તે દોષો પ્રગટ થવા લાગે, તો અનંતજ્ઞાનિઓએ બતાવેલા ઉપાયો દ્વારા તેને વર્જવાના પ્રયત્નમાં લાગી જવું

જોઈએ. ‘ શંકા ’ આદિ પાંચ અતિચારો શું કરે છે અને એ વસ્તુ શી છે?—આ વસ્તુનું સ્પષ્ટીકરણ કરતાં, એક સ્થળે અનંત ઉપકારી આચાર્યભગવાન ફરમાવે છે કે—“ अतिचरति–मालिन्योत्पादनेन सम्यक्त्वमुद्रां लङ्घयति यैस्तेऽतिचाराः, मिथ्यात्वमोहनीयकर्मोदयादात्मनोऽशुभपरिणामविशेषाः। ” પરમ ઉપકારી આચાર્યભગવાન સમજાવે છે કે—જે શંકા આદિના યોગે આત્માના મલિનપણાને ઉત્પન્ન કરવા દ્વારા સમ્યક્ત્વની મુદ્રાને લંઘે છે, તે અતિચારો કહેવાય છે અને તે છે—મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી થતા આત્માના અશુભ પરિણામવિશેષો. આ અતિચારો આત્મા પાસે સમ્યક્ત્વની મુદ્રાને લંઘાવે છે. એ દર્શનમોહનીય કર્મના ઉદયથી થાય છે. દર્શનમોહનીય કર્મના ઉદયથી નહિ બચનારો આત્મા શંકા આદિથી કલુષિત મનવાળો થઈને, ઉપકારી ગુરૂના વચનથી પણ ખસવાનો અને પરિણામે તે પટકાયા વિના પણ રહેવાનો નહિ જ અને એથી પુનઃ એની સંસારની મુસાફરી પણ વધવાની, એ વાત નિર્વિવાદ છે.

લોકોત્તર મિથ્યાત્વનો સમાવેશ કાંક્ષા અતિચારમાં થઇ શકે :

આ શંકા વિગેરે પાંચ અતિચારોના સ્વરૂપને સમજનારો અને સમજીને તેનાથી અલગ રહેવા માટેની કાળજી રાખનારો આત્મા જ, પોતાના સમ્યક્ત્વની સુરક્ષા કરી શકે છે. શ્રી જિનેશ્વરદેવો, કે જે રાગ, દ્વેષ અને મોહ આદિ દોષોના ક્ષયથી સાર્વ અને સર્વશ્રેષ્ઠ આપ્ત બનેલા છે, તેઓના વચનમાં શંકા કરવી, ધર્મક્રિયાના ફલમાં શંકા રૂપ અથવા તો સાધુઓની જુગુપ્સા રૂપ વિચિકિત્સા કરવી, પાખણ્ડિઓનો પરિચય કરવો અને પાખંડિઓની પ્રશંસા કરવી—એ જેમ સમ્યક્ત્વની મુદ્રાને લંઘાવે છે, તેમ કાંક્ષા પણ સમ્યક્ત્વની મુદ્રાને લંઘાવે છે. આ ‘ કાંક્ષા ’ નામનો અતિચાર જો બરાબર સમજાઈ જાય, તો લોકોત્તર મિથ્યાત્વની અને લૌકિક મિથ્યાત્વની મુંઝવણ આપોઆપ ટળી જાય તેમ છે. આ ‘ કાંક્ષા ’ નામના અતિચાર

ઉપર જોઈતો ખ્યાલ નહિ આપવાથી, લોકોત્તર મિથ્યાત્વને ક્યાં નાખવું, એનો સમાવેશ કયા અતિચારમાં કરવો, એની કેટલાકને મુંઝવણ થાય છે. આ મુંઝવણના પ્રતાપે તેઓ એમ માને છે કે–' આ લોકના પૌદ્‌ગલિક સુખને માટે શ્રી વીતરાગદેવ અને સદ્‌ગુરૂની ઉપાસના કરવી, એ લોકોત્તર મિથ્યાત્વ છે, એમ માનીએ તો શ્રી આચાર્યભગવાન આદિ ધર્મની રક્ષા માટે જે કાઉસગ્ગ આદિ કરે છે, તેને પણ લોકોત્તર મિથ્યાત્વ માનવું પડે અને એ તો મનાય નહિ, માટે એવી ક્રિયાઓને દ્રવ્ય ક્રિયા માનવી પણ લોકોત્તર મિથ્યાત્વ નહિ માનવું.' આવી આવી અનેક કલ્પનાઓ કરીને, અનેક વસ્તુઓમાં નહિ લખવાનું અને નહિ બોલવાનું એવાઓ દ્વારા લખાય છે અને બોલાય છે અને એથી અનેક ભદ્રિક આત્માઓ મુંઝાય છે. એ માટે ' કાંક્ષા ' નામના અતિચારને એવાઓએ બરાબર સમજી લેવા જેવો છે. સમજુઓએ ભૂલને સુધારવાને માટે સમજવાજોગું સમજવાનો પ્રયત્ન કરવામાં સહજ પણ નાનમ નથી. જેઓ અન્યોને–" ભૂલને તત્સ્વરૂપે ઓળખાવનાર શત્રુના પણ ઉપકારના બદલામાં ઓછામાં ઓછું શત્રુભાવને ભૂલવા જેટલું તો તૈયાર રહેવુંજ ઘટે ! મસ્તકને છેદવા ઇચ્છતો શત્રુ પણ ભૂલ કાઢે તે ભૂલ રૂપે જ હોય તો તેનો પણ ઉપકાર વાળવા જેવી તૈયારી થશે ત્યારે તો બાળકથી પણ બતાવાએલી ભૂલને ભયંકર માની સુધારવાનું માનસ ઘડાશે ! ! "–આવા પ્રકારનો ઉપદેશ આપે, તેઓએ તો પોતાની ભૂલને સમજવાને માટે સજ્જ બનવું જ જોઇએ અને ભૂલ ભૂલ તરીકે સમજાયા પછી તેનો પશ્ચાત્તાપપૂર્ણ સુધારો કરીને, પોતાના અને પરના રૂંધાએલા હિતકર માર્ગને એકદમ ખૂલ્લો કરી દેવો જોઈએ. ' નયાભાસથી પ્રવર્તેલાં અને એ જ કારણે કુત્સિત બની ગયેલાં એવાં પર-દર્શનોમાંના એકને કે સર્વને, શ્રી જિનેશ્વરદેવોનું દર્શન કે જે સઘળાય સુનયોનો પોતામાં સમાવેશ કરે છે,

તેની સમાન માનવાની વૃત્તિ'-એ જેમ 'કાંક્ષા' નામના અતિચારમાં સમાય છે, એ જ રીતિએ અનંત ઉપકારિએ ફરમાવે છે કે—" ऐहिकामुष्मिकान् सुखादीनर्थान् कांक्षतः कांक्षा मन्तव्या, इयमपि सम्यक्त्वातिचाररूपैव, तीर्थंकरप्रतिषिद्धाचारणस्वरूपेन तन्मालिन्यहेतुत्वात् ।" કહેવાનો ભાવ એ છે કે-આ લોક સંબંધી અને પરલોક સંબંધી સુખાદિ અર્થોની આકાંક્ષા કરતા આત્માને પણ 'કાંક્ષા' માનવી : કારણ કે-એવી કાંક્ષા પણ સમ્યક્ત્વના અતિચાર રૂપ જ છે. એનું કારણ એ છે કે-એવી કાંક્ષા, એ શ્રી તીર્થંકરદેવોએ જે વસ્તુનો પ્રતિષેધ કર્યો છે એના આચરણસ્વરૂપ છે અને એ જ કારણે, એવી કાંક્ષા સમ્યક્ત્વના મલિનપણામાં હેતુભૂત છે. કાંક્ષાનું આ સ્વરૂપ ધ્યાનમાં આવી જાય, તો ઉપકારિઓએ ફરમાવ્યા પ્રમાણે લોકોત્તર મિથ્યાત્વને માનવામાં આનાકાની કરવાનું કાંઈ જ કારણ નથી. ઉપકારિ-ઓનાં કથનોને પણ નહિ માનતાં, પોતાની સ્વચ્છન્દી કલ્પના-ઓથી એની સામે ચેડાં કરવાં, એ તો ભયંકર પાપાચરણ છે. ધર્મને પામ્યા પછી પણ જો આત્માએ ધર્મમાં સુસ્થિર રહેવું હોય, જીવનભર એની આરાધનામાં ઉજમાળ બન્યા રહેવું હોય અને શિવપદને વહેલામાં વહેલું સાધવું હોય, તો દર્શનમોહ-નીયનો ઉદય ન થઈ જાય એવા વાતાવરણમાં અને એવી દશામાં રમતું જોઈએ : અન્યથા, અયોગ્ય વાતાવરણ અથવા તો અયોગ્ય દશાને આધીન થઈ જવાથી જો દર્શનમોહનીયનો ઉદય થઈ ગયો, તો શંકા આદિ દોષો પ્રસાર પામવાના, એથી મન કલુષિત થવાનું અને પરિણામે જે તારકનાં વચનોથી સન્માર્ગને પામ્યા હશો, તેજ તારકનાં વચનો પ્રત્યે પણ અરૂચિ જાગવાની. એ રીતિએ સઘળા ઉપર અરૂચિ થવાથી, પામેલા ધર્મને હારી જવાશે અને સંસારમાં રૂલવાનું ચિરકાલને માટે ચાલુ રહેશે.

જ્ઞાનાવરણીયનો અને ચારિત્રમોહનીયનો ઉદય :

હવે માનો કે–દર્શનમોહનીયના સુંદર ક્ષયોપશમ આદિના પ્રતાપે નિર્મલ સમ્યક્ત્વની આત્માને પ્રાપ્તિ થઈ છે અને એ શુદ્ધ દર્શનગુણમાં રમતો આત્મા સદ્ગુરૂના વચનને યથાસ્થિતપણે સદ્દહે છે. આમ છતાં પણ, આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે–એવો નિર્મલ સમ્યક્ત્વને ધરનારો આત્મા પણ, જ્ઞાનાવરણીયના ઉદયથી સદ્ગુરૂ દ્વારા કથન કરાતા તત્ત્વને સમજી શકાતો નથી. શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા છતાં પણ, જ્ઞાનાવરણીયનો ઉદય આત્માને વસ્તુસ્વરૂપ સમજવા દેતો નથી. આવા સમયે મુંઝાવું ન જોઇએ, પણ જ્ઞાનાવરણના ક્ષયોપશમને સાધવાને માટે જે જે વસ્તુઓ અનંત ઉપકારિઓએ વિહિત કરેલી છે, તે તે વસ્તુઓના આસેવનમાં આત્માએ ઉજમાળ બનવું જોઈએ. હવે અનંત ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે–'આરાધના આદિના પ્રતાપે આત્મા જ્ઞાનાવરણીયના પણ તેવી જાતિના શુદ્ધ ક્ષયોપશમને પામ્યો હોવાથી, પોતે કથિતને સમજે છે એટલું જ નહિ, પણ સમજેલાને પોતે પણ સદ્દહે છે અને અન્યને તેનો બોધ પણ કરે છે. આ રીતિએ સમ્યક્ત્વના યોગે શુદ્ધ શ્રદ્ધા અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી સમજવાની અને અન્યોને સમજાવવાની શક્તિ આત્માને પ્રાપ્ત થાય છે; પણ 'ચારિત્રમોહનીય' કર્મ એવું હોઈ શકે છે, કે જેના ઉદય રૂપ દોષના પ્રતાપે પોતે સંયમને ન કરી શકે.' શ્રદ્ધા અને જ્ઞાનની હાજરી હોવા છતાં પણ, ચારિત્રમોહનીયના ઉદયમાં એ સામર્થ્ય છે કે–શ્રદ્ધા અને જ્ઞાનથી સંપન્ન આત્માને પણ તે સંયમધર બનવા દે નહિ.

મુક્તિ ક્યારે ?

આથી સમજી શકાશે કે–શુદ્ધ શ્રદ્ધા અને સુંદર જ્ઞાન હોવા છતાં પણ, ચારિત્રમોહનીયનો ઉદય આત્માને સંયમમાં પરાક્રમ

કરવા દેતો નથી. આ કારણથી, શ્રદ્ધાસંપન્ન અને જ્ઞાનસંપન્ન આત્મા-ઓએ ચારિત્રમોહનીયના ક્ષયોપશમની સિદ્ધિ માટે નિરંતર પ્રયત્ન-શીલ બનવું જોઈએ. શ્રી જિનેશ્વરદેવની પૂજા આદિ સઘળાંય અનુ-ષ્ઠાનો શ્રદ્ધાસંપન્ન વિવેકિએ એ જ હેતુથી આચરવાનાં છે. શ્રદ્ધા-સંપન્ન અને જ્ઞાનસંપન્ન એવો પણ આત્મા જો સંયમમાં શિથિલ દેખાય, તો તેની અવગણના નહિ કરવી : પણ તે પુણ્યાત્માને ચારિત્રમોહનીયના ક્ષયોપશમની યોગ્ય રીતિએ પ્રેરણા કરવી તેમજ પોતાની તેવી શિથિલતાના સંહારને માટે સતત સજ્જ રહેવું, એ પરમ આવશ્યક છે. જેઓ પોતાની સંયમની શિથિ-લતાની પણ પ્રશંસા કરતા હોય, તેઓ માટે તો માનવું કે–તેઓની શ્રદ્ધા પણ સાચી નથી અને તેઓનું જ્ઞાન પણ સાચું નથી. સાચા શ્રદ્ધાળુ અને સાચા જ્ઞાનિને પોતાનાથી સંયમ ન સધાય એનું કારમું દુઃખ હોય. એવો દુઃખી આત્મા સંયમ-ની પ્રાપ્તિનાં સાધનોને સામર્થ્યાનુસાર સેવવાના પ્રયત્નમાં જ હોય. શુદ્ધ સંયમની પ્રાપ્તિનાં સાધનોને શુદ્ધ શ્રદ્ધા અને વિવેકપૂર્વક સેવનારો આત્મા, જરૂર ચારિત્રમોહનીયના ક્ષયોપશમને સાધી શકે છે અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમને સાધીને શુદ્ધ સંયમની સાધના પણ અવશ્ય કરી શકે છે. એ જ કારણે, અનંત ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ અકલંકસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે—

"खीणे चरित्तमोहे, विमलतरं संजमं च जो कुणइ ।
सो पावइ मुत्तिसुहं, इय भणियं खीणरागेहिं ॥ १ ॥"

'ચારિત્રમોહનીય કર્મ ક્ષીણ થયે છતે જે આત્મા વિમલ-તર સંયમને કરે છે, તે આત્મા મુક્તિસુખને પામે છે.'–આ પ્રમાણે ક્ષીણરાગી એવા ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલું છે. શ્રી તીર્થંકરદેવોએ ફરમાવ્યું છે કે–વિમલતર સંયમની આરાધના વિના મુક્તિની પ્રાપ્તિ નથી. ચારિત્રમોહનીયના ક્ષયોપશમને પામીને સંયમની આરાધના કરતો કરતો આત્મા શુદ્ધ સંયમનો

ઉપાસક બને છે. એવો આત્મા અપૂર્વકરણ આદિના ક્રમથી ક્ષપકશ્રેણિ દ્વારા ચારિત્રમોહનીયની ક્ષીણતાને સાધીને, વિમલતર જે યથાખ્યાત ચારિત્ર-તેને પામી, બાકીનાં ઘાતિ કર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાન પામે છે અને તે પછી યોગનિરોધ કરી-શૈલેશીકરણ સાધી-અઘાતિ કર્મોનો પણ ક્ષય કરીને, શાશ્વત અને સંપૂર્ણ એવા મુક્તિસુખને સાધે છે.

દુર્લભતાસૂચક દશ દૃષ્ટાન્તો:

આ પ્રમાણે મુક્તિસુખની સાધના માટેનાં સઘળાંય કારણોને દર્શાવ્યા બાદ, અનંત ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે-" ૧-ચોલ્લક, ૨-પાશક, ૩-ધાન્ય, ૪-દ્યૂત, ૫-રત્ન, ૬-સ્વપ્ન, ૭-ચક્ર, ૮-ચર્મ, ૯-યુગ અને ૧૦-પરમાણુ, આ દશ દૃષ્ટાન્તો આગમમાં પ્રસિદ્ધ છે. મનુષ્યપણું આદિ જેટલી વસ્તુઓ મુક્તિની સાધનાને માટે દર્શાવવામાં આવી, એ બધીએ ક્રમસર આ દશ દૃષ્ટાન્તોથી દુર્લભ છે, માટે આવી દશ દશ દૃષ્ટાન્તોથી દુર્લભ એવી મનુષ્યપણું આદિ વસ્તુઓને પામીને, હે ભવ્ય જીવો! તમે શ્રી જિનેંદ્રોનાં શ્રેષ્ઠ ધર્મને કરો અને તેમ કરીને તે સર્વની તમને થયેલી પ્રાપ્તિને સફલ કરો." આથી સ્પષ્ટ છે કે-આર્યક્ષેત્રમાં મનુષ્યપણું આદિ સામગ્રીને પામીને, તેની સફળતાને માટે શ્રી જિનેંદ્રોના ધર્મની આરાધના કરવી, એ જ એક આવશ્યક છે: કારણ કે-શ્રી જિનેંદ્રોના શ્રેષ્ઠ ધર્મની આરાધના વિના, શિવસુખની પ્રાપ્તિ શકય જ નથી. મનુષ્યભવ આદિ સઘળીય વસ્તુઓ દશ દશ દૃષ્ટાન્તે દુર્લભ છે. મનુષ્યભવ આદિની દુર્લભતાને દર્શાવવાને માટે શાસ્ત્રોમાં સ્થળે સ્થળે દશ દૃષ્ટાન્તો દર્શાવવામાં આવે છે. એ દશ દૃષ્ટાન્તો પણ આપણે અહીં ટૂંકમાં જોઈ લઈએ.

૧-ચોલ્લક દૃષ્ટાન્ત: 'ચોલ્લક'ને દેશી ભાષા દ્વારા ભોજન કહેવાય છે. ભોજનથી ઉપલક્ષિત દૃષ્ટાન્તને પણ ' ચોલ્લક ' દૃષ્ટાન્ત

તરીકે ઓળખાવવામાં આવેલ છે. એ મુજબ સઘળાંય દૃષ્ટાન્તોને માટે સમજવાનું છે. પ્રથમ ચોલ્લક દૃષ્ટાન્ત એવી રીતિએ કહેવાય છે કે—આ ભરત નામના ક્ષેત્રમાં કામ્પિલ્ય નામનું એક નગર હતું. એ નગરના રાજાનું નામ 'બ્રહ્મ' હતું. એ રાજાની 'ચુલની' નામની પ્રિયા હતી. ચુલની નામની પ્રિયાથી 'બ્રહ્મ' રાજાને ચક્રવર્તી થનારો પુત્ર થયો હતો અને એ પુત્રનું નામ 'બ્રહ્મદત્ત' પાડવામાં આવ્યું હતું. 'બ્રહ્મ' રાજા મરણ પામ્યા બાદ 'ચુલની' કે જે 'બ્રહ્મદત્ત'ની માતા છે, તેણી 'દીર્ઘ' નામના રાજા સાથે રક્ત બની. આ વાત કોઇ પણ પ્રકારે 'બ્રહ્મદત્ત'ના જાણવામાં આવી અને એણે વ્યંગ રીતિએ એ બેને સમજાવવાનો પ્રયત્ન આદર્યો. એ પ્રયત્નનું પરિણામ વિપરીત આવ્યું. બાળ હોવાથી 'બ્રહ્મદત્ત'ને 'દીર્ઘ' રાજાના ભયથી ભાગવું પડ્યું અને તે પોતાના મિત્ર 'વરધનુ' સાથે ભાગ્યો. એ નાશભાગના સમયમાં 'બ્રહ્મદત્ત' પોતાના તે મિત્રથી પણ વિખુટો પડી ગયો. આવી વિપત્તિની અવસ્થામાં રહેલો પણ 'બ્રહ્મદત્ત' આકૃતિથી છૂપાવ્યો છૂપતો ન હતો. 'આ સુંદર આકૃતિવાળો પુરૂષ છે, માટે કોઈ મહાન હોવો જોઇએ.'—એવી માન્યતાથી, એક બ્રાહ્મણ જાતિના કાર્પટિકે બ્રહ્મદત્તની એ દુઃખદ અવસ્થામાં ખરેખર ખરો મિત્રભાવ ભજવ્યો. તે એવો મિત્ર બન્યો કે—પોતાના મિત્રપણાથી તેણે 'બ્રહ્મદત્ત'ને વશ કરી લીધો. તે પણ 'બ્રહ્મદત્ત'ના સુખમાં સુખ અને દુઃખમાં દુઃખ માનતો હતો. તેની વિનયભરી આરાધનાથી 'બ્રહ્મદત્ત' એવો વશ બન્યો હતો, કે જેથી છૂટા પડતાં તેના અંતરમાં એ વિચાર આવ્યો કે—'મને આપત્તિમાં સહાય કરનાર આ, ખરેખર સર્વ પ્રકારે મારા માટે પરમોપકાર કરવા લાયક છે : કારણ કે—પરોપકારના રહસ્યને સમજનારા કવિઓએ કહ્યું છે કે—બે પુરૂષો આ પૃથ્વીને ધરે અથવા તો બે પુરૂષો દ્વારા આ પૃથ્વી ધારણ કરાયેલી છે : એ બે પુરૂષો-

માં એક તો એ છે કે–જેની મતિ ઉપકારમાં છે અને બીજો એ છે કે–જે પોતાના ઉપર થયેલા ઉપકારને ભૂલતો નથી.” આ વિચારના પરિણામે, બ્રહ્મદત્તે પોતાની આપત્તિના સમયે સહાય કરનાર તે મિત્રને કહ્યું કે–“ જ્યારે તું સાંભળે કે–‘બ્રહ્મદત્ત રાજા બન્યો.’–ત્યારે તારે મારા સ્થાને આવવું, કે જેથી હું તારૂં ઉચિત કરી શકું.” આ વાતને સ્વીકારીને તે બ્રાહ્મણ પોતાના સ્થાને ગયો. આ પછી ‘બ્રહ્મદત્ત’ પણ ચક્રવર્તી રાજા બન્યા અને તેમનો રાજ્યાભિષેક થયો. એ રાજ્યાભિષેકના સમયે તે બ્રાહ્મણ પણ આવ્યો : પણ રંકપણાના પ્રતાપે તે રાજાના દર્શનને પામી શકતો નથી. આથી તેણે પોતાની બુદ્ધિથી રાજાના દર્શનનો ઉપાય શોધ્યો. “ કાંઈ સારાપણું તો મારામાં છે નહિ, કે જેથી હું રાજાના દર્શનને પામી શકું : એટલે મારે કાંઈક એવું આચરવું કે જેથી હું રાજાના દર્શનને પામી શકું.”–આવા વિચારના યોગે તેણે ઉકરડા આદિ સ્થાનોએ પડેલાં અને અતિશય જીર્ણ થયેલાં પગરખાં મેળવીને તે પગરખાંઓની એક માળા બનાવી અને તેને વંશના અગ્રભાગે લટકાવી. આવા પ્રકારની જુતાંની ધ્વજા લઈને તે નીકળ્યો. હવે રાજા જ્યારે બહાર નીકળ્યા, ત્યારે તે ગરીબ બ્રાહ્મણ પણ પોતાની બનાવેલી જુતાંની ધ્વજાને લઇને ધ્વજવાહકોના મધ્યમાં પરિભ્રમણ કરે છે. ‘આ કાંઈક અપૂર્વ છે.’–એમ જોઇને, પાસેનાઓને રાજાએ પૂછ્યું કે–‘આ ધ્વજ કોનો છે?’ પાસેનાઓએ કહ્યું કે–‘દેવ! ખબર નથી કે–આ ધ્વજ કોનો છે!’ આથી રાજાએ પેલા બ્રાહ્મણને બોલાવ્યો અને બરાબર જોવાથી ઓળખ્યો. ઓળખતાંની સાથે જ રાજા હાથી ઉપરથી નીચે ઉતરી પડ્યો અને આદરપૂર્વક સ્નેહથી તેને ભેટ્યો તથા કુશળપણું પૂછ્યું. આવો મોટો ચક્રવર્તી રાજા પણ એક એક સામાન્ય ઉપકારી માણસનો પણ આ રીતિનો સત્કાર કરે છે, એ સામાન્ય વાત નથી : પણ ઉપકારિઓ ફરમાવે છે કે–

'અતિશય પ્રસારને પામેલી લક્ષ્મી પણ મોટા માણસોના મનને તરલ બનાવી શકતી નથી.' એ જાતિની મોટાઈના પ્રતાપે જ, તે ચક્રવર્તિએ જોડાની ધ્વજા લાવનારને સીધો જ શિક્ષાનો હુકમ નહિ ફરમાવતાં, તેને પોતાની પાસે બોલાવ્યો અને ઓળખતાંની સાથે જ તેનું સુંદર સન્માન કર્યું. સન્માન માત્રથી રાજા તેને રવાના નથી કરતા, પણ પોતે તેને શું કહ્યું હતું તે પણ યાદ હોવાથી, પોતાના વચનનું પાલન કરવાને માટે તે ચક્રવર્તી રાજા રંક એવા પણ તે બ્રાહ્મણને કહે છે કે–'હે મહાશય! તારી ઇચ્છા હોય તે માગ. જે માગે તે હું તને આજે આપું.' ખરેખર, પ્રતિપન્નનું પાલન કરવું, એ તો સુપુરૂષોનું જીવન છે. આ રીતિએ રાજાએ તેને ઈચ્છિત માગવાનું કહ્યું, ત્યારે તેના ઉત્તરમાં તે ગરીબ બ્રાહ્મણે રાજાને કહ્યું કે–'હે વિભો! હું મારી પ્રિયાને પૂછીને પછી માગીશ.' ખરે જ, ગરીબનું ભાગ્ય પણ ગરીબ જ હોય છે. પોતે માગી શકે તેમ હતો, પણ તે બ્રાહ્મણ સ્ત્રીની એટલી આધીનતામાં હતો, કે જેથી સ્ત્રીને પૂછીને જ માગવાના વિચારનો તે હતો. તેની સ્ત્રી વળી પોતાના સ્વાર્થને જોનારી હતી. રાજાએ હસીને કહ્યું કે–'સારૂં જા, તારી સ્ત્રીને પૂછીને તું જલદી આવ.' ત્યારે તે બ્રાહ્મણે પણ જઈને પોતાની સ્ત્રીને પૂછ્યું કે–'હે પ્રિયે! ચક્રવર્તી તુષ્ટમાન થયા છે અને ઇષ્ટ આપવાને તૈયાર છે, માટે કહે કે–શું માગું?' આ સાંભળીને સ્ત્રીએ વિચાર્યું કે–'વૃદ્ધિને પામેલો આ બ્રાહ્મણ, અત્યારે જે રીતિએ માને છે, તે રીતિએ પછી માનશે નહિ : કારણ કે–સમ્પત્તિના ઉત્કર્ષને પામેલો પુરૂષ પૂર્વના મિત્રોનો, પૂર્વની સ્ત્રીઓનો અને પ્રથમનાં ઘરોનો–એ ત્રણ વસ્તુઓનો ઉપઘાતક થાય છે. આથી એવું જ કાંઈ માગવાનું કહું, કે જેથી ઉત્કર્ષ થાય નહિ અને અમે સુખેથી જીવી શકીએ.' આ પ્રમાણે વિચારીને તેણીએ પોતાના પતિને કહ્યું કે–'હે સ્વામિન્! સોનૈયાની દક્ષિણા સાથે આખાએ

ભરતમાં ખૂદ રાજાના ઘરથી માંડીને દરેક ઘેર એક એક દિવસ ભોજન કરવાનું માગો. આપણે નગર આદિના બહુ પરિગ્રહનું પ્રયોજન શું છે ? એવો પરિગ્રહ મેળવીને એને સાચવવા આદિની આકુલતા કોણ ભોગવે ?' પરિગ્રહ પ્રત્યેના અરૂચિપણાથી આ નહોતું બોલાતું, પણ પોતાને દુઃખમાં ન મૂકાવું પડે એ માટે બોલાતું હતું : પણ બ્રાહ્મણે તો રાજા પાસે જઈને એ જ પ્રમાણેની માગણી કરી. બ્રાહ્મણની એવી માગણીને સાંભળીને રાજાને દુઃખ થયું. રાજા કહે છે કે–' તારી આ માગણી અતિ તુચ્છ છે, માટે હે વિપ્ર ! અન્ય રત્ન આદિ માગ.' પણ પેલો બ્રાહ્મણ તો ભોજન સિવાય અન્ય કાંઈ ઈચ્છતો જ નથી. એ તો એક જ કહે છે કે–' હે દેવ ! પ્રથમ હું આપને ઘેર ભોજન કરીશ, તે પછી આપની ચોસઠ હજાર રાણીઓને ઘેર, પછી બત્રીશ હજાર મહારાજાઓને ઘેર અને તે પછી સામંતો, મંત્રિઓ આદિને ઘેર તથા આ નગરમાં વસતા શ્રેષ્ઠિઓ અને સાર્થવાહો આદિના ઘેર, આ પ્રમાણે સર્વ નગર અને ગામ આદિમાં એમ યાવત્ સર્વ ભરતમાં ભોજન કરીશ અને તે પછી ફરીથી આપને ઘેર ભોજન કરીશ.' આ સાંભળીને રાજાએ તેને કહ્યું કે–' વિડમ્બના પ્રાયઃ આવી તુચ્છ માગણીથી શું ? હું તને સારો દેશ અને ભંડાર આપું અને તેથી તું સુખપૂર્વક છત્રની છાયામાં હસ્તિના શ્રેષ્ઠ સ્કંધ ઉપર બેઠો થકો ફરી–હરી શકશે અને આનંદ કરશે.' પણ બ્રાહ્મણે તો એ જ કહ્યું કે–' મારે એવા પરિગ્રહની જરૂર નથી. મને તો આટલાથી જ આનંદ છે.' આથી રાજાએ વિચાર્યું કે–'અહો, આ બ્રાહ્મણને કેટલી ભોજનની ગૃદ્ધિ છે ? અથવા તો–જે જેટલા અર્થનું ભાજન હોય, તેને તેટલું જ મળે. વરસાદ ગમે તેટલો વરસે, તો પણ પાણી તો પાત્રના પ્રમાણમાં જ પાત્રમાં આવે. સરોવર ભરપૂર હોય તો પણ, કુતરૂં તો જીભથી જ ચાટે.' આવા આવા વિચારના અન્તે રાજાએ તેની માગણીને

સ્વીકારી. પ્રથમ દિવસે તે બ્રાહ્મણને રાજાએ પોતાના ઘેર ભોજન કરાવ્યું તથા દક્ષિણામાં સોનૈયો અને વસ્ત્રયુગલ આપ્યું. એક સ્થાને એકલા ભોજનની માગણી છે, એક સ્થાને ભોજન અને એક સોનૈયાની માગણી છે અને એક સ્થાને ભોજન અને બે સોનૈયાની માગણી એમ પણ છે. આ રીતે, તે ગરીબ બ્રાહ્મણ-ની માગણી મુજબ, કરેલા ઉપકારને નહિ ભૂલનાર રાજાએ, તે બ્રાહ્મણને ભોજન કરાવ્યું અને દક્ષિણા આપી. આ પછી તેણે માગણી મુજબ રોજ એક એક ઘરે ભોજન કરવા માંડ્યું. અનેક કુલકોટિઓથી ભરેલા તે નગરમાં પણ સઘળાં ઘરો ભોજન કરીને પૂર્ણ કરવાં મુશ્કેલ હતાં, તો પછી આખાએ ભરતનાં સઘળે ઘરે ભોજન કરીને પુનઃ ચક્રવર્તિના ઘરના ભોજનની વાત જ ક્યાંથી ? આ પ્રમાણે દૃષ્ટાન્ત ફરમાવીને અનંત ઉપકારી ફરમાવે છે કે–

"दिव्यानुभावाद्यदि वा स भूयो–प्युर्वीपतेर्भोजनमश्नुवीत ।
भ्रष्टो नरत्वान्न तु धर्महीनः, पुनर्नरत्वं लभते प्रमादी ॥१॥"

જો કે–કદાચ દિવ્ય અનુભાવથી તે બ્રાહ્મણ ફરી પણ રાજાના ભોજનને પામે, પણ મનુષ્યપણાથી ભ્રષ્ટ બનેલો ધર્મ-હીન પ્રમાદી પુનઃ મનુષ્યપણાને પામતો નથી.

આ અને બીજાં જે કહેવામાં આવે છે તે દષ્ટાન્તો ઉપર જો વિચાર કરવામાં આવે, તો વિવેકી આત્માઓ સંસારની કોઈ પણ જાતિની પંચાતમાં પડવાનું અને એવી પંચાતમાં પડવા દ્વારા મળેલી ઉત્તમ સામગ્રીને વેડફી નાખવાનું કારમું પાપ આચરવાનું પસંદ કરે નહિ : પણ આવો વિવેક પ્રાપ્ત થવો એ જ મુશ્કેલ છે : અન્યથા, અનેક મનુષ્યપણાદિ સામગ્રીને નિષ્ફળ કરીને સંસારમાં પરિભ્રમણ કરવાનું બાકી રહે નહિ.

૨–પાશક દૃષ્ટાન્ત: હવે આપણે બીજું દષ્ટાન્ત જોઈએ. 'પાશા' એ જુગારીઓને જુગાર ખેલવાનું સાધન છે. એનો

આ બીજા દષ્ટાન્તમાં સમ્બન્ધ છે, એ જ કારણે આ દષ્ટાન્તને પાશક દષ્ટાન્ત કહેવાય છે. 'ચાણાક્ય' મંત્રીશ્વરનું નામ સુ-પ્રસિદ્ધ છે. ચાણાક્ય હતો તો મંત્રી, પણ રાજાનોય રાજા હોય એવી એની છાયા હતી. આ ચાણાક્યની વાત પણ ખાસ જાણવા જેવી છે. આ ચાણાક્ય શ્રી જૈનધર્મને પાળતા 'ચણક' નામના બ્રાહ્મણનો પુત્ર હતો. 'ચણક' નામનો તે જૈન બ્રાહ્મણ, 'ગોલ્લ' દેશમાં આવેલા 'ચણક' નામના ગામ-માં રહેતો હતો. એ 'ચણક' નામના જૈન બ્રાહ્મણની 'ચણે-શ્વરી' નામની પ્રિયા હતી. આ બ્રાહ્મણના ઘેર કોઈ એક દિવસે જ્ઞાની સાધુઓ-જૈન મુનિઓ રહ્યા હતા. જે વખતે મુનિઓ ત્યાં રહેલા હતા, તે જ વખતે આ 'ચાણાક્ય' નામનો પુત્ર જન્મ્યો. 'ચાણાક્ય'નો જન્મ દાંતો સાથે થયો હતો. દાંતવાળા પુત્રનો જન્મ એ આશ્ચર્યજનક છે, આથી-'આ પુત્ર દાંત સાથે જન્મ્યો છે.'-એમ નિવેદન કરતા ચણકે, તરતના જન્મેલા બાળકને મુનિઓના ચરણમાં નમાવ્યો. આથી તે મુનિઓએ કહ્યું કે-'આ બાળક રાજા થશે!' મુનિઓના આવા કથનથી આનંદ થાય કે શોક? સંસારરસિક આત્માઓને તો આનંદ જ થાય, પણ પરમ જૈનત્વથી અલંકૃત એવા 'ચણક'ને તો ઘણો જ વિષાદ થયો. અતિશય વિષાદને પામેલો 'ચણક' વિચારે છે કે-'રાજ્યોના આરંભોથી મારો દીકરો અધોગતિમાં ન જાય તો સારૂં.' આ વિચારથી તેણે પોતાના દીકરાના દાંતોને ઘસી નાખ્યા અને પછી મુનિઓને જણાવ્યું કે-મેં આ વિચારથી આમ કર્યું. ત્યારે મુનિઓ કહે છે કે-"દાંતોના ઘસવાથી હવે આ રાજપદનો ભોક્તા નહિ થાય, પણ 'બિમ્બાન્તરિત' રાજા થશે: એટલે કે-મંત્રિના રૂપમાં રાજા થશે." આવી જાતિની પુત્રના હિતની ચિંતા કરનારા જો જૈન કુળમાં જન્મેલા સઘળા જ પિતાઓ હોય, તો શ્રી જૈનશાસન આ કાળમાં પણ કેટલું બધું ઝળહળે? પણ આજે તો બહુલતયા સન્તાન આદિના સાચા

હિતની ચિંતાએ દેશવટો લીધો હોય એવું દેખાય છે. ‘પોતાનાં સન્તાનો દુર્ગતિમાં ન જાય’–આ ચિંતા તો જૈનકુલોનો શણ-ગાર છે. આવી ચિંતા, પ્રત્યેક જૈનકુળમાં હોવી ઘટે. આ ચિંતા આજે લગભગ નષ્ટ થઈ ગઈ હોય, એવું અનુભવાય છે. જો એમ ન હોત, તો આજે શ્રી જૈનશાસન કેવું અને કેટલું બધું પ્રકાશમાન હોત? આરમ્ભ અને પરિગ્રહ આદિથી જૈનો ન ડરે, તો ડરે કોણ? આરમ્ભ અને પરિગ્રહને ઉપાદેય ગણવા રૂપ પ્રીતિ તો જૈન માત્રમાં ન હોવી ઘટે. આરંભનો અને પરિગ્રહનો તેને ઉપાદેય માનવા જોગો પ્રેમ, એ તો જૈનત્વના અભાવનું સૂચન છે. આ વાતની પણ મશ્કરી કરનારા આજે જૈન તરીકેની નામના ભોગવે છે, એ દુઃખદાયક છે. જૈનો એટલે તો વિરાગની મૂર્તિઓ. જૈનકુલમાં પ્રધાનપણે વૈરાગ્યનું જ વાતાવરણ હોવું જોઈએ, પણ આજે તો વૈરાગ્યની વાતો પણ ગણત્રીનાં જૈન કુલોમાં થતી હશે. વૈરાગ્યની વાતથી પણ અકળાનારા જૈનોએ તો પોતાનાં કુલોને પણ જૈન મટાડી દીધાં છે. જૈન કુલો તો અજૈનોને પણ શ્રી જિનેશ્વરદેવના ધર્મ પ્રત્યે આકર્ષિત કરનારાં હોવાં જોઈએ. એને બદલે મોટા ભાગનાં જૈન કુલો જ એ ધર્મથી વંચિત બની ગયાં હોય, એવી આજે દુર્દશા છે. આવી દુર્દશાને ટાળવાને માટે પ્રત્યેક જૈને આવા આવા આદર્શ જૈનોને નિરંતર સ્મરણમાં રાખવા જોઈએ. ‘સંતાન તેના પાપોદયે દરિદ્ર બને એની પરવા નહિ, પણ તે સંસારરસિક તો ન જ બનવાં જોઈએ.’–આવું ધ્યેય પ્રત્યેક જૈને હૃદયપટ ઉપર કોતરી રાખવું જોઈએ. આવા ધ્યેય વિનાના જૈનો, સંતાનોના હિતને માટે યોગ્ય પ્રયત્નોને આચરે એ શક્ય જ નથી. આજની શિક્ષણપદ્ધતિ પણ આ ધ્યેયથી વિપરીત છે, છતાં એનો ઉપયોગ આનંદ અને ઉલ્લાસપૂર્વક થાય છે, એ જૈનપણા પ્રત્યેની બેદરકારીનું જ પરિણામ છે. ઘરમાં તો આજે બાળકોને ધર્મ-સંસ્કાર આપવાનું બંધ પ્રાયઃ બની ગયું છે. માતા–પિતા

સંતાનોને સાચાં જૈન બનવાની કેળવણી આપનારાં બને, તો તે ભાગ્યવાન સંતાનો જરૂર સાચાં જૈન બને. માતા–પિતા ચુસ્ત જૈન ન બને, જૈનાચારનાં સાચાં પાલક ન હોય, તો સંતાનો ભાગ્યે જ પોતામાં જૈનત્વને સ્થાપે. ભાડુતી માણસો ભાગ્યે જ જૈનત્વ સમર્પી શકે. સુંદર માતા–પિતાથી સુસંસ્કારોને પામેલાં બાળકો ધર્મગુરૂના પરિચયમાં આવે જ અને એ પરિચયના પ્રતાપે જૈનત્વને પામી ચૂકેલા આત્માઓ ગમે ત્યાં જાય તો પણ જૈનપણાને દીપાવ્યા વિના રહે નહિ. આવા 'ચણક' નામના આદર્શ જૈનનો પુત્ર 'ચાણાક્ય' મુનિઓના કથન પ્રમાણે બિમ્બાન્તરિત રાજા થયો. રાજા ચંદ્રગુપ્ત હતો, પણ રાજા તરીકેનું જ 'ચાણાક્ય' મંત્રીશ્વરનું ચલણ હતું. એ ચાણાક્ય ચંદ્રગુપ્ત નરપતિના સાચા હિતચિંતક હતા અને ચંદ્રગુપ્ત પણ ચાણાક્યને પોતાના સાચા હિતચિંતક માનીને એમની સલાહ મુજબ જ ચાલનાર હતા. કોઈ એક સમયે, રાજા ચંદ્રગુપ્તના ભંડારમાં દ્રવ્યનો ઉપચય કરવા માટે ચાણાક્યે યંત્રપાશકો કર્યા. કોઈ કહે છે કે–એ પાશાઓ દેવે આપેલા હતા. આ પછી ચાણાક્યે એક પુરૂષને પાશા રમવાની રમત શીખવી. તે પછી તે પુરૂષ સોનૈયાનો થાળ ભરીને રમવા જતો અને લોકોને કહેતો હતો કે–'જે કોઈ મને જીતે તે આખોએ સોનામહોરોનો થાળ લે અને હારે તે મને એક સોનૈયો આપે.' આ રીતિએ રમતો તે સૌને જીતતો હતો : કારણ કે–પાશા તેની ઇચ્છા મુજબ પડતા હતા અને લોકો પણ લોભના માર્યા રમતા હતા. આ રીતિએ પણ ચાણાક્યે રાજા ચંદ્રગુપ્તના ભંડારને સમૃદ્ધ કર્યો. સંસારમાં આમ બનવું, એ સહજ હોઈને આશ્ચર્ય પામવા જેવું નથી. સંસારના રસિયા આત્માઓ અથવા તો અતિશય લોભ આદિમાં પડેલા આત્માઓ, અકરણીય કાર્યોને પણ આચરે છે. 'ચણક' જેવા આદર્શ જૈન પિતાના પુત્રે પણ આવી આવી અનેક કૂટ નીતિઓ જીવનમાં સ્વીકારી છે.

પુત્રને વૈરાગ્યવાસિત બનાવવાને માટે શક્ય કરવા છતાં પણ, તે જો મોહમય બનીને અયોગ્ય આચરણો કરે, તો એથી આદર્શ પિતા દોષપાત્ર નથી બનતો. સુંદર પિતાના પુત્રો અયોગ્ય કાર્ય કરનારા ન જ થાય, એવો નિયમ નથી. એમ થવા છતાં પણ, પિતાએ જો યોગ્ય શિક્ષણ આપ્યું હોય છે, તો એ દોષથી મુક્ત બની જાય છે. વધુમાં આટલું છતાં પણ ચાણાક્યે પ્રસંગે પ્રસંગે પોતાના જૈનપણાને જરૂર દીપાવ્યું પણ છે. સંસારની રતિના પ્રતાપે, જો કે–તેણે સંસારની લીલા ઘણી કરી છે; આમ છતાં પણ તેનો સત્ય ધર્મ પ્રત્યેનો પ્રેમ પણ છૂપો રહ્યો નથી. આ સ્થળે એ સઘળી વાતો કહેવાનો પ્રસંગ નથી. અહીં તો માત્ર એટલો જ પ્રસંગ છે કે–આવી રીતિએ પાશા ખેલનારને કોઈ જીતતો નથી. એવા પાશકને જીતવો એ શક્ય નથી : છતાંય ઉપકારી ફરમાવે છે કે–"દિવ્ય અનુભાવ આદિથી તે કોઇથી જીતાય પણ ખરો, પરન્તુ પ્રમાદથી જે આ મનુષ્યપણાને હારી જાય છે, તેની પ્રાપ્તિ તેને પુનઃ થતી નથી : અર્થાત્–એવા આદમી-ને જીતવો જેટલો દુર્લભ છે, તેના કરતાં પણ મનુષ્યજન્મની પુનઃ પ્રાપ્તિ થવી એ અતિશય દુર્લભ છે."

૩-**ધાન્ય દૃષ્ટાન્ત** : ત્રીજું દષ્ટાન્ત ધાન્ય સંબંધી છે. આ દૃષ્ટાન્ત એક ઉપમિત દૃષ્ટાન્ત છે. એવી કલ્પના કરો કે–કોઈ એક દેવે આ ભરતક્ષેત્રમાં તલ, મગ, અડદ આદિ જેટલા પ્રકારનાં ધાન્યો એક સુકાલના સમયમાં થયેલાં, તેને એકત્રિત કરીને એક મોટો ઢગ કર્યો, કે જે ઢગ ગગનસ્પર્શી બન્યો. એ મોટા ઢગલામાં એક 'પ્રસ્થ' પ્રમાણ સરસવ નાખ્યા અને તેને આખાએ ઢગલામાં મેળવી દીધા. તે પછી, એ ઢગલામાંથી એ પ્રસ્થ પ્રમાણ સરસવને કાઢીને એકત્રિત કરવાનું કામ એક અતિ વૃદ્ધાને સોંપો, કે જેણી વૃદ્ધાવસ્થાથી કમ્પતા હાથવાળી હોય, જેનાં લોચનો ગળતાં હોય અને જેની કાયા ઘણી જ ચપળ વળીઓવાળી હોય. આવી સ્ત્રી હાથમાં સુપડું લઈને એ મોટા

ઢગલામાં રહેલા એક પ્રસ્થ પ્રમાણ સરસવને અલગ કરીને તે સઘળાય સરસવોનો એક જૂદો ઢગ કરવાનો પ્રયત્ન કરે, તો તે તે પ્રમાણે કરી શકે એ શું શક્ય છે? નહિ જ. આમ છતાં પણ ઉપકારિઓ ફરમાવે છે કે–" માનો કે–એ વાત પણ દેવતાઈ પ્રભાવથી કદાચ બને, પણ નરજન્મની પુનઃ પ્રાપ્તિ થવી, એ તો એના કરતાં પણ અતિશય દુર્લભ છે."

૪–દ્યૂત દૃષ્ટાન્ત : ચોથું દષ્ટાન્ત દ્યૂત સંબંધી છે. 'રત્નપુર' નામના નગરમાં 'શતાયુધ' નામનો રાજા હતો. એ રાજાને યુવરાજપણાને પામેલો એક યુવાન પુત્ર હતો. જગતમાં મોહનું સામ્રાજ્ય ભયંકર છે. મોહને આધીન થયેલો તે યુવરાજ પોતાના મિત્ર આદિની સાથે એક દિવસ એ પ્રમાણે વિચારવા લાગ્યો કે– 'આજે પિતાજીને મારીને રાજ્યનો સ્વીકાર હું પોતે જ કરૂં.' રાજાના નિપુણ અમાત્યે યુવરાજના આ વિચારને કોઈ પણ રીતિએ જાણ્યો અને એ વાત રાજાને વિદિત કરી દીધી. આવી વાતને સાંભળીને રાજા પહેલાં તો વિચારે છે કે–" આ વાત અસંભાવ્ય છે કે–પિતાને પણ પુત્ર મારે ! ચંદ્રમા સાગરનું શોષણ કરે, આ વાતની શ્રદ્ધા કોણ કરે ?" રાજાના આ વિચારને કાઢી નાખવા જેવો નથી. ચંદ્રમા સાગરનું શોષણ કરે એ જેટલું અસંભવિત છે, તેટલું જ અસંભવિત પુત્ર પિતાને મારી નાખે એ છે, એમ અમુક દૃષ્ટિએ જરૂર કહી શકાય: કારણ કે– પુત્રપણાની ફરજને સમજનારો પુત્ર પિતાને મારે એ સંભવિત જ નથી. અનંતજ્ઞાનિઓની આજ્ઞા મુજબ માતા–પિતાના ઉપકારને માનનારો અને સમજનારો પુત્ર, માતા–પિતાને મારવાને તૈયાર થાય, એ વાત અસંભવિત જ છે. આમ હોવા છતાં પણ, અનંતજ્ઞાનિઓના શાસનને નહિ પામેલા, સામાન્ય રીતિની પણ માતા-પિતા પ્રત્યેની ફરજને નહિ સમજનારા અને પૌદ્ગલિક મોજશોખમાં જ જીવનસર્વસ્વને માનનારા પુત્રો, માતા–પિતા આદિનું પણ જેટલું બૂરૂં ન કરે તેટલું

ઓછું જ છે, એમ કહેવું પડે તેમ છે. આ વાત આખાએ સંસાર માટે એકસરખી જ છે. તેવા પુત્રો જેમ માતા-પિતા પ્રત્યે વિપરીત આચરે છે, તેમ તેવાં માતા-પિતા પણ પુત્રો પ્રત્યે વિરૂપ નથી આચરતાં, એવું આ સંસારમાં નથી. મોહમય વિશ્વમાં પરસ્પરે પરસ્પરના વિરૂપને આચરવું, એ તો એક સામાન્ય અને નિત્યની વસ્તુ છે: કારણ કે-મોહના ગુલામ બનવું અને પાપથી બચવું, એય આ સંસારમાં એક અસંભવિત જ વસ્તુ છે. આ જ કારણે, અમાત્ય દ્વારા પુત્રના વિચારને જાણતાં જ આશ્ચર્યમગ્ન બનેલ અને-' ચંદ્ર સાગરનું શોષણ કરે એ જેમ અસંભવિત છે, તેમ પુત્ર પિતાને મારે એ અસંભવિત છે '-એમ વિચારતા એવા પણ તે રાજાએ, તરત જ એવો પણ વિચાર કર્યો કે-" અથવા લોભના આવેશથી આકુલ બનેલો અને એ જ કારણે કુગ્રહથી ગ્રસ્ત એવા માણસની માફક નિર્લજ્જ બનેલો આત્મા, કાંઈ પણ કાર્યને કે અકાર્યને જાણતો નથી. એ જ કારણે, ઉપકારિઓએ ફરમાવ્યું છે કે-લુબ્ધ બનેલો આત્મા કુલને, જાતિને કે પ્રેમને જોતો નથી: તે સુકૃતને જોતો નથી, યશને ગણતો નથી, અકાર્યને કરે છે અને પ્રભુ, બંધુ તથા મિત્રને પણ મારે છે: તે કારણથી લોભગ્રસ્ત આ પુત્ર જ્યાં સુધીમાં મને મારે નહિ, ત્યાં સુધીમાં હું જલદી મારા પોતાના રક્ષણનો ઉપાય કરું. " આ પ્રમાણેનો વિચાર કરીને, મહાબુદ્ધિવાળા તે રાજાએ પ્રણામ માટે આવેલા પોતાના તે પુત્રને ઉદ્દેશીને, તેના ભાવને જાણતો જ ન હોય એ રીતિએ, એ પ્રમાણે કહ્યું કે-" હે પુત્ર! હું હવે રાજ્યના ભારથી પરિશ્રાન્ત થયેલો છું અને એ કારણે તને રાજ્ય આપવાની ઇચ્છાવાળો છું: તેમ છતાં પણ પોતાની કુલમર્યાદાનું ઉલ્લંઘન કરવાને હું ઉત્સાહવાળો થઈ શકતો નથી. પૂર્વપુરૂષોએ આચરેલી મર્યાદાને અતિક્રમિત કરતો આત્મા, અગ્નિને ઉલ્લંઘતા પતંગીયાની માફક વિપત્તિને પામે છે: મર્યાદાનું ઉલ્લંઘન

કરતા આત્મા પ્રત્યે, કુલની અધિદેવી કોપાયમાન થાય છે: તે કારણથી આપણા રાજ્યસુખ રૂપ વૃક્ષને નવપલ્લિત રાખવાને માટે સારણી-નીક સમી જે આપણી મર્યાદા છે, તે મર્યાદાને તું સાંભળ. આપણી એ મર્યાદા એવા પ્રકારની છે કે-પુત્ર જો અનુક્રમનું ઉલ્લંઘન કરીને રાજ્ય લેવાને ઇચ્છતો હોય અથવા તો પિતા જાતે પોતાની સ્વેચ્છાથી જ પુત્રને અનુક્રમનું ઉલ્લંઘન કરીને રાજ્ય આપવાને ઇચ્છતો હોય, તો પણ પુત્રે પિતાને દ્યૂતમાં જીતવો જોઈએ. અનુક્રમનું ઉલ્લંઘન કરીને રાજ્ય મેળવવા માટેનો અગર દેવા માટેનો આપણી કુલમર્યાદાનો એ ક્રમ છે કે-પુત્ર પિતાને દ્યૂતમાં જીતે અને તો જ રાજ્યને પામી શકે. એ દ્યૂત કયા પ્રકારે રમવાનું છે અને તેમાં જીત કેવી રીતિએ મેળવવાની છે, એ વિગેરે હકીકત પણ હું તને કહું છું. જો, એ રીતિ એવી છે કે-આ સભામાં ૧૦૮ સ્તમ્ભ છે અને પ્રત્યેક સ્તમ્ભમાં ૧૦૮ ખુણા છે. હવે દ્યૂતને રમતો તું, એક જ દાવ દ્વારા જ્યારે અંતરરહિતપણે મને ૧૦૮ વાર જીતે ત્યારે સ્તમ્ભનો એક ખુણો જીત્યો ગણાય: એવી જ રીતિએ આગળ પણ અવિરતપણે ૧૦૮ ખુણાઓ જ્યારે જીતે, ત્યારે એક સ્તમ્ભ જીત્યો ગણાય: અને એ જ રીતિએ ૧૦૮ સ્તમ્ભોનો તારે વિજય કરવાનો છે. આમાં એક વાર પણ હાર થાય, તો સઘળું પૂર્વનું જીતેલું જાય અને ફરીથી પાછું રમવાનું શરૂ કરવું પડે. જેમ એક વાર પણ સ્ત્રીનો સંગ કરવાથી બ્રહ્મચર્ય નાશ પામે છે, તેમ આપણી આ રમતમાં તું એક વાર પણ વચમાં હારે તો પૂર્વનું સઘળું જીતેલું જાય છે. આવી રીતિ પ્રમાણે ૧૦૮ સ્તમ્ભોને તારે અવિરતપણે જીતવાના છે. આ રીતિએ રમીને જો તું મને જીતશે, તો હું તરત જ તને રાજ્ય આપીશ, એમાં લેશ પણ સંશય નથી.” આ પ્રમાણેના પિતાના વાક્યને સાંભળીને તે રાજાનો પુત્ર વિચાર કરે છે કે-‘જો જુગારથી જ રાજ્ય મળતું હોય, તો પિતાને કોણ મારે?’ આવો વિચાર કરીને તેણે પિતા રાજાની સાથે જુગાર રમવાનું શરૂ કર્યું. હવે

આપણે જુગાર રમવાની રીત તો જાણીએ છીએ. એ રીતિએ જીતવું એ કેટલું મુશ્કેલ છે, એ સૌ કોઈ સારામાં સારી રીતિએ સમજી શકે તેમ છે: છતાંય ઉપકારિઓ ફરમાવે છે કે–"કદાચ દેવતાના અનુભાવથી એ જ વિધિ મુજબ સઘળાય સ્તમ્ભોને અવિરતપણે જીતીને તે કદાચ રાજ્યને મેળવે, પણ હારી જવાએલું મનુષ્યપણું પામવું એ તો એથી પણ દુર્લભ છે."

૫–રત્ન દૃષ્ટાન્ત : પાંચમું દષ્ટાન્ત રત્ન સંબંધી છે. 'ધનસમૃદ્ધ' નામના નગરમાં એક 'ધનદ' નામનો વૃદ્ધ વણિક હતો. સાગર જેમ અનેક રત્નોનો સ્વામી હોય છે, તેમ તે પણ ઘણાં રત્નોનો પ્રભુ હતો. હંમેશને માટે પણ તે ઉદાર કોટિના વ્યવહારને આચરવા દ્વારાએ ઉપાર્જન કરેલા ધનથી યત્નપૂર્વક રત્નોને મેળવતો હતો. આ 'ધનદ' નામનો વાણીઓ પોતાનું ધન કેટલું છે, એ કોઈને પણ કહેતો નહોતો. તે એક નીતિનો જાણ હતો. એ નીતિ એમ કહેનારી હતી કે–'આયુષ્ય, વિત્ત અને ઘરનું છિદ્ર કોઈને કહેવું નહિ.' આ નીતિને વિચારતો તે પોતાનું ધન કેટલું છે, એ કોઈને પણ કહેતો ન હતો. સર્પ જેમ પોતાના નિધાનને સાચવે, તેમ તે વૃદ્ધ વણિક પોતાના પુત્રોના પણ વિશ્વાસને નહિ કરતાં રાત્રિ-દિવસ પોતાના તે રત્નોના સમૂહની રક્ષા કર્યા કરતો હતો. તે નગરમાં બીજા પણ ઘણા ધનવાનો હતા. એ શ્રીમંતો સામાન્ય સ્થિતિના નહિ હતા, પણ અનેક કોટિ ધનના સ્વામી હોઈને તેઓ કુબેરની ઉપમા પામે એવા હતા. તેઓ પોતાના ઘરમાં જેટલી કોટિ દ્રવ્ય હતું, તેટલી નાના વર્ણથી શોભતી ધજાઓ પોતાની ઇચ્છા મુજબ પોતાનાં ભવનો ઉપર બાંધતા હતા. તે ઉડતી ધજાઓ દ્વારા તેઓના શુદ્ધાશુદ્ધ પ્રાસાદો, પવનથી પ્રેરાયેલાં સંધ્યાનાં અભ્રો દ્વારા જેમ હિમાચલનાં શિખરો શોભી ઉઠે, તેમ શોભતા હતા. અન્ય શેઠીયાઓ જ્યારે આ રીતિએ શહેરમાં શોભતા હતા, ત્યારે તેઓના કરતાં કેઈગુણા અધિક ધનને ધરાવનારો

એવો પણ ધનદ તો, મકાનના કોઈ પણ ભાગમાં ધજા પણ ચઢાવતો નહોતો અને લક્ષ્મીના અનુસારે વેષ આદિને પણ કરતો ન હતો. આ 'ધનદ'ની દશા આવી હતી, ત્યારે તેના દીકરાઓની દશા જૂદી હતી. તેના દીકરાઓ મહત્ત્વાકાંક્ષી હતા. તેઓ એવો વિચાર કરતા હતા કે-'આ આપણો પિતા આટલાં રત્નોના સમૂહોની હયાતી છતાં ગરીબડાની માફક ચેષ્ટા કરે છે, આ આપણો પિતા રત્નોના વેચવાથી ઉત્પન્ન થતી ધનની કોટિઓ જેટલા ધ્વજોને પણ કોઈ પણ સ્થળે પોતાના ઘર ઉપર ઉત્તમ્ભિત નથી કરતો, તેથી આપણો આ પિતા કે જે લક્ષ્મીના યામિક જેવો છે, એ જો કોઈ વાર અન્ય કોઈ જગ્યાએ જાય, તો આપણે તે રત્નોને વેચીને ધ્વજાઓ ઉત્તમ્ભિત કરીએ.' પુત્રો આવા વિચારના બન્યા, એ જ અરસામાં કોઈ એક દિવસે તે ધનદ શેઠ વ્યાપાર માટે દેશાન્તરમાં ગયો. વૃદ્ધના દેશાન્તર જવાથી પ્રસન્ન ચિત્તવાળા બનેલા છોકરાઓએ તે રત્નોને વેચવાનો ધંધો શરૂ કર્યો. વેપાર તો આરંભ્યો, પણ તે છોકરાઓ રત્નના મૂલ્યને જાણતા ન હતા : આથી રત્નોના મૂલ્યને નહિ જાણનારા તે છોકરાઓ પાસેથી, દેશાન્તરથી આવેલા વાણીયાઓએ જે-તે મૂલ્ય આપીને, તે રત્નોને ગ્રહણ કર્યાં. સામાન્ય કિંમતથી રત્નોના સમુદાયના તે લાભથી હૃષ્ટ બનેલા તે વાણીયાના સમૂહો જલદી જલદી 'પારસકુલ' આદિ પોતપોતાના દેશો પ્રતિ ચાલ્યા ગયા : કારણ કે-તેઓ જાણતા હતા કે-'જો આ છોકરાઓનો બાપ આવી પહોંચે, તો આ માલ આપણને પચે તેમ નથી.' બીજી બાજુ તે 'ધનદ' નામના શેઠના પુત્રોએ રત્નોના વિક્રયથી ઉત્પન્ન થવા પામેલ ધનકોટિઓ જેટલા ધ્વજો તે પછી ઉત્સવપૂર્વક પોતાના પ્રાસાદ ઉપર આરોપિત કર્યા. એ પછી ઘેર આવેલા વૃદ્ધે રત્નોના સમુદાયના વિક્રયને સાંભળ્યો અને પતાકાઓ જોઈ, તેથી તેના મનમાં માપ વિનાનું દુઃખ વ્યાપી ગયું. તે શેઠીઓ એકદમ

કોપાયમાન થયો. કોપથી કમ્પિત કાયાવાળા અને લાલ નેત્રોવાળા બનેલા તે શેઠે, પોતાના તે પુત્રો પ્રત્યે એ પ્રમાણે કહ્યું કે–" રે, લક્ષ્મીના કન્દને ઉખેડી નાખવાને માટે કુદ્દાલ–કોદાળા જેવા હે પુત્રો ! તમે મારા ઘરમાંથી ચાલ્યા જાઓ. તે વેચી નાખેલાં સઘળાંય રત્નોને આણીને તમારે મારા ઘરમાં પ્રવેશ કરવો. તે સિવાય મારા ઘરમાં તમારે પ્રવેશ કરવો નહિ !" શેઠના તે વિનયસંપન્ન પુત્રો પણ, પોતાના પિતા દ્વારા તે પ્રમાણે કહેવાયા થકા, રત્નોની પુનઃ પ્રાપ્તિની આશાથી આકુલ બનીને દરેક દિશામાં ભમ્યા : પરન્તુ અન્ય અન્ય દેશમાં વસનારા વાણીયાઓને આપેલા તે ઉત્તમ રત્નસમુદાયને ભટકવા છતાં પણ મેળવી શક્યા નહિ. ઉપકારિઓ ફરમાવે છે કે– "ધનદના તે પુત્રો કદાચ દેવના મહિમાથી તે રત્નરાશિને ફરીથી પામી શકે, પણ પાપકર્મોને કરીને હારેલો મનુષ્યભવ એ રીતિએ મળવો શક્ય નથી. મનુષ્યભવને મેળવવાને માટે તો ફરીથી તેવી ઉત્તમ સામગ્રી મળે અને એની આરાધના દ્વારા મનુષ્યભવને પામવા જોગા પુણ્યની પ્રાપ્તિ થાય, તો જ પુનઃ તેની પ્રાપ્તિ થાય : અન્યથા નહિ ! આથી આ રત્નોની પ્રાપ્તિ કરતાં પણ મનુષ્યભવની પ્રાપ્તિ ઘણી જ દુર્લભ છે."

૬–સ્વપ્નદૃષ્ટાન્ત : છઠ્ઠું દૃષ્ટાન્ત સ્વપ્ન સંબંધી છે. કોઈ બે કાર્પટિકોએ સ્વપ્નમાં સંપૂર્ણ મંડલવાળા ચંદ્રને પોતપોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. બેમાંથી એક જણે એ સ્વપ્ન મૂર્ખને કહ્યું. મૂર્ખાએ પોતાના અબુધપણાથી કહ્યું કે–' આજે તું ભિક્ષા દ્વારા એક પૂર્ણ મંડગ એટલે કે એક જાતની રોટલી અથવા ખાવાની ચીજ તેને પામીશ.' આ મુજબ તેણે મેળવ્યું પણ ખરૂં. એકે આ પ્રમાણે કર્યું, જ્યારે બીજો તો પ્રાતઃકાલમાં ઉઠી, સ્નાન કરી, ફલ અને પુષ્પ હાથમાં લઈને કોઈ પંડિતની પાસે ગયો : અને ત્યાં તેણે પોતાને આવેલા સ્વપ્નને પ્રકાશિત કર્યું. તે પંડિતે તે સ્વપ્નના

ફલ તરીકે–' તને સાત દિવસમાં રાજ્યની પ્રાપ્તિ થશે. '–એમ જણાવ્યું. હવે તે જ નગરમાં રાજા મરણ પામ્યો કે જે પુત્ર વિનાનો હતો અને મંત્રિમંડળે નવા રાજાની શોધ માટે અશ્વાદિ દિવ્યો કર્યાં. એ દિવ્યો દ્વારા પેલો કાર્પટિક અભિષિક્ત કરાયો અને રાજા બન્યો. આ બીના બીજા કાર્પટિકે જાણી. એ બીના જાણ્યા પછી, તેણે પણ વિચાર કર્યો કે–' હવે હું પણ મારૂં સ્વપ્ન પંડિતોને કહીશ. ' આવો વિચાર કરીને, તે બીજો કાર્પટિક ફરીથી એવું સ્વપ્ન લાવવાનો પ્રયત્ન કરતો ઘણું દહીં ખાઈને સુતો, પણ શું એમ કરવાથી પુનઃ તે સ્વપ્નની પ્રાપ્તિ થાય ? ઉપકારિઓ ફરમાવે છે કે–" કોઈ પણ રીતિએ દેવતાની સહાયથી તેવું સ્વપ્ન પુનઃ આવી જાય એ બને, પણ પુનઃ મનુષ્યપણું ક્યાંથી ? " અર્થાત્–તેવા સ્વપ્નની પુનઃ પ્રાપ્તિ કરતાં પણ એળે ગુમાવેલા નરજન્મની પુનઃ પ્રાપ્તિ થવી એ ઘણી જ મુશ્કેલ છે.

૭–ચક્ર દૃષ્ટાન્ત : સાતમું દષ્ટાન્ત ચક્ર સમ્બન્ધી છે. માનો કે–એક લોહમય સ્તમ્ભ ખોડવામાં આવ્યો છે અને એની ઉપર દક્ષિણે કરીને ભમતાં ચાર ચક્રો તથા વામાવર્તથી ભમતાં ચાર ચક્રો એમ આઠ ચક્રો સ્થાપેલાં છે. એ દરેક ચક્રને બાર બાર આરાઓથી યુક્ત કરેલાં છે. એ આઠે ચક્રોની ઉપર તીરછી સ્થાપેલી એક પુતળી પણ નિરંતર ભમે છે. નીચે એક તેલનું કુંડું સ્થાપન કરવામાં આવે છે. એમાં ઉપરનું સઘળુંય પ્રતિબિમ્બિત થાય છે. એમાં જોઈને, ઉંચે જોયા વિના, પુતળીની ડાબી આંખને વિંધવાની હોય છે. આને રાધાવેધ કહેવાય છે. વિંધનારો પુરૂષ વિંધવા માટે તૈયાર થાય, ત્યારે તેને એમ કહેવામાં આવે છે કે–' જો સ્ખલના થશે તો મારીશું. ' વિંધનારા પુરૂષને આવી રીતિએ કહેનારા બે પુરૂષો, સ્ખલના પામેલાને માટે તલવાર કાઢીને જ ઉભેલા હોય છે. આ રાધાવેધ કોઈ રાજપુત્રીને પરણવાને માટે થાય

છે, એટલે જેઓ તે કરવાને શક્તિમાન ન હોય, તેઓ તે કરનારને ઉપસર્ગાદિ કરનારા હોય છે. આવી અવસ્થામાં અપ્રમત્તપણે જે કોઈ અતિ નિપુણ પુરૂષ, દૃષ્ટિ નીચે રાખીને ચક્રોના મધ્યમાંથી લક્ષ્યાભિમુખ શર દ્વારા પુતળીની ડાબી આંખને વિંધે, તેને રાજપુત્રી પરણે ! એ રાધાવેધ જેમ અતિ દુષ્કર છે, તેમ મનુષ્યજન્મ પણ અતિ દુર્લભ છે, એમ ઉપકારિઓ ફરમાવે છે.

૮–ચર્મ દૃષ્ટાન્ત : આઠમું દષ્ટાન્ત ચર્મ સમ્બન્ધી છે. તે એ પ્રમાણેનું છે કે–કોઈ એક સ્થાને એક હ્રદ હતો. એ હ્રદ એક લાખ યોજનના વિસ્તારવાળો હતો, અગાધ પાણીવાળો હતો અને ઘણાં જલચરોથી ભરેલો હતો. એ હ્રદ ઉપલના સમૂહથી પણ નિવિડ હતો અને તેની ઉપર અન્યોઅન્ય મળી ગયેલી શેવાળની જાલો દ્વારા સર્વત્ર એવું આચ્છાદન થયેલું હતું, કે જે સદાને માટે ચર્મ સમાન લાગતું હતું. તે હ્રદમાં એક કાચબો પુત્ર–પૌત્રાદિ સહિત વસતો હતો. તે કાચબો સો સો વર્ષે પોતાની ગ્રીવા બહાર કાઢતો હતો. કોઈ એક દિવસે ગાઢ એવા તે શેવાલચર્મના મધ્યમાં પ્રબલ પવનના ઝપાટાથી એક છિદ્ર પડ્યું. દૈવના યોગે તે કાચબાએ પણ તે સમયે પોતાની ગ્રીવા પ્રસારી અને તે છિદ્ર દ્વારા તે ગ્રીવા પણ તે શેવાલચર્મની બહાર આવી. અચાનક શેવાલચર્મના મધ્યમાં છિદ્ર પડવું, કાચબાએ પોતાની ગ્રીવા પ્રસારવી અને તે ગ્રીવા પણ બહાર આવવી,–એ બધાનો યોગ જેમ અકસ્માત્ થયો, તેમ તે સમયે અકસ્માત્ આકાશ પણ પૂર્ણિમાના ચંદ્રની જ્યોત્સ્ના અને તારામંડલથી મંડિત હતું. એવું સુંદર આકાશ પેલા કાચબાના જોવામાં આવવાથી, તે ખૂબ જ વિસ્મય પામ્યો. સ્નેહથી મૂઢ મનવાળા તેને એમ થયું કે–'આવું દૃશ્ય હું મારા કુટુમ્બને પણ દર્શાવું.' આવા વિચારથી તે અંદર પોતાના કુટુમ્બની પાસે ગયો અને કહ્યું કે–'ચાલો, હું તમને કાંઈક અપૂર્વ દેખાડું.' આમ કહીને પોતાના સઘળા

જ કુટુમ્બિઓની સાથે જેટલામાં તે પાછો ફર્યો, તેટલામાં તો પેલું છિદ્ર પવનથી ઉડેલી શેવાલથી બંધ થઈ ગયું હતું. આથી તે ઘણો ભટક્યો, તે છતાં પણ છિદ્ર તેના જોવામાં આવ્યું નહિ. વિપુલ મહાહ્રદ અને છિદ્ર પૂરાઈ ગયેલું, એટલે ઘણું ઘણું ભટકવા છતાં પણ તે તેના જોવામાં ક્યાંથી જ આવે? છિદ્ર નહિ જડવાથી ખિન્ન થયેલો તે કરૂણ સ્વરે વિલાપ કરે છે: આત્માને અને સ્નેહને અર્થાત્ સ્નેહવિશિષ્ટ એવા પોતાને તે નિંદે છે: અને પશ્ચાત્તાપથી ભરપૂર બનેલો તે ઉદ્વિગ્ન થયો થકો સર્વત્ર ભમે છે. આવો તે કદાચ પુનઃ છિદ્ર પામે અને પૂર્ણ ચંદ્રને તથા પૂર્ણ ચંદ્રથી મંડિત આકાશને જૂએ, પણ મનુષ્યજન્મની પ્રાપ્તિ થવી એ એટલી સુલભ નથી. સ્વજનસ્નેહમાં પ્રતિબદ્ધ બનેલા આત્માઓ, મનુષ્યજન્મને હારી જઈને, દુર્ગતિમાં ગયા થકા ઘણો ઘણો વિલાપ કરવા છતાં પણ, પુનઃ મનુષ્યભવને નથી પામતા. તેઓ તો પાછા અનેકવિધ સામગ્રી પામે અને સફળતા મળી જાય તો ઘણી જ મુશીબતે નરજન્મને પામી શકે છે. માટે ઉપકારી મહાપુરૂષો આ દૃષ્ટાન્ત દ્વારા ફરમાવે છે કે–મનુષ્યજન્મ તે કાચબાને તેવું છિદ્ર મળે અને પૂર્ણ ચન્દ્રથી મંડિત આકાશનું પુનઃ દર્શન થાય એથી પણ વિશેષ દુર્લભ છે.

૯–યુગ દૃષ્ટાન્ત : નવમું દૃષ્ટાન્ત યુગ સમ્બન્ધી છે. વલય આકૃતિવાળો, એક હજાર યોજનનો ઉંડો અને અસંખ્ય યોજનોના વિસ્તારવાળો 'સ્વયમ્ભૂરમણ' નામનો સમુદ્ર છે. એ સમુદ્ર એક વલયની આકૃતિને છોડીને સઘળાય આકારવાળા જલચરોથી ભરેલો છે અને એ સાગર સઘળા પણ સાગરોમાં અંતિમ સાગર છે. એમાં કોઈ દેવ લીલાથી ગાડાના ઉપકરણ રૂપ યુગને પૂર્વ દિશામાં નાખે અને તે યુગની કીલિકાને પશ્ચિમ દિશામાં નાખે. વિચારો કે–હવે આવા અપાર સાગરમાં ભટકતી એ સમિલા તે યુગના છિદ્રમાં કદી પણ

પ્રવેશ પામે ? લાગે છે તો મુશ્કેલ, છતાં પણ કહે છે કે—ભાગ્યયોગે તે સમિલા પણ પ્રચન્ડ પવનની ઉર્મિઓના યોગે ઉછળતી ઉછળતી તે યુગના છિદ્રમાં પ્રવેશ પામી પણ જાય, પણ મનુષ્યપણાથી ભ્રષ્ટ થયેલો જીવ પુણ્યહીનપણાથી પુનઃ મનુષ્યપણાને પામતો નથી.

૧૦–પરમાણુ દૃષ્ટાન્ત : મનુષ્યભવ આદિ સામગ્રીની દુર્લભતાનાં સૂચક દશ દષ્ટાન્તોમાં છેલ્લું દષ્ટાન્ત પરમાણુ સંબંધી છે. માનો કે—એક માણિક્યમય અને મોટા પ્રમાણુ-વાળા ઉત્તમ સ્તમ્ભને કોઈ દેવે ચૂરી નાખ્યો. એ સ્તમ્ભને ચૂરીને તેણે તેનું એવું ચૂર્ણ બનાવ્યું, કે જે પરમાણુ જેવું ખૂબ જ સૂક્ષ્મ હતું. હવે તે ચૂર્ણને તેણે એક નાલિકાની અંદર ભર્યું અને તે લઈને તે દેવ મેરૂ પર્વત ઉપર ચઢ્યો. મેરૂ પર્વત ઉપર ચઢીને તે ચૂર્ણને તે દેવ ફુંકના પવનથી એકદમ ફુંકી નાખે અને એથી તે ચૂર્ણ પરમાણુ રૂપે પ્રચણ્ડ પવનથી ઉડ્યું થકું દિશોદિશ ભાગી જાય. હવે એવો કોઈ પણ શક્તિમાન છે, કે જે તે જ પરમાણુઓથી પુનઃ તેવો જ સ્તમ્ભ બનાવે ! કહેવું જ પડશે કે—નહિ જ. અથવા તો કોઈ ઘણા સ્તમ્ભોવાળી સભા અગ્નિથી બળી ગઈ. હવે એનાં એ જ પુદ્ગલોથી તે સભાને પુનઃ બનાવી શકાય ખરી ? કહેવું જ પડશે કે—નહિ જ. આમ છતાં પણ, માનો કે—કદાચ તે દેવાદિના સાનિધ્યથી બને, પણ જેઓએ સુકૃત નથી કર્યું, તેઓ તો મનુષ્યજન્મને ફરીથી ન જ પામે.

કિંમત સમજો :

પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરી-શ્વરજી** મહારાજા ફરમાવે છે કે—આ દશ દષ્ટાન્તો શ્રુતમાં પ્રસિદ્ધ છે. આ દશ દષ્ટાન્તોનું વર્ણન કોઈ સ્થલે અતિ અલ્પ રૂપે અને કોઈ સ્થલે વિસ્તાર રૂપે કરાએલું હોય અને એથી કેટલાંક વિસ્તારથી અને કેટલાંક ટૂંકમાં એ રીતિએ શાસ્ત્રોમાં

વર્ણવાએલાં મળી આવે, તે સ્વાભાવિક છે. આ દશ દૃષ્ટાન્તો દ્વારા સૂચવાતી વસ્તુ જ અતિ મહત્ત્વની છે. દૃષ્ટાન્તોમાં જણાવેલ તે તે ભોજન આદિ વસ્તુઓ કદાચ દેવતાઈ પ્રભાવના યોગે પુનઃ પ્રાપ્ત થઈ જાય એ શકય છે, પરન્તુ મનુષ્યજન્મની પુનઃ પ્રાપ્તિ થવી એ મુશ્કેલ છે. આથી ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે-મનુષ્યભવ આદિને પામવા છતાં પણ જે આત્માઓ સદ્ધર્મ પ્રત્યે આદરવાળા નથી બનતા અને પાપકર્મોમાં રત બન્યા રહે છે, તે આત્માઓ સંસારના પરિભ્રમણમાં એવા અટવાઈ જાય છે કે-તેમને મનુષ્યભવ આદિ આ સામગ્રીની પુનઃ પ્રાપ્તિ થવી, એ અત્યન્ત મુશ્કેલ બની જાય છે. મનુષ્યભવ, આર્યક્ષેત્ર, આર્યકુલ, આર્યજાતિ, બલ, રૂપ, દીર્ઘાયુષ્ય, નિરોગતા, સુવિવેક, શંકાદિકથી રહિતપણું, ગુરૂવચનના મર્મને સુન્દર પ્રકારે સમજવા જોગો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ અને સંયમ-એ બધી વસ્તુઓ એક-એકથી વિશેષ દુર્લભ છે : એ કારણે મનુષ્યભવ આદિ જે જે દુર્લભ વસ્તુઓ પ્રાપ્ત થઈ હોય, તે તે વસ્તુઓને શ્રી જિનધર્મની આરાધના દ્વારા સફલ બનાવવી જોઈએ. ખરેખર, મનુષ્યભવ આદિની સાચી કિંમત ખ્યાલમાં આવી જાય અને સુવિવેક પ્રગટે, તો એ વસ્તુ સમજાયા વિના રહે જ નહિ કે-અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની આરાધના કરવી, એ જ મનુષ્યભવ આદિને પામ્યાની સાચી સાર્થકતા છે. વસ્તુની કિંમતને સમજી શકનારાઓ, વસ્તુનો જેવો યથેષ્ટ ઉપયોગ કરી શકે છે, તેવો ઉપયોગ વસ્તુની કિંમતને નહિ સમજનારાઓ કરી શકતા નથી. વસ્તુના કિંમતીપણાનું અજ્ઞાન કિંમતીમાં કિંમતી પણ વસ્તુનો ભયંકરમાં ભયંકર દુરૂપયોગ કરાવનારૂં પણ નિવડે છે. આજે તો-'અમે કયાંથી આવ્યા ? આ ભવ શાથી પામ્યા ? અને આ ભવ આદિને પામ્યાની સાર્થકતા કેમ સધાય ?' -એ વિગેરે વિચારો કરવાની દરકાર જ કોને છે ? એવા વિચારો

કરવાની દરકાર પણુ જ્યાં જૂજ આત્માઓને હોય, ત્યાં ધર્મની વિવેકપુરસ્સરની આરાધના કરનારાઓની સંખ્યા અતિ અલ્પ હોય તે સ્વાભાવિક છે. સંસારના સ્વરૂપનો વિવેકપૂર્વક વિચાર કરો, તો તમને જરૂર સમજાય કે–તમને જે સામગ્રી મળી છે, તે સામાન્ય કોટિની નથી પણુ અત્યન્ત દુર્લભ છે અને આ દશામાં બેફામ રહ્યા તો આવી સામગ્રી પુનઃ મળવી એ અત્યન્ત મુશ્કેલ છે. આટલું સમજાયા પછી તો તમે ધર્મને માગતા આવશો.

રાજાનો પ્રશ્ન:

અસ્તુ. અહીં તો પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા, શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની આરાધના કરવા દ્વારા પ્રાપ્ત થયેલ દુર્લભ મનુષ્યભવ આદિને સફલ બનાવવાનું ફરમાવીને, ધર્મદેશનાથી વિરામ પામે છે. ધર્મદેશનાથી વિરામ પામેલા તે અનન્ત ઉપકારી આચાર્ય-ભગવાનને શ્રી **મણિરથ** રાજા એક અગત્યનો પ્રશ્ન પૂછે છે. તમને યાદ તો હશે કે–શ્રી **મણિરથ** રાજા જે સમયે આ અનન્ત-ઉપકારી આચાર્યભગવાનને વન્દન કરવાને માટે આવી રહ્યા હતા, તે સમયે તેમણે રાજમાર્ગમાં એક કારમા કોઢથી પીડાતા આદમીને જોયો હતો અને એને જોવાથી વિષાદના યોગે તેમનું મુખ મલિન થઈ ગયું હતું. શ્રી **મણિરથ** રાજાનો એ વિષાદ કેવા પ્રકારના વિચારોમાંથી ઉત્પન્ન થવા પામ્યો હતો, તેનું શ્રી **મણિરથ** રાજાએ અનન્તઉપકારી આચાર્યભગવાનને પૂછેલ પ્રશ્નમાંથી ઘણું જ સ્પષ્ટ સમાધાન મળી રહે છે. શ્રી **મણિરથ** રાજાએ એ જ પૂછ્યું છે કે–'હે ભગવન્! રાજમાર્ગમાં મેં જોએલા તે અતિશય કોઢવાળા આદમીએ કયું દુષ્કૃત કરેલું છે?'

દુઃખ ન ગમે તો પાપ કેમ ગમે?

શ્રી **મણિરથ** રાજાનો આ પ્રશ્ન પણુ તે પુણ્યાત્માની શ્રદ્ધાલુતા અને સુવિવેકશીલતાનો ખ્યાલ આપનારો છે. અતિશય

કોઢથી પીડાતા તે આદમીએ કાંઈ ને કાંઈ દુષ્કૃત અવશ્ય કર્યું હશે, એવી રાજાની ખાત્રી છે. દુઃખ માત્રનું મૂળ પાપ છે-દુષ્કૃત છે, આટલું જો બરાબર સમજાઈ જાય, તો પાપ પ્રત્યે તિરસ્કાર પ્રગટ્યા વિના રહે? દુઃખ પ્રત્યે સૌનો અણગમો છે અને એથી પાપ પ્રત્યે સૌનો અણગમો હોવો જોઈએ: પણ તેમ નથી: કારણ કે-દુઃખનું વાસ્તવિક કારણ પાપ છે, એ વિષેની પૂરતી સમજ અને શ્રદ્ધા નથી. પાપથી દુઃખ આવે છે-એમ બોલનારા તો આ વિશ્વમાં ઘણા છે, પરન્તુ પોતાને મોંઢે બોલાતી એ વાતને શ્રદ્ધાપૂર્વક માનનારા બહુ થોડા છે. 'પાપથી દુઃખ'-એ વાત જો હૈયામાં બરાબર જચી ગઈ હોય, તો દુઃખને નહિ ઇચ્છનારા પાપને ઇચ્છે છે એ કેમ જ બને! દુઃખથી મુક્ત બનવાને ઇચ્છનારા પાપથી મુક્ત બનવાને ન ઇચ્છે, એ કેમ જ બને? અને પાપથી મુક્ત બનવાને ઇચ્છનારા પાપના સ્વરૂપ આદિનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રત્યે બેદરકાર પણ કેમ જ હોઈ શકે? પાપનાં અને પાપનિવારણનાં કારણોને જાણવાને માટે તો, પાપથી ડરનારા-પાપથી બચવાને ઇચ્છનારા આત્માઓ ખૂબ જ ઉત્સુક હોવા જોઈએ અને એ ઉત્સુકતા હોય તો તત્ત્વજ્ઞાન સંપાદન કરવા પ્રત્યેની આજના જેવી કારમી બેકાળજી હોય, એ પણ શક્ય નથી. આ બધી વસ્તુઓ કલ્યાણના અર્થી આત્માઓએ તો ખાસ વિચારવા જેવી છે. 'પાપથી દુઃખ'-એમ બોલવું અને દુઃખ પ્રત્યે પૂરેપૂરો અણગમો હોવા છતાં પણ પાપપ્રવૃત્તિઓ રસપૂર્વક કર્યા કરવી, એ શું? બોલો છો એ સાચું કે કરો છો એ સાચું? તમને દુઃખ ગમતું હોય તો બોલજો. કોઈ બોલતું નથી, કારણ કે-કોઈનેય દુઃખ ગમતું નથી. જ્યારે દુઃખ ગમતું નથી અને દુઃખનું કારણ પાપ છે એ વાતમાં લેશ પણ સંશય નથી, ત્યારે કહો કે-પાપરસિકતા દેખાય છે, તેનું શું? પાપરસિકતા તો 'પાપથી દુઃખ'-એ વાતમાં સાચી શ્રદ્ધા નથી એમ સૂચવે છે. પાપ થઈ જવું એ

એક વાત છે અને પાપની રસિકતા એ બીજી વાત છે. પાપને આચરનારા સૌ કોઈ 'પાપથી દુઃખ'—એ વાતને માનનારા જ નથી, એમ ન કહેવાય : 'પાપથી દુઃખ'—એમ હૃદયપૂર્વક માનનારાઓ પણ, પાપથી નિવૃત્ત થયેલા ન હોય એ શક્ય છે : કારણ કે—ચારિત્રમોહનીયનો ઉદય સુવિવેકી અને સમ્યગ્જ્ઞાની એવા પણ આત્માને સંયમી બનતાં અટકાવે છે. એવા આત્માઓ ભલે એ કારણે સંયમસાધક ન પણ બની શકે, પરન્તુ તેઓ સંયમસાધનાની અભિલાષાથી પર હોતા નથી અને એ કારણે સંયમશીલ બનવા માટેના શક્ય ઉપાયો આચરવામાં પણ કાળજીવાળા હોય છે. વાત એટલી જ છે કે—'પાપથી દુઃખ'—એમ હૃદયપૂર્વક માનનારાઓમાં પાપરસિકતા નહિ હોવી જોઈએ, પણ પાપભીરૂતા હોવી જોઈએ. પાપથી બચવાની ભાવના હોવી જોઈએ અને થઈ જતા પાપ માટે પણ પશ્ચાત્તાપ આદિ હોવો જોઈએ. દુઃખ તો સૌને નથી ગમતું, પણ દુઃખનું કારણ તો ઘણાને ખૂબ જ ગમે છે. ઉપકારિઓ ફરમાવે છે કે—દુઃખના કારણ પ્રત્યે અરૂચિવાળા બનો. દુઃખથી ડરવાને બદલે દુઃખના કારણથી ડરો. પાપનાં અને પાપનિવારણનાં વાસ્તવિક કારણોના અભ્યાસી બનો અને ઉપકારી મહાપુરૂષોની આજ્ઞા મુજબ પાપથી મુક્ત બનવાને માટે સુપ્રયત્નશીલ બનો.

સોમ અને ભીમ :

હવે શ્રી **મણિરથ** રાજાના પ્રશ્નના ઉત્તરમાં અનન્ત ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા શું ફરમાવે છે, તે જોઈએ. પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ 'અક્ષુદ્ર' તરીકે '**સોમ**'ને અને 'ક્ષુદ્ર' તરીકે '**ભીમ**'ને જણાવીને, **સોમ** અને **ભીમ**ની આ કથા રજૂ કરી છે. **સોમ**ની અક્ષુદ્રતા અને **ભીમ**ની ક્ષુદ્રતાનું વર્ણન હવે આવે છે. અનન્ત ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે—મણિમંદિર

નામનું એક નગર હતું. એ નગર મણિઓથી સુન્દર એવાં મન્દિરોથી શોભતું હતું. એ નગરમાં **સોમ** અને **ભીમ** નામના બે કુલપુત્રો વસતા હતા. એ બન્ને પરસ્પરને એવા તો ચાહતા હતા કે–કદી પણ તેઓ એક બીજાથી વિખૂટા પડતા નહિ. **સોમ** અને **ભીમ** પરસ્પરને અત્યન્ત ચાહનારા હોવા છતાં અને બન્નેની આર્થિક સ્થિતિમાં સમાનતા હોવા છતાં પણ, તે બન્નેમાં ગુણોની લેશ પણ સમાનતા ન હતી. ગુણોની અપેક્ષાએ તો તેઓ એક–બીજાથી વિપરીત જ હતા. તે બન્નેમાં **સોમ** નામનો કુલપુત્ર અનુત્તાન મતિવાળો હતો, અક્ષુદ્ર હતો, ભદ્રિક હતો અને વિનીત હતો. મતિનિપુણતા, એ એક એવી વસ્તુ છે કે–એ અક્ષુદ્રતા આદિ ગુણોની પ્રાપ્તિને સહજ બનાવી દે છે. સુન્દર મતિના પ્રતાપે અક્ષુદ્રતા, ભદ્રિકતા અને વિનીતતા સ્વભાવિક વસ્તુઓ રૂપ બની જવા પામે છે. હવે **સોમ** જ્યારે અનુત્તાનમતિ, અક્ષુદ્ર, ભદ્રિક અને વિનીત હતો, ત્યારે **ભીમ** એથી વિપરીત અવસ્થાવાળો હતો. અર્થાત્–**ભીમ** ઉત્તાન મતિવાળો હતો, ક્ષુદ્ર હતો, અભદ્રિક હતો અને અવિનીત પણ હતો. **સોમ** અને **ભીમ** બન્નેય પારકી નોકરી કરવા દ્વારાએ જીવનનિર્વાહ કરતા હતા, એટલે તે બન્નેની બાહ્ય અવસ્થામાં જેટલી સમાનતા હતી, તેટલી જ આન્તરિક અવસ્થામાં વિષમતા હતી. ખરેખર, બાહ્ય સમાનતા હોવા છતાં પણ આન્તરિક વિષમતા ઘણે સ્થળે હોય છે; આન્તરિક અવસ્થામાં શુદ્ધતાને ધરનારો અને અશુદ્ધતાને ધરનારો, એકસરખા પ્રકારની દુ:ખી કે સુખી અવસ્થાને ભોગવનાર હોય તોપણ, તેના પરિણામમાં ભેદ પડી ગયા વિના રહેતો નથી. એક દુ:ખમાં અને સુખમાં સમભાવશીલ રહી શકે છે, જ્યારે બીજો બન્નેય અવસ્થાઓમાં રીબામણ જ અનુભવે છે. આના પ્રતાપે તે બન્નેમાં ભાવિ અવસ્થાનો ભેદ ઉત્પન્ન થયા વિના રહેતો જ નથી. એકના એક પ્રકારનું પાપ એક જ સમયે આચરનારા બે આદમીઓમાં પણ

પાપરસિક આત્મા જેવા પાપનો ભાગી બને છે, તેવા પાપનો ભાગી પાપભીરૂ આત્મા બનતો નથી. એવીજ રીતિએ, પાપ-બુદ્ધિએ ધર્મક્રિયા કરનારો અને પવિત્ર બુદ્ધિથી ધર્મક્રિયા કરનારો, એ બેમાં એક ડૂબી જાય છે, જ્યારે બીજો તરી જાય છે. મનોવૃત્તિ શું કામ કરે છે, એ ખૂબ જ વિચારવા જેવું છે. દુઃખી અવસ્થામાં **સોમ** અને **ભીમ** એકસરખા હોવા છતાં પણ, તે બન્નેની બુદ્ધિ આદિમાં તદ્દન વિપરીત દશા હતી. એકની બુદ્ધિ આદિ પરમ પુણ્યશાલી આત્માને છાજે તેવી હતી, જ્યારે બીજાની બુદ્ધિ આદિ ભયંકર પાપાત્માને છાજે તેવી હતી.

મંદિરના દર્શનથી ક્ષુદ્ર અને અક્ષુદ્રના વિચારો :

પરસ્પર અવિયુક્તપણે રહેતા તે '**સોમ**' અને '**ભીમ**' કોઈ એક દિવસે કોઈ પણ સ્થળે જવાને માટે નીકળ્યા. કોઈ પણ સ્થળે જતા એવા તે બે જણે શ્રી જિનેશ્વરદેવનું એક મંદિર જોયું. તે મંદિર સૂર્યનાં કિરણોની માફક દીપ્તિમંત હતું અને સુરગિરિના જેવું ઉંચું હતું. આ મંદિરના દર્શન માત્રથી સૂક્ષ્મ મતિવાળા **સોમ**ના હૃદયમાં સુંદર વિચારો ઉદ્ભવ્યા. સૂક્ષ્મ મતિવાળા આત્માઓને માટે જે વિચારો સ્વાભાવિક હોય છે, તે જ વિચારો ઉત્તાન મતિવાળા આત્માઓને માટે અપ્રાપ્ય હોય છે. સુંદર વિચારોથી ઓતપ્રોત બનેલો સૂક્ષ્મ મતિવાળો **સોમ**, **ભીમ**ને ઉદ્દેશીને કહે છે કે-"હે **ભીમ**! આપણે પ્રથમ ભવમાં કાંઈપણ સુકૃત્ય કર્યું નથી, તે જ કારણથી આપણે આ ભવમાં આ જાતિનું પરપ્રેષણપણું પ્રાપ્ત કરેલું છે, આ વાત સુનિશ્ચિત છે : આ વિશ્વમાં મનુષ્યપણા તરીકેની તુલ્યતા હોવા છતાં પણ, જે કેટલાકો રાજા વિગેરે બને છે ત્યારે કેટલાકો પ્રજા આદિ બને છે, તે સુકૃત અને દુષ્કૃતનું ફલ છે, આ વાત પણ વિવાદ વિનાની છે : કારણ કે-કારણ વિના કોઈ પણ કાર્ય બનતું નથી. આથી એ વાત સ્પષ્ટ જ છે કે-આપણે પ્રથમ સુકૃત નથી કર્યું, માટે જ વર્તમાનમાં આપણી આ હાલત છે.

ભાગ્યયોગે જ આપણને આ મંદિર જોવા મળેલ છે, તો આ મંદિરમાં રહેલા દેવને આપણે પ્રણામ કરીએ અને સેંકડો દુઃખોને જલાંજલિ દઈએ."

વિચારો કે–આ વિચારો તુચ્છ મતિવાળા આત્માને માટે શક્ય છે ? નહિ. સૂક્ષ્મ મતિવાળા આત્માઓ જ આવા વિચારો કરી શકે છે. એક સારો અભ્યાસી પણ જેવા વિચારો સહેલાઈથી વિના યોગ્યતાએ ન કરી શકે, એવા વિચારો '**સોમ**'ના છે. આ પ્રતાપ તેની યોગ્યતાનો જ છે. આવા ઉત્તમ કોટિના પણ '**સોમ**'ના વિચારોને વધાવી લેવાનું તો દૂર રહ્યું, પણ ઉત્તાન મતિવાળા **ભીમે** તો એનો સામનો જ કરવાનું કામ પોતાના વાચાલભાવથી આદર્યું. બહુ બોલનાર વાચાલ ગણાય છે. વિચાર અને સંબંધ વિનાનું યથેચ્છ બોલવું, એ બહુ બોલાપણામાં જ ખપે છે. એવી દશાના યોગે **ભીમે સોમનો** સામનો કર્યો. તે **સોમને** ઉદ્દેશીને કહે છે કે–" હે અલ્પમતિ **સોમ** ! સમજ કે– આ જગતમાં–'પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ.'– આ પાંચ ભૂતોના પ્રપંચથી અધિક કોઈ જીવ જ નથી. જેમ આકાશનું કુસુમ નથી, તેમ જીવ પણ નથી. આ દશામાં હે **સોમ** ! દેવાદિ હોવાની તો વાત જ કયી રીતિએ સંભવે ? માટે હે મુગ્ધ ! પાખંડિઓના મુખના અતિ ચંડ-ઉદ્ધત નાચના આડંબરો દ્વારા મુંઝાઈને અલ્પમતિવાળો તું, ફોગટ શા માટે તારા આત્માને કદર્થિત કરે છે ?"

સોમ કેટલો સમય અને ભીમ કેટલો સમય ?

આ રીતિના આ '**સોમ**' અને '**ભીમ**'ના પ્રસંગથી, હવે તમે વિચારી શકશો કે–આ વિશ્વમાં 'સોમ' કેટલા અને 'ભીમ' કેટલા ? તમારે કબૂલ કરવું જ પડશે કે–આ વિશ્વમાં 'સોમ' વિરલ અને 'ભીમ' પાર વિનાના. વધુ વિચારશો તો તમે એ પણ સમજશો કે–" આપણે પોતે પણ 'સોમ' તરીકે જીવનારા અલ્પ સમય અને 'ભીમ' તરીકે જીવનારા

વધુ સમય : કારણ કે-સુંદર વિચારો ભાગ્યે જ આવે છે, જ્યારે અસુંદર વિચારો ધારાબદ્ધ રીતિએ ચાલે છે." એ દશામાં 'સોમ' બનવું ઘણું જ મુશ્કેલ છે. અશુભ વિચારોને 'ભીમ' સંજ્ઞા આપીએ અને શુભ વિચારોને 'સોમ' સંજ્ઞા આપીએ, તો દુનિયામાં ભીમ ઘણા છે અને આપણે પણ ભીમ તરીકે જ ઘણું જીવીએ છીએ, એમ લાગ્યા વિના નહિ રહે. સારા ગણાતા આત્માઓના અંતઃકરણમાં પણ હિતકર અને અહિતકર વિચારોનું દ્વંદ્વયુદ્ધ ચાલુ રહે છે. અયોગ્ય આત્માઓ તો 'ભીમ'ની દશામાં જ જીવે છે એ તો નિર્વિવાદ છે, પણ યોગ્ય આત્માઓના અંતરમાં પણ હિતકર વિચાર રૂપ 'સોમ' અને અહિતકર વિચાર રૂપ 'ભીમ'નું કારમું યુદ્ધ ચાલે જ છે. એ યુદ્ધમાં ભાગ્યવાન આત્માઓના અંતરમાં જ સોમની જીત થાય છે, જ્યારે સામાન્ય કોટિના સારા પણ આત્માઓના અંતરમાં તો મોટે ભાગે 'ભીમ'ની જ જીત થાય છે. આ વાત બરાબર વિવેકપૂર્વક પ્રતિક્ષણે વિચારશો તો તમને લાગશે કે—આપણે ઘણી વાર ભીમ તરીકે જ જીવીએ છીએ. સોમ તો બીચારો બનીને આપણા અંતરમાં સીદાય જ છે.

સ૦ આવું પૃથક્કરણ કરીએ તો તો ભીમને ભાગવું જ પડે !

'ભીમ'ને ભગાડવા માટે તો આપણે આ વિચારો કરીએ છીએ. અંતરમાં ચાલતા વિચારોનું વિવેકપૂર્વક પૃથક્કરણ કરવાનું જ્યાં સુધી નહિ શીખો, ત્યાં સુધી તમે સાચા 'સોમ' બનવાના નથી અને એ વિના ધર્મની સાચી આરાધના પણ શક્ય નથી. આવી જાતિના પૃથક્કરણથી પર બનેલા આત્માઓ તો, ધર્મની આરાધનામાં પણ વિરાધના ઘણી કરે છે. 'હું આત્મા છું અને શરીર જડ છે.'—આ વિચાર સદાને માટે જીવંત રહે, તો જ આત્મા 'સોમ' તરીકે જીવી શકે છે. આત્માને નહિ માનનારાઓ તો 'ભીમ' છે, એ વાતમાં તો વિવાદ જ નથી : પણ આત્માને માનનારાઓમાં પણ એ માન્ય-

તાને જીવંત નહિ રાખનારા આત્માઓ, ઘણી વાર ‘ ભીમ ’ બની જાય છે. આત્માને નહિ માનનારાઓને ‘ ભીમ ’ બનવું એ મુશ્કેલ નથી : કારણ કે–એ બીચારાઓ શરીરના જ ગુલામ બને છે. તેઓને શરીરની સુધારણામાં જ સર્વસ્વ જણાય છે. શરીરની સુધારણા માટે આજે અકર્ત્તવ્યોને પણ તેવાઓએ કર્ત્તવ્યો તરીકે બનાવી લીધાં છે. શરીરની સુધારણા માટે કરાતી વાતોમાં જો ધર્મ–અધર્મની વાત સમજાવવામાં આવે, તો આજના ઘણા એવા ભીમો છે, કે જે લાલચોળ બની જાય છે અને વાનરે જેવી દશા સુગરીની કરી–એવી દશા ઉપદેશકની કરવાને તૈયાર થઈ જાય છે. આવા ભીમોને આત્મકલ્યાણકારી દાન, શીલ, તપ અને ભાવ જેવા અનુપમ ધર્મના પ્રકારો સાથે લેવા-દેવા જ નથી. એવાઓનાં દાન પણ શરીરની પૂજા માટેનાં જ, એવાઓનાં શીલ પણ શરીરની રક્ષા અને પુષ્ટિ માટેનાં જ, એવાઓનો તપ પણ શરીરના આરોગ્યના હેતુથી જ અને એવાઓના વિચારો પણ શરીરની રક્ષા આદિ માટે જરૂરી પૌદ્ગલિક વસ્તુઓ માટે જ અને એ જ એવાઓનો ભાવધર્મ.

સાધુઓએ ખ્યાલમાં રાખવું જોઈએ :

આવી દશા આત્માને નહિ માનનારાઓની હોય એ વાત જૂદી છે, પણ આત્માને માનવાની વાતો કરનારાઓ પણ જો એવી જ દશાના ઉપાસકો બની જાય, તો એ કેટલું બધું ભયંકર ગણાય ? આત્માને માનવા છતાં પણ આત્મદૃષ્ટિએ વિચાર જ નહિ, એ ‘ ભીમ ’ પ્રત્યેની શરણાગતિ શિવાય શું છે ? આત્મહિતની વિચારણામાંથી ખસેડીને પૌદ્ગલિક વિચારો તરફ ધસડનારો ‘ ભીમ ’જ છે. આત્મહિતમાં પ્રમત્ત બનેલાઓને ખોટા અને પાપવર્ધક બચાવો કરવાનું શીખવનાર, અંતરમાં રહેલો ‘ ભીમ ’જ છે. અંતરમાં ‘ સોમ ’ને સ્થાનશેષ કરીને ‘ ભીમ ’ને સ્થાનસ્થિત કરનારા સાધુઓ પણ ભાનભૂલા બને, તો પછી ગૃહસ્થોની તો વાત જ શી ?

૩૦ સાધુઓ અને ભાનભૂલા ?

સાધુઓ પણ જો સદા હિતકર વિચાર રૂપ સોમના ઉપાસક ન બન્યા રહે, તો તેઓ પણ ઘણી જ સહેલાઇથી ભાનભૂલા બની શકે છે. સાધુઓ અને આળસુ, સાધુઓ અને કારમા પ્રમાદી, સાધુઓ અને પૌદ્‌ગલિક વસ્તુઓના શોખીન, સાધુઓ અને શરીરના પૂજારી, સાધુઓ અને જ્ઞાનના ખપી થવાના બદલે પુસ્તકો કે કબાટો આદિના સંગ્રહમાં રાચનારા, સાધુઓ અને વસ્ત્ર–પાત્ર આદિની સુંદરતાના મોહમાં ફસીને સંયમને ભૂલનારા, સાધુઓ અને નામનાની લિપ્સાને આધીન બનીને ઉન્માર્ગનો પણ ઉપદેશ આપનારા, સાધુઓ અને આચાર્યાદિ પ્રત્યેના વિનય આદિથી બેદરકાર, સાધુઓ અને ગુરૂકુલવાસને છોડીને યથેચ્છ ભટકનારા, સાધુઓ અને વિના અધિકારે ઉપદેશક આદિ બનવાની લાલસાવાળા તથા સાધુઓ અને સેવા યોગ્ય પાસેથી પણ સેવા લઇને મદોન્મત્ત થનારા, આ અને આવી આવી અનેક વસ્તુઓના યોગો ન સંભવી શકે એવા છે: આમ છતાં પણ, અનંતજ્ઞાનિઓની આજ્ઞાને અનુસરતા 'વિચાર' રૂપ 'સોમ'ને સ્થાને વિપરીત વિચાર રૂપ 'ભીમ ને સ્થાનસ્થિત કરનારા સાધુઓ સાથે, અનેક અસંભવિત એવી અયોગ્ય વસ્તુઓનો યોગ થઇ જાય છે. આવી અસંભવિત વસ્તુઓના યોગથી બચવાને માટે સાધુ માત્રે પણ આજ્ઞાયુક્ત વિચારને અંતરમાં સ્થાન આપીને 'સોમ' બનવાની જરૂર છે. યોગ્ય વસ્તુના યોગને પામીને યોગ્ય વિચારના ઉપાસક બનવું, એ દશા 'સોમ' જેવી દશા છે : જ્યારે યોગ્ય વસ્તુના આલંબનને પામ્યા પછી પણ અયોગ્ય વિચારના ઉપાસક બનવું, એ દશા તો 'ભીમ 'ના જેવી જ છે. આવાં દષ્ટા-તો દ્વારા પણ જો, આ રીતિએ આત્મનિરીક્ષણ કરવામાં આવે, તો ઘણું ઘણું હિત સાધી શકાય છે. પ્રભુશાસનના ઉંચા માર્ગને પામેલા મુનિઓ પણ જો એ માર્ગને અનુસરતી વિચારણાઓના ઉપાસક નહિ

બનતાં પૌદ્ગલિક વિચારણાઓના ઉપાસક બનશે, તો એ વર્તમાન શાસનના **ભીમ** બનીને પોતાના આત્માને માટે ભયંકર બનવા સાથે શાસનના ભદ્રિક આત્માઓને માટે પણ ભયંકર જ બનશે. અહિંસક હોવાનો દાવો કરનારો મુનિ, હિંસક પ્રવૃત્તિઓના વિચારમાં નિમગ્ન બનીને એવી જ જાતિની પ્રવૃત્તિઓ અને પ્રરૂપણાઓ કરે, તો એ મુનિ વેષધારી બની જવા સિવાય અધિક સારો શી રીતિએ રહી શકે તેમ છે? નિંદા આદિનો વ્યસની બનેલો મુનિ, પરનાં છિદ્રો જોવામાં મશ્ગુલ બનેલો મુનિ અને સાચી-ખોટી રીતિએ પણ પોતાની મોટાઈનું તેમજ અન્યની હલકાઇનું જ પ્રકાશન કરવામાં પ્રસન્ન થનારો મુનિ, અન્યના ગુણો જોવાને બદલે દોષો જોનારો બની જાય અગર તો ગુણોને પણ દોષો રૂપે જોનારો બની જાય એ સહજ છે. પોતાના દોષોને છૂપાવીને પોતાના નહિવત્ ગુણોને પણ મહાગુણો રૂપે વર્ણવવાનો શોખીન બનેલો મુનિ, '**સોમ**' જેવી દશાને ક્યાંથી જ પામે? **સોમ** જેવી દશાને પામવાને માટે તો સન્માર્ગના સાચા ઉપાસક બનવું પડશે.

સોમ કોણ બને?

કોઈ પણ કલ્યાણકામી, પછી તે ભલે મુનિ હોય કે શ્રાવક હોય, પણ જો તે આ પ્રસંગ ઉપરથી વિચારશે તો સમજી શકશે કે-હું સૂક્ષ્મ મતિવાળો છું કે ઉત્તાન મતિવાળો છું? કારણ કે-સૂક્ષ્મ મતિવાળો આત્મા '**સોમ**' જેવો વિચારશીલ બને છે, ત્યારે ઉત્તાન મતિવાળો આત્મા '**ભીમ**' જેવો વિચારહીન બને છે. સુંદર વિચારવાળા આત્માઓ જ તત્ત્વજ્ઞોના વિશ્વમાં વિચારશીલ મનાય છે અને અસુંદર વિચારવાળા આત્માઓ તો વિદ્વાન હોય તોય વિચારહીન મનાય છે. સારો વિચાર પ્રાયઃ આવે જ નહિ, એવા આત્માઓ '**ભીમ**' જેવા જ ગણાવા જોઈએ. આત્મા આદિની માન્યતાથી દૂર જ ભાગનારા આત્માઓ પણ '**ભીમ**' જેવા જ મનાવા જોઈએ.

જેઓને આત્મા આદિની વાતને સાંભળતાં જ ચમકારો થાય, એવા આત્માઓને ધર્મ આદિના વાસ્તવિક વિચારો સ્વયમેવ આવે નહિ અને કોઇ ધર્મના વિચારોને સંભળાવે તોય રૂચિ ન થાય પણ સામનો કરવાનું જ મન થાય. આ સઘળોય પ્રતાપ ઉત્તાનમતિપણાનો એટલે ક્ષુદ્રતાનો છે. હવે જે આત્માઓ આત્મા આદિને માનનારા ગણાય છે, તેઓમાં પણ એવા ઘણા છે, કે જેઓને ધર્મનો વિચાર આવતો નથી. એવાઓ પણ પૌદ્ગલિક પદાર્થોની લાલસામાં જ સડનારા હોય છે અને એથી એવાઓ પણ **ભીમ**ના જેવા જ ગણાવા જોઈએ. હવે જેઓને ક્વચિત્ ક્વચિત્ સારા વિચારો આવે, પણ આવતાંની સાથે જ વિપરીત વિચારોનો જે હલ્લો થાય, તેને જેઓ આધીન થઈ જાય, તેઓ પણ '**સોમ**' જેવા બની શકે નહિ. '**સોમ**' જેવા તો તે બને, કે જે સૂક્ષ્મ બુદ્ધિવાળા હોય અને ઉત્તાન બુદ્ધિના વિચારોને આધીન થનારા ન હોય.

મન્દિરમાં :

અહીં તો **સોમે** પોતાના ઉત્તમ વિચારો જાહેર કરીને '**ભીમ**'ને દેવના દર્શન–નમનને માટે પ્રેરણા કરી, પણ જ્યારે **ભીમે** પોતાની ઉત્તાન મતિનું નૃત્ય આરંભ્યું અને **સોમ**ને પણ દેવના દર્શન આદિથી વંચિત કરવાનો પ્રયત્ન આરંભ્યો, ત્યારે તેની ઉપેક્ષા કરીને **સોમ** પોતે પોતાની શુદ્ધ બુદ્ધિના બળે દેવના દર્શન–નમન માટે સજ્જ થયો. પોતાની વાચાલતા દ્વારા **ભીમે સોમ**ને વાર્યો, તે છતાં પણ '**સોમ**' તો ચંદ્ર જેમ ચંદ્રિકાવાળો હોય છે તેમ શુદ્ધ મતિ રૂપ જ્યોત્સ્નાવાળો હતો, એટલે એના ઉપર તેની કશી જ અસર થઈ નહિ. શુદ્ધ મતિ રૂપ જ્યોત્સ્નાવાળો અને જેનો અજ્ઞાન રૂપ અંધકાર અથવા તો પાપ રૂપ અંધકાર શમી ગયો છે, એવો **સોમ** પોતાના શુદ્ધ નિશ્ચયને વળગી રહીને શ્રી જિનભવનમાં ગયો. શ્રી જિનભવનની અંદર જઇને તે **સોમ** ભુવનબન્ધવ શ્રી જિનેશ્વરદેવને નમે છે.

નમે છે એટલું જ નહિ, પણ એક રૂપીઆનાં પુષ્પો લઇને ઉત્કટ કોટિની ભક્તિ દ્વારા તે શ્રી જિનેશ્વરદેવને પૂજે છે. તે ઉત્તમ ધર્મક્રિયાના પુણ્યના વશથી તે **સોમ** મનુષ્યભવના આયુષ્યની સાથે બોધિબીજને પણ ઉપાર્જે છે.

ભીમને તજો :

આ રીતિએ, જેઓ ઉત્તમ વિચારોને કરી શકે છે, તેઓએ '**ભીમ**' જેવા વિચારોને વશ થયા વિના પોતાની હિત-સાધનામાં ઉદ્યમવંત બન્યા રહેવું જોઈએ અને તેમ કરનારાઓ જ '**સોમ**' જેવા બની શકે છે. જેમ **ભીમ** જેવાના વિચારો-થી બચવાનું છે, એ જ રીતિએ પોતાના આત્મામાં પણ ઉત્પન્ન થતા 'ભીમ' વિચારોથી બચવાનું છે. એક સારો વિચાર આવતાંની સાથે અનેક વિપરીત વિચારો આવવા, એ પણ બનવાજોગ છે : પરન્તુ એ વિપરીત વિચારોના ઉપદ્રવમાં જે સ્થિર નહિ બને, તે પોતાના શુદ્ધ વિચારનો પણ અમલ નહિ કરી શકે. કેટલાક સાધુઓમાં કારમી પ્રમાદશાલતા, પ્રત્યેક ક્રિયામાં શિથિલતા, છતી શક્તિએ તપ અને સંયમ પ્રત્યેના બેદરકારી, વિના ભૂખે પણ સ્વાદની ખાતર ખાવા–પીવાની લોલુપતા, નિર્દોષતા પ્રત્યે લક્ષ્યનો અભાવ અને સુંદર તથા અનુકૂળ વસ્તુઓ પ્રત્યે જ લક્ષ્ય,–આ બધું ઓતપ્રોત થયેલ દેખાય છે, તે ભીમ વિચારોની સામે તેઓ નહિ ટકી શક-વાના પ્રતાપે જ દેખાય છે. એવા પણ સાધુઓ જો **સોમ** જેવા બનીને **ભીમ** જેવા સાથીઓ અને ભીમ જેવા વિચારો-ની સામે ટકવા જેટલું સામર્થ્ય કેળવી લે, તો પોતાને પ્રાપ્ત થયેલ સંયમ–સુરતરૂની સાધનામાં કદી જ શિથિલ ન બને અને મળેલ સુંદરમાં સુંદર વસ્તુની સુંદરતમ આરાધના કરી શકે.

જ્ઞાનના નામે શિથિલતા હોય ?

ઘરબાર અને માતાપિતા આદિને અથવા તો દુનિયાદારીને

મેળવવા-ભોગવવા આદિની આશાને પણ તજીને દીક્ષિત થયેલા આત્માઓ કાંઈ માંયકાંગલા નથી હોતા, પણ જો દીક્ષિત થયા બાદ પણ તેઓ **ભીમ** જેવા ભયંકર સાથીઓના સહવાસમાં આવી જાય છે અથવા તો ભીમ જેવા ભયંકર વિચારોના ભોગ બની જાય છે, તો એવાઓનો ભયંકર પાત થઈ જાય, એ કાંઈ આશ્ચર્યજનક બનાવ નથી. સંયમસાધક જ્ઞાનના નામે સાધુઓ જો વિગઈ આદિના ઉપાસક બની જાય, તપોવર્ધક જ્ઞાનના નામે સાધુઓ જો તપના વૈરી જેવા બની જાય, ક્રિયાઓમાં સુંદરમાં સુંદર સ્ફુર્તિ આણનાર જ્ઞાનના નામે સાધુઓ જો ક્રિયામાં શિથિલ બની જાય, નિદ્રા આદિના પરમ શત્રુ એવા જ્ઞાનના નામે સાધુઓ જો ભયંકર રીતિએ નિદ્રા આદિ પ્રમાદના ઉપાસક બની જાય, સાચી જાતિના નમ્ર બનાવનાર જ્ઞાનના યોગે પણ સાધુઓ જો અભિમાન રૂપી કારમા દાહજ્વરથી જ્વરિત બની જાય અને વિનય, વૈયાવચ્ચ તથા ભક્તિ આદિ ગુણોને ખીલવનાર જ્ઞાનના પ્રતાપે પણ સાધુઓ જો વિનય કરતાં શરમાતા, વૈયાવચ્ચને વેઠ માનતા અને ભક્તિ આદિમાં લઘુતા માનતા અગર તો કંટાળતા બની જાય, તો સમજવું જ જોઈએ કે-એ બીચારા કાં તો **ભીમ** જેવાના દોસ્ત બન્યા છે અથવા તો ભીમ જેવા વિચારોના ગુલામ બન્યા છે.

દાંભિકતા :

જે તારકોની હિતશિક્ષાથી સન્માર્ગ પામ્યા, તે જ તારકોની હિતશિક્ષા પણ જ્યારે સહન ન થાય, ત્યારે તેવા સાધુઓએ સમજવું જોઈએ કે-' ગમે તે પ્રકારે અમારા ઉપર **ભીમ** જેવા સાથીની અગર તો ભીમ જેવા વિચારોની કારમી અસર થઇ છે. ' સંસારની અસારતા, પૌદ્ગલિક લાલસાઓની ભયંકરતા અને શરીર પ્રત્યેની મમતા, વૈરાગ્યવિરોધિની વિલાસવૃત્તિ, રસનાની પરાધીનતા, વિષયો પ્રત્યેની આસક્તિ તથા આરાધનામાં પ્રમાદ આદિની ભયંકરતા બતાવતી કડકમાં કડક દેશનાને વધાવી

લેનારા અને જે કોઈ એવી દેશના માટે યદ્વા તદ્વા બોલે તેઓને દુર્લભબોધિ, બહુલસંસારી આદિ તરીકે ઓળખતા અને ઓળખાવતાઓ પણ, જ્યારે પોતાની જાત વિષેની સાચી અને સ્વપરહિતની અપેક્ષાએ કરાએલી પણ ટીકાને ન સહી શકે, ત્યારે તો એવાઓને સાચા સ્વરૂપમાં ઓળખવા, એ પણ સામાન્ય આત્માઓને માટે અત્યન્ત મુશ્કેલ બની જાય છે: કારણ કે-હૃદયના **ભીમ** હોવા છતાંય એવાઓ **સોમ**ના ઝબ્બામાં રહેનારા ભયંકર દંભિઓ હોય છે. એ દંભના પ્રતાપે તેઓને તેઓના વાસ્તવિક સ્વરૂપમાં સામાન્ય જનો ન પિછાની શકે એ જેમ સહજ છે, તેમ એવાઓથી સ્વયં બચીને અન્યોને બચાવવાની પ્રવૃત્તિ કરનારા આત્માઓ અમુક કાલને માટે તેઓને કજીયાખોર આદિ લાગે એ પણ સહજ છે.

દાનને અંગે:

તમે પણ જો તમારી જાતને માટે વિચારશો, તો તમને પણ લાગશે કે-તમારી આજુબાજુ પણ ઘણા ભીમો ફરે છે અને તમારા અંતરમાં પણ ભીમ વિચારોનો ઓછો ઉત્પાત નથી. દાનનો વિચાર પ્રથમ તો આવશે નહિ, દાનનો વિચાર આવશે તો પ્રતિપક્ષી વિચારો આપનારા સાથીઓ પણ મૌજૂદ છે અને સાથે હૈયામાં એવા વિચારો પણ છે જ કે-" લક્ષ્મી એ જ દુનિયામાં સારી રીતિએ જીવાડનારી વસ્તુ છે. એના વિના દુનિયામાં પણ અને ધર્મસ્થાનમાં પણ ક્યાં કિંમત થાય છે?" આવા વિચારોના પ્રતાપે, લક્ષ્મી પ્રત્યેની મમતા વધી જાય છે અને દાનના વિચાર હવામાં જ ઉડી જાય છે. એવા પણ માણસો હોય છે, કે જેઓ એમ વિચારે કે-' મારા પૉઝીશન માટે આ જોઈએ અને તે જોઈએ, એટલે પાંચ-પચાસ લાખ હોય ત્યાં સુધી તો દાનનો વિચાર કરવો એ પણ ઉચિત નથી. આપણી પાસે શું ઉભરાય છે, તે આપણે દાતાર બની જઈએ? પૂર્વના પુરૂષોની ઉદારતાનાં વર્ણનો આવે છે,

પણ તેઓ પાસે લક્ષ્મી કેટલી? આપણી પાસે તો કાંઇ જ નથી. એટલી લક્ષ્મી હોય અને ઉદાર બનીએ એ શોભે. આપણી પાસે જે છે, તે તો આપણે માટે પણ ઓછી પડે તેમ છે.' આવા આવા અનેક વિચારો ઉઠે પણ છે અને એથી દાનની થયેલી ભાવના પણ પરાવર્તનને પામીને કારમી કૃપણતા સ્વામિત્વને લે છે. એ જ દશા શીલને માટે, તપને માટે અને શુભ ભાવધર્મની આરાધનાને માટે સમજી લેવા જેવી છે.

શીલને અંગે:

સર્વથા બ્રહ્મચર્યની વાત બાજુએ રહી, પણ ચતુર્માસ આદિમાં બ્રહ્મચર્યની વાત આવે, પર્વદિવસો માટેના બ્રહ્મચર્યની વાત આવે, પરસ્ત્રીના ત્યાગની વાત આવે, ત્યારે પણ આજુબાજુ અને અંતરમાં ક્યાં ઓછો ઉત્પાત મચે છે? એવા ઉત્પાતના સમયે શીલ માટેનું સઘળુંય સામર્થ્ય જાણે નષ્ટ પ્રાય: થઈ ગયું હોય, એવી દશા અનુભવાય છે. "બાપ રે! શીલ તે કેમ પળાય? મહાપુરૂષોએ પણ ભોગો ક્યાં નથી ભોગવ્યા? શું આપણે ખૂબ જ આસક્ત છીએ? આસક્તિ વિના જ ભોગોને ભોગવીએ એમાં શું? જ્ઞાનિઓએ ક્યાં સર્વથા ના પાડી છે? એ તો ભાઇ! શક્તિના પ્રમાણમાં જ કરાય!"—આવા આવા અનેકવિધ વિચારોથી શીલના સામર્થ્યનું પણ છિન્ન–વિચ્છિન્નપણું થયા વિના રહેતું નથી.

તપને અંગે:

તપની વાત આવતાંની સાથે જ શરીર યાદ આવે. એ વખતે, શરીર સારૂં અને સશક્ત હોય તો પણ માંદું અને અશક્ત લાગે. વ્યવહારની સઘળી વાતોમાં સશક્ત લાગતું શરીર, તપની સાધનામાં જ અશક્ત લાગે. "શરીર હશે તો ધર્મ થશે, માટે એને તો સારૂં અને મજબૂત બનાવવું જોઇએ: તપથી તો શરીર અશક્ત બની જાય: આપણે એવું તે શું ખાઈ નાખીએ છીએ? આપણે ભલે ઘણી વાર ખાતા હોઇએ,

પણ એકાસણાવાળાય ક્યાં ઓછું ખાય છે? આયંબિલવાળા પણ કાંઈ સ્વાદ નથી કરતા, એવું થોડું જ છે? ઉપવાસવાળા પારણે–ઉત્તરપારણે ક્યાં બાકી રાખે છે? વળી શું તપ ન થાય તો કાંઈ કલ્યાણ ઓછું જ અટકી જાય છે? ભગવાને પણ ક્યાં શક્તિ ઉપરાંત તપ કરવાનું કહ્યું છે અને શક્તિ મુજબ આપણે પણ નવકારશી ક્યાં નથી કરતા?"–આવા આવા શિથિલતાને આણનારા અનેકવિધ વિચારોથી, જાગેલી પણ તપની ભાવના, શીર્ણ–વિશીર્ણ થઇ જાય છે.

શુભ ભાવને અંગે:

શુભ ભાવની બાબતમાં પણ લગભગ એ જ દશા છે. "શુભ ભાવ ખરો, પણ આપણે ક્યાં એવા અશુભ ભાવ કરીએ છીએ? અપરાધી હોય, આપણું બગાડવાને ઇચ્છતા હોય અને એવા એવા જે જે આપણા માટે હાનિકર હોય, એવાઓને માટે પણ જો આપણે કરવાજોગ વિચારો ન કરીએ, તો તે આપણને કેમ પાલવે? એવાનું તો બૂરૂં પણ ઇચ્છવું પડે. આપણું કોઈ અપમાન કરે, તો એ આપણે કેમ જ નિભાવી લઈએ? સંસારમાં રહેવું છે, એટલે–'થાય તેવા થઈએ તો જ ગામ વચ્ચે રહીએ ને?' આપણે કાંઇ સાધુ છીએ, કે જેથી ગામ છોડીને ચાલ્યા જઈએ?"–આવી આવી વિચારણાઓથી, અંતરમાં આવેલી શુભ ભાવને આરાધવાની અભિલાષા પણ, અસ્તોવ્યસ્ત થયા વિના રહેતી નથી.

દેવપૂજા, ગુરુસેવા અને ધર્માચરણ:

આવી જ રીતિએ દેવપૂજા, ગુરૂસેવા અને ધર્મના આચરણને મલિન કરનારા વિચારોનો પણ સામનો જેવો જોઈએ તેવો નહિ થઈ શકવાથી, દેવપૂજામાં પણ જાતપૂજા, ગુરૂસેવામાં પણ સ્વનામના અને ધર્મની આચરણામાં પણ પોતાની પ્રશંસા આદિ કરાવવાની ભાવનાની ઉપાસના થાય છે. સુદેવ અને

કુદેવ તથા તેની પૂજાના હેતુને જાણવા છતાં પણ, લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વ તરફ ઘસડનારા વિચારોનું શરણ સ્વીકારાય છે. સુગુરૂ અને કુગુરૂને ઓળખવા છતાં તથા સુગુરૂને પણ શા માટે માનવા જોઈએ એમ જાણવા છતાં પણ, લોકવ્યવહારને તાબે થઇને કુગુરૂની પણ ઉપાસના કરવાનું મન થાય છે અને સુગુરૂની ઉપાસનામાં પણ સમજવા છતાં લોકોત્તર મિથ્યાત્વની ઉપાસના થાય છે. ધર્મની આચરણામાં પણ વિવેક છતાંય વિષાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન અને અનનુષ્ઠાન, કે જેને ઉપકારિઓએ અસદ્ અનુષ્ઠાનો તરીકે ઓળખાવેલ છે, એનું પણ આચરણ થઈ જાય છે. આ બધોય પ્રતાપ ભીમ જેવા સાથીનો અથવા ભીમ જેવા વિચારનો છે. દાનાદિના સમ્બન્ધમાં સર્વ શ્રાવકોની આવી દશા છે એમ નથી, પરન્તુ આવી દશાનો અભાવ છે એમેય નથી. અત્યારની મોટા ભાગની દશા એવી છે, કે જે દશાને અંગે આ જાતિનું સૂચન કરવું, એ પણ પરમ આવશ્યક છે.

અનુત્તાનમતિ આદિ બનો :

સોમપણાને પામવાને ઇચ્છનારે અને ભીમપણાથી બચવાને ઇચ્છનારે, ઉપકારી મહાપુરૂષે વર્ણવેલા **સોમ**ના અને **ભીમ**ના સ્વરૂપને બરાબર સમજી લેવું જોઈએ. **સોમ**ને માટે ઉપકારી મહાપુરૂષે ચાર વિશેષણોનો ઉપયોગ કર્યો છે. એક તો એ કે–**સોમ** અનુત્તાનમતિ હતો; અર્થાત્–સૂક્ષ્મ બુદ્ધિવાળો હતો. સૂક્ષ્મમતિ આત્માઓ સુપર્યાલોચિતકારી બને છે. વિવેકપૂર્વકની વિચારણા કરીને પ્રવૃત્તિ કરનારા આત્માઓ અહિતકર પ્રવૃત્તિથી બચી શકે છે અને હિતકર પ્રવૃત્તિમાં યોજાઈને સ્વ–પરના કલ્યાણને સાધનારા બની શકે છે. સૂક્ષ્મ મતિને ધરનારા આત્માઓ ધર્મના નામે અધર્મના ઉપાસક બનતાં તો બચી શકે છે, પરન્તુ અધાર્મિક આચરણ કરવું પડતું હોય તેવા સમયે પણ, વિવેકશીલ હોવાના કારણે, અન્યોની જેમ પાપથી લેપાતા નથી. **સોમ**ને અક્ષુદ્ર તરીકે જણાવીને ઉપકારી

મહાપુરૂષે ફરમાવ્યું છે કે-તે પુણ્યાત્મા તુચ્છ નહિ હતો, પરન્તુ ગમ્ભીર હતો. સૂક્ષ્મમતિ બન્યા વિના ગમ્ભીરતા આવવી એ શક્ય નથી. સાચા ગમ્ભીર પણ તેઓ જ બની શકે છે, કે જેઓ અનુત્તાનમતિ હોય છે. **સોમને** ભદ્રક અને વિનીત તરીકે પણ ઉપકારિએ વર્ણવ્યો છે. સૂક્ષ્મ મતિ અને ગામ્ભીર્યના સ્વામી આત્માઓમાં ભદ્રકતા અને વિનીતતા હોવી, એ તો સહજ છે. ભદ્રક આત્માઓથી પાપ નથી આચરાતું એમ નહિ, પણ તે આત્માઓમાં ઇતરોના જેવી પાપરસિકતા નથી હોતી. પાપરસિક આત્માઓ પાપ આચરતાં પૂર્વે અને પાપ આચર્યા પછી જે જાતિની વિચારણાઓ અને પ્રવૃત્તિઓમાં મગ્ન બને છે, તે જાતિની વિચારણા અને પ્રવૃત્તિથી ભદ્રક આત્માઓ પર રહે છે. આ દુનિયામાં એવા અભદ્રક આત્માઓ ઘણા છે, કે જેઓ પાપના રસિક હોવા છતાં પણ, દુનિયામાં પાપના ભીરૂ અને પાપના ત્યાગી તરીકેની નામનાપૂર્વક જીવવાની તીવ્ર અભિલાષા ધરાવે છે: એ અભિલાષાના યોગે એવા અભદ્રક આત્માઓ નિરંતર પાપવિચારોમાં મગ્ન રહે છે: કારણ કે-તેમને સર્વ પ્રવૃત્તિઓમાં દમ્ભના જ ઉપાસક બન્યા રહેવું પડે છે. પાપ કરવા છતાંય પુણ્યશાલી તરીકેની નામનાને ભોગવવાને માટે પાપને સફાઇથી આચરવા માટેની અને પાપને આચર્યા પછીથી તેને છૂપાવી રાખવા માટેની ચિન્તાથી તેઓ અહોનિશ ઘેરાએલા રહે છે. એ જાતિની મનોદશા આત્માને સંસારમાં ખૂબ જ રૂલાવનારી નિવડે એ સહજ છે. ભદ્રક આત્માઓ એવા નિધ્વંસ પરિણામવાળા બની શકતા નથી. સૂક્ષ્મ મતિને ધરનારા, ગમ્ભીર અને ભદ્રક આત્માઓમાં સાચી વિનીતતા આવવી એય સહજ છે. તેવા આત્માઓ તેથી વિપરીત સ્વરૂપના **ભીમ** જેવા આત્માઓની જેમ અવિનીત બની શકતા નથી. આ કારણે, કલ્યાણના અર્થી આત્માઓએ ઉત્તાન મતિવાળા, ક્ષુદ્ર, અભદ્રક અને અવિનીત નહિ બનતાં, અનુ-

ત્તાન મતિવાળા, અક્ષુદ્ર, ભદ્રક અને વિનીત બનવું જોઈએ. આમ અનુત્તાન મતિવાળા આદિ બનેલા આત્માઓ ધર્મને ઘણી સહેલાઈથી પામી શકે છે અને ધર્મની આરાધના પણ સુન્દર પ્રકારે કરી શકે છે. **સોમ** જેવા બનવાને ઇચ્છનારા આત્માઓએ, **ભીમ** જેવા આત્માઓની પોતાના ઉપર કશી જ અસર ન પડે, એની પણ ખાસ કાળજી રાખવી જોઇએ અને **ભીમ** જેવા આત્માઓના ગમે તેટલા પણ વિરોધને ગણકાર્યા વિના જ, આત્મકલ્યાણની સાધક પ્રવૃત્તિઓમાં આદરવાળા બની જવું જોઈએ.

સોમ અને ભીમ ભવાન્તરમાં :

અક્ષુદ્રતા ગુણની આવશ્યકતાના સમર્થનમાં **સોમ** અને **ભીમ**નું આ દૃષ્ટાન્ત, પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ ફરમાવ્યું છે. અક્ષુદ્ર **સોમ** છે અને ક્ષુદ્ર **ભીમ** છે. એક અક્ષુદ્રે અને એક ક્ષુદ્રે–એમ બન્નેએ શ્રી જિનમન્દિરને જોયું, પણ બન્નેને વિચારો કેવા આવ્યા? અક્ષુદ્ર એવા **સોમ**ને સુકૃત અને દુષ્કૃતના ફલ સંબંધી વિચારો આવ્યા અને એ વિચારોના પ્રતાપે તેનામાં દેવભક્તિ કરવાની ભાવના પ્રગટી. ક્ષુદ્ર એવો **ભીમ** સ્વયમેવ તો સુકૃત–દુષ્કૃત સંબંધી વિચાર કરનારો બની શક્યો નહિ, પરન્તુ **સોમે** જ્યારે હિતકર વાત કહી, ત્યારે પણ તેણે તેનો વિરોધ કર્યો. તેણે તો જીવ હોવાની વાતનો જ ઇનિકાર કર્યો અને **સોમ** જેવા સૂક્ષ્મ મતિવાળાને પણ મુગ્ધ કહી દીધો. ધર્મની વાત, એ તો પાખણ્ડિઓના ભેજાનું એક પ્રચણ્ડ તાણ્ડવ છે, એવું એવું બોલવાને પણ તે ચૂક્યો નહિ. ક્ષુદ્રતા, એ એવો દુર્ગુણ છે કે–આત્માને તે સદ્વિચારોથી વિમુખ બનાવીને, અસદ્-વિચારોનો ઉપાસક બનાવી દે છે. અક્ષુદ્રતા એથી વિપરીત અને કલ્યાણકર અવસ્થાને પમાડે છે. ક્ષુદ્રમતિ **ભીમે** ગમે તેમ કહેવા છતાં પણ, અક્ષુદ્રમતિ **સોમે** તેની વાતને ગણકારી

નહિ. તે તો શ્રી જિનમન્દિરમાં ગયો, જગતના નિષ્કારણ બન્ધુ ભગવાન શ્રી જિનેશ્વરદેવને નમ્યો અને એક રૂપીઆનાં પુષ્પો ખરીદીને તેણે ભગવાનની પરમ ભક્તિથી પૂજા કરી. એ પુણ્યના વશથી તેણે મનુષ્યના આયુષ્ય સમેત બોધિબીજને ઉપાર્જ્યું ! નરાયુ અને બોધિબીજની પ્રાપ્તિ થઈ, એ સામાન્ય ફલ છે? નહિ જ. એનો સંસાર ખૂબ જ પરિમીત બની ગયો.

હવે અનન્તઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંક-સૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે-' હે **મણિરથ** નરેન્દ્ર ! તે **સોમ** ત્યાંથી મરીને, તારા આ પરમ ભાગ્યશાલી અને ઉત્તમ રૂપને ધરનારા પુત્ર **વિક્રમકુમાર** તરીકે જન્મ પામ્યો છે.' વળી **વિક્રમકુમારનો** જીવ એ જેમ **સોમનો** જીવ છે, તેમ અનન્તઉપકારી આચાર્યભગવાનની સેવામાં આવતાં શ્રી **મણિરથ** રાજાએ રાજમાર્ગમાં જે કોઢીઆને જોયો હતો, તે કોઢિઆના જીવ એ **ભીમનો** જીવ છે. **સોમ** જ્યારે સૂક્ષ્મ મતિવાળો આદિ હોવાને કારણે શ્રી જિનવરેન્દ્રની પરમ ભક્તિ કરવામાં દત્તચિત્ત બન્યો હતો, ત્યારે ક્ષુદ્ર મતિને ધરનારો **ભીમ** શ્રી જિનેન્દ્ર આદિની નિન્દા કરવામાં તત્પર બન્યો હતો. ક્ષુદ્ર-મતિ હોવાના કારણે શ્રી જિનેન્દ્ર આદિની નિન્દા કરવામાં પરાયણ બનેલો તે **ભીમ**, ત્યાંથી મરીને આ કોઢીઓ થયો છે અને આગળ પણ તે પોતાના પાપના પ્રતાપે અનન્ત ભવમાં ભમશે. આ પ્રમાણે શ્રી **મણિરથ** રાજાના પ્રશ્નના ઉત્તરમાં ફરમાવીને, અનન્તઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંક-સૂરીશ્વરજી** મહારાજા વિરામ પામ્યા.

ધર્મસ્વીકાર :

હવે શ્રી **મણિરથ** રાજા ઉપર અને શ્રી **વિક્રમકુમાર** ઉપર **સોમ** અને **ભીમની** કથાને સાંભળતાં કેવી અસર થઈ, તેનું વર્ણન આવે છે. અનન્ત ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **અક-લંકસૂરીશ્વરજી** મહારાજાના શ્રીમુખેથી પોતાના પૂર્વભવનું

શ્રવણ કરવાથી શ્રી **વિક્રમકુમારને** જાતિસ્મરણ જ્ઞાન થયું. જેને જાતિસ્મરણ જ્ઞાન થયું છે, એવો તે કુમાર હર્ષના યોગે ઉલ્લસંત રોમાંચવાળો બન્યો અને તેણે ગુરૂદેવના પાદકમલને નમીને અતિ રમ્ય એવા ગૃહિધર્મને ગ્રહણ કર્યો. શ્રી **વિક્રમકુમારે** જ્યારે ગૃહિધર્મનો સ્વીકાર કર્યો, ત્યારે શ્રી **મણિરથ** રાજાએ રાજ્યભાર પોતાના પુત્ર શ્રી **વિક્રમકુમારને** સુપ્રત કરીને ભાગવતી દીક્ષાનું શરણ સ્વીકાર્યું. દીક્ષિત બનેલા શ્રી **મણિરથ** રાજા ગ્રહણ કરેલા વ્રતના પાલનમાં એવા તો અપ્રમત્ત બન્યા કે–તે ને તે ભવમાંજ તેઓ કેવલજ્ઞાનને ઉપાર્જીને આયુષ્યને અન્તે શ્રી સિદ્ધિપદને પામ્યા.

શ્રી વિક્રમકુમારનું શેષ જીવન :

હવે આ તરફ શ્રી **વિક્રમકુમાર,** કે જે પોતાના પિતાની ગાદી ઉપર રાજા તરીકે આવેલ છે, તે પોતાના ગૃહિધર્મને દીપાવવાના કાર્યમાં ઉદ્યુક્ત બને છે. દઢ સમ્યક્ત્વને ધરનાર અને વિમલ ચિત્તવાળા શ્રી **વિક્રમકુમાર** શ્રી જિનમંદિરોને બંધાવવામાં, શ્રી જિનપ્રતિમાઓને ભરાવવામાં અને શ્રી જિનેશ્વરદેવોની રથયાત્રાઓ કરાવવામાં ઉદ્યુક્ત બન્યા અને મુનિજનોના સેવનમાં આસક્ત બન્યા. આ પ્રમાણેની ગૃહિધર્મની આરાધનામાંજ ઉદ્યુક્ત બનેલા તેમનું રાજ્ય સિદાતું ન હતું, પણ એવા ધર્માત્મા રાજાના પ્રતાપે પૃથ્વીવલય સુખમય બન્યું હતું. એ જ કારણે, એનું વર્ણન કરતાં પણ પરમ ઉપકારી, આચાર્યભગવાન ફરમાવે છે કે–"ચંદ્રમાની માફક સંપૂર્ણ કળાઓને તથા પ્રતિપૂર્ણ મંડલને ધરનાર અને દુરિત રૂપ અંધકારના પ્રસારને હણી નાખનાર '**વિક્રમકુમાર**' નામના રાજા કુવલયને સુખથી કલિત કરે છે." આવા ધર્માત્મા રાજાના રાજ્યમાં સામાન્ય રીતિએ કોઈ જ દુઃખી ન હોય, એ વાત નિર્વિવાદ છે. આવા રાજાઓ રાજ્ય ઉપર પણ ભોગાવલિ કર્મના ઉદયથી જ રહે છે. આવા રાજાઓ રાજ્યને પણ ધર્મ-

મય બનાવવાને માટે જ પ્રયત્નશીલ હોય છે. તેઓ રાજ્ય પણ એવી રીતિએ કરે છે, કે જેથી તે તેઓનું ચારિત્રમોહનીય ક્ષયોપશમ પામવામાં બાધા રૂપ ન નિવડે. સુશ્રાવક માત્રે પોતાની કોઈ પણ પ્રવૃત્તિ ચારિત્રની પ્રાપ્તિમાં બાધક ન થાય પણ સહાયક થાય, એવી જ રીતિએ વર્તવાની કાળજી રાખવી જોઈએ. જેઓ એવી દશાને નથી જીવી શકતા, તેઓ પોતાના ધર્મનું પાલન પણ યથાસ્થિત રીતિએ કરનારા નથી હોતા, એ નિર્વિવાદ છે. પોતાના શ્રાવકપણાને બાધ ન આવે એ રીતિએ રાજ્ય કરતા અને શ્રાવકપણાને દીપાવે એવી સઘળીય ક્રિયાઓને શુદ્ધપણે આચરવાને માટે ઉદ્યમશીલ બનેલા શ્રી **વિક્રમ** રાજાનું ચારિત્રમોહનીય કોઈ સમયે ક્ષયોપશમને પામ્યું અને કોઈ એક દિવસે પોતાના પુત્ર ઉપર સ્થાપન કરી છે મહા-રાજ્યની ધુરા જેમણે એવા તે શ્રી **વિક્રમ** રાજાએ પણ આચાર્યભગવાન શ્રીમદ્ **અકલંકસૂરીશ્વરજી** મહારાજાની પાસે પ્રવ્રજ્યાને અંગીકાર કરી. દીક્ષા અંગીકાર કર્યા પછી અક્ષુદ્ર, ગંભીર અને સૂક્ષ્મ મતિવાળા એવા તે રાજર્ષિ ઘણા શ્રુતને ભણીને અને વિધિપૂર્વક કાલધર્મને પામીને દેવલોકમાં પહોંચ્યા અને ક્રમે કરીને મોક્ષને પણ પામશે. આ પ્રમાણેની કથા કહ્યા પછીથી, આચાર્યભગવાન શ્રીમદ્ **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોને ઉદ્દેશીને પ્રેરણા આપતાં ફરમાવે છે કે–

"આ પ્રમાણે ગંભીર ગુણવાળા આત્માના મહાન વૈભવને અને ઉત્તાન મતિવાળા આત્માના મહાન સંસારને સાંભળીને, શ્રદ્ધા રૂપ ધનવાળા અને એના પ્રતાપે સમાધિમય દશાને ભોગવતા હે શ્રાદ્ધજનો! સદાને માટે સમાહિત બન્યા થકા તમે અક્ષુદ્રતાને ધારણ કરો!"

●

શ્રી નારદ અને પર્વતક

<u>સુપિતા અને સુપાઠક બનવા માટે :</u>

'અક્ષુદ્રતા' ગુણની આવશ્યકતાનું સમર્થન કરતાં, પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ જેમ **ભીમ** અને **સોમ**નું ઉદાહરણ ફરમાવ્યું છે; તેમ પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમત્ **શાન્તિસૂરીશ્વરજી** મહારાજાએ **ક્ષીરકંદમ્બક** નામના પાઠકના શ્રી **નારદ** અને **પર્વતક** નામના બે વિદ્યાર્થિઓનું ઉદાહરણ ફરમાવ્યું છે.

આ ઉદાહરણ જેમ અક્ષુદ્રતા ગુણની મહત્તાનું સૂચક છે, તેમ માતા-પિતા આદિ વડિલો અને શિક્ષણદાતા પાઠકો આદિ માટે પણ આદર્શ સમાન છે. પિતા અને પાઠક આદિમાં પુત્ર અને વિદ્યાર્થી આદિ માટે કેવા પ્રકારની હિતચિન્તા હોવી જોઈએ ?–એ વસ્તુ, આ ઉદાહરણ દ્વારા, ઘણા જ સુન્દર પ્રકારે સમજી શકાય તેમ છે. આવાં ઉદાહરણોને આંખ સામે રાખીને જો પિતાઓ અને પાઠકો, પુત્રો અને વિદ્યાર્થિઓના હિતની સાધનામાં પ્રવૃત્ત બને, તો કુપિતાઓ અને કુપાઠકોના યોગે જે અનર્થ ઉત્પન્ન થવા પામે છે, તે અટકી ગયા વિના રહે નહિ. સાચા પિતા અને સાચા પાઠકની એ પણ એક કામના અવશ્ય હોવી જોઈએ કે–'અમારો પુત્ર અગર તો અમારો વિદ્યાર્થી અધોગામી ન બને, પરન્તુ ઉર્ધ્વગામી બને.' જે પિતા અને જે પાઠકમાં આ કામના હોય છે, તે પિતા અને તે પાઠક પોતાનો પુત્ર અને વિદ્યાર્થી પરલોકને બગાડનારાં અકાર્યોમાં પ્રવૃત્ત થતાં બચી જાય એની કાળજી રાખે છે અને એ રીતિએ તેઓ પોતાના પુત્ર અને વિદ્યાર્થિના આ લોકને પણ સુધારનારા બની શકે છે. પરલોકના હિતની સાચી ચિન્તા, માત્ર પરલોકને જ સુધારનારી બને છે એમ નથી. **પરલોકના હિતની સાચી ચિન્તા તો આ લોકને પણ સુધારનારી નિવડે છે: કારણ કે–પરલોકનું હિત આ લોકમાં સુન્દર**

આચાર–વિચારને ધરનારા બન્યા વિના સાધી શકાતું નથી. પરલોકના હિતની સાચી ચિન્તા જ્યારે આ રીતિએ ઉભય લોકને સુધારનારી નિવડે છે, ત્યારે કેવળ આ લોકની ચિન્તા પ્રાયઃ ઉભય લોકને બગાડનારી નિવડે છે. પરલોકને ભૂલીને આ લોકમાં નિન્દ્ય કર્મોની આચરણા આદિમાં પ્રવૃત્ત થએલા આત્માઓ, પોતાના પરલોકના હિતને તો બગાડે જ છે: પરન્તુ આ લોકના હિતને પણ બગાડે છે. જો કે–વિવેકહીન આત્માઓને આ વાત સમજાતી નથી અને તેથી તેઓ પર-લોકના હિતની ચિન્તાનો વિરોધ કરે છે: પરન્તુ વિવેકહીન આત્માઓ કયી સારી વસ્તુનો વિરોધ કરવાને ચૂકે છે? એટલે તેવા વિવેકહીનોની દયા ચિન્તવીને, કલ્યાણના અર્થી આત્મા-ઓએ તો પરલોકના હિતની સાચી ચિન્તા અવશ્ય કરવી જોઈએ. જે પિતા અગર તો જે પાઠકમાં–'પોતાનો પુત્ર અગર તો પોતાનો વિદ્યાર્થી અધોગામી ન બને પણ ઉર્ધ્વગામી બને'–એવી કામના હોય છે, તે પિતા અગર તે પાઠક જેમ પોતાના પુત્ર કે પોતાના વિદ્યાર્થીના આ લોકને પણ સુધાર-નારા બની શકે છે, તેમ એ વાત પણ સુનિશ્ચિત જ છે કે–એ જાતિની કામનાથી રહિત અને એથી વિપરીત કામનાથી સહિત એવા પિતા અગર તો પાઠક, પોતાના પુત્ર કે પોતાના વિદ્યાર્થીના ઉભય લોકના હિતનો ઘાત કરનારા નિવડે છે. એવાઓ સુપિતા અગર તો સુપાઠક તરીકે વર્ણવવાને લાયક રહેતા નથી, પણ કુપિતા કે કુપાઠકના ગણનામાં જ તેવાઓની ગણત્રી થાય છે. આ વસ્તુને દરેક દરેક પિતાએ અને દરેકે દરેક પાઠકે ખાસ સમજી લેવી જોઈએ: કારણ કે–એમાં જ પોતાનું તથા પોતાનાં આશ્રિતોનું હિત સમાએલું છે. પુત્ર કે વિદ્યાર્થિના વાસ્તવિક કલ્યાણની કામનાથી પર એવા પિતા અગર તો પાઠક, કલ્યાણકાંક્ષી પુત્ર કે વિદ્યાર્થી માટે પરિહરવા યોગ્ય ગણાય, તે પણ સ્વાભાવિક જ છે. 'કુ' માત્રનો ત્યાગ અને

'સુ' માત્રનો સ્વીકાર, એ દષ્ટિબિન્દુ કેળવ્યા વિના કલ્યાણ નથી. શક્ય હોય તો 'કુ'ને 'સુ' બનાવવાનો પ્રયત્ન અવશ્ય કરવો, પરન્તુ 'કુ' સ્વયં 'કુ' રહેવાનો જ આગ્રહ સેવે અને આશ્રિત આદિને પણ 'કુ' બનાવવાને જ ઇચ્છે, તો આશ્રિતોને તેઓનો દુ:ખિત હૃદયે પણ પરિત્યાગ કરવો પડે અને એ જાતિનો પરિત્યાગ પણ કલ્યાણકારી જ ગણાય,–આ વાતમાં વિવેકી બુદ્ધિમાનોને શંકા હોય જ નહિ.

હવે આપણે ઉદાહરણ જોઈએ.

<u>ક્ષીરકદંબક પાઠક અને ત્રણ મુખ્ય વિદ્યાર્થિઓ</u> :

'**શુક્તિમતી**' નામની એક નગરી હતી. '**ચેદી**' નામના દેશમાં તે આવેલી હતી અને એ દેશને માટે એ નગરી અલંકારભૂત હતી. '**શુક્તિમતી**' નામની એ નગરીમાં **ક્ષીરકદંબક** નામનો એક બ્રાહ્મણ પાઠક વસતો હતો. એ પાઠક સ્વભાવથી જ પાપભીરૂ, સરલ, સ્વચ્છ હૃદયને ધરનારો અને વેદ તથા વેદાન્તનાં તત્ત્વોમાં કુશલ હતો.

સ્વભાવથી જ પાપની ભીરૂતા અને સરલતા સાથે હૃદયની સ્વચ્છતા, એ ઉત્તમ આત્માઓની ઉત્તમતાને પ્રગટ કરનાર છે. પાપથી ડરવાનો સ્વભાવ, એ એક એવો ગુણ છે, કે જે ગુણ અનેક ગુણોને પમાડયા વિના રહેતો નથી. પાપથી ડરનારો સરલ અને સ્વચ્છ હૃદયનો હોવો, એ સહજ છે. કર્મોનો ક્ષય સાધીને કર્મરહિત બનવાને માટે વીરતા અને ધીરતાની આવશ્યકતા છે, પરન્તુ સાચી વીરતાને અને સાચી ધીરતાને પામવાને માટે પાપભીરૂતાની ય પરમ આવશ્યકતા છે. પાપની ભીરૂતાથી પરવારેલા માણસો પોતાના સામર્થ્યને અને બીજી સામગ્રીને પણ સ્વ-પરના હિતને બાધા પહોંચાડવામાં કામે લગાડે છે, જ્યારે પાપભીરૂ આત્માઓ પોતાના અલ્પ પણ સામર્થ્ય આદિને સ્વપરહિતકારક બનાવી શકે છે. જેનામાં પાપનો ડર નથી, તેનામાં માણુસાઈ નથી એમ કહીએ તો પણ ચાલી

શકે : કારણ કે-પાપથી નહિ ડરનારો આત્મા, અવસરે ઘોર પાપકર્મ કરતાં પણ ક્ષોભ પામતો નથી. પાપથી નહિ ડરનારનો વિશ્વાસ રાખનારાઓને વિશ્વાસઘાતનો અનુભવ ન થાય, તો તે તેમનું ભાગ્ય જ ગણાય. પાપથી નહિ ડરનારો અને અર્થ તથા કામની કારમી રસિકતાથી પીડાતો આત્મા, સ્વાર્થવિવશ બનીને, અવસર આવ્યે જ્યાં સ્વજનોના સંહારને આચરતાં પણ અચકાતો નથી, ત્યાં ઇતિરોને માટે તો પૂછવું જ શું? પાપથી નહિ ડરનારો જ્યારે આવો કારમો હોય છે, ત્યારે પાપથી ડરનારો કોઈ સુન્દર યોગને પામીને સ્વ-પરનો પરમ ઉપકારક પણ બની શકે છે. પાપથી ડરનારો કદાચ તેવો ન પણ બને, તોય પાપથી નહિ ડરનારા આત્માઓના જેવો અપકારક તો તે બનતો જ નથી. પાપથી અભીરૂ આત્માનું હૃદય સરલ અને સ્વચ્છ હોય, એ પણ શક્ય નથી. સરલ અને સ્વચ્છ હૃદયને ધરનારા તો તેઓ જ હોય છે, કે જેઓ પાપભીરૂ હોય છે.

ક્ષીરકદંબક નામના તે બ્રાહ્મણ પાઠકની પાસે અનેક વિદ્યાર્થિઓ અભ્યાસ કરતા હતા. તેમાં **પર્વતક**, **નારદ** અને **વસુ** એ ત્રણ મુખ્ય હતા. **પર્વતક ક્ષીરકદંબક** પાઠકનો પોતાનો જ પુત્ર હતો, જ્યારે **નારદ** સ્થાનાન્તરથી આવેલ હતો. સ્થાનાન્તરથી આવેલ **નારદને** પણ તે પાઠક, પોતાના ધર્મપુત્ર રૂપે માનતા હતા. ત્રીજો જે **વસુ** હતો, તે તો રાજપુત્ર હતો. **ક્ષીરકદંબક** નામના તે પાઠકની પાસે ભણતા અનેક વિદ્યાર્થિઓમાં આ **પર્વતક**, **નારદ** અને **વસુ** મહામતિવાળા ગણાતા હતા.

સાધુઓની ગોચરી :

હવે કોઈ એક દિવસે બન્યું એવું કે-**ક્ષીરકદંબક** નામના તે પાઠકને ઘેર ગોચરીને માટે ફરતા બે સાધુઓ પધાર્યા.

આ બે સાધુઓમાં એક સાધુ તો સાતિશાયી હતા,

પરન્તુ અત્રે એક એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે–જે સાધુઓને માટે એકલા વિહાર કરવાની આજ્ઞા નથી, તે સાધુઓને ગોચરી માટે પણ એકલા ફરવાની આજ્ઞા નથી. સાધુઓએ ગોચરી માટે ભ્રમણ કરતાં અનેક વસ્તુઓ જોવાની હોય છે અને બેંતાલીસ દોષોથી રહિત ભિક્ષા લાવવાની હોય છે. સાધુઓ જો રસનાલોલુપ બને, તો તેઓ ગ્રહણ કરાતી ભિક્ષા સદોષ છે કે નિર્દોષ છે–એ જોવાનું ભૂલી જાય અને રસનાના સળવળાટને તાબે થઈને આજ્ઞાના વિઘાતક બને, એ સ્વાભાવિક છે. રસના–લોલુપ બનેલા અને આજ્ઞાને ભૂલેલા એવા આત્માઓ, પોતાની ભિક્ષાને ગોચરી નહિ રહેવા દેતાં ગદ્ધાચરી બનાવી દે અને એ રીતિએ સ્વયં ધર્મભ્રષ્ટ બનીને ઇતરોને પણ ધર્મભ્રષ્ટ બનવાનું નિમિત્ત પૂરું પાડે, એમાં પણ આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. વિધિપૂર્વક ભિક્ષાને ગ્રહણ કરનારા મુનિવરોના યોગે દાતારની દાતૃભાવના ખીલે છે પણ કરમાતી નથી, જ્યારે પોતાની ગોચરીને ગદ્ધાચરી બનાવી દેનારાઓ સામાન્ય દાતારોની દાતૃભાવનાને કરમાવી દેનારા બની જાય છે. સાધુ નિર્દોષ ભિક્ષા લઈ જાય, છતાં દાતારને તો એમ જ થાય કે–' મહાત્મા પધાર્યા, ઘણું ધર્યું પણ લીધું એવું કે જાણે કાંઈ જ લીધું નહિ. ' એથી દાતારની દાતૃ-ભાવના ખીલે છે અને–' મારે ઘેર ફરીથી મહાત્માઓ ક્યારે પધારે અને ક્યારે હું એમને વહોરાવું ? '–એવી વૃત્તિ વિકાસ પામે છે. ગોચરી માટે ભ્રમણ કરતા સાધુઓએ, ગમે તે કારણે ભિક્ષા ન મળે તોય મુંઝાવાનું હોય જ નહિ. સાચા સાધુઓ તો એ જ ભાવનામાં રમનારા હોય કે–' મળે તો સંયમની પુષ્ટિ છે અને ન મળે તો તપની વૃદ્ધિ છે. ' મળે તોય લાભ છે અને ન મળે તોય લાભ છે. આવી ઉમદા વૃત્તિ સાચા જૈન સાધુઓ સિવાય બીજે મળવી મુશ્કેલ છે. આ ઉપરથી એ વાત પણ સમજી શકાય તેમ છે કે–સાધુઓએ જે આહાર કરવાનો છે

તે પણ સંયમની પુષ્ટિના જ એક હેતુથી કરવાનો છે. સંયમ-પુષ્ટિથી વિપરીત એવો એક પણ હેતુ ન હોવો જોઇએ, એનો મુનિપણાની રક્ષાના અર્થી સાધુઓએ ખાસ ખ્યાલ રાખવાનો છે. રસનાની આધીનતાથી પ્રેરાઈને જેઓ આહારાદિ કરે છે, તેઓ સંયમપુષ્ટિના ફલને પામવાને બદલે સંયમવિઘાતના ફલને પામે છે. સંયમપુષ્ટિના નામે પણ દોષો જોવા પ્રત્યેની બેકાળજી ન આવી જાય, એય સંભાળવા જેવું છે. આ તો સાધુઓની વાત થઈ, પણ ગૃહસ્થોએ જે ભિક્ષા દેવાની છે તે પણ યથાવિધિ દેવાની છે. સુશ્રાવકોએ ભિક્ષાદાનના વિધિથી પણ સુપરિચિત બનીને તેના ય પાલક બનવું જોઈએ. સાધુઓને જે સંયમપુષ્ટિકારક ભિક્ષા દેવાય, તેમાં પણ ઇરાદો પૌદ્‌ગલિક વૃત્તિથી દૂષિત બનેલો નહિ હોવો જોઇએ. સુશ્રાવકોએ મુધાદાયી બનવું જોઈએ: કારણ કે--મુનિઓને દેવાતા દાનમાં સ્વપરના નિસ્તાર સિવાયની કોઈ જ ભાવના નહિ હોવી જોઈએ.

સ૦ સાધુઓને જ મુધાદાયી અને મુધાજીવી કહેલા છે ને?

બરાબર છે, પણ એનો અર્થ એ નથી કે-કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખીને ગૃહસ્થો માટે મુધાદાયિપણું જણાવી શકાય જ નહિ. સુશ્રાવકોએ સાધુઓને દાન દેવામાં કોઈ પણ પ્રકારનો પૌદ્‌ગલિક આશય ન આવી જાય, એવા મુધાદાયી બનવા માટેની કાળજી અવશ્ય રાખવી જોઈએ. સાધુઓને જે દાન દો તે એવી ભાવનાપૂર્વક દો, કે જેથી સંયમ સુલભ બને. સંયમ પ્રત્યેના સાચા આદર વિના સાધુઓને યથાવિધિ દાન દઈ શકાય એ શક્ય નથી. સંયમના અર્થિપણા વિના સાચા પણ સાધુઓ પ્રત્યે સાચો પૂજ્યભાવ પ્રગટે જ શાનો? સંયમના અર્થિપણાથી હીન અને અસંયમમાં શ્રેય માનનારો જો સાધુ-ઓને દાન દેતો હોય, તો માનો કે-એમાં કોઈ પૌદ્‌ગલિક હેતુ રહેલો છે. સાધુઓ એ ઉત્તમ કોટિના સુપાત્રો છે, પણ સાધુ-ઓની સુપાત્રતા તેઓના જ હૈયામાં જચી શકે છે, કે જેઓ

સંયમના અર્થી છે. પોતે સંયમી ન હોવા બદલ જેને લેશ પણ ખેદ નથી અને પોતાના અસંયમ બદલ જેને આનંદ છે, તે સાધુઓની ભક્તિ ગમે તેટલી કરતો હોય, તોય સાધુઓનો ભક્ત તો નથી જ. આથી સાધુઓએ જેમ-'મળે તો સંયમ-પુષ્ટિ અને ન મળે તો તપોવૃદ્ધિ'-એ ભાવના રાખવાની છે, તેમ ભિક્ષા દેનારાઓએ પણ ભિક્ષાદાનમાં સ્વપરના નિસ્તારની જ ભાવના રાખવાની છે. આ વસ્તુને સમજીને તમારે પણ જો કોઈ પણ પ્રકારનો પૌદ્‌ગલિક ઇરાદો રાખતા હો તો તેનો ત્યાગ કરવાનો છે અને તેવો પાપ-ઇરાદો આવી ન જાય તેની કાળજીવાળા બનવાનું છે. એ વિના ભક્તિ કરવા છતાં ય ભક્તિના વાસ્તવિક ફલને પામી શકશો નહિ અને પૌદ્‌ગલિક રસિકતાથી ડૂબી જશો.

મુનિવરો વચ્ચે થએલી વાત :

અહીં તો ગોચરી માટે ફરતું તે મુનિયુગલ **ક્ષીરકદમ્બક** નામના તે પાઠકના ઘરમાં પેઠું. એ વખતે પાઠકપુત્ર **પર્વતક**, સ્થાનાન્તરથી આવેલ **નારદ** અને રાજપુત્ર **વસુ**-એ ત્રણેય ત્યાં હાજર હતા. એ ત્રણેયને જોઈને, ગોચરી માટે આવેલા તે બે મુનિવરોમાંના એક મુનિવર, કે જે અતિશયસંપન્ન હતા, તેમણે પોતાની સાથેના બીજા મુનિવરને કહ્યું કે-"આ ત્રણે છોકરાઓ પૈકીના બે છોકરાઓ અધોગામી થશે અને એક છોકરો ઉર્ધ્વગામી થશે." સાતિશય જ્ઞાની મુનિવરે ઉચ્ચારેલી આ વાત, **ક્ષીરકદમ્બક** નામના તે પાઠકના સાંભળવામાં આવી. **ક્ષીરકદમ્બક** તે વખતે જેમ મુનિવરોની સમક્ષ નહિ હતા, તેમ દૂર પણ નહિ હતા. મુનિવરો વચ્ચે જે સ્થાને આ વાત થઈ, તે સ્થાનેથી આંખોથી ન દેખાય એવા સ્થાને રહેલા **ક્ષીરકદમ્બકને** એ વાત સાંભળતાં ખૂબ જ ક્ષોભ થયો.

પાઠક વિચાર કરે છે કે-"આ મહાભાગ મુનિઓ શ્રી વીતરાગમાર્ગના અનુગામી છે અને શ્રી વીતરાગમાર્ગના અનુગામી મુનિઓ અન્યથા બોલનારા હોતા નથી."

વિચાર કરો કે–શ્રી વીતરાગમાર્ગના અનુગામી મુનિઓની આ નામના કેવી સુન્દર છે? પણ આવી નામના શ્રી વીતરાગમાર્ગના અનુગામી મુનિઓની ન હોય, તો હોય પણ બીજા કોની? શ્રી વીતરાગમાર્ગના અનુગામી મુનિઓ તો જગતની હરેક ઉત્તમ નામનાને યોગ્ય ગણાઈ શકે. શ્રી જૈનમુનિઓની સરસાઈ કરનાર વિશ્વમાં અન્ય કોઈ ત્યાગિઓ હતાય નહિ, છે પણ નહિ અને હશે પણ નહિ. જૈનમુનિ બનનારાઓ જો પોતાની જોખમદારીને સમજી જાય અને તેના પાલનમાં મન–વચન–કાયાથી ઉદ્યુક્ત બન્યા રહે, તો તેઓ પોતાના આત્માના ઉદ્ધારક બનવા સાથે જગતના ઉદ્ધારક પણ બની શકે છે. જૈનમુનિપણું જ એવું છે કે–જેમાં હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહનો ત્યાગ ત્રિવિધે ત્રિવિધે થાય છે. એવા મહાત્માઓનું જીવન જ સ્વપરના શ્રેયને માટે હોય છે. જૈનમુનિપણાની ચર્યા એવી તો સુન્દર છે કે–વિવેકી માત્રને તે પાપથી બચાવનારી અને ધર્મની પ્રાપક બને છે. સાચા મુનિઓના પરિચયમાં આવનારો, જો તે વ્યુદ્ગ્રાહીત ન હોય તો, સુંદર છાયા લઈને જ જાય. મુનિઓ જો સાચે જ મુનિઓ હોય, તો યોગ્ય એવા વિરોધિને પણ તેઓ પ્રભુશાસનનો સાચો પૂજારી બનાવી શકે છે. આવા સ્વપરશ્રેયમાં રત એવા મુનિઓની નામના સત્યવાદી તરીકેની હોય, એમાં આશ્ચર્ય પણ શું?

પરીક્ષા કરવાનો નિર્ણય:

"શ્રી વીતરાગમાર્ગના અનુગામી મહાભાગ મુનિઓ અસત્યવાદી નથી હોતા"–આટલો જ વિચાર કરીને તે **ક્ષીરકદમ્બક** પાઠક નથી અટક્યા. તે વિચાર કરે છે કે–"જ્યારે મુનિઓનું કથન સત્ય જ છે, તો પછી એ નક્કી કરવું જોઈએ કે–આ ત્રણમાં કોણ કોણ અધોગામી છે અને કોણ ઉર્ધ્વગામી છે?" આ પ્રમાણે વિચાર કરતા તે **ક્ષીરકદમ્બક** વળી વિચારે છે કે–"રાજકુમારનું તો અધોગામિપણું સંભવે છે, પણ બાકીના

એમાં કાણુ અધોગામી હશે? **પર્વતક** અને **નારદ**–એ બેમાંથ પણુ એક અધોગામી તો છે જ, પણ અધોગમન પામવા જોગ પાપને આચરનાર એ બેમાંથી કાણુ છે, એનો મારે નિર્ણ કરવો જોઈએ અને એ માટે એ બેઉની મારે પરીક્ષા કરવ જોઈએ. એ બેઉની પરીક્ષા કર્યા પછી, જે યોગ્ય હશે તે હું આચરીશ." આમ વિચાર કરતા તે પાઠકને સ્મૃતિઓનું કથન યાદ આવે છે, એટલે તે વિચારે છે કે–સ્મૃતિઓમાં પણ કહેવા છે કે–"ભાર્યાએ કરેલું પાપ ભર્ત્તાને, શિષ્યનું પાપ ગુરૂને, રાષ્ટ્રે કરેલું પાપ રાજાને અને રાજાનું પાપ પુરોહિતને લાગે છે."

આ રીતિએ વિચાર કરીને,–પોતે શિષ્યના પાપથી ઉગરવાને માટે શું કરવું–એનો નિર્ણય કરવાનું મૂલ્તવી રાખીને, પહેલાં તો તે પાઠકે **પર્વતક** અને **નારદ** એ બેમાં કાણ અધોગામી છે, એનો નિર્ણય કરવાનો નિશ્ચય કર્યો અને એ જાણવાને માટે એ બેઉની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો.

શ્રી નારદજીની સૂક્ષ્મ મતિ :

હવે કયી રીતિએ પોતાના પુત્ર **પર્વતક** અને **ધર્મપુત્ર** **નારદ**ની તે **ક્ષીરકદમ્બક** પાઠક પરીક્ષા કરે છે, તે જૂએ. તે પાઠકે એક કૃત્રિમ બકરો બનાવ્યો, કે જે લાક્ષારસથી પ્રતિપૂર્ણ કરેલો હતો. એ કૃતિમ બકરો તે પાઠકે કૃષ્ણ–ચતુર્દશીની રાત્રિએ **નારદ**ને આપ્યો અને કહ્યું કે–"મેં આ બકરાને મંત્રોદ્વારા મૂઢ ચેતનાવાળો કર્યો છે: આમ છતાં પણ, જ્યાં કોઈ ન જૂએ ત્યાં જઈને તું આને હણ. કોઈને પણ આ વાત તારે કહેવી નહિ: કારણ કે–આમાં એવો જ કલ્પ છે.'

શ્રી **નારદજી**એ પણ તરત જ ગુરૂની આજ્ઞાને માથે ચઢાવી અને–'જેમનું વચન લંઘન કરવા લાયક ન હોય એવા આ ગુરૂ છે.'–આ પ્રમાણે વિચાર કરતા તે એક શૂન્ય શેરીમાં ગયા. શૂન્ય શેરીમાં ગયા બાદ–'અહીં કોઈ જૂએ છે કે નહિ?'–એનો નિર્ણય કરવાને માટે, શ્રી **નારદજી**એ આજુબાજુ જોવ

માંડ્યું. એ પ્રમાણે આજુબાજુ અને ઉપર-નીચે જોતાં તેમણે તારામંડલને જોયું. તારામંડલને જોતાંની સાથે જ-'અરે! અહીં તો હું દેખાઉં છું.'–આ પ્રમાણે સંભ્રાત થએલા શ્રી **નારદજી** ત્યાંથી ચાલ્યા અને યક્ષના મંદિરમાં પેઠા.

યક્ષના મન્દિરમાં પેઠા તો ખરા, પણ ત્યાંય શ્રી **નારદજીને** એ જ વિચાર આવ્યો કે-'અહીં પણ આ યક્ષ મને દેખે છે.' આથી તેઓ ત્યાંથી પણ પાછા નીકળ્યા અને એક શૂન્ય ઘરમાં ગયા.

શૂન્ય ઘરમાં ગયા બાદ પણ શ્રી **નારદજી**, એ જોવાને અને વિચારવાને થોભ્યા કે-'અહીં પણ મને કોઈ જૂએ છે કે નહિ?' આ પ્રમાણે જોતા અને વિચાર કરતા શ્રી **નારદજીને** એવો વિચાર આવ્યો કે-"અહીં પણ પાંચ લોકપાલો અને દિવ્યજ્ઞાનિઓ મને જૂએ જ છે: કારણ કે-તેઓ કોઈ પણ સ્થળે ન જૂએ એવું નથી."

આનું જ નામ સૂક્ષ્મબુદ્ધિ. આવી જાતિની વિચારણા તુચ્છ બુદ્ધિના ધણીઓને આવતી જ નથી. તુચ્છ બુદ્ધિના ધણીઓ દિવ્યજ્ઞાનિઓને માને, એ વાત શક્ય જ નથી. એવાઓ તો દિવ્યજ્ઞાનિઓનું અસ્તિત્વ હોવાની શ્રદ્ધા કરનારાઓને અંધ-શ્રદ્ધાલુ માનનારા હોય છે. સૂક્ષ્મબુદ્ધિથી હીન આત્માઓ જો શ્રદ્ધાહીન બને, તો દિવ્યજ્ઞાનિઓની હયાતીને સમજાવનારી યુક્તિઓ એમના હૃદયમાં જચે નહિ, એ સહજ છે. એવાઓ તો વર્તમાનના તરંગીઓ પ્રત્યેની શ્રદ્ધામાં અચલિત બને અને પોતાની જાતને સાચા શ્રદ્ધાળુ મનાવે, એટલે એવા આત્મા-ઓમાં આવી સુંદર વિચારણા જાગૃત થવી એ જ શક્ય નથી.

શ્રી **નારદજી** તો શ્રદ્ધાળુ હોવા સાથે સમજદાર પણ હતા. તેઓ દિવ્યજ્ઞાનિઓની હયાતીને માનવાનો ઇનકાર કરે, એવા શ્રદ્ધાહીન પણ નહિ હતા અને દિવ્યજ્ઞાનિઓની હયાતીને ન સમજી શકે એવા બુદ્ધિહીન પણ નહિ હતા. આ જાતિની

સમજણથી શ્રી **નારદજી** વિચારે છે કે-" જે કારણથી અતિશયજ્ઞાનિઓ આદિ ન જોઈ શકે એવું કોઈ પણ સ્થાન નથી, તે કારણથી એ વાત નિશ્ચિત છે કે-મારે આ બકરો હણવા યોગ્ય નથી. "

આવો નિર્ણય કરવા છતાં પણ, તેમના અંતરમાં એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે-" જો આમ જ છે, તો પછી ગુરૂનો એવો આદેશ શા માટે ?" આ પ્રશ્નનું સમાધાન કરતાં પણ તે વિચારે છે કે-" જરૂર આવા પ્રકારનો ગુરૂનો આદેશ કોઈ કારણસર હોવો જોઈએ : કારણ કે-ગુરૂ આવું કરે નહિ, એટલે કે-ગુરૂનો એવો બકરાને મારવાનો આદેશ હોય નહિ. "

એક પરિણત આત્મા જેવો ગુરૂ-આજ્ઞાનો વિચાર કરે, એવી જાતિનો આ વિચાર છે. આવો વિચાર ક્ષુદ્ર આત્માઓ માટે શક્ય નથી. ક્ષુદ્ર આત્માઓ આવા અવસરે કાં તો **પર્વતક**ની માફક કરે અને કાં તો ગુરૂ તરફ અસદ્ભાવને કરનારા બને. ખરેખર, સૂક્ષ્મ મતિ એ આત્માના હિત માટે કામધેનુ છે. આમ છતાં પણ, સઘળા જ આત્માઓ સૂક્ષ્મ મતિવાળા હોય એ શક્ય નથી. સૂક્ષ્મ મતિથી રહિત એવા આત્માઓ પણ પાપથી નથી બચી શકતા એમ નહિ. શ્રદ્ધા, એ પણ ઘણાં ઘણાં પાપોથી બચાવનારી છે, પણ એ જેના-તેના ઉપરની નહિ હોવી જોઈએ. સુયોગ્ય પ્રત્યે શ્રદ્ધા કેળવીને પણ તરી શકાય છે, પરન્તુ સૂક્ષ્મ મતિવાળા આત્માઓની તો બલિહારી જ છે. શ્રી **નારદજી**ને સૂક્ષ્મ બુદ્ધિના પ્રતાપે યોગ્ય વિચારો આવ્યા અને એના યોગે તેમણે નિશ્ચય કર્યો કે-" ગુરૂએ જો કે આદેશ તો બકરાને મારવાનો કર્યો છે, પરન્તુ એ આદેશ એવી રીતિએ કર્યો છે, કે જેથી એમ સમજાય કે-ગુરૂનો આદેશ વસ્તુતઃ આ બકરાને મારવાનો નથી. ગુરૂનો આવો આદેશ કોઈ કારણવિશેષથી જ હોવો જોઈએ, માટે આ બકરો મારા માટે મારવા યોગ્ય નથી. "

આવો નિશ્ચય કરીને શ્રી **નારદજી** ખૂબ જ હર્ષને પામ્યા અને એથી તેમનું મુખકમળ વિકસિત બની ગયું. પ્રકૃષ્ટ હર્ષના યોગે વિકસિત બનેલા શ્રી **નારદજી**, ગુરૂની સમીપે આવી પહોંચ્યા અને પોતે જે જે આચર્યું હતું તે પોતાનું ચરિત્ર તેમણે ગુરૂની આગળ નિવેદિત કર્યું.

પર્વતકની પરીક્ષા :

શ્રી **નારદજી**ના ચરિત્રને સાંભળીને, ઉપાધ્યાય શ્રી **ક્ષીરકદંબકે** વિચાર્યું કે-" આ **નારદ** તો ખરે જ સૂક્ષ્મ મતિવાળો છે. સૂક્ષ્મ મતિવાળો હોવાના કારણે, આ **નારદ** દુર્ગતિમાં જવાની તૈયારી કરે એ શક્ય નથી : તો પછી શું મારો પુત્ર કુગતિમાં જશે? અથવા તો તેની પણ પરીક્ષા કરૂં."

આવો નિશ્ચય કરીને તે પાઠકે પોતાના પુત્ર **પર્વતકને** પણ શ્રી **નારદજી**ની જેમ લાક્ષારસથી પ્રતિપૂર્ણ એવો કૃત્રિમ બકરો સમર્પ્યો અને શ્રી **નારદજી**ને જે પ્રકારે કહીને હણવાની આજ્ઞા ફરમાવી હતી તે જ પ્રકારે કહીને તેને પણ તે બકરાને હણવાની આજ્ઞા ફરમાવી.

પોતાના પિતા અને પાઠક એવા શ્રી **ક્ષીરકદમ્બક**ની એ આજ્ઞાને માથે ચઢાવીને, **પર્વતક** ત્યાંથી નીકળ્યો અને એક શૂન્ય શેરીમાં આવી પહોંચ્યો. એણે પણ ત્યાં જોયું અને વિચાર્યું કે-' અહીં કોઈ મને જૂએ છે કે નહિ ?' પરન્તુ તે ક્ષુદ્ર બુદ્ધિવાળો હોવાના કારણે તેણે નિશ્ચય કર્યો કે-' અહીં કોઈ મને દેખતું નથી.' એવો નિશ્ચય કરીને તેણે તે બકરાનો ત્યાં જ વધ કર્યો.

પછી તે ઘેર આવ્યો અને હાથ-પગના શૌચ માટે માતા પાસે પાણી માગ્યું. આથી ઉપાધ્યાયે પૂછ્યું કે-' રે ! આ શું ?' આ પ્રશ્નના ઉત્તરમાં **પર્વતકે** કહ્યું કે-' તે બકરાના શરીરમાં રૂધિરનો સંચય ઘણો હતો, એટલે રૂધિરના તે સંચયથી મારૂં અંગ વિલિપ્ત બન્યું છે.'

પર્વતકના આ ઉત્તરથી ઉપાધ્યાયે નિશ્ચય કર્યો કે-' આ

છોકરો કૃત્રિમ બકરાને મારીને જ આવ્યો છે.' છતાં જાણે વધુ પરીક્ષા કરતા હોય, તેમ તેમણે પર્વતકને પ્રશ્ન કર્યો કે–" તેં આ બકરાનો વધ ક્યાં કર્યો અને કેવી રીતિએ કોઈથી પણ તું દેખાયો નહિ ?" આ પ્રશ્નના ઉત્તરમાં તે પર્વતક પણ કહે છે કે–" એક શૂન્ય શેરી, કે જે અંધકારથી વ્યાપ્ત હતી તેમજ લોકોના સંચારથી રહિત હતી, ત્યાં જઈને મેં બકરાને માર્યો છે: અને એ કારણથી કોઈનો દ્વારા હું દેખાયો નથી." તેના આવા ઉત્તરથી ફેર ઉપાધ્યાયે તેને પૂછ્યું કે–" ઉપર રહેલાં નક્ષત્રો દ્વારા તું કેવી રીતિએ ન દેખાયો? પાંચ લોકપાલો દ્વારા, દિવ્યજ્ઞાનિઓ દ્વારા અને પોતાની પાંચ ઈંદ્રિયો દ્વારા પણ તું કેવી રીતિએ ન દેખાયો ?"

પર્વતક સૂક્ષ્મ બુદ્ધિવાળો નહિ હોવા છતાં પણ જો શ્રદ્ધાળુ હૃદયવાળો હોત, તો પણ પોતાના પિતા અને ઉપાધ્યાયના આ પ્રશ્નોથી તે કંપી ઉઠ્યો હોત, તેની આંખોમાંથી અશ્રુની ધારાઓ વહી નીકળી હોત અને તે પગમાં પડીને ગદ્ગદ્ સ્વરે બોલ્યો હોત કે–' હે પૂજ્ય પિતા અને પૂજ્ય પાઠક! ખેદની વાત છે કે–આવી જાતિનો વાસ્તવિક વિચાર મારા જેવા તુચ્છ બુદ્ધિવાળાને આવ્યો નહિ. આપ કૃપાલુના ગંભીર આશયને સમજવામાં ક્ષુદ્ર એવો હું નિષ્ફળ નિવડ્યો અને એથી મારા હાથે આ ઘણું જ ભયંકર પાપ થવા પામ્યું છે. હવે તો આ પાપની શુદ્ધિને માટે, હે કૃપાળો! મને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ કરો. પુનઃ હું વિચારશીલ બનીશ અને આવું પાપ નહિ આચરૂં.' પણ ક્ષુદ્ર મતિવાળો પર્વતક તો એવી ઉમદા શ્રદ્ધાથી પણ પરવારી બેઠેલો હતો, એટલે તેણે તો ઉલ્ટું સામે કહ્યું કે–" અમે જ્યારે એટલું પણ જાણતા નથી, તો પછી આપ જ એ કહો કે–આપે શું કામ મને મોકલ્યો હતો ?"

પર્વતકના આવા અવિચારી અને ઉદ્ધત ઉત્તરને સાંભળી-

ને ઉપાધ્યાયે વિચાર્યું કે–" અહો ! અનુકમ્પા વિનાનો આ પર્વતક પાપકર્મમાં પ્રવર્તમાન થતાં શંકા પામે એવો નથી, એટલે એ વાત નિશ્ચિત જ છે કે–આ પર્વતક નરકગામી થશે, પણ હું આ પાપના ઉપલેપથી કેવી રીતિએ મૂકાઈશ ?'

પાઠક મુનિવરોની સમીપે :

એવી ચિન્તામાં તત્પર બનેલા ઉપાધ્યાયે ઘણા જ કષ્ટે કરીને પણ જેમ–તેમ રાત્રિ પૂરી કરી અને પ્રભાત સમયે તે જ મુનિઓની ગવેષણા કરતા તે ઉપાધ્યાય ઉદ્યાને પહોંચ્યા. ત્યાં મુનિઓને જોઈને તે ઉપાધ્યાયે વંદન કર્યું.

આપણે જોઈ ગયા છીએ કે–આ ઉપાધ્યાય ક્ષીરકદંબક સ્વભાવથી જ પાપભીરૂ હતા તેમજ સરલ અને સ્વચ્છ હૃદયને ધરનારા હતા : આ જાતિની યોગ્યતાને ધરનાર તે પાપથી ન કંપે અને પાપનિવારણનો ઉપાય શોધવાને ન નીકળે, એ શક્ય જ નથી. પાપથી ડરનારાઓ પ્રસંગ પામીને તો પાપ-નિવારણના ઉપાયને જાણવાને માટે તત્પર બન્યા વિના રહી શકતા જ નથી. પાપથી ડરનારો પાપના સ્વરૂપ આદિને જાણવા પ્રત્યે તેમજ પાપથી બચવાને માટે આદરવા જોગા ઉપાયોને આદરવા પ્રત્યે બેદરકાર હોય, એ બને જ કેમ ? એટલે પાપથી બચવાને ઇચ્છનારે સદ્દગુરૂઓનું શરણ શોધવું જોઇએ, એ પણ સ્પષ્ટ છે. હવે મુનિવરોની પાસે આવેલા અને વન્દન કરી ચૂકેલા તે ક્ષીરકદંબક પાઠક પૂછે છે કે–" હે ભગવન્ ! ઘરના કુટુંબમાં જો કોઇ પણ માણસ દુર્નયમાં પ્રવર્તે છે, તો ઘરનો સ્વામી બંધાય છે યા નહિ ?"

આ પ્રશ્નના ઉત્તરમાં સાધુઓએ સામે જ પ્રશ્ન કરતાં કહ્યું કે–" જો કોઈ અગ્નિથી સળગતા ઘાસના પૂળાને હાથ વડે ધારણ કરે છે, તો તે દાઝે છે કે નથી દાઝતો ? "

પાઠકે કહ્યું કે–" જે સળગતા ઘાસના પૂળાને હાથ દ્વારા ધારણ કરે છે, તે દાઝે છે."

આ પ્રમાણે સાંભળીને સાધુઓએ પણ કહ્યું કે–"જેવી રીતિએ અગ્નિથી સળગતા તૃણના પૂળાને હાથ દ્વારા જે ધારણ કરે છે તે દાઝે છે, એ પ્રમાણે ઘરનો નાથ પણ કુટુંબના અન્યાયપ્રવર્તનથી બંધાય છે."

આ પ્રકારના મુનિવરના વચનને સાંભળીને પાઠકે કહ્યું કે–"હે ભગવન્! ત્યારે તે કયી રીતિએ મૂકાય?"

મુનિવરે તેના ઉત્તરમાં કહ્યું કે–"સળગતા પૂળાનો પરિત્યાગ કરનાર પુરૂષ જેમ નથી દાઝતો, એ પ્રમાણે પાપકારી પુરૂષને મૂકતો ઘરનો નાથ પણ પાપથી મૂકાય છે."

આ પ્રમાણે સાંભળીને સંવેગથી ભાવિત થયેલા તે '**ક્ષીરકદમ્બક**' પાઠક, તે જ મુનિઓની પાસે પ્રવ્રજિત થયા અને સુગતિના સાધક બન્યા.

સાચાં માબાપ અને સાચા શિક્ષક બનો:

આવા પિતા અને આવા પાઠકની હયાતી વિશ્વમાં સદાને માટે વિદ્યમાન હોય, તો વિશ્વ કેટલું બધું સદાચારી બન્યું રહે? માતા–પિતા પણ જ્યાં સંતાનના, અરે પોતાના પણ આત્મહિતને ભૂલે, ત્યાં શું અનર્થ ન થાય? આજે કેટલા એવા છે, કે જે પોતાના અને પોતાનાં સંતાનોના આત્મહિતની ચિંતામાં જાગૃત રહે? પોતાના વિદ્યાર્થી દુર્ગતિગામી ન બની જાય, એની ચિંતા કરનારો શિક્ષક આજે શોધ્યો પણ જડે તેમ છે? કેવલ પગારની ચિંતા સિવાય બીજી ચિંતા જ જેને ન હોય, તે શિક્ષક એ શું શિક્ષક છે? આ બધા પ્રશ્નોને વિચારીને તમે જો મા–બાપ હો તો સાચાં મા–બાપ બનવાનો અને શિક્ષક હો તો સાચા શિક્ષક બનવાનો સજ્જડ ઉદ્યમ આરંભો, એ જ કલ્યાણકારી છે.

વસુની શિકારરસિકતા:

આ રીતિએ પાઠક દીક્ષા લેવાથી એમની લેખશાલા ભાગી પડી અને શ્રી **નારદજી** પોતાના સ્થાને ચાલી ગયા. આ પછી,

અવસર પામીને પર્વતકે ઉપાધ્યાયપદ ગ્રહણ કર્યું અને વસુ રાજપદને પામ્યો. રાજગાદી ઉપર આવેલો વસુ પ્રસિદ્ધિને તો પામ્યો, પરંતુ તે શિકારમાં ખૂબ જ લંપટ હતો.

આ શિકાર એટલે મનની મોજ માટે નિરપરાધી પ્રાણિઓનો વિનાશ. 'આવી અકારણે કરાતી પણ નિરપરાધી પ્રાણિઓની હિંસા, એ તો રાજાઓનો ધર્મ છે'-એવું કહેનારાઓ પણ મિથ્યામતિઓમાં મહર્ષિઓ તરીકે પૂજાય છે. એવા મહર્ષિઓ બીચારા ઘોર મિથ્યાત્વના ઉદયે જાણે એમ જ માનતા હોય છે કે-રાજાને એવી હિંસાત્મક મોજ કરવાનો પણ પરવાનો જ હોવો જોઈએ અને એવી હિંસા કરવા છતાં પણ એની તો સદ્દગતિ જ થવાની છે. ગાઢ મિથ્યાત્વથી રીબાતા હોવા છતાં પણ મહર્ષિ બની બેઠેલા એવાઓએ, એવાં એવાં પણ શાસ્ત્રો રચી નાખ્યાં છે, કે જે પ્રાયઃ પ્રત્યેક પાપને એક યા બીજી રીતિએ ધર્મ તરીકે વર્ણવતાં હોય. મિથ્યાદષ્ટિ જગતના એવા નાચને પણ સમ્યગ્દષ્ટિઓ અથવા મિથ્યાત્વની મંદતાવાળાઓ જ વખોડી શકે છે. જેઓ મિથ્યાત્વમાં પણ સમ્યક્‌પણાની કલ્પના કરવામાં પોતાનું મધ્યસ્થપણું માને છે, તેઓ તો એમ કહેવાને પણ તૈયાર હોય છે કે-' તેઓ પણ તેમની દૃષ્ટિએ તો સાચા હોઈ શકે છે ને ? ભલે આપણને એ ખોટું લાગતું હોય, છતાંય આપણને એમને ખોટા કહેવાનો અધિકાર શો છે ?' આવાઓ એવા ઉન્માર્ગના પ્રચારમાં પણ નિમિત્તભૂત બનીને સંસારમાં રૂલી જાય છે. ખરેખર, દુનિયામાં કોઈ એવો અધર્મ નથી, કે જેને કુદેવો અને કુગુરૂઓ તથા કુશાસ્ત્રો તરફથી કોઈ ને કોઈ પ્રકારે ધર્મની મહોરછાપ ન મળી હોય ! આ જ કારણે, અનેક રાજાઓ શિકાર જેવા ભયંકર પાપકારી અને ઉભય-લોકવિરૂદ્ધ એવા વ્યસનના ખૂબ જ નિર્ભિકપણે શોખીન બની ગયેલા હતા અને હોય છે. વસુ રાજા પણ એ ભયંકર પાપવ્યસનનો પક્કો ઉપાસક હતો અને એથી તે હમેશાં શિકાર કરે છે.

ગુપ્તપણે શિલાસ્થાપન :

કોઈ એક દિવસે શિકાર કરવાને ગએલા તે વસુ રાજાએ એક સારી રીતિએ વિશ્વાસપૂર્વક બેઠેલા એક મૃગના ટોળાને જોયું. આ રીતિએ નિર્ભયપણે બેઠેલા મૃગના ટોળાને જોઈને, વસુ રાજાને તો ગોળનું ગાડું મળ્યા જેવું થયું.

હિંસાના શોખીન આત્માઓની દશા જ ભયંકર હોય છે. આવી નિર્ભય દશામાં રહેલા નિરપરાધી જીવોનો સંહાર કરવો, એ તો એવાઓને મન એક આનંદનો વિષય થઈ પડે છે. પોતાની જાતને એક કંટક વાગે, તો તેને અસહ્ય માનીને કંટક ઉપર પણ ગુસ્સો કરનારા પામરો, પારકાઓનો કારમી રીતિએ સંહાર કરવામાં મોજ માને, એ કેટલીબધી વિચારહીનતા, મૂઢતા અગર તો દયાહીનતા છે ? ખરેખર, નિરપરાધી જીવોના કારમા સંહારમાં મોજ માનનારાઓની અને એને ધર્મ તરીકે સમજાવનારા પાપાત્માઓની અધોગતિ થાય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. અપરાધી જીવોની પણ શિક્ષા કરવી પડે તો ય તે શિક્ષા કરવામાં મોજ માનવાની હોતી જ નથી : કારણ કે–એ જાતિની રસિકતા, એ ક્રૂરતાના ઘરની છે અને એથી એ આત્માને અધોગામી જ બનાવે છે.

પેલા મૃગના ટોળાને જોઈને રાજાએ વિચાર્યું કે–'આવા સમયે તો મારે એકલાએ જ જવું જોઈએ અને તે પણ પગનો અવાજ ન થાય એ રીતિએ : અન્યથા, ઘણાના ઘોંઘાટથી અને પગના અવાજથી આ ટોળું ભાગી ગયા વિના રહે નહિ અને ભાગી જાય તો મારા મનનો મનોરથ ફળે નહિ.'

આવી જ જાતિના વિચારના યોગે વસુ રાજા એકાકી બની ગયો અને ધીમા પગના સંચારથી તે આગળ વધ્યો. આગળ વધીને તેણે વિશ્વસ્ત બનેલા તે મૃગના ટોળા ઉપર તીર છોડયું. પણ તે તીર રાજાની ધારણા મુજબ મૃગના ટોળા સુધી પહોંચ્યું નહિ. તે તીર વચમાં કોઈ પણ સ્થાને અફળાયું અને એથી ખડોખડ ત્રુટી ગયું.

આ રીતિએ પોતાના બાણુના, કોઈ પણ વસ્તુ વચ્ચે નહિ દેખાતી હોવા છતાં પણ, ટુકડે ટુકડા થઇ ગયેલા જોવાથી, વિસ્મય પામેલા **વસુ** રાજાએ જોવા માંડ્યું કે–'કયી વસ્તુની સાથે મારૂં બાણુ અથડાયું અને ટુકડે ટુકડા થઈ ગયું?' હાથના સ્પર્શથી તપાસ કરતાં તેના જોવામાં આવ્યું કે–તે એક સ્ફટિક રત્નની શિલા છે અને એનો વર્ણ આકાશતલથી જરા પણ જૂદો પડે તેવો નથી. આ રીતિએ આકાશતલથી સમાન વર્ણવાળી તે સ્ફટિકશિલાને જોઈને, **વસુ** રાજાનું મન લલચાયું. આવી શિલાનો ઘણો જ સરસ ઉપયોગ પોતે કરી શકશે, એમ તેને લાગ્યું. આથી તે વખતે તો **વસુ**રાજા પોતે પાછો ફર્યો, પરન્તુ પાછળથી તેણે રાત્રિના સમયે બીલકુલ ગુપ્તપણે એ શિલાને મંગાવી લીધી. ગુપ્તપણે રાત્રિએ તે શિલાને મંગાવી લઈને તેણે તે શિલાને પોતાના સભામંડપમાં સ્થાપન કરી અને તેના ઉપર પોતાને બેસવાનું જે સિંહાસન હતું, તે સિંહાસન સ્થાપિત કર્યું. આ જાતિની વ્યવસ્થાથી લોકમાં એવી જાતિનો પ્રવાદ થયો કે–'રાજાના સત્યવાદિપણાથી રાજાનું સિંહાસન આકાશમાં રહે છે.'

શ્રી નારદજીનું આગમન:

આવા પ્રકારનો વૃત્તાન્ત કોઈ પણ રીતિએ શ્રી **નારદજી**ના જાણવામાં આવ્યો અને એથી શ્રી **નારદજી** કૌતુકથી એ જોવાને આવ્યા. રાજાના સત્યવાદિપણાથી સિંહાસન આકાશમાં રહે છે, એમ સાંભળતાં તે જાતે જોવાની ઇચ્છા થવી, એ કોઈ વિશેષ વાત નથી. વળી શ્રી **નારદજી** એક તો કૌતુકપ્રિય હતા અને બીજું **વસુ**ના સહાધ્યાયી પણ હતા, એટલે તેમને એવો વૃત્તાન્ત સાંભળતાં આશ્ચર્ય ઉપજે અને જોવાનું મન થાય, એ તો વધુ સ્વાભાવિક છે. આ રીતિએ આવેલા શ્રી **નારદજી**નું **પર્વતકે**, **પર્વતકની** માતા એટલે **ક્ષીરકદમ્બક** પાઠકની પત્નીએ અને **વસુ** રાજાએ પણ સન્માન કર્યું તેમજ

સૌએ શ્રી **નારદજીને** રોકાવાનો આગ્રહ કર્યો. સૌના સ્નેહને વશ થઈને શ્રી **નારદજી** પણ ત્યાં જ સુખપૂર્વક રહેવા લાગ્યા.

પર્વતક સાથે મતભેદ :

હવે કોઈ એક દિવસે **પર્વતક**–" **अजैर्यष्टव्यम्** " આ પ્રકારના વેદવાક્યની વિદ્યાર્થિઓ સમક્ષ વ્યાખ્યા કરી રહેલ છે અને તે સમયે શ્રી **નારદજી** પણ ત્યાં હાજર છે. એ વેદ-વાક્યની વ્યાખ્યા કરતાં **પર્વતકે** કહ્યું કે–" અજો દ્વારા એટલે બકરાઓ દ્વારા '**यष्टव्यम्**' એટલે યાગની ક્રિયા કરવા યોગ્ય છે." **પર્વતકે** કરેલી આ વ્યાખ્યા ખોટી હતી, એટલે શ્રી **નારદજીએ** કહ્યું કે–" હે ભાઈ! આ પ્રમાણે વ્યાખ્યા ન કરાય : કારણ કે-ધર્મને માટે કરાતી યાગક્રિયા બકરાઓ દ્વારા કરવી, એ ઉચિત નથી."

શ્રી **નારદજીના** આ પ્રકારના કથનને સાંભળતાંની સાથે જ **પર્વતક** ગુસ્સામાં આવી ગયો. તમે જાણો છો કે-શ્રી **નારદજી** જેમ અક્ષુદ્રમતિ છે, તેમ **પર્વતક** ક્ષુદ્રમતિ છે અને ક્ષુદ્ર મતિવાળાઓને આવી વાત સાંભળતાં ગુસ્સો ન આવે, એ બને જ કેમ ? શ્રી **નારદજીના** સાચા પણ કથનથી ઉકળી ઉઠેલો **પર્વતક** કહે છે કે–" જો આ પ્રમાણે વ્યાખ્યા ન કરાય, તો તું કહે કે–કેવી રીતિએ વ્યાખ્યા કરાય ?"

આ પ્રકારે તોછડી રીતિએ વાત કરતા એવા પણ **પર્વતકને** ઉદ્દેશીને, શ્રી **નારદજીએ** તો પોતાના સુંદર સ્વભાવ પ્રમાણે શાંતિથી તેનો ઉત્તર શ્રી ઉપાધ્યાયના નામે જ આપતાં કહ્યું કે–" આપણા પૂજ્ય ઉપાધ્યાયે અહીં '**अजाः**'ની વ્યાખ્યા કરતાં 'સાત વર્ષની જુની ડાંગર' એવો અર્થ ફરમાવ્યો હતો : કારણ કે–તેવી જુની ડાંગર વાવવા છતાં પણ ઉગતી નથી. આપણા પૂજ્ય ઉપાધ્યાયે આ પ્રમાણે વ્યાખ્યા કરેલી હોવાથી, તે જ આપણને પણ પ્રમાણ રૂપ ગણાય."

શ્રી **નારદજીએ** ગુરૂના નામે કહેલી વાતને પણ, ઉત્તાન-

મતિપણાથી **પર્વતક** સાંભળતો નથી. એના હૈયામાં તો એ જ એક વિચાર ઘોળાયા કરે છે કે-'વિદ્યાર્થિઓની મધ્યમાં હું લઘુ થઈશ.' એવા વિચારથી મહા અભિમાનપૂર્વક એ **પર્વતકે** શ્રી **નારદજી** પ્રતિ કહ્યું કે-"અરે! મારાથી પણ તું પંડિત છો? ઉપાધ્યાયે શું તને જ તત્ત્વ કહ્યું છે? આ વાતમાં જો તું 'હા' કહેવાની ધૃષ્ટતા કરતો હો, તો હું પણ એવું 'પણ' કરવાને તૈયાર છું કે-આપણા બેમાં આ વિષયની અંદર જે અસત્યવાદી ઠરે, તેનો દંડ જીભ છેદવાનો હો અને આ વિષયમાં પ્રમાણ તરીકે આપણે સત્યવાદી એવા **વસુ** રાજાને નીમીએ."

તદ્દન જુઠી વાતના પક્ષમાં પડીને પણ **પર્વતકે** જ્યારે આવી વાત વિલક્ષણ રૂપે જાહેર કરી, ત્યારે શ્રી **નારદજી** જેવાને પણ એ 'પણ'ની વાત સ્વીકારવી પડે એ સહજ છે. દુનિયામાં દુરાગ્રહી આત્માઓ કેવા હોય છે, એ સમજવાને માટે આ **પર્વતકને** યાદ રાખવા જેવો છે. આવા માણસોની સામે ઉભા રહેવાનો પ્રસંગ ન આવે એ જ સારૂં છે: અન્યથા, એવા માણસોની સામે આવેલા સજ્જનોને પણ ઘણી ઘણી આપત્તિઓ વેઠવી પડે છે. **પર્વતકની** સ્પષ્ટ દેખાતી ભૂલને શ્રી **નારદજીએ** મધુર શબ્દોમાં પણ કહી, એ જ તેમનો ગૂન્હો! એનાથી એ તપ્યો, ત્યારે તેને શાંત કરવાને માટે શ્રી **નારદજી**-એ ઉપાધ્યાયના કથનનું પ્રમાણ રજૂ કર્યું. પોતાના પૂજ્ય પિતા અને પાઠક કરેલી વ્યાખ્યા શ્રી **નારદજીએ** જણાવી, તે છતાં પણ **પર્વતક** શમ્યો નહિ: શમ્યો નહિ એટલું જ નહિ, પણ ઉલ્ટો અકળાઈને જીભના છેદ સંબંધી 'પણ' કરવા સુધીની હદે પહોંચ્યો. આવા વિગ્રહમાં પડવાની ઈચ્છા ન હોય, તે છતાં પણ હવે શ્રી **નારદજીને** તેમાં પડ્યા વિના ચાલે તેમ ન હતું; એ કારણે શ્રી **નારદજીએ** પણ એના લાંબા કથનની સામે પણ માત્ર એટલું જ કહ્યું કે-'એ પ્રમાણે હો.'

માતા અને પુત્ર:

'શ્રી **નારદજી**ની સાથે પોતાના પુત્ર **પર્વતકે** જીહ્વા-છેદનું પણ કર્યું છે.'–આ વૃત્તાન્ત **પર્વતક**ની માતાએ જાણ્યો, એટલે તેણીએ **પર્વતક**ને કહ્યું કે–"હે પુત્ર! સ્નેહના વશથી **નારદ** તારી પાસે આવેલો છે, તેથી તેની સાથે કલહ કરવો એ ઉચિત નથી."

પર્વતક કહે છે કે–"હે માતા! હું **નારદ**ની સાથે કલહ કરતો નથી, કિંતુ આ **નારદ** છાત્રોની મંડલીની મધ્યમાં મારા વર્ણિત અર્થને દૂષિત કરે છે."

પોતાના પુત્રના આ કથનને સાંભળીને, માતાએ પૂછ્યું કે–"કેવી રીતિએ **નારદ** તારા કથનને દૂષિત કરે છે?"

આ પ્રશ્નના ઉત્તરમાં **પર્વતકે** બનેલો સઘળોય બનાવ પોતાની માતા આગળ વર્ણવ્યો. એ વાતને સાંભળી લીધા બાદ, **પર્વતક**ને તેની માતાએ કહ્યું કે–"હે વત્સ! તારા પિતાએ મારી સમક્ષ પણ **નારદ** કહે છે એ જ પ્રમાણેનો અર્થ વ્યાખ્યાત કરેલ છે, એટલે **નારદે** જે વાત કહી એમાં **નારદ**નો દોષ કયો?"

પોતાની માતાના મુખથી આ વાતને સાંભળીને **પર્વતક**ને આઘાત જરૂર પહોંચ્યો, પણ એ આઘાત પોતાની ભૂલ થઈ એ માટેનો નહિ હતો. એ આઘાત તો પોતાની જીભ છેદાવાના ભયથી ઉત્પન્ન થએલો હતો. **પર્વતક**માં જો પાપભીરૂતા હોત, તો અહીં તેની જૂદી જ દશા થાત. માનો કે–શ્રી **નારદજી**એ વિદ્યાર્થિઓની હાજરીમાં ભૂલ બતાવી તેથી તે રોષાયમાન થયો હતો અને રોષમાં ને રોષમાં તેણે નહિ બોલવા જેવું બોલીને નહિ કરવા જેવું પણ કર્યું હતું, પરન્તુ હવે તો તે શાન્તિથી વિચારી શકતો હતો અને થઈ ગયેલી ભૂલને પશ્ચાત્તાપપૂર્વક સુધારી શકતો હતો; પણ એનામાં પાપભીરૂતા નહિ હતી. પોતાની જીભ છેદાવાની–એમ જાણીને જ તેને આઘાત થયો

હતો અને એથી જ તેણે પોતાની માતાને કહ્યું કે-" હે માતા ! જો એ પ્રમાણે જ વાત છે, એટલે કે-**નારદે** કરેલો અર્થ જ સાચો છે, તો મારી જીભ ગઈ એમ જ તારે સમજવાનું છે : કારણ કે-રાજા **વસુ** પણ સત્યવાદી છે, એટલે એ પણ પિતાજીના કહ્યા મુજબ જ કહેશે."

માતાની મોહમગ્નતા :

પોતાના પુત્રના આવા કથનને સાંભળવાથી મોહમગ્ન માતા પણ મુંઝાણી. મોહમગ્ન માતાને પુત્રસ્નેહે મુંઝવી. સ્નેહરાગ પણ એક ભયંકર પાપ છે. સ્નેહવશ બનેલા આત્માઓ, સ્નેહપાત્રનું પણ કારમું અહિત કરનારા બની જાય છે. સ્નેહવશ આત્મા પોતાનું તો બગાડે જ છે, પણ જેના ઉપર તે સ્નેહ કરે છે તેનું પણ અવસરે કારમું અહિત કરનાર બને છે. સ્નેહવશ આત્મા સ્નેહપાત્રના દોષોને ગુણો તરીકે જોનારા બની જાય છે. સ્નેહવશ આત્માઓને મોટે ભાગે સ્નેહિના દોષ દેખાતા નથી અને ન હોય એવા પણ ગુણો એની દૃષ્ટિમાં આવે છે. કદાચ દોષ જણાઈ જાય, તો પણ એ દોષના નાશનો પ્રયત્ન કરવાને બદલે, સ્નેહિના દોષનો કારમું પાપ કરીને પણ બચાવ કરવાને માટે એ સજ્જ થાય છે.

એવી દશા **પર્વતક**ની સમજુ પણ માતાની થઈ. પુત્રના સ્નેહથી મોહિત થયેલી માતા, પોતાના પુત્રને જીહ્વાછેદની આપત્તિમાંથી કેમ ઉગારવો, એનો વિચાર કરવા લાગી. પોતાના પુત્રને સાચી વાતનો સ્વીકાર કરીને અનર્થને અટકાવવાની સલાહ તે આપી શકી નહિ. તે તો એ જ વિચાર કરવા લાગી કે-'મારા પુત્રની ખોટી પણ વાત હવે સાચી ઠરે શી રીતિએ ?' આમ કરવામાં તે પોતાના પતિનો પણ દ્રોહ કરી રહેલ છે, એનોય તેને ખ્યાલ રહ્યો નહિ.

પોતાના પુત્રે કરેલા ખોટા પણ અર્થને સાચો કેમ ઠરાવવો,-એની ચિન્તામાં પડેલી તેણીને એક ઉપાય જડ્યો. પૂર્વે રાજાએ

તેણીને એક વચન આપ્યું હતું અને તેણીએ રાજાનું તે વચન રાજાની પાસે જ અનામત રાખી મૂક્યું હતું. અત્યારે તેણીને એ વચન યાદ આવ્યું અગર તો કહો કે-તેણીએ તે વચનને યાદ કર્યું. રાજાના એ વચનને સ્મૃતિમાં લાવીને, તેણીએ રાજાની પાસે પણ ખોટા અર્થ કહેવડાવવાનો નિર્ણય કર્યો. એવા નિર્ણયથી તેણી રાજા વસુની પાસે જવાને તૈયાર થઈ.

સ્નેહવશ આત્માઓ કેવાં કેવાં પાપો આચરે છે, એ વાત પણ તમે આ ઉપરથી વિચારી શકશો. જે રાજા સત્યવાદી છે, તેને પણ 'વર'નો ઉપયોગ કરીને અસત્યવાદી બનાવવાના વિચારમાં પર્વતકની માતા લીન બને છે. 'દીકરો અસત્ય બોલ્યો છે'-એમ જાણવા છતાં પણ દીકરાને બચાવવાને માટે તે અસત્યના પક્ષમાં બેઠી અને રાજાને પણ તેના વરદાનનો દુરૂપયોગ કરાવીને અસત્યવાદી બનાવવાને માટે તૈયાર થઈ-આ બધોય પ્રતાપ સ્નેહરાગનો જ હતો. સ્નેહરાગની વિષમતાથી જો પર્વતકની માતા વિવશ ન બની હોત, તો વસુ અને પર્વતકનો જે ઇતિહાસ લખાયો છે, તેના કરતાં કોઈ જૂદો જ ઇતિહાસ લખાયો હોત : પણ એ ઉભયની ભવિતવ્યતા જ વિષમ હતી, એથી સામગ્રી પણ એવી જ મળી છે : અન્યથા, સમજદાર આત્મા હિતકર માર્ગોને અખત્યાર કરવાને બદલે આવા ભયંકર માર્ગને અખત્યાર કરે, એ કેમ જ બને ?

રાજાને ત્યાં પર્વતકની માતા :

જ્યારે દુષ્ટ ઇરાદાથી પર્વતકની માતા વસુ રાજા પાસે પહોંચી, ત્યારે વસુ રાજાને ખબર ન હતી કે-'માતા મારી પાસે અસત્યભાષણ કરાવવાને આવેલ છે.' આથી પાઠકને પિતા તુલ્ય અને પાઠકની પત્નીને માતા તુલ્ય માનનારા તે વસુ રાજાએ, પોતાને આંગણે આવેલ માતાનું અભ્યુત્થાન કરવા દ્વારા સન્માન કર્યું. પછી ઉભે ઉભે જ પ્રણામપૂર્વક વસુ રાજાએ માતાને આવવાનું કારણ પૂછ્યું.

તેણીએ પણ આવી રીતિએ એકાંતમાં આવવાનું પ્રયોજન પ્રદર્શિત કરતાં કહ્યું કે–" હે પુત્ર ! જો પૂર્વપ્રતિપન્ન 'વર' તારા સ્મરણમાં હોય, તો હું એ 'વર'ને માગું !"

આ પ્રશ્નના ઉત્તરમાં ભક્ત હૃદયવાળા રાજાએ પણ કહ્યું કે–" હે માતા ! મેં આપેલા વરને હું સારી રીતિએ યાદ કરૂં છું. હે માતા ! આપ મને એ 'વર'ના ઋણથી મુક્ત કરો અને આપને જે રૂચે તે માગો."

આ પ્રમાણે રાજાએ કહે છતે, માતાએ સઘળોએ વ્યતિકર જણાવ્યો અને અન્તે કહ્યું કે–" સર્વ પ્રકારે તારા ભાઈની જીભને તું બચાવ."

માતાની એ પ્રકારની માગણીનો રાજા વસુ એકદમ સ્વીકાર કરે એ શકય નથી : પણ તેનીય સ્થિતિ કફોડી છે. પોતે વરદાન દ્વારા બંધાએલો છે, માગણી કરનાર માતા તુલ્ય ગુરૂ-પત્ની છે અને માગણી પણ પોતાના સહાધ્યાયી જ નહિ પણ ગુરૂપુત્રની જીભ છેદાતી અટકે એ માટેની છે. વળી માગણી કરનાર ધાર્યું કરાવવાને માટે ગમે તેમ બોલીને પણ ક્ષોભ પમાડે એવી છે. આમ છતાં પણ રાજા જો ધારત તો જરૂર બચી શકત, પણ ભૂંડી ભવિતવ્યતાએ તેને પણ ભૂલવ્યો. પરિણામે રાજાએ–'એ પ્રમાણે હો.'–એમ કહીને, માતાની માગણીનો સ્વીકાર કર્યો. પછી પર્વતકની માતા પોતાના સ્થાને ગઈ અને તેણીએ પોતાના પુત્ર પર્વતકને ધીરજ આપી.

સ્નેહરાગની ભયંકરતા :

આ પ્રમાણે કરી શકવાથી ખૂશ થવું, એ સ્નેહવશ આત્માનો સ્વભાવ બની જાય છે. સ્નેહવશ આત્માઓ આવી પ્રવૃત્તિના ભયંકર પરિણામને જોઈ કે વિચારી શકતા નથી. જો ભયંકર પરિણામને જોવાની શક્તિ સ્નેહવશ આત્માઓમાં રહી શકતી હોત, તો તો તેઓ દ્વારા કારમાં પાપો આચરાત જ નહિ. સ્નેહવશ આત્માઓ પણ કામવશ આત્માઓની માફક અંધ

બની જાય છે. જો કે-કામની અંધતા જૂદી જાતિની હોય છે, તો પણ સ્નેહની અંધતા પણ સામાન્ય કોટિની નથી હોતી. દૃષ્ટિરાગની અંધતાનો નાશ કરવાને માટે જેટલી સાધનસામગ્રી જોઈએ, તેટલી સાધનસામગ્રી કામરાગ અને સ્નેહરાગની અન્ધતાનો નાશ કરવાને માટે નથી જોઈતી-એ વાત સાચી છે, તો પણ કામરાગી અને સ્નેહરાગી આત્માઓ પણ મોટે ભાગે કામરાગ અને સ્નેહરાગની અંધતાનો નાશ કરવામાં નિષ્ફળ નિવડે છે. જેઓ સાચા વિવેકને ધરાવતા હોય, તેઓ જ કામરાગ અને સ્નેહરાગની સામગ્રીના સહવાસમાં વસવા છતાં પણ, કમળપત્રની ગાફક નિર્લેપ રહી શકે છે. બાકીનાઓ તો એ બે રાગોની અંધતામાં પણ અટવાવા જ કરે છે.

સ્નેહરાગની અંધતામાં અટવાતી **પર્વતક**ની માતા પોતાની વાત સ્વીકારાવાથી ખૂશ બની અને પોતાના પુત્રને એ રીતિએ ધીરજ આપી શકવાથી સંતોષ પામી. શ્રી **નારદજી** જેવા સત્યવાદીની જીભ જાય તેનું દુઃખ તે માતાને નહોતું, પણ પોતાના અસત્યવાદી પણ પુત્રની જીભ ન જ છેદાવી જોઈએ એવી તેની માન્યતા હતી. આવી માન્યતા કારમા મોહ શિવાય શક્ય નથી, પણ જગતની ગતિશીલતા જ આ અને આવી જાતિના રાગ આદિથી જ છે, ત્યાં થાય પણ શું?

રાજાનો અસત્યવાદ :

આ જાતિની અવસ્થિત યોજનાથી **પર્વતક** નિશ્ચિન્ત હતો અને શ્રી **નારદજી** પણ પોતાના સત્યના પ્રતાપે સુનિશ્ચિન્ત હતા. બીજે દિવસે **વસુ** રાજાએ રાજસભા ભરી. એ રાજસભામાં ચારે વર્ણના પ્રધાન પુરૂષોએ હાજરી આપી હતી. ચારે વર્ણના પ્રધાન પુરૂષોથી પરિવૃત્ત બનેલી રાજસભામાં હર્ષપૂર્વક **પર્વતક** અને શ્રી **નારદજી**-બન્ને પહોંચ્યા અને બન્ને જણાએ પોતાનો વ્યતિકર સભા સમક્ષ રાજાને કહી સંભળાવ્યો.

આ પ્રમાણે જણાવીને ન્યાયની આશા રાખતા બન્ને ઉભા.

વ્યવહારમાં બેય ન્યાય માગનારા કહેવાય છે, પણ હમેશાં ખોટો તો અન્યાયની આશામાં જ રમતો હોય છે. **પર્વતક** પણ અન્યાયની જ આશામાં હતો, જ્યારે શ્રી **નારદજી** તો સત્ય ન્યાયની જ આશામાં હતા.

આ સ્થાને બન્નેય આનંદમાં હતા : કારણ કે-શ્રી **નારદજી** એમ માનતા હતા કે-'હું સાચો છું અને રાજા સત્યવાદી છે.' જ્યારે **પર્વતક** માનતો હતો કે-'ભલે હું ખોટો હોઉં, પણ રાજા પાસે પૂરતી લાગવગ પહોંચી ગઈ છે, એટલે મને હરકત આવવાની જ નથી.'

આ કામ ઘણું વિકટ છે, એમ સભામાં હાજર રહેલા પ્રધાન લોકોને પણ લાગ્યું છે અને એથી તેઓએ પણ રાજાને ઉદ્દેશીને કહ્યું કે-"હે દેવ! આપ છટ્ઠા લોકપાલ છો, સત્ય-વાદિપણાના ગુણથી આપ ગગનના આંગણામાં ગયા થકા રહો છો, એટલે કે-આકાશમાં અદ્ધર રહો છો અને વળી આ બન્નેયના આપ ગુરૂભાઈ છો : તે કારણથી સાથે ઉત્પન્ન થયેલા યમલ અગ્નિમાં જેમ સમચિત્ત રહે તેમ સમચિત્તવાળા બન્યા થકા આ પદને યથાસ્થિતપણે પ્રતિપાદન કરો. વળી સત્યવાદી અગ્નિનું સ્તમ્ભન કરે છે : ત્રાજવામાં તુલિત થાય છે : અમ્બુના પાનમાં શુદ્ધિને પામે છે : રાક્ષસ, સિંહ, અહિ, ભૂત અને પ્રબલ શત્રુએ કરેલા ભયને સારી રીતિએ નિરૂદ્ધ કરી શકે છે : સર્વ લોકમાં માન્ય થાય છે : પરલોકમાં સુગતિને ભજવાવાળો થાય છે : અને સૌભાગ્યયુક્ત થાય છે. સત્યવાદી કયું કલ્યાણ નથી પામતો? અર્થાત્-સત્યવાદી સઘળાં જ કલ્યાણોને પામે છે, તે કારણથી હે વિભો! આપ સત્ય બોલો."

આ પ્રકારે પ્રધાન લોકોએ કહેવા છતાં પણ, ભવિતવ્યતા ભૂંડી હોવાના કારણે, રાજાએ પણ ભવિતવ્યતાના વશે કરીને કહ્યું કે-"આ ઉપાધ્યાયપુત્ર **પર્વતક** જે કહે છે તે જ સાચું છે."

અસત્યવાદનું પરિણામ :

આ કારમા અસત્યને કહેતાંની સાથે જ, અર્થાત્-રાજા એવું

અસત્ય બોલ્યા તે પછી તરત જ, કુપિત થયેલી ભુવનદેવતાએ રાજાને અધોમુખ કરી નાખ્યો. શિલા અને સિંહાસન સાથે તેને જમીન ઉપર પટક્યો. એ રીતિએ પટકાયેલો '**વસુ**' રાજા મરીને નરક પૃથ્વીમાં ગયો.

આવા પ્રત્યક્ષ પરિણામના દર્શનથી લોકો પણ સમજી ગયા કે–આ **પર્વતકે** જ રાજા પાસે ખોટી સાક્ષી ભરાવી. આ પ્રમાણે જાણી ગયેલા લોકે **પર્વતકને** ખૂબ જ નિંદ્યો અને નગરીમાંથી કાઢી મૂક્યો. લોકે **પર્વતકની** જ્યારે એવી દશા કરી, ત્યારે શ્રી **નારદજીને** સત્યવાદી માનીને પૂજ્યા. આ રીતિએ અસત્યવાદી રાજા બૂરી હાલતે મૂઓ અને નરકે ગયો, **પર્વતક** ભયંકર તિરસ્કારને પામીને નગરીથી બહિષ્કૃત થયો અને સત્યવાદી શ્રી **નારદજી** પૂજિત બનીને પોતાના સ્થાને પહોંચ્યા.

ઉપનય :

આટલું કથાનક જણાવીને અને શેષ કથાનક ગ્રન્થાન્તરથી જાણી લેવાનું કહ્યા પછીથી, કથાનકનો ફલિતાર્થ સમજાવતાં ઉપકારી મહાપુરૂષ ફરમાવે છે કે–" આ કથાનકમાં આપણે જોયું કે–સૂક્ષ્મ બુદ્ધિવાળા **નારદે** બકરાનો વધ ન કર્યો અને ક્ષુદ્ર બુદ્ધિવાળા **પર્વતકે** બકરાનો વધ કર્યો. સૂક્ષ્મબુદ્ધિ હોવાના કારણે શ્રી **નારદજી** સ્વપરના ઉપકારી થયા અને ક્ષુદ્રબુદ્ધિ હોવાના કારણે **પર્વતક** સ્વપરના અનર્થમાં હેતુભૂત થયો."

ક્ષુદ્રતાને તજો :

પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમત્ **શાન્તિસૂરીશ્વરજી** મહારાજાએ ફરમાવેલું આ ઉદાહરણ અને પરમ ઉપકારી, આચાર્યભગવાન શ્રીમદ્ **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ ફરમાવેલી **ભીમ** અને **સોમની** કથા કે જે આપણે પહેલાં જોઈ આવ્યા–આ બેય દૃષ્ટાન્તોને જાણ્યા પછી સહેલાઈથી સમજી શકાય તેમ છે કે–સૂક્ષ્મ બુદ્ધિની કેટલી બધી જરૂર છે તથા

ઉત્તાન બુદ્ધિ કેટલું બધું નુકશાન કરે છે? આ સમજ્યા પછી તો, આ મળેલા માનવજીવન આદિને સફલ કરવાને માટે જરૂરી જે ધર્મ, તેને પામવાને માટે અગંભીર મટીને ગંભીર બનવાની ઘણી જ જરૂર છે, એ વાતનો તમારા દિલમાં સજ્જડ નિશ્ચય થઈ જવો જોઈએ. ક્ષુદ્ર આત્માઓ વ્યવહારમાં પણ ભયંકર નિવડે, એમાં તો આશ્ચર્ય જ શું છે! આથી, પ્રત્યેક ધર્મના અર્થિએ હૃદયમાં ભરાઈ બેઠેલી ક્ષુદ્રતાના નાશને માટે ખૂબ જ પ્રયત્નશીલ બનવાની જરૂર છે. જેઓ ક્ષુદ્રતાનો નાશ કરીને ગંભીરતાના ધારક બને છે, તેઓ ધર્મની પ્રાપ્તિ પણ સહેલાઇથી કરી શકે છે અને ધર્મની આરાધના પણ ઘણી જ સહેલાઇથી અને સારામાં સારી રીતિએ કરી શકે છે. ધર્મ-બુદ્ધિથી પણ ધર્મનો વિઘાત થવો એ સંભવિત છે. એ કારણે, સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મને જાણવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. ‘અમે તો અમુક કાર્ય ધર્મ સમજીને ધર્મની બુદ્ધિએ કર્યું: પછી એમાં જોવાનું શું?’–એમ બોલનારા અને એ મુજબ વર્તનારા, ક્યાં અને ક્યારે ધર્મવિઘાતને નહિ પામે, એ કહી શકાય નહિ. આથી ધર્મની આચરણા કરવાની ભાવનાવાળાઓએ સૂક્ષ્મ મતિથી વિચાર કરનારા પણ બનવું, એ પરમ આવશ્યક છે. જે આત્માઓ આ વસ્તુને સમજીને, ધર્મને સૂક્ષ્મ બુદ્ધિએ જાણવા તથા આચરવાને માટે પ્રયત્નશીલ બને છે, તે આત્માઓ ધર્મવિઘાતથી બચીને પરમ કલ્યાણને ભજનારા બની શકે છે. સૌ કોઈ એવા બનો, એ જ એક શુભાભિલાષા.

યુગપ્રધાન શ્રી વજ્રસ્વામિજી

રૂપસંપન્નતાથી શાસનપ્રભાવના:

ધર્મી આત્માઓ જો સુરૂપસંપન્ન હોય છે તો, અગર તો સુરૂપસંપન્ન આત્માઓ જો ધર્મી બને છે તો, તેઓની છાયા કોઈ જૂદી જ પડે છે. આકર્ષણ અને અસર બન્નેય વધે છે. સુરૂપસંપન્ન આત્માના ધર્માચરણની અને ધર્મોપદેશની અસર ઘણી થાય છે, ભવ્યાત્માઓ સહજ રીતિએ આકર્ષાય છે અને એથી સુરૂપસંપન્ન ધર્માત્મા તીર્થની ઉન્નતિનું પણ કારણ બન્યા વિના રહેતો નથી.

યુગપ્રધાન આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી મહારાજા**, ભગવાન શ્રી **મહાવીર** પરમાત્માના શાસનમાં અન્તિમ **દશ** પૂર્વધર થયા છે. શ્રી જિનશાસનના પરમ પ્રભાવક મહાપુરૂષોમાંના એ પણ એક છે. એ મહાપુરૂષ, પોતાની અદ્ભુત રૂપસંપન્નતાના યોગે પણ શાસનની ખૂબ ખૂબ પ્રભાવનાનું કારણ બન્યા હતા. રૂપના અતિશયથી પૂર્ણ એવા એ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષ જ્યાં જ્યાં વિચર્યા છે, ત્યાં ત્યાં શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ પરમ ઉન્નતિને પામ્યો છે. એ મહાપુરૂષના સંબંધમાં, એક ગૃહપતિની પુત્રીનું દૃષ્ટાન્ત ખાસ સૂચવવામાં આવે છે : કારણ કે—જન્માન્તરમાં સુકૃતને કરનારી તે પુણ્યશાલિની, તે મહાપુરૂષની ઉપરના રાગે કરીને, સેંકડો દુઃખોને હરનારા ચરણને પામી હતી.

અહીં આપણે તે દશ પૂર્વધર આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના કેટલાક જીવનપ્રસંગો અને સાથે સાથે તે ગૃહપતિની પુત્રીનો પ્રસંગ પણ જોવાને ઇચ્છીએ છીએ.

શ્રી વજ્રસ્વામિજીના પિતા:

યુગપ્રધાન અને દશ પૂર્વધર એવા આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાની જન્મભૂમિનું નામ **તુમ્બવન** હતું.

આ તુમ્બવન અવન્તિ નામના દેશમાં આવેલું હતું. આ અવન્તિ નામનો દેશ, આ જમ્બૂદ્વીપના દક્ષિણાર્દ્ધ ભરતને અલંકૃત કરે એવો હતો. આ મહાપુરૂષના પિતા, એ તુમ્બવનમાં રહેનારા એક મહાધનવાન ઈભ્યપુત્ર હતા. એમનું નામ 'ધનગિરિ' હતું. તેઓ લક્ષ્મીદેવીના પુત્ર જેવા હતા. પ્રભુમાર્ગના પરમ શ્રદ્ધાળુ હતા. એ પણ પરમ ભાગ્યવાન હતા. યૌવનવયને પામવા છતાં પણ, પ્રશમ રૂપ દ્વારપાલથી રક્ષિત એવા એમના હૃદયમાં, કામ પ્રવેશ કરી શકયો નહોતો.

આ પરમ ભાગ્યવાનની ઉત્તમ દશાનો ખ્યાલ આપતાં, પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–

"धर्मादर्थो भवतीति, न्यायशास्त्रेष्वधीयते ।
सोऽर्थादपि व्यधाद्धर्मं, पात्रेभ्योऽर्थं नियोजयन् ॥१॥
"ब्रह्मचर्यपरिणामं, स्वर्गमोक्षफलं विदन् ।
इयेष कन्या नोद्वोढुं, सोऽर्हद्धर्मपरायणः ॥ २ ॥
"यत्र यत्र कुले कन्यां, धनगिर्यर्थमादृतौ ।
प्रार्थयेते स्म पितरौ, तदुद्वाहमहोत्सवे ॥ ३ ॥
"तत्र तत्र धनगिरि–र्गत्वा स्वयमचीकथत् ।
अहं हि प्रव्रजिष्यामि, दोषोऽस्ति मे न जल्पतः ॥४॥"

'ધર્મથી અર્થ થાય છે.'–આ પ્રમાણે ન્યાયશાસ્ત્રોમાં એટલે યુક્તિસંપન્ન શાસ્ત્રોમાં કહેવાય છે, પણ તે શ્રી ધનગિરિ તો પાત્રમાં અર્થનું નિયોજન કરતા થકા અર્થથી પણ ધર્મને કરતા હતા : 'બ્રહ્મચર્યનો પરિણામ સ્વર્ગ અને મોક્ષના ફલવાળો છે'–એમ જાણતા અને શ્રી અર્હદ્‌ભગવાનોએ પ્રરૂપેલા ધર્મની આરાધનામાં પરાયણ એવા તે શ્રી ધનગિરિ, કન્યાઓને પરણવાને ઈચ્છતા ન હતા : શ્રી ધનગિરિને પરણાવવાને

માટે આદરવાળાં બનેલાં તેમનાં માતા-પિતા પોતાના પુત્રના લગ્નમહોત્સવને માટે જે જે કુલમાં કન્યાની પ્રાર્થના કરતાં હતાં, ત્યાં ત્યાં જઈને શ્રી ધનગિરિ પોતે જ કહી આવતા કે-' હું તો પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. આ રીતિએ હું તમને સ્પષ્ટ કહું છું, તે છતાં પણ જો તમે તમારી કન્યા મને આપશો અને તે પછી હું તેનો ત્યાગ કરીશ, તો તેમાં આ પ્રમાણે સ્પષ્ટ જણાવતા મારો દોષ નથી. '

શ્રી ધનગિરિજી અને સુનન્દાનું લગ્ન :

આવી ઉમદા કોટિની મનોવૃત્તિને ધરનારા તો, યુગપ્રધાન આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના પિતા હતા. આવી દશાવાળા શ્રી **ધનગિરિજી**ને પરણવાને માટે એક કન્યા તૈયાર થઈ, કે જે આ મહાપુરૂષની માતા બનવાની છે. એ કન્યાનુ નામ હતું-સુનન્દા. તેણી **ધનપાળ** નામના મોટા ઇભ્યની પુત્રી હતી. **આર્યશમિત** નામના આ **સુનન્દા**ના ભાઇએ આચાર્યભગવાન શ્રીમત્ **સિંહગિરિજી** મહારાજા પાસે પ્રથમ દીક્ષા લીધેલી છે. એ **સુનન્દા**એ પોતાના પિતાને જણાવ્યું કે-" મને શ્રી **ધનગિરિ**ને આપવી : તે જ મારા પતિ હો ! " **ધનપાળ** નામના મહેભ્યે પણ આ રીતિએ સ્વયંવરને વરવાને માટે તૈયાર થયેલી પોતાની **સુનન્દા** નામની પુત્રીને, દીક્ષા લેવાને ઇચ્છતા એવા પણ શ્રી **ધનગિરિજી**ને આપી. પોતાનાં માતા-પિતાના આગ્રહથી, શ્રી **ધનગિરિજી** પણ શ્રીમતી **સુનન્દા**ને પરણ્યા.

ગર્ભ રહેવો :

પરણ્યા પછીથી પણ શ્રી **ધનગિરિજી** બ્રહ્મચર્યના પાલનને ચૂકયા નહોતા, પણ ભવિતવ્યતા કોઈ જૂદી જ હતી. એથી બન્યું એવું કે-બ્રહ્મચર્યની બુદ્ધિવાળા એવા પણ શ્રી **ધનગિરિજી**એ કોઈ એક દિવસે ઋતુસ્નાતા બનેલી શ્રીમતી **સુનન્દા**નો સંસર્ગ કર્યો.

આ પ્રસંગને ઉદ્દેશીને પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–'ખરેખર, ભોગફલ કર્મ અન્યથા થઈ શકતું નથી.' શ્રી ધનગિરિજી જેવા વિરાગી આત્માએ સુનન્દાના કરેલા એ સંસર્ગનું રહસ્ય, એ મહાપુરૂષે આ એક જ વાક્યમાં ખોલી દીધું છે. ભોગફલ કર્મે તો શ્રી નન્દિષેણ જેવાને પણ ક્યાં પતિત કર્યા નથી?

આ પ્રસંગ જે સમયે બન્યો, તે સમયે શ્રીમતી સુનન્દાના ઉદરમાં એક ઉત્તમ કોટિનો આત્મા અવતર્યો, કે જે શ્રી વજ્રસ્વામી નામના યુગપ્રધાન અને અંતિમ દશ પૂર્વધર તરીકેની નામના ધરનારા શ્રી જૈનશાસનના મહાપ્રભાવક ધર્માચાર્ય થયા. તેઓ શ્રીમતી સુનન્દાના ઉદરમાં અવતર્યા, તે દેવલોકમાંથી ચ્યવીને અવતર્યા છે. તે મહાપુરૂષ પૂર્વભવમાં વૈશ્રમણ નામના સામાનિક દેવ હતા. તે પુણ્યાત્માએ તે દેવભવમાં શ્રી અષ્ટાપદગિરિ ઉપર વર્તમાન શાસનના અધિપતિ શ્રમણભગવાન શ્રી મહાવીર મહારાજાના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિજી મહારાજાએ પ્રરૂપેલું શ્રી પુણ્ડરીક અધ્યયન સાંભળ્યું હતું.

શ્રી ધનગિરિજીની સાધના :

હવે પોતાની પત્નીને ગર્ભવતી થયેલી જાણી, એટલે જાણે કે અત્યાર સુધી કેવલ ભોગફલ કર્મને ભોગવવાને જ રહ્યા હોય, તેમ એ પુણ્યશાળી શ્રી ધનગિરિજી, કે જેઓ વિશુદ્ધ બુદ્ધિના ધણી હતા, તેમણે પોતાની સુનન્દા નામની ગર્ભવતી પત્નીને કહ્યું કે–"આ તારો ગર્ભ અદ્વિતીય થશે અને હવે હું દીક્ષા ગ્રહણ કરૂં છું. તારી સાથેનો મારો આ સંબંધ પણ અનિચ્છાએ જ થએલો છે. અત્યારથી માંડીને મારે માટે તો પ્રવ્રજ્યા જ પ્રેયસી હો અને તારૂં પણ કલ્યાણ હો!"

આ પ્રમાણે કહીને, શ્રી ધનગિરિજી, એક ભાડાની

કોટડીને જેમ ભાડવાત તજી દે તેમ શ્રીમતી **સુનન્દાને** તજીને, શ્રી **સિંહગિરિજી** નામના ગુરૂમહારાજાની પાસે જઈને યતિ થયા. સાધુ થયા એટલું જ નહિ, પણ તે પુણ્યાત્માએ પોતે ગ્રહણ કરેલા સાધુપણાને સુન્દર પ્રકારે પાળી પણ જાણ્યું છે. એ જ કારણે-પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન, શ્રીમદ્ **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે-તે શ્રી **ધનગિરિ** મહાત્મા, બાવીસે પરીષહોને સહન કરતા થકા અને પોતાના શરીર ઉપર પણ નિઃસ્પૃહ બન્યા થકા, અતિશય દુઃસહ તપને તપતા હતા. કેવલ તપસ્વી જ હતા એમેય નહિ, પણ શિષ્ય બનવા માટેના જરૂરી એવા જે-સ્થિરતા, સરલતા અને વિનય આદિ ગુણો, તે ગુણોથી પણ તેઓ ઓતપ્રોત હતા. શિષ્યપણાના જરૂરી ગુણોથી ઓતપ્રોત, તપને તપવામાં કઠોર તથા પરીષહોને સહવામાં પણ ઉદ્યત એવા તે મહર્ષિએ, કુવામાંથી જેમ પાણીને ગ્રહણ કરે તેમ, ગુરૂની પાસેથી શ્રુતના સારને પણ ગ્રહણ કર્યો હતો. આ રીતિએ એ મહાત્મા સુશિષ્ય બનીને, પોતાના પરમ ગુરૂની નિશ્રામાં વિહરતાં થકાં આત્મહિતની સાચી સાધના કરી રહ્યા હતા.

જન્મ અને જાતિસ્મરણ જ્ઞાન :

હવે જે મહાપુરૂષના પિતા અને મામા દીક્ષિત થયા છે, એવા શ્રી **વજ્રસ્વામિજી** ગર્ભમાં નવ માસ પૂર્ણ કરીને જન્મ્યા : અર્થાત્-માતા **સુનન્દાએ** જનોને આનન્દ આપનાર પુત્રને, સરસી જેમ કમલને જન્મ આપે તેમ, જન્મ આપ્યો.

શ્રીમતી **સુનન્દાની** પ્રીતિપાત્ર સ્ત્રીઓ, કે જેઓ શ્રીમતી **સુનન્દાની** સારસંભાળને માટે સૂતિકાઘરમાં આવેલી હતી, તેણીઓ તરતના જન્મેલા એટલે વયથી તદ્દન બાળ એવા તે શ્રી **વજ્રસ્વામિજીને** ઉદ્દેશીને સ્વાભાવિક રીતિએ જ બોલી કે-"હે જાત! જો તે વખતે ઉત્સુક બનેલા તારા પિતા દીક્ષિત ન થયા હોત, તો તારો જન્મકર્મનો ઉત્સવ ખરેખર કલ્યાણકારી

થયો હોત : ખરેખર, સ્ત્રીજન હોવા છતાં પણ સ્વામી વિનાનું ઘર શોભતું નથી : ઘણા પણ તારાઓથી ચંદ્ર વિનાનું આકાશ જેમ નથી શોભતું, તેમ સ્વામી વિના સ્ત્રીજનથી ઘર નથી શોભતું." માતાની પ્રેમપાત્ર સ્ત્રીઓનું આ કથન શ્રી **વજ્રસ્વામિજી**ને માટે ઘણું જ કલ્યાણકારી નિવડ્યું. બાળ હોવા છતાં ય, જ્ઞાનાવરણીય કર્મના લઘુપણાથી સુંદર જ્ઞાનવાળા શ્રી **વજ્રસ્વામિજી**એ, ઘણી જ સમાધિમાં રહી થકે તે સ્ત્રીઓના સંલાપને સાંભળ્યો. એ સાંભળીને તેઓ વિચારવા લાગ્યા કે–" અહો, મારા પિતાએ દીક્ષા ગ્રહણ કરી છે." આ પ્રમાણે વિચારતા તે પુણ્યાત્મા જાતિસ્મરણ જ્ઞાનને પામ્યા.

રૂદન દ્વારા માતાને ઉદ્વિગ્ન બનાવી :

જાતિસ્મરણને પામેલા અને સંસારની અસારતાને સારી રીતિએ જાણનારા એવા તે શ્રી **વજ્રસ્વામિજી**, પોતે ક્ષીરકણ્ઠ હોવા છતાં પણ, પિતાના માર્ગે મુસાફર બનવાને ઈચ્છવા લાગ્યા. દીક્ષિત બનવાની ઈચ્છાના યોગે તેમણે વિચાર્યું કે– " ઉદ્વિગ્ન બનીને માતા મને કેવી રીતિએ તજશે ? "

જ્ઞાની એવા તેમને નિશ્ચય કરતાં વાર ન લાગી. પોતાને દીક્ષિત બનવું છે અને માતા જ્યાં સુધી ઉદ્વિગ્ન બનીને તજે નહિ, ત્યાં સુધી મોટી મુશ્કેલી છે. આથી, પોતાની દીક્ષા લેવાની ભાવનાને સફલ બનાવવાને માટે, તેમણે માતાને પોતાના પ્રતિ ઉદ્વિગ્ન બનાવવાનો માર્ગ શોધ્યો. દીક્ષિત બનવાના શુભ ઈરાદાથી, તે પુણ્યાત્માએ પોતાથી શક્ય એવું રોવાનું શરૂ કર્યું.

સમજપૂર્વક, પ્રવ્રજ્યાની અનુકૂળતા મેળવવાને ખાતર જ રોવાનું શરૂ કરનાર, ગમે તેવી રીતિએ તેને ખૂશ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તોય, રોવાનું બંધ કરે એ શક્ય જ નથી. રાગથી મધુર ગાનો દ્વારા, રમવાની વસ્તુઓના દર્શન દ્વારા, વસ્ત્રના પારણાના હિંડોળા દ્વારા, મધુર વચનો દ્વારા,

ખોળામાં નચાવવાની લીલાઓ દ્વારા, મુખનાં વાજીંત્રોનાં વાદનો દ્વારા અને મસ્તકે ચુંબનો દ્વારા પણ તેમને રોતા બંધ કરવાના ઉપાયો કરવામાં આવ્યા: છતાં પણ તે રોતા બંધ થયા નહિ.

રોવા દ્વારા આ પુણ્યાત્માને કોઈ પૌદ્‌ગલિક વસ્તુને મેળવવાની ઈચ્છા નહિ હતી, પરંતુ માતાના મોહને ઘટાડીને સંયમગ્રહણ માટેની અનુકૂળતા જ જોઇતી હતી: એટલે એ પુણ્યાત્મા બાળકોને રાજી કરવાની વસ્તુઓથી રાજી થઈ જાય અને જે સાધ્ય સાધવાના હેતુથી રોવાનું શરૂ કર્યું હતું તે તે સાધ્યને ભૂલીને રોવાનું બંધ કરી દે, એ શક્ય જ ન હતું. પોતાના ઇષ્ટ સાધ્યની સિદ્ધિને માટે રોતા એવા એ પુણ્યાત્માએ, ૭ મહિના પસાર કરી દીધા. એ ૭ મહિનાં એવી ઉદ્વેગજનક પદ્ધતિએ પૂર્ણ કર્યા કે-પરમ પ્રેમાળ એવી પણ તેમની માતા શ્રીમતી **સુનન્દા**, તે પુણ્યવાન પુત્ર દ્વારા નિર્વેદને પામી ગઇ.

પરમ જૈનત્વ:

જે લોકો જૈનપણાને અને ભાવદયાને સમજતા નથી, તેઓને આ વસ્તુનો સાચો પરમાર્થ ન સમજાય એ સહજ છે. શ્રી **ધનગિરિજી** અને શ્રી **વજ્રસ્વામિજી**-આ બન્ને પિતા અને પુત્રની દશા ઘણી જ અનુમોદનીય અને અનુકરણીય છે, એમ પ્રત્યેક સાચા જૈનને લાગવું જોઈએ. શ્રી **ધનગિરિજી** પણ સાચા જૈનત્વના સ્વામી હતા. સાચી ઉદારતા, સાચું શીલ અને સાચી વિવેકશીલતા એ તો શ્રી **ધનગિરિજી**ના સાચા અલંકારો હતા. યૌવન વયમાં અર્થ-કામના ભોગવટાને બદલે, તેઓ અર્થનો ઉપયોગ દાનમાં કરતા અને કામથી સદાય વિરક્ત રહેતા. તેઓએ **સુનન્દા**નું કરેલું પાણિગ્રહણ અને ભોગવટો, કેવળ ભોગફળ કર્મના ભોગવટાને માટે જ હતો. માતા-પિતા પોતાનાં લગ્ન કરવામાં સફળ ન થાય એ હેતુથી, તેઓને નિષ્ફલ બનાવનારી સઘળી કાર્યવાહી કરવામાં શ્રી **ધનગિરિજી**એ જરાય કમીના નથી રાખી. માતા-પિતાના ભક્ત હોવા છતાં

પણ, તેઓની મોહની કાર્યવાહીનો સામનો કરવામાં પણ, શ્રી **ધનગિરિજી**એ માતા–પિતાની સાચી ભક્તિ જ જોઈ છે. જ્યાં કર્મના ક્ષયોપશમે યારી આપી, કે તરત જ–એક ક્ષણના પણ વિલમ્બ વિના, શ્રી **ધનગિરિજી** ચાલી જ નીકળ્યા છે. જે સમયે પોતાની પત્ની ઉત્તમ ગર્ભને ધરનારી બની હોય, એવે સમયે જેમ ભાડાની કોટડીને તજીને ભાડુત ચાલી નીકળે, તેમ પત્નીને તજીને સંયમના માર્ગે ચાલી નીકળવું, એ સાચા વૈરાગ્ય વિના શક્ય નથી. પત્નીના સઘળાય કોડોને પૂર્ણ કરવાની તાકાત ધરાવનાર અને પરમ સુખી એવો માણસ, ભરયુવાનીમાં આ રીતિએ ચાલી નીકળે, એ પ્રતાપ સાચા જૈનત્વનો જ છે. પત્ની પણ જૈનત્વથી શૂન્ય નહિ જ હતી. શ્રી **ધનગિરિજી**ની આ કાર્યવાહી ક્યા સાચા જૈને પોતાના જીવનમાં ઉતરવા જેવી નથી? સાચું જૈનત્વ અને ભાવદયાનું સ્વરૂપ જેઓથી અપરિચિત છે, તેઓને જ આવું વર્તન અનુકરણીય નહિ લાગે. જેઓ સાચા જૈનત્વના ઉપાસક છે અને–'ભાવદયા એ જ દયાનો પરમાર્થ છે'–એવી સુન્દર સમજને ધરાવે છે, તેઓ તો શ્રી **ધનગિરિજી**ને પોતાનો આદર્શ બનાવીને જ ચાલવાનું પસંદ કરે. સાચો જૈન સંયમનો જ અભિલાષી હોય, આ વાતનો ખરો ખ્યાલ આવાં દૃષ્ટાન્તોથી પણ ઘણી જ સરસ રીતિએ મળી શકે છે. આવાં અનુપમ દૃષ્ટાન્તોને જેઓ ઝીલી પણ શકતા નથી, તેઓ તો જૈનત્વથી ઘણા છેટે છે, એમ જ માનવું રહ્યું.

અતિજાત પુત્ર :

શ્રી **ધનગિરિજી** જેવા પિતાના શ્રી **વજ્રસ્વામિજી** જેવા પુત્રે, પિતાથી અતિજાતપુત્રતા જ કેળવી છે. પુત્ર પણ ચાર જાતિના હોય છે. અતિજાત, સુજાત, નીચ અને કુલાંગાર. ઉત્તમ ક્રિયાઓમાં પિતાથી અધિકતા કરનાર પુત્ર અતિજાત પુત્ર કહેવાય છે : ઉત્તમ ક્રિયાઓમાં પિતાની સરસાઈ કરનાર પુત્ર સુજાત

પુત્ર કહેવાય છે : પિતાની સુંદર આબરૂને બટ્ટો લગાડનાર પુત્ર નીચ પુત્ર કહેવાય છે : અને પિતાની સારી આબરૂ ઉપર અંગારા મૂકનાર પુત્ર કુલાંગાર કહેવાય છે. આજે જૈન સમાજમાં અંગારા જેવા કુલાંગારો ઘણા પાકી રહ્યા છે. આવા સમયમાં અતિજાત અને સુજાતનાં દૃષ્ટાન્તો ખૂબ જ ઉપકારક નિવડે તેમ છે. સાચા જૈન પુત્રોએ પોતાની જાતને નીચ તથા કુલાંગાર બનતી અટકાવવાને માટે તેમજ સુજાત તથા અતિજાતની કોટિએ પહોંચાડવાને માટે, આવાં સુજાત અને અતિજાત પુત્રોનાં દૃષ્ટાન્તોને ખૂબ જ અભ્યસ્ત કરવાં જોઈએ. ખરે જ, શ્રી **વજ્રસ્વામિજી** શ્રી **ધનગિરિજી**ના અતિજાત પુત્ર છે. શ્રી **ધનગિરિજી**એ યુવાવસ્થામાં સંયમધર બનવાના પ્રયત્નો આરંભ્યા, તો તેમના પુત્ર શ્રી **વજ્રસ્વામિજી**એ જન્મથી જ સંયમધર બનવાનો પ્રયત્ન આરંભ્યો : શ્રી **ધનગિરિજી**નાં માતા-પિતા શ્રી **ધનગિરિજી**ને પરણાવવાના પ્રયત્નમાં ગમે તે કારણે પણ સફળ તો થયાં જ, જ્યારે શ્રી **વજ્રસ્વામિજી**ને માટે તો તેમની માતા બાળ તરીકેની તેમની ઉછેરક્રિયામાં પણ સફળતા પામી શકી નહિ : શ્રી **ધનગિરિજી** યૌવનમાં સંયમ પામી શક્યા, જ્યારે શ્રી **વજ્રસ્વામિજી** બાલ્યવયમાં જ સંયમધર બનશે : સંયમધર બન્યા પછીથી પણ, સઘળી જ રીતિએ સાચો શિષ્યભાવ આદિ કેળવવામાં અને પરિણામે શાસનના પ્રભાવક બનવામાં પણ, શ્રી **વજ્રસ્વામિજી** અતિજાત જ થવાના છે. પિતાને માટે અતિજાત બનવાના છે એટલું જ નહિ, પણ શ્રી **વજ્રસ્વામિજી** તો પોતાના ધર્માચાર્યની પણ નામના વધારનાર ઉત્તમ કોટિના સુશિષ્ય બનવાના છે. આવા પુત્ર જે પિતાને મળે, તે પિતા પણ નામાંકિત આદિ થાય છે અને આવા શિષ્ય જે ગુરૂને મળે, તે ગુરૂ પણ નામાંકિત આદિ થાય છે.

ઉત્તમ અને અધમ જીવનો :

યુગપ્રધાન અને શ્રી **વીર** વિભુના શાસનના અંતિમ દશ પૂર્વધર

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાનું જીવન કેવી અને કેટલી વિશિષ્ટતાઓથી ભરપુર છે ? આવાં જીવનો ઘણા જ ઓછા આત્માઓનાં હોય છે. જેઓનાં જીવનો આત્માની ઉન્નતિ માટેની પ્રેરણા પાનારાં હોય, તેઓનાં જીવનો જ પ્રશંસનીય છે. જેઓનાં જીવનોમાં વિષય, કષાય અને પૌદ્ગલિક સાધના જ તરવરતી હોય, તેવાઓનાં જીવનો જેટલાં ગુપ્ત રહે તેટલાં જ તે લાભદાયક છે. કેવળ વિષય-કષાયની સિદ્ધિને દર્શાવતાં દષ્ટાન્તોનું અન્વેષણ, એ તો દુનિયાની ગટરોનું અન્વેષણ કરવા બરાબર છે. એવાં ગટર જેવાં જીવનો જેઓને આનંદ આપતાં હોય, તેઓ પણ પોતાની ભવાભિનંદિતાને જ સૂચવે છે. એ જ રીતિએ, શ્રી **વજ્રસ્વામિજી** જેવા આત્માઓનાં ઉન્નતિનાં અમૃતપાન કરાવનારાં દષ્ટાન્તો જેઓને આનંદ આપતાં હોય, તેઓ ખરે જ આત્માનંદી આત્માઓ છે. એવાઓની સંસારલાલસા પણ સહેલાઈથી કપાઈ જાય એવી હોય છે. મોહના ચાળાઓને અંકિત કરતી અને મહત્ત્વાકાંક્ષાની ચેષ્ટાઓથી ભરેલી પોતાની ક્ષુદ્ર આત્મકથનીઓ લખવામાં જ અટવાઈ પડેલાઓના ભાગ્યમાં, આવા મહાપુરૂષોનાં જીવનોનું દર્શન પણ શક્ય નથી. 'પોતાના જ જીવનમાં ઘણું મહત્ત્વ ભર્યું છે અને એમાંથી જ જાણે જગતને કોઈ અદ્દભુત પ્રેરણા મળવાની છે'-એવું માનનારા આજના ક્ષુદ્ર આત્માઓની તેમના જ હાથે લખાયેલી જીવનકથાઓ જ્યારે આપણે વાંચીએ છીએ, ત્યારે આપણને માલૂમ પડે છે કે-'તેમાં મોહજન્ય કારમી અજ્ઞાનતા, સ્વચ્છંદતા અને ભયંકર જાતિની મહત્ત્વાકાંક્ષા એ વિગેરેના નાચ સિવાયની કોઈ પણ સારી વસ્તુનું દર્શન થાય તેમ નથી.' એવી આત્મકથામાં જે કાંઈ સારૂં દેખાતું હોય, તે પ્રાયઃ તેઓનું નથી હોતું, પણ મહાપુરૂષોનાં વચનોનું અનુકરણ હોય છે અને વધુમાં એમાં એવા મહાપુરૂષોનાં નામોને છૂપાવવાનું કારમું પાપ પણ હોય છે.

શ્રી ધનગિરિજી આદિની ઇચ્છા અને આજ્ઞા :

હવે શ્રીમતી **સુનન્દા,** પોતાના મહાપુણ્યશાલી પુત્રરત્નના રૂદનથી જે અરસામાં ઉદ્વિગ્ન બની ચૂકેલી છે, તે અરસામાં કોઈ એક દિવસે શ્રી **સિંહગિરિજી** નામના આચાર્યમહારાજા, પોતાના શ્રી **ધનગિરિજી** અને શ્રી **આર્યશમિત** આદિ શિષ્યોની સાથે તે જ **તુમ્બવન** નામના સન્નિવેશનમાં પધાર્યા.

વસતિમાં રહેલા શ્રી **સિંહગિરિજી** નામના ગુરૂમહારાજાને નમીને, શ્રી **ધનગિરિજી** અને શ્રી **આર્યશમિત** નામના શિષ્યોએ વિનંતિ કરી કે–"હે ભગવન્! આ સન્નિવેશનમાં અમારાં સ્વજનો છે. આપ કૃપાલુની આજ્ઞા દ્વારા અમો તેઓને વન્દન કરાવવાની અભિલાષાવાળા છીએ."

આ પરમ વિરાગી મુનિવરોની આવી ઇચ્છા પણ શ્રી **વજ્રસ્વામિજીના** પરમ પુણ્યોદયને આભારી છે, એમ માનવામાં હરકત નથી. સ્વજનો ઉપર ઉપકાર થવાની સંભાવનાના કારણે આવા ત્યાગી મુનિવરોને આવી ઇચ્છા થવી એ સહજ છે.

જે સમયે પોતાના બે સુવિનીત શિષ્યોએ આ જાતિની અભિલાષા પ્રગટ કરી, તે સમયે શુભસૂચક સ્વપ્નને જોઈને, તત્ત્વવેદિઓમાં શ્રેષ્ઠ એવા આચાર્યપુંગવ શ્રી **સિંહગિરિ** નામના ગુરૂવરે પણ તેઓને કહ્યું કે–"હે મુનિઓ! આજે તમને મહાન લાભ થશે, તેથી મારી આજ્ઞાથી તમે સચિત્ત અથવા અચિત્ત જે મળે તે ગ્રહણ કરજો!"

આવી આજ્ઞા, વિશિષ્ટ કોટિનું જ્ઞાન ધરાવનારાઓ જ કરી શકે. જેઓ તેવા વિશિષ્ટ જ્ઞાનને નહિ ધરાવતા હોવા છતાં પણ આવી આજ્ઞાનો ચાળો કરવા જાય, તેઓ તો આરાધક મટીને વિરાધક જ બને. 'મહાજ્ઞાનિઓએ જે જે કર્યું, તે બધું જ અમે પણ કેમ ન કરી શકીએ?'–આવું બોલનારા અજ્ઞાનિઓ મિથ્યાત્વ–રોગથી જ રીબાનારા છે. તેવા જ્ઞાનને નહિ ધરાવનારાઓએ તો શ્રુતને અવલંબીને જ ચાલવાનું હોય છે. એમ

નહિ કરતાં, વિશિષ્ટ કોટિના જ્ઞાનિઓએ વિશિષ્ટ જ્ઞાનના બળે આચરેલી પ્રવૃત્તિના નામે શાસ્ત્રની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તન કરવાને તત્પર બનનારાઓ, પોતાની જાતને ગમે તેટલી જ્ઞાની માનતા હોય તોય, તેઓ અજ્ઞાનિઓ જ છે. એવા આત્માઓ તો જ્ઞાનિપણાનો આડંબર કરીને પણ સ્વ-પરના હિતનો સંહાર કરનારા નિવડે છે.

પુત્રનું અર્પણ:

પોતાના પરમ તારક ગુરૂદેવની આજ્ઞાને પામીને નીકળેલા તે બન્નેય મહર્ષિઓ, કે જેઓ સંસારના સંબંધની અપેક્ષાએ સાળા-બનેવી છે, તેઓ **સુનન્દા**ના મકાને પહોંચ્યા. તેના દ્વારે શ્રી **ધનગિરિજી** અને શ્રી **આર્યશમિત** નામના તે મુનિઓ આવ્યા છે, આ વાતની ખબર શ્રીમતી **સુનન્દા**ને અન્ય નારીઓએ આપી અને એકત્રિત થયેલી સઘળીઓએ શ્રીમતી **સુનન્દા**ને એમ પણ કહ્યું કે-"હે **સુનન્દે**! તારે આ તારો પુત્ર શ્રી **ધનગિરિજી**ને આપવો એ યોગ્ય છે: તેને આ ક્યાં લઈ જશે, એ પણ જો!"

આ પછી આનન્દરહિત બનેલી શ્રીમતી **સુનન્દા** પણ, તે પોતાના છ માસના બાળકને લઈને, તેનાથી ખિન્ન થએલી હોઈને ઉઠી અને તેણીએ જઈને શ્રી **ધનગિરિજી**ને કહ્યું કે-"આટલા કાળ સુધી તો મેં આ બાળકને મારા આત્માની માફક પાળ્યો, પરન્તુ આ બાળકે તો મને ખૂબ જ નચાવી છે: કારણ કે-આ બાળક રાત્રિદિવસ રડ્યા જ કરે છે. જો કે-આપ પ્રવ્રજિત થયેલા છો, તો પણ આપ હમણાં આ પોતાના પુત્રનો, જેમ મારો ત્યાગ કર્યો હતો તેમ, ત્યાગ ન કરશો."

શ્રીમતી **સુનન્દા**ના આ કથનને સાંભળીને શ્રી **ધનગિરિજી**એ સ્મિત કર્યું. એ મહર્ષિ સમજતા હતા કે-**સુનન્દા**નું આ કથન માત્ર બાળકના રૂદનથી ઉત્પન્ન થએલા ઉદ્વેગને જ આભારી છે, પરન્તુ પુત્ર ઉપરનો તેનો મોહ તો જેવો ને તેવો જ કાયમ છે. વાત પણ એ જ હતી. પુત્ર કાયમ રડ્યા કરે છે, એથી જ

તેણી આપવાને તૈયાર થઈ છે. બાકી હૃદયથી પુત્રને આપવાને ઇચ્છે છે એવું નથી. એ જ કારણે, સ્મિત કરીને બોલનારાઓમાં શ્રેષ્ઠ એવા શ્રી ધનગિરિજીએ કહ્યું કે-"હે કલ્યાણિ! હું તો એમ જ કરીશ, પણ તું પશ્ચાત્તાપને પામશે. આ કારણથી, તું સર્વ પ્રકારે એમ ન કર અને જો એમ કરવું જ હોય તો સાક્ષિઓની સમક્ષ કર: કારણ કે-હે ભદ્રે! એમ કર્યા પછી તું આ બાળકને પાછો નહિ પામશે."

આવું કથન સાંભળ્યા છતાં પણ, તેણી તો પુત્રને આપી દેવાના નિશ્ચયમાં મક્કમ જ રહી: કારણ કે-તેણીને શ્રી **વજ્ર-સ્વામિજીએ** રોઈ રોઈને ખૂબ જ નિર્વિણ્ણ કરી મૂકી હતી. આથી શ્રી **ધનગિરિજી** મુનિવરે સ્પષ્ટપણે કહ્યા છતાં ય, શ્રીમતી **સુનન્દાએ** નિર્વેદપૂર્વક સાક્ષિઓ કરીને પણ પોતાનો પુત્ર શ્રી **ધનગિરિજીને** અર્પણ કર્યો અને શ્રી **ધનગિરિજીએ** પણ તેનો સ્વીકાર કર્યો.

રોતા અટક્યા:

શ્રી **ધનગિરિજીએ** તે બાળકને લીધો અને પોતાની ઝોળીમાં સ્થાપ્યો કે તરત જ, જાણે સંકેત જ ન કર્યો હોય તેમ, તે બાળક રોવાથી વિરામ પામી ગયો. જે હેતુસર રોવાના કાર્યનો આરંભ કર્યો હતો, તે હેતુ સફળ થયો કે તરત જ તે બાળકે રોવાનું બંધ કર્યું. હૃદયથી સાચાં વિરક્ત બનેલાં બાળકો સંયમ માટે રજા મેળવવાને માટે ઉચિત ઉપાયો સ્વીકારી શકે છે, એ વાત પણ આ ઉપરથી સ્પષ્ટ થાય છે. મોહમગ્ન બનેલ માતા-પિતાની રજા મેળવવાને માટે વિવેકી બાળક શું શું કરી શકે, એ પણ આ ઉપરથી સમજી શકાય તેમ છે. રોવા દ્વારા માતાને ઉદ્વિગ્ન બનાવીને પણ, આ તરતના જન્મેલા બાળકે છ માસમાં વિદાય મેળવી. આવા શુદ્ધ હેતુથી ઉદ્વિગ્ન બનાવવાનો પ્રયત્ન કરવો, એ પણ અનંત ઉપકારિઓથી વિહિત છે, પણ અવિહિત નથી. આ વસ્તુને પણ ભાવદયાના ભાવને સમજનારાઓ જ સમજી શકે

તેમ છે. પોતે દુઃખ વેઠીને પણ માતા–પિતાના મોહને કમી કરવો, એ વિવેકી બનેલા બાળક માટે પણ કર્તવ્ય છે. આ કર્તવ્ય પૂર્ણ થયું કે તરત જ બાળકે રોવાનું બંધ કર્યું અને પ્રસન્નતાપૂર્વકનું જીવન શરૂ કર્યું.

વજ્ર એવું નામકરણ :

હવે પ્રાપ્ત કર્યો છે બાળક જેઓએ એવા એ બન્નેય–શ્રી **આર્યશમિત** અને શ્રી **ધનગિરિજી** નામના ગુરૂઆજ્ઞાના પાલક મુનિવરો–શ્રીમતી **સુનન્દા**ના ઘેરથી નીકળ્યા અને ગુરૂવર્યની પાસે આવ્યા. મહા પરાક્રમી એવા તે પુત્રરત્નના ભારથી, શ્રી **ધનગિરિજી**નો બાહુ નમી ગયેલો હતો. નમી ગયેલા બાહુવાળા શ્રી **ધનગિરિજી**ને જોઈને, ગુરૂવર્યે કહ્યું કે–" હે મહાભાગ! ભિક્ષાના ભારથી તું ખૂબ જ પરિશ્રમને પામ્યો છે, માટે તે ભાર તું મને આપ અને તારા હાથને વિશ્રાંતિ ભોગવવા દે."

ગુરૂના આ વચનને સાંભળીને, શ્રી **ધનગિરિજીએ**, લક્ષ્મીના પાત્ર જેવા અને કાન્તિએ કરીને સુરકુમાર જેવા એ બાળકને યત્નથી ઉપાડીને, ગુરૂને સમર્પિત કર્યો.

સૂર્યની માફક તેજથી દીપતા એવા તે બાલકને આચાર્યવર્યે હાથો દ્વારા સ્વયં ગ્રહણ કર્યો, પણ પાણી લેવાને ઇચ્છતા માણસનો અંજલિ જેમ નીચો નમે છે તેમ, તે બાળકના અતિ ભારથી શ્રી **સિંહગિરિજી** ગુરૂનો અંજલિ પણ એકદમ નમી પડ્યો. તે બાળકના ભારથી વાંકા થઈ ગયા છે હાથ જેમના એવા શ્રી **સિંહગિરિજી** વિસ્મયયુક્ત થયા થકા બોલ્યા કે– " અહો ! આ તો પુરૂષના રૂપને ધરનારૂં વજ્ર છે અને એ કારણે એ હાથમાં ધરવાને શક્ય નથી. મહા પુણ્યશાળી એવો આ પુરૂષ પ્રવચનનો આધાર થશે: આ કારણે, આ યત્ન વડે રક્ષણ કરવા યોગ્ય છે : કારણ કે–પ્રાયે કરીને રત્ન અપાયવલ્લભ હોય છે." અર્થાત્–રત્ન ઉપર આપત્તિ અવશ્ય હોય છે.

વજ્ર જેવા પરાક્રમી એવા તે બાળકનું નામ પણ ગુરૂમહા-

રાજાએ **વજ્ર** એવું પાડ્યું અને તેના પાલનને માટે ગુરૂએ તેને સાધ્વીઓને અર્પણ કર્યો. અર્થાત્–સાધ્વીઓને એ બાળને માટે ભલામણ કરી.

શય્યાતરીઓ દ્વારા પાલન :

સાધ્વીઓએ પણ શય્યાતરના કુલમાં જઈને, તે બાળકને પોતાના આત્મા જેવો કહીને, પાલન કરવાને માટે સમર્પ્યો. કુમારનું પાલન કરવામાં કુશળ અને પોતપોતાના પુત્ર કરતાં પણ અધિક પ્રીતિથી જોતી એવી શય્યાતરીઓ પણ, તે બાળકનું સારી રીતિએ પાલન કરતી હતી. સૌભાગ્યના નિધાનસ્થાન જેવો તે બાળક, કમલ ઉપર જેમ હંસ સંચરણ કરે તેમ, શય્યાતર સ્ત્રીઓ કે જેણીઓ પતિ અને પુત્રવાળીઓ હતી, તેણીઓના ખોળાથી ખોળામાં એટલે એકના ખોળાથી બીજાના ખોળામાં અને બીજાના ખોળાથી ત્રીજાના ખોળામાં સંચરણ કરતો હતો. આનંદ આપે એવા ઉલ્લાપપૂર્વક તે બાળકને બોલાવતી શય્યાતર કુટુમ્બિનિઓ, હર્ષથી વાત્સલપણાને પામતી હતી. મહાભાગ્યવાન શય્યાતરીઓ, અન્યોન્યની સ્પર્ધા કરતી હોય તેમ સ્નાન, પાન અને અશન આદિથી, શ્રી **વજ્રસ્વામિજીનો** સત્કાર કરતી હતી. શ્રી **વજ્ર** બાલ હોવા છતાં પણ વયોવૃદ્ધને છાજતા પરિણામવાળા હોવાથી, તે સ્ત્રીઓને દુઃખ આપનારૂં કાંઈ પણ બાળકને સુલભ ચપલપણું સંયમથી કરતા ન હતા : અર્થાત્–બાલભાવથી જ તે સંયમના ઉપાસક હતા. સુંદર બુદ્ધિને ધરનારા તે શ્રી **વજ્ર**, બાલ્યકાલથી જ પ્રાસુક વસ્તુનું ભોજન કરતા હતા અને તે પણ માત્ર પ્રાણોની યાત્રાને માટે જ : નહિ કે–સ્વાદ આદિને માટે ! કારણ કે–તે ભાગ્યવાન ઉત્પન્ન થયેલા જાતિસ્મરણ જ્ઞાનથી વિવેકી હોઈને કલ્પના જાણ હતા. બાલ એવા પણ તે જ્યારે નીહાર–શરીરચિંતા કરવાને ઇચ્છતા હતા, ત્યારે સદાય પોતાનું લાલનપાલન કરતી તે સ્ત્રીઓને વિષે સુસ્પષ્ટ સંજ્ઞા કરતા હતા. શય્યાતરના સઘળાય કુમારોમાં સમાન

પ્રીતિગુણને દર્શાવતા તે, તે કુમારોના જન્મભૂ જેવા બની ગયા હતા. તેઓની બાલક્રીડા પણ જ્ઞાનનાં ઉપકરણો લેવા દ્વારા જ થતી હતી, એટલે જ્ઞાનનાં ઉપકરણોના ગ્રહણાદિથી બાલક્રીડાને કરતા શ્રી **વજ્રકુમાર**, હમેશાં સાધ્વીઓને પણ આનંદિત કરતા હતા.

સુનન્દાની માગણી :

આ રીતિએ આનંદપૂર્વક વૃદ્ધિને પામતા સુંદર રૂપવાળા અને શીલે કરીને શોભતા એવા પોતાના પુત્ર શ્રી **વજ્ર**ને જોઈને, શ્રીમતી **સુનન્દા**ની મમતા એકદમ વૃદ્ધિને પામી. શ્રી **વજ્રકુમાર**ને પાછા મેળવવાની તેણીમાં તાલાવેલી જાગી. આથી-'આ મારો પુત્ર છે.'-એમ કહીને, શ્રીમતી **સુનન્દા**એ શય્યાતરીઓની પાસે પોતાના પુત્રની માગણી કરી. શય્યાતરીઓએ તેણીને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું કે-'તારો અને આ બાળકનો માતા-પુત્ર તરીકેનો સમ્બન્ધ છે, એ વાતને અમે જાણતી નથી. અમો તો એટલું જ જાણીએ છીએ કે-ગુરૂમહારાજાની આ એક થાપણ માત્ર છે.' આ પ્રમાણે સ્પષ્ટપણે કહીને શય્યાતરીઓએ તેણીને શ્રી **વજ્ર**ને સમર્પ્યા નહિ. આ કારણથી **સુનન્દા** નિરાશ થઈ ગઈ, પણ તેણીનો મોહ જોર કરી રહ્યો હતો. અત્યારે તો તે દૂર રહી થકી જેમ પરધનને જૂએ, તેમ **વજ્ર**ને જોવા લાગી. આ પછી તેણીએ શય્યાતરીઓના ઘરમાં રહેતા પણ શ્રી **વજ્રકુમાર**ને સ્તન્યપાન કરાવવા દેવાની માગણી કરી અને શય્યાતરીઓએ તેણીની તે માગણીને સ્વીકારી. પોતાની તે માગણી સ્વીકારાતાં, શ્રીમતી **સુનન્દા**એ તેઓના ઘરમાં સ્તન્ય-પાન આદિથી ધાવમાતાની માફક પોતાના પુત્રનું લાલન કરવા માંડ્યું.

એ સાધ્વીઓ ને એ શય્યાતરીઓ :

આવી શાસનસમર્પિત સાધ્વીઓ અને શય્યાતરીઓનો મોટે ભાગે આજે તોટો છે. આચાર્યભગવાનની આજ્ઞાના

પાલનમાં જ પોતાનું શ્રેય માનતી સાધ્વીઓ, એ ખરે જ શાસનની શણગાર રૂપ છે. એવી સાધ્વીઓ શાસનની પ્રભાવનાદિમાં પોતાનો પણ ઘણો જ સુન્દર ફાળો આપી શકે છે. આવી શાસનસમર્પિત સાધ્વીઓ સુંદરમાં સુંદર શય્યાતરીઓને સર્જી શકે છે. આચાર્યભગવાને આપેલા શાસનપ્રભાવક નિવડનારા બાળકને શય્યાતરીઓએ પોતાનાં બાળકો કરતાંય અધિક રીતિએ પરમ પ્રેમથી ઉછેર્યો અને સાધ્વીઓએ પણ પોતાના આત્માની માફક એની કાળજી રાખી. શાસનની પ્રભાવનાને માટે અનેક પ્રકારની સામગ્રીની અપેક્ષા રહે છે, આ વાત પણ આથી ખૂબ સ્પષ્ટ થઈ જાય છે.

શ્રી ધનગિરિજીનો ય ઇનકાર :

શય્યાતરીઓ દ્વારા લાલન-પાલન કરાતા અને સાધ્વીઓ દ્વારા પોતાના આત્માની માફક ખબર રખાતા શ્રી **વજ્રસ્વામિજી** ક્રમે કરીને વધતા વધતા જ્યારે ત્રણ વર્ષની ઉમ્મરે પહોંચ્યા, ત્યારે શ્રી **ધનગિરિજી** આદિ સાધુઓ ત્યાં આવ્યા. **સુનન્દાએ** ધારી રાખ્યું હતું કે-' શ્રી **ધનગિરિજી** આવશે ત્યારે હું મારા પુત્રને ગ્રહણ કરીશ. ' આ કારણે, શ્રી **ધનગિરિજી** આદિ સાધુઓ આવ્યા એથી તેણી પણ ખૂશ થઈ. તેણીએ જઈને શ્રી **ધનગિરિજી** પાસે પોતાના પુત્રની માગણી કરી, ત્યારે શ્રી **ધનગિરિજીએ** તેણીની માગણી તો સ્વીકારી નહિ, પણ સામેથી એ પ્રમાણે કહ્યું કે-" હે મુગ્ધે ! આ બાળકની અમે કાંઈ તારી પાસે યાચના કરી નહોતી. તેં તો આ બાળક અમને વગર યાચનાએ જ આપેલો છે. "

આ રીતિએ કહેવા સાથે, શ્રી **ધનગિરિજીએ** તેણીને એ વાત પણ સમજાવી કે કે-" જે વસ્તુઓનું અર્પણ કરવામાં આવે છે, તે વસ્તુઓ ઉપરથી અર્પણ કરનારનું સ્વામિપણું ચાલ્યું જ જાય છે. અર્પણ કરેલી વસ્તુને પાછી મેળવવાની ઇચ્છા કરવી, એ તો વમેલા અન્નની ઇચ્છા કરવા બરાબર છે. વમેલા અન્નને જેમ

ખાઈ શકાતું નથી, તેમ અર્પણ કરેલી વસ્તુને પણ પાછી માગી શકાતી નથી. આ બાળકને આપીને તેં પારકો કરેલો છે, માટે હવે તું આ બાળકને માગ નહિ. ”

વાત ગઈ રાજા પાસે:

આ પ્રમાણે સમજાવવા છતાં પણ, મોહવશ બનેલી શ્રીમતી સુનન્દાએ માન્યું નહિ. પરિણામે વિવાદ વધ્યો. આ વિવાદમાં લોક પણ વચ્ચે આવ્યો અને કહેવા લાગ્યો કે-‘ આ વિવાદનો નિર્ધાર રાજા કરશે. ’ લોકનો આ જાતિનો જ સ્વભાવ હોય છે. લોક વસ્તુતત્ત્વના વિચારથી વિમુખ હોય છે. વિવેક નહિ હોવા છતાં, સઘળીય વાતમાં યથેચ્છ નિર્ણય આપવાની અજ્ઞાન લોકની કુટેવ હોય છે. આ રીતિએ લોકનો સાથ મળવાથી, મોહવશ બનેલી શ્રીમતી સુનન્દા પણ, લોકની સાથે રાજાની પરિષદમાં ગઈ અને એ કારણે તે સાધુઓને પણ સંઘની સાથે રાજાની પરિષદમાં જવું પડ્યું.

સંઘ અને લોક:

પ્રભુશાસનના મર્મને અને જગતના સ્વભાવને જાણનારો શ્રીસંઘ તો એમ બોલે જ નહિ કે-‘ સાધુઓ અને રાજપરિષદ્ શી ? ’ કારણ કે-શ્રીસંઘ તો સમજે જ કે-એવા પણ પ્રસંગો આવી લાગે છે, કે જે પ્રસંગોએ સ્વપરહિતમાં રત એવા પણ સાધુપુરૂષોને રાજસભામાં જવું પડે છે અને પ્રતિપક્ષકાર તરીકેની જવાબદારીને ઉઠાવવી પડે છે. એવા પ્રસંગે, શ્રીસંઘ તો સાધુઓની સાથે જ હોય. લોક અને સંઘ વચ્ચે આટલું અંતર છે; પણ સંઘ જ્યારે લોક જેવી મનોવૃત્તિને ધરે, ત્યારે તેનામાં પણ લોકથી કશી જ વિશિષ્ટતા રહેતી નથી. શ્રીસંઘ જ્યારે શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબની વિચારણા આદિમાં રક્ત હોય છે, ત્યારે લોક એથી વિપરીત હોય છે. શ્રીસંઘ કદી પણ લોકના જેવી દશાને ધરનારો હોય જ નહિ. લોક જેવી જ દશાને ધરવી અને સંઘ કહેવડાવવું, એ અયોગ્ય છે. અજ્ઞાન

ટોળા માટે એમ બનવું સંભવિત છતાં, તત્ત્વજ્ઞોને તે અસ્વીકાર્ય છે. લોક જેવી અને કદી કદી તો લોક કરતાં પણ ભયંકર દશા આદિને ધરનાર હોવા છતાં પણ–'અમે સંઘ છીએ.'–એમ કહીને અમુક સમુદાયો જ્યારે ભયંકર પ્રવૃત્તિ આદરે છે, ત્યારે જ તેઓ તેમને છાજતાં વિશેષણોને પામે છે. પછી–'એ વિશેષણો શ્રીસંઘને કેમ અપાય?'–એમ બોલી–બોલીને વિષને વધારવા જેવી જ પ્રવૃત્તિને તેઓ આચરે છે. એના યોગે શાસનમાં ઘણી જ અવ્યવસ્થાને જન્માવીને, પોતાનું અહિત કરવા સાથે અનેકોનું અહિત કરી, ઉત્તમ ધર્મની કારમી આશાતના કરી, તેઓ મહાપુણ્યે પ્રાપ્ય એવી સઘળી જ સુંદર સામગ્રીને કારમી રીતિએ હારી જાય છે.

પ્રથમ બોલાવવાનો હક્ક અને તેનો ઉપયોગ:

અહીં તો શ્રીસંઘ શ્રી ધનગિરિજી આદિ મુનિવરોની સાથે જ છે. રાજાની ડાબી બાજુએ શ્રીમતી સુનન્દા બેઠી અને જમણી બાજુએ શ્રીમાન્ સંઘ બેઠો તથા બાકીનો સઘળોય લોક પણ ઉચિત સ્થાને બેઠો. આ પછી બન્નેય પક્ષોએ પોતપોતાની હકીકત રજૂ કરી.

શ્રીમતી સુનન્દાએ શ્રી વજ્રકુમારનું સમર્પણ સાક્ષિઓને રાખીને વગર યાચનાએ કર્યું હતું અને જેમને તે કુમાર અર્પણ કરવામાં આવ્યા હતા, તે કોઈ અન્ય નહિ હતા પણ બાળકના પિતા જ હતા; સાથે મામા પણ હાજર હતા; આમ છતાં પણ, બન્ને પક્ષના વાદને સાંભળીને, રાજાએ કહ્યું કે–"બાળક જેનો બોલાવ્યો જાય, તેનો હો!"

રાજાના આ નિર્ણયને ઉભય પક્ષે સ્વીકૃત કર્યો, પણ બન્નેય પક્ષોએ કહ્યું કે–"પ્રથમ કોણ બોલાવે?"

આ વખતે સ્ત્રીના પક્ષમાં રહેલા લોકોએ કહ્યું કે–"આ બાળક સાધુઓના ઘણા પરિચયથી ગાઢ પ્રેમવાળો બનેલો છે, માટે તે તેઓના વચનને નહિ લંઘે: એ કારણે, દુષ્કરકારિણી

આ માતાને જ પ્રથમ બોલાવવાની આજ્ઞા આપવી જોઈએ. વળી આ સ્ત્રી હોવાથી પણ અનુકમ્પાને યોગ્ય છે: એટલે, આ કારણે પણ આ વાત અન્યથા નહિ થવી જોઈએ."

આમ, શ્રીમતી સુનન્દા શ્રી વજ્રકુમારને પ્રથમ બોલાવે-એવી ઇચ્છા લોકોએ પ્રદર્શિત કરી અને મુનિવરોએ કે શ્રીસંઘે તેનો વિરોધ કર્યો નહિ: કારણ કે-તેઓને ભોળવીને કે લલચાવીને બાળકને વશ કરવાનો હતો જ નહિ. આથી રાજાએ પણ લોકોની એ વાતને કબૂલ રાખી અને બાળકને પ્રથમ બોલાવવાનો હક્ક શ્રીમતી સુનન્દાને પ્રાપ્ત થયો.

આથી ખૂશ થયેલી શ્રીમતી સુનન્દાએ અનેક વસ્તુઓના નામે પોતાના બાળકને પોતાની પાસે બોલાવવાના પ્રયત્નો આરંભ્યા. "હે દારક! આ હાથીઓ છે, આ ઘોડાઓ છે, આ પાયદળો છે, આ રથો છે: આ સઘળા હાથી આદિ પદાર્થો તારી ક્રીડાને માટે આણેલા છે: તું આવ અને આ સર્વને ગ્રહણ કર! તું જ મારો દેવ છો, તું જ મારો પુત્ર છો, તું જ મારો આત્મા છો અને તું જ મારૂં જીવિત છો: એ કારણે દીન એવી મને ભેટવા દ્વારા તું જીવાડ! હે વત્સ! આટલા બધા લોકોના જોતાં તું મને વિલખી ન કર: અન્યથા, મારૂં હૃદય પાકા ચીભડાની માફક બે ભાગમાં ફાટી જશે. હે હંસ જેવી ગતિવાળા વત્સ! તું મારા ઉત્સંગને અલંકૃત કર! શું મારી કુક્ષિમાં તેં વાસ કર્યો, તેનું આટલું પણ ભાડું મને મળવું, એ યોગ્ય નથી?"

આ પ્રકારનાં રમકડાં, ભક્ષ્યના પ્રકારો અને મધુર વચનો દ્વારા પણ શ્રી **વજ્રસ્વામિજી** સહજ પણ માતાની તરફ ગયા નહિ. ભોળી માતા એટલું પણ સમજી શકી નહિ કે-"જે બાળક મારાથી દૂર થવાને માટે અને સાધુઓની સાથે ભળી જવાને માટે જન્મથી રોવાનું શરૂ કરે, મારા અનેક પ્રયાસો છતાં રોતો બંધ ન થાય અને સાધુની ઝોળીમાં જતાંની સાથે જ ચૂપ થાય: મારી પાસે રોતો રહે અને સાધ્વીઓ તથા

શય્યાતરીઓ સાથે આનંદમાં રહે : તે બાળક આવી વસ્તુઓથી ભોળવાય, એ શક્ય નથી !" ખરેખર, મોહનો મહિમા જ ગજબ છે. એને આધીન થયેલા આત્માઓની બુદ્ધિ જ બુદ્ધિ રૂપે નથી રહેતી. અમુક જાતિનો મોહ મર્યા વિના કોઇ પણ ગુણ ગુણ રૂપે આત્મામાં પ્રગટતો નથી. મોહ માણુસને પશુ કરતાં પણ અધમ બનાવી દે છે.

શ્રી વજ્રકુમારની વિચારણા :

કોઇ એમ ન સમજે કે–આ બાળક નિર્દય હૃદયનો હોવો જોઇએ. આ બાળક તો દયાનો સાગર છે. હા, એ વાત સાચી છે કે–અજ્ઞાનિઓના જેવી દયા આ બાળકમાં નહોતી જ. આ બાળકની દયા એ તાત્ત્વિક દયા હતી. આ બાળક ભવિષ્યનો સાચો દ્દષ્ટા હતો. એની દૃષ્ટિ ભવિષ્યના હિત પ્રત્યે હતી. વર્તમાનનું સુખ, એ એ બાળકને મન ક્ષુદ્ર સુખ હતું. જો તે માતા પાસે જાત, તો માતા તત્કાળ તો સુખ પામત જ અને પોતે પણ સાધુપણાના કષ્ટથી બચીને અનેક જાતિની રમત–ગમત આદિના આનંદને પામત, પણ એ રીતિના સુખની અને આનંદની આ તત્ત્વદષ્ટાને મન કાણી કોડી જેટલી પણ કિંમત હતી નહિ. એ જ કારણે, જ્યારે એ બાળકે માતાની આ દશાને જોઇ, ત્યારે–'**કોઈ પણ પુરૂષ માતાના ઉપકારોના ઋણમાંથી મુક્ત બની શકતો નથી.**'–આ પ્રમાણે જાણતા એવા પણ ત્રણ વર્ષની જ વયવાળા શ્રી **વજ્રકુમારે** વિચાર્યું છે કે–"જો હું માતા ઉપર કૃપા કરીને સંઘની ઉપેક્ષા કરીશ, તો જરૂર મારો સંસાર દીર્ઘ–દીર્ઘતર થશે."

માતાના ઉપકારની આટલી મોટી કિંમત આંકનારા પુત્રો આ વિશ્વમાં ક્યાં છે ? જેઓ એક સ્ત્રીને માટે માતા-પિતાને તજીને અલગ થાય છે અને માતા–પિતા દુઃખી અવસ્થામાં હોય તે છતાં પણ અમન–ચમન કરે છે, એ શું માતા-પિતાના ઉપકારોની કિંમત આંકનારા છે ? નહિ જેવા સ્વાર્થને ખાતર

માતા–પિતાની સામે થનારા, માત્ર પોતાના સ્વચ્છંદી અભિપ્રાયને મનાવવા કે અનુસરવાને માટે માતા–પિતાની કારમી અવગણના કરનારા અને આવું આવું તો અનેક જાતિનું અનાડીપણું કરનારા, એ શું માતા–પિતાના ઉપકારોને જાણનારા છે? માતા–પિતાના ઉપકારોની સાચી કિંમત આંકનારા તો તેઓ જ છે, કે જેઓ પ્રભુશાસનને પામીને, માતા–પિતાને પણ પ્રભુશાસનનાં આરાધક બનાવી, મુક્તિમાર્ગનાં સાચાં મુસાફર બનાવે. જેઓ માતા–પિતાના ઉપકારના નામે પ્રભુશાસનથી પરાઙ્મુખ બનીને, પોતાના સંસારને પણ વધારે છે અને માતા–પિતાના પણ સંસારની વૃદ્ધિના નિમિત્તભૂત થાય છે, તેઓ તો પુત્ર નથી પણ પરમાર્થદષ્ટિએ માતા–પિતાના પણ વૈરી છે.

સાચા પુત્રની નામનાને લાયક એવા શ્રી **વજ્રકુમારે** વધુમાં એવો પણ વિચાર કર્યો કે–"જો હું મક્કમ રહીશ તો ધન્યવાદને પાત્ર અને અલ્પકર્મા એવી મારી આ માતા પણ પ્રવ્રજ્યા અંગીકાર કરશે. આ કારણે, આપાતમાત્રથી ઉત્પન્ન થયેલું આ મારી માતાનું દુ:ખ પણ ઉપેક્ષા કરવા યોગ્ય છે : કારણ કે–એવી ઉપેક્ષામાં જ માતાનું પણ સાચું સુખ સમાએલું છે."

માતાની પણ આવી હિતચિન્તા, આવા સાચા સત્પુત્ર સિવાય બીજો કોણ કરે ? માતા–પિતાના પ્રેમમાં ફસીને પોતાનું આત્મહિત નહિ બગાડતાં, માતા–પિતાના પણ સાચા હિતની ભાવનાથી ઓતપ્રોત રહેનારા સુપુત્રો, આ વિશ્વમાં સદાય સંખ્યામાં અલ્પ જ હોય છે.

શ્રી **વજ્રકુમાર** ઉમ્મરમાં તો ત્રણ વર્ષના હતા, પણ બુદ્ધિથી વૃદ્ધ હોઈને અજબ કોટિના દીર્ઘદર્શી હતા. દીર્ઘદર્શી હોવાના કારણે, એક સુવિવેકી બુદ્ધિસંપન્નને છાજતા પ્રકારનો વિચાર કરીને, તેઓ માતાની બાહ્ય દયાથી લેશ પણ લેપાયા નહિ. રાજસભામાં માતા થોડા સમયને માટે દુ:ખી થાય એમાં મહત્ત્વ નહિ હતું, પણ શ્રીસંઘનું અપમાન થાય એ ઘણું જ ભયંકર

હતું. દુઃખી માતા વિવેકિની બનીને પરિણામે સુખી જ થવાની હતી, જ્યારે શ્રીસંઘના અપમાનથી પોતાનો સંસાર વધવાનો હતો અને માતાનું પણ હિત હણાવાનું હતું. આવો વિચાર સાચી દીર્ઘદર્શિતા વિના શક્ય નહોતો. સાચા દીર્ઘદર્શી હોવાથી એવી જાતિના ઉચ્ચ કોટિના વિચારના પ્રતાપે વજ્ર જેવા દૃઢ આશયવાળા બનેલા શ્રી **વજ્રકુમાર**, શ્રીમતી **સુનન્દાએ** ઘણી ઘણી રીતિએ બોલાવવા છતાં પણ, પ્રતિમામાં રહેલા પરમર્ષિની માફક સ્થિર રહ્યા અને પોતે જે સ્થાને બેઠા હતા તે સ્થાનથી સહજ પણ ચલાયમાન થયા નહિ.

શ્રી ધનગિરિજીની સફળતા :

આ રીતિએ ત્રણ વરસના પણ બાળને, પ્રતિમામાં રહેલા પરમર્ષિની માફક પોતાના સ્થાનમાં, માતાએ આટલું આટલું કરવા છતાં પણ, જ્યારે સ્થિર રહેલ જોયો; ત્યારે રાજાના હૃદય ઉપર પણ સુંદર અસર થઇ અને એથી શ્રીમતી **સુનન્દાને** ઉદ્દેશીને રાજાએ કહ્યું કે–" હે **સુનન્દે** ! આ બાળક બોલાવવા છતાં પણ તને માતા તરીકે ન જાણતો હોય એવો બન્યો થકો તારી પાસે ન આવ્યો, એ કારણથી તું હવે ખસી જા. "

આથી શ્રીમતી **સુનન્દાને** ખસી જવું પડ્યું. શ્રીમતી **સુનન્દાના** ખસવા બાદ, શ્રી **ધનગિરિજીનો** અવસર આવ્યો. અવસરને પ્રાપ્ત થયેલો જાણીને, રાજાએ શ્રી **ધનગિરિજીને** પ્રેરણા કરી. રાજાના પ્રેરિત થયેલા શ્રી **ધનગિરિજીએ** પોતાના રજોહરણને ઉંચો કર્યો અને પરિમિત અક્ષરોમાં એ પ્રમાણે કહ્યું કે–" હે પાપરહિત બાળક ! જો તારો વ્યવસાય વ્રતમાં હોય અને જો તું સ્વયં તત્ત્વજ્ઞ હોય, તો આ ધર્મના ધ્વજ રૂપ મારા રજોહરણને ગ્રહણ કર ! "

શ્રી **ધનગિરિજી** આ પ્રમાણે બોલ્યા, કે તરત જ શ્રી **વજ્રકુમાર** હાથીના બચ્ચાની માફક ઉદ્યત બન્યા. હાથીનું બચ્ચું જેમ સુંઢ ઉંચી કરે, તેમ શ્રી **વજ્રકુમારે** પણ પોતાનો

હાથ ઉંચો કર્યો. એ રીતિએ ઉંચા હાથવાળા બનેલા અને શબ્દ કરતા છે પગના ઘુઘરા જેમના એવા તે શ્રી **વજ્રકુમાર** શ્રી **ધનગિરિજી** તરફ દોડયા અને તેમના રજોહરણને ગ્રહણ કર્યો. શ્રી **વજ્રકુમારે** પોતાના હાથ રૂપ કમળો દ્વારા ઉપાડેલો તે રજોહરણ, પ્રવચન-લક્ષ્મીના ચામરની માફક શોભવા લાગ્યો. મોગરાની કળીઓના આકારવાળા દાંતોની ઉલ્લાસ પામતી છે કાંતિ જેમાં, એવા સ્મિતવાળા બનેલા શ્રી **વજ્રકુમાર**, રજોહરણથી અન્ય સ્થાનમાં સહજ પણ પોતાની દૃષ્ટિ નહોતા આપતા.

શ્રી **વજ્રકુમારના** આ વર્તનથી, પ્રભુશાસનની મહત્તા ખૂબ જ વધી; પણ શ્રીમતી **સુનન્દા** તો ખૂબ જ ઉદ્વિગ્ન બની. દિવસના અન્તે જેમ પદ્મિની ગ્લાનિને પામે, તેમ શ્રીમતી **સુનન્દા** પણ ગ્લાનિને પામી. પોતાનો હાથ તેણીએ પોતાની હડપચી ઉપર મૂક્યો. શ્રીમતી **સુનન્દાની** ઉદ્વિગ્નતાની પ્રતીતિ કરાવનારૂં જ આ ચિન્હ છે. અતિ ઉદ્વિગ્ન બનેલા આત્માઓ આ અને આવી બીજી પણ અનેકવિધ ચેષ્ટાઓ સ્વાભાવિક રીતિએ જ કરે છે.

શ્રીમતી સુનન્દાનો નિર્ણય:

શ્રીમતી **સુનન્દાને** માટે પોતાના બાલકને પાછો મેળવવા માટેનો આ છેલ્લો જ પ્રયત્ન હતો અને આ પ્રયત્ન એવો હતો, કે જેની સફળતાને માટે તેણીને લેશ પણ સન્દેહ ન હોય એ બનવાજોગ છે. બાળકની નાની વય, લોક તરફેણમાં અને- 'બાળક જેનો બોલાવ્યો જાય તેનો થાય'-એવો રાજાનો નિર્ણય: આ સંયોગોમાં શ્રીમતી **સુનન્દાને**-'શ્રી **વજ્રકુમાર** પોતાનો થશે'-એવી સંપૂર્ણ ખાત્રી હોય, એ અસ્વાભાવિક વસ્તુ નથી. આવી સંપૂર્ણ ખાત્રીથી થએલો પ્રયત્ન સર્વથા નિષ્ફલ નિવડે અને પોતાની ધારણા મુજબ થવાને બદલે વિપરીત જ પરિણામ આવે, ત્યારે એક મોહાધીન માતાના હૈયામાં કેવી અને કેટલી વેદના થાય, એ સમજવું મુશ્કેલ નથી. શ્રીમતી

સુનન્દાએ પહેલાં તો શય્યાતર સ્ત્રીઓની પાસે પોતાના પુત્રની માગણી કરી હતી : પણ શય્યાતરીઓએ ચોખ્ખી ના પાડી, એટલે તેણી શ્રી **ધનગિરિજી**ની આશાએ બેઠી હતી. શ્રી **ધનગિરિજી** આવ્યા, માગણી કરી અને તેમાં પણ નિષ્ફલતા સાંપડી : આથી છેલ્લે છેલ્લે શ્રીમતી **સુનન્દાએ** રાજાની પાસે પ્રાર્થના કરી. શ્રીમતી **સુનન્દા** પુત્રમોહને આધીન બની હતી, પરન્તુ તેણી આટલી હદ સુધી પહોંચી તે પ્રતાપ લોકની ઉશ્કેરણીનો પણ ગણાય. દીક્ષિત બનેલા પોતાના પતિની સામે, ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલી સ્ત્રી રાજદરબારે પહોંચે, ત્યારે સમજવું કે તેણીને દુર્જન લોકોએ ઉશ્કેરી છે. શ્રીમતી **સુનન્દા**ના ભાઈ પણ દીક્ષિત થએલા છે અને તેમની પણ રૂબરૂમાં જ શ્રી **વજ્રકુમાર** દેવાએલા છે; છતાં પણ પુત્રને પાછો મેળવવાને માટે રાજસભા સુધી પહોંચાય, એમાં દુર્જન લોકના સંસર્ગનો ઓછો ફાળો નથી. આ પ્રકારે અજ્ઞાન લોકથી દોરવાઈને રાજદરબારે પહોંચેલી સ્ત્રીને, નિષ્ફલતા પ્રાપ્ત થવાના કારણે, ઘણું દુઃખ થાય એ સહજ છે. 'નહિ આચરવા જેવી પ્રવૃત્તિ આચરી, છતાં ધારણા તો ફળી નહિ.'–આ વિચાર નિષ્ફલતાથી ઉત્પન્ન થનારા દુઃખને વધારનારો નિવડે છે: આમ છતાં –'પોતે આચરેલી પ્રવૃત્તિ નહિ આચરવા જેવી હતી.'–આટલો પણ ખ્યાલ જેના અન્તરમાં હોય છે, તેને માટે નિષ્ફલ નિવડતાં ઉન્માર્ગનો ત્યાગ અને સન્માર્ગનો સ્વીકાર નિકટવર્તી બની જાય છે. ભૂલ થઈ જવા છતાં પણ, ભૂલનો ભૂલ રૂપે ખ્યાલ આવવો, એ પણ ઘણી ઉમદા વસ્તુ છે. ભૂલ કરનારને પણ થઈ ગએલી ભૂલનો ભૂલ તરીકેનો ખ્યાલ, ભવિષ્યમાં ભૂલથી બચાવનારો નિવડે છે. પાપને સેવવા છતાં પણ પોતાની ધારણા ફળે નહિ, ત્યારે પાપવૃત્તિવાળા આત્માઓ ઉન્માદને વશ બને છે : જ્યારે સંયોગવશ પાપને આચરનારાઓ પાપથી પરાઙ્મુખ બનવાના વિચારમાં લીન બને છે. શ્રીમતી **સુનન્દાએ** જે

આચર્યું તે ખરાબ હતું, છતાં તેણી સ્વભાવે ખરાબ નહિ હતી. તેણીનું હૈયું પાપરસિકતાથી ભરેલું નહિ હતું. પુત્રમોહની આધીનતાવાળી અવસ્થામાં તેણીને એવા સલાહકારો અને એવા સહાયકો મળી ગયા, કે જે સલાહકારો અને સહાયકો પ્રાયઃ પાપના જ સાથીદારો હોય છે. દુઃખના વખતે એવા-ઓનો ભેટો થઈ જવો, એ સામાન્ય રીતિએ તો એક પ્રકારના મોટા દુર્ભાગ્યનું જ કારણ ગણાય. તેવાઓની સલાહ પાપના માર્ગે દોરનારી હોય છે. ખાસ કરીને દુઃખના સમયમાં તો એવા સલાહકારોને અને સહાયકોને ઈચ્છવા, કે જેઓ પાપથી નિવૃત્ત બનવાની જ સલાહ આપે. શ્રીમતી **સુનન્દા** તો ભાગ્ય-શાલિની છે એટલે વાત જૂદી છે, પણ બીજી કોઈ સ્ત્રીને આવી નિષ્ફલતા સાંપડી હોય, તો પરિણામ કેટલું બધું ભયંકર આવે ? એ નિષ્ફલતા અતિ મોહાધીન અજ્ઞાન આત્માને આત્મઘાત આદિ જેવા ભયંકર પાપને પણ આચરવાને પ્રેરે, તો એથી જરાય નવાઈ પામવા જેવું નથી : પરન્તુ શ્રીમતી **સુનન્દા** એવી અજ્ઞાન નથી. મોહવશ તેણીએ ગમે તે કર્યું, પરન્તુ રાજદર-બારમાં નિષ્ફળતા મળતાં તેણીએ જે ઉમદા નિર્ણય કર્યો છે, તે તો પ્રશંસનીય જ છે. રાજદરબારમાં મળેલી નિષ્ફલતાને કારણે ઉદ્વિગ્નતાને પામવા છતાં પણ, શ્રીમતી **સુનન્દા** એ પ્રમાણે ચિંતવવા લાગી કે–

"भ्राता मम प्रव्रजितो, भर्ता प्रव्रजितोऽथ मे ।
प्रव्रजिष्यति पुत्रोऽपि, प्रव्रजाम्यहमप्यतः ॥१॥
"न मे भ्राता न मे भर्ता, न मे पुत्रोऽपि सम्प्रति ।
तन्ममापि परिव्रज्या, श्रेयसी गृहवासतः ॥२॥"

મારા ભાઈ પ્રવ્રજિત થયા, પછી મારા પતિ પ્રવ્રજિત થયા અને મારો પુત્ર પણ હવે પ્રવ્રજિત થશે : આથી, હું પણ પ્રવ્રજ્યાને ગ્રહણ કરું : કારણ કે–હવે મારે ભાઈ પણ નથી,

પતિ પણ નથી અને પુત્ર પણ નથી. જ્યારે મારે ભાઈ પણ નથી, પતિ પણ નથી અને પુત્ર પણ નથી, ત્યારે મારા માટે પણ ગૃહવાસ કરતાં પરિવ્રજ્યા–દીક્ષા જ કલ્યાણકારિણી છે.

વિચાર કરો કે–આ જાતિનો નિર્ણય, એ કેટલો ઉમદા નિર્ણય છે ? આવો ઉમદા નિર્ણય પાપરસિક આત્માઓ કરી શકે, એ શક્ય જ નથી. ખેર, અહીં તો પોતાને માટે પણ દીક્ષાનો પોતાની જાતે જ નિર્ણય કરીને, શ્રીમતી **સુનન્દા** પોતાને ઘેર ગઈ. એ પણ વિચારવા જેવું છે કે–શ્રી **વજ્રકુમાર** જો સાચા દીર્ઘ-દર્શી ન હોત, તો જે પરિણામ આવ્યું તે કોઈ પણ રીતિએ ન જ આવત. શ્રી **વજ્રકુમાર** જો સાચા દીર્ઘદર્શી ન હોત, તો તો તેઓ પોતાની માતાની દ્રવ્યદયામાં ફસી જાત અને શ્રીસંઘને અપમાનિત કરત. એ રીતિએ તેઓ પોતાનો સંસાર વધારત, માતાને પણ સંસારમાં રખડતી રાખત અને રાજા આદિ લોકને પણ અનેક જાતિના વિપરીત વિચાર આદિમાં નિમિત્તભૂત બનત : પરન્તુ શ્રી **વજ્રકુમાર**ની દશા જ કોઈ જૂદી હતી. એવી દશા એ ઉત્તમ કોટિની પૂર્વની આરાધનાનું જ પરિણામ છે : આમ છતાં પણ, એ વાત નિશ્ચિત જ છે કે–પરભવને નહિ માનનારા અનાત્મવાદિઓને માટે, આવાં દૃષ્ટાન્તો હમેશાં અગમ્ય જ રહ્યાં છે અને રહેવાનાં છે.

પુત્રની અને માતાની પણ દીક્ષા :

હવે શ્રીમતી **સુનન્દા** જેમ પોતાને ઘેર ગઈ, તેમ તે શ્રી **ધનગિરિજી** આદિ મુનિવરો પણ શ્રી **વજ્રકુમાર**ને લઈને વસતિ પ્રત્યે ગયા. વ્રતના ઇચ્છુ એવા શ્રી **વજ્ર**, ત્રણ વર્ષની ઉમ્મરના હોવા છતાં પણ, સ્તન્યપાન કરતા ન હતા. આ પ્રમાણેની ઉત્તમ દશામાં વર્તતા હોવાથી, પરમ ઉપકારી, કલિ-કાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વર**જી મહારાજા ફરમાવે છે કે–આચાર્યમહારાજાએ તે શ્રી **વજ્રકુમાર**ને પ્રવ્રજિત કર્યા અને ફરીથી પણ સાધ્વીઓને સમર્પ્યા. બીજી તરફ

ઉદય પામતા ભાગ્યવિશેષથી શ્રીમતી **સુનન્દા** પણ, અતિશયપણે ભવથી વિરાગિણી થઈ અને અતિશય વિરાગિણી બનેલી તેણીએ પણ, તે ગચ્છના આચાર્યમહારાજાની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

જ્ઞાની અને વિનયી :

દીક્ષિત બનેલા શ્રી **વજ્રસ્વામિજી** હવે સાધ્વીઓની પાસે રહે છે. તેઓ પદાનુસારિણી લબ્ધિના સ્વામી છે અને બુદ્ધિના ભંડાર છે, એટલે સાંભળેલું યાદ રાખવામાં તે કુશળ હોય એ તદ્દન સ્વાભાવિક છે. જે સાધ્વીઓની પાસે તેઓ નિવાસ કરતા હતા, તે સાધ્વીઓ પણ સામાન્ય કોટિની નહિ હતી. તે સાધ્વીઓના મુખેથી શ્રી **વજ્રસ્વામિજી**ને અગીઆરેય અંગો સાંભળવાને મળ્યાં અને એમ સાંભળતાં સાંભળતાં તેઓને તે યાદ પણ રહી ગયાં. આ રીતિએ, આર્યાઓના ઉપાશ્રયમાં વસતા શ્રી **વજ્રસ્વામિજી** આઠ વર્ષની ઉમ્મરના થયા, એટલે હર્ષને ભજવાવાળા મહર્ષિઓએ તેમને વસતિમાં આણ્યા. મુનિ બનેલા, સાધ્વીઓને ભણતી સાંભળીને અગીઆર અંગોના જ્ઞાતા બનેલા, પદાનુસારિણી લબ્ધિના સ્વામી અને બુદ્ધિના સાગર એવા પણ શ્રી **વજ્ર** નામના તે મહર્ષિ, સંયમની આરાધના અને તે પણ ગુરૂમહારાજના વિનયપૂર્વકની કરવામાં ઉજમાળ રહે છે.

આવા જ્ઞાનિમાં વિનય તો સ્વાભાવિક જ હોય. જ્ઞાની અને વિનય–વૈયાવચ્ચથી બેપરવા, એ વસ્તુ જ અસંભવિત છે. જેઓ વિનય અને વૈયાવચ્ચના વૈરી બન્યા છે, તેઓ તો શ્રી વીતરાગના શાસનની દૃષ્ટિએ એટલે વાસ્તવિક દૃષ્ટિએ અજ્ઞાની જ છે. એવાઓનું જ્ઞાન કદાચ અન્ય યોગ્ય આત્માઓને તેમની યોગ્યતાના વશે લાભનું કારણ બની જાય : પરન્તુ તેઓને પોતાને માટે તો તે જ્ઞાન નાશને માટે જ નિવડનારૂં હોય છે. શ્રી વીતરાગનું શાસન ફરમાવે છે કે–સદ્જ્ઞાનની વૃદ્ધિની સાથે વિનય, વૈયાવચ્ચ અને સંયમની સાધના ઉજ્જ્વલ જ બનતી

જાય છે. તીવ્ર ચારિત્રમોહનીયના ઉદયથી કદાચ એમાં ઉત્સાહ ન જાગે, તો પણ તેને સાધવાના શક્ય પ્રયત્નો જારી જ હોય છે અને તેવા યોગ્ય પ્રયત્નોને કારણે, પરિણામે તો ચારિત્ર-મોહનીયને પણ ભાગવે જ છૂટકો થાય છે.

વૈક્રિયલબ્ધિ અને આકાશગામિની વિદ્યાની પ્રાપ્તિ :

ઉત્તમ સંયમની દૃષ્ટિ હોવાના કારણે, મહર્ષિ શ્રી **વજ્ર-સ્વામિજી** વૈક્રિયલબ્ધિ અને આકાશગામિની વિદ્યાના પણ સ્વામી બન્યા છે. એ બે વસ્તુઓને કેવી રીતિએ તે મહર્ષિ પામ્યા, એ પણ જાણવા જેવું છે.

કોઈ એક દિવસે, શ્રી **વજ્રસ્વામિજી**ના ગુરૂમહારાજાએ **અવન્તી** પ્રત્યે પ્રયાણ કર્યું. **અવન્તી** તરફ જતાં વચ્ચે મેઘ અખણ્ડિત ધારાએ વર્ષ્યો. આથી શ્રી **વજ્રસ્વામિજી**ના ગુરૂ એવા તે આચાર્યમહારાજા પરિવાર સાથે કાંઈક યક્ષમંડપિકા જેવા સ્થાને, કે જેમાં પાણી ઝરતું ન હતું, ત્યાં રહ્યા. તે અવસરે શ્રી **વજ્ર** નામના તે મહર્ષિના સત્ત્વની પરીક્ષા કર-વાને માટે, શ્રી **વજ્રસ્વામિજી**ના પૂર્વભવના મિત્ર એવા જૃમ્ભક દેવોએ ત્યાં પોતાની વણિક જેવી મૂર્તિઓ વિકુર્વી : એટલે કે–પોતાની વૈક્રિયલબ્ધિથી તેઓ વાણીઆ બન્યા. વણિક રૂપને ધરનારા બનેલા તે દેવોએ, એક આવાસ પણ વિકુર્વ્યો. એ આવાસ જાણે કે–કોઇ વેપારીઓ સઘળી જ વેપારની સામગ્રીઓ લઇને નીકળ્યા હોય અને તેઓ અહીં માર્ગમાં વાસ કરીને રહ્યા હોય, એવો લાગતો હતો. એ આવાસમાં ઘોડા અને બળદો બંધાએલા હતા, ઉંટો ચરતાં હતાં, ગાડાંઓ મંડલી રૂપે ગોઠવાએલાં હતાં, પટના તંબુઓ નખાઈ ગયા હતા, વેચવાની વસ્તુઓથી ભરેલી ગુણોની પરંપરા ઢંકાયેલી પડી હતી, રંધાયેલાં અન્નનાં પાત્રો ચુલા ઉપરથી નીચે ઉતરી ચૂકેલાં હતાં અને ભોજન કરતા લોકોથી તે આવાસ વ્યાકુલ હતો તેમજ નોકરો તથા ચાકરો એમાં ઘુમતા માલૂમ પડતા

હતા. ટૂંકમાં-કોઇને પણ સામાન્ય દૃષ્ટિએ શંકા ન પડે, એવી રીતિએ એ આવાસ ગોઠવાએલો હતો. વરસાદ બંધ પ્રાયઃ થયા પછી, તે દેવતાઓએ હ્રસ્વ વંદનપૂર્વક ભિક્ષા માટે શ્રી આચાર્યમહારાજાને પ્રાર્થના કરી. 'વૃષ્ટિ બંધ થઈ છે.'–એમ જાણીને, શ્રી આચાર્યપુંગવે પણ વિનયથી ઉજ્જવલ એવા **શ્રી વજ્ર** નામના મહર્ષિને, ભિક્ષા લાવવાને માટે આદેશ ફરમાવ્યો. ગુરૂના આદેશને પામતાંની સાથે જ, વિનયોજ્જવલ એવા શ્રી **વજ્ર** મહર્ષિ, આનંદપૂર્વક ઉઠ્યા અને બીજા મુનિની સાથે આવશ્યકી કરીને, માર્ગમાં ઈર્યાશુદ્ધિને ચિન્તવતા, ભિક્ષાને માટે વિહરવાને નીકળ્યા : પરન્તુ ત્રસરેણુ જેવા પણ પાણીના કણીયાઓને વરસતા જોઈને, અપ્કાયની વિરાધનાથી ભય પામેલા મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**, એકદમ પાછા ફરી ગયા. દેવતાઓએ એવી વૃષ્ટિને પણ બંધ કરી અને–'વૃષ્ટિ નથી.'–એમ કહેતા તેઓએ, મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**ને પુનઃ વિનંતિ કરી. વૃષ્ટિનો અભાવ હતો અને તેઓનો ઉપરોધ હતો, માટે શ્રી **વજ્રસ્વામિજી** પુનઃ નીકળ્યા અને ભક્તપાન આદિથી સુંદર એવા તેઓના આવાસે પહોંચ્યા. હવે તે દેવો ભોજન આદિને દેવાની ઈચ્છાથી જે અવસરે સંભ્રમવાળા બન્યા છે, તે અવસરે પરમ સંયમી એવા તે શ્રી **વજ્રમહર્ષિ**એ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ઉપયોગ દીધો. એ ઉપયોગમાં તેઓએ વિચાર્યું કે–"કોળું આદિ દ્રવ્ય જે અસમ્ભવી છે, તે આ લોકોએ ક્યાંથી રાંધ્યું ? આ ઉજ્જયિની ક્ષેત્ર સ્વભાવથી પણ કર્કશ છે અને હજુ તો આ પ્રથમ વરસાદ છે, એટલે આ દ્રવ્યની કથા પણ શી ?" વળી તેઓએ દાતારોને અંગે પણ વિચાર કર્યો કે–"આ દાતારો પણ અનિમેષવાળી આંખોવાળા છે અને ચરણોથી ભૂમિને નહિ સ્પર્શવાવાળા છે." આ જાતિની વિચારણા કરવા દ્વારાએ, શ્રી **વજ્રમહર્ષિ**એ નિશ્ચય કર્યો કે–"આ દેવપિંડ છે અને દેવપિંડ સાધુઓને કલ્પે નહિ."

આથી તેઓએ ભિક્ષા લીધા વિના જ, ગુરૂની પાસે પાછા ફરવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય મુજબ ત્યાંથી કાંઇ પણ લીધા વિના જ તેઓ પાછા ફર્યા. મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**-ની આવી ઉત્કટ સંયમરસિકતાથી દેવો વિસ્મિત બને, એમાં નવાઈ પામવા જેવું છે ? નહિ જ. વિસ્મિત બનેલા તે દેવોએ પ્રત્યક્ષ થઈને, મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**ને કહ્યું કે-" અમે પૂર્વજન્મના આપના મિત્રો જૃમ્ભક દેવો છીએ : અમારા મિત્ર એવા આપને આજે પણ જોવાને માટે જ અહીં આવ્યા છીએ." આ પ્રમાણે કહીને, મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**ના ઉત્કટ સંયમરસથી તોષ પામેલા તે દેવોએ, જાણે પોતે કલ્પેલી માયાનો બદલો જ ન આપતા હોય તેમ, 'વૈક્રિયલબ્ધિ' નામની વિદ્યા શ્રી **વજ્રસ્વામિજી**ને આપી.

આવી જ રીતિએ, વળી બીજા કોઈ એક સમયે જેઠ માસમાં વિહાર કરતા મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**ને તે દેવોએ વણિક થઈને ઘેબરો વહોરવાની વિનંતિ કરી. એ સમયે પણ તેઓના આવાસે જઈને, પૂર્વની માફક દ્રવ્યાદિના ઉપયોગ દ્વારા દેવપિંડને જાણીને, ઉપયોગ મૂકવામાં કુશળ એવા શ્રી **વજ્રસ્વામિજી**એ તેઓનો પિંડ ન સ્વીકાર્યો. આથી પણ તોષને પામેલા તે જૃમ્ભક દેવોએ, પોતાના પૂર્વભવના મિત્ર એવા શ્રી **વજ્રસ્વામિજી**ને 'આકાશગામિની' વિદ્યા આપી. આ પછી, તે દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

વિનયસંપન્નતા અને સંયમરસિકતા :

મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**ને પ્રાપ્ત થએલી વૈક્રિયલબ્ધિ અને આકાશગામિની વિદ્યા સંબંધીનો આ પ્રસંગ પણ, તે પરમર્ષિની વિનયશીલતા અને સંયમરસિકતાનો સૂચક છે. ગુરૂમહારાજાના આદેશને આનંદપૂર્વક તાબે રહેવું અને ભિક્ષાએ ગયા બાદ પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવો, એ તેમના જેવા મહાપુરૂષને માટે આમ તો સ્વાભાવિક જ ગણાય, પરન્તુ આજના

કેટલાકો આવા પ્રસંગે યાદ આવ્યા વિના રહેતા નથી. વર્તમાનમાં પોતાને ભણેલા ગણેલા માનનારાઓમાં એવા પણ અનેક મળશે, કે જેઓને ભિક્ષા અર્થે જવાની ગુરૂમહારાજાએ ફરમાવેલી આજ્ઞા, અશનિપાત જેવી લાગતી હોય. ગુરૂમહારાજા ભિક્ષાર્થે જવાની આજ્ઞા ફરમાવે, ત્યારે પોતાને બહુ ભણેલા અને મોટા વિદ્વાન માનતા કેટલાકોને, એવો પણ વિચાર આવે છે કે-' કેવી આજ્ઞા કોને થાય, એની ગુરૂને ગમ જ નથી.' ગુરૂની આજ્ઞાની સામે કાંઈ બોલે નહિ અને ભિક્ષાર્થે નીકળે, તોય એવાઓના મનમાં તો એ જ વિચાર ઘોળાયા કરે કે-' અમારા જેવા વિદ્વાનને તે આવી આજ્ઞા હોતી હશે? એ તો ઠીક છે કે-અમે ગંભીરતાથી અવસરોચિત વર્તન કરી લઈએ છીએ, પણ ના પાડી દઈએ તો એમના વચનની કેટલી કિંમત રહે?' આવા પ્રકારના ઘમંડમાં મહાલનારા, દેખીતા વિદ્વાન છતાં તત્ત્વથી તો સાવ અભણ અને અયોગ્ય આત્માઓ, ગુરૂની આજ્ઞા મુજબ વર્તતા પણ હોય, તો પણ ગુરૂઆજ્ઞાના પાલનના વાસ્તવિક ફલને તેઓ પામી શકતા નથી. એવાઓ એવી મૂર્ખાઈભરી માન્યતામાં રાચતા હોય છે કે-' ભિક્ષા લાવવી, એ તો અભણનું કામ છે. વિદ્વાન સાધુઓએ ભિક્ષાર્થે જવાનું હોય નહિ.' આવી અજ્ઞાનમય દુર્દશામાં રાચનારાઓને માટે, મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**, એ એક આદર્શ બની જવા જોઈએ. ભિક્ષાર્થે નીકળવા છતાં પણ, ભિક્ષાને વેઠ સમજનારાઓ, ચાલવામાં અને ભિક્ષા લેવામાં ઈર્યાસમિતિ અને દોષરહિતપણું જોવું-એ વિગેરેને ભૂલી જાય, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ. ઉપયોગપૂર્વક ચાલવું અને ઉપયોગપૂર્વક નિર્દોષ ભિક્ષાને ગ્રહણ કરવી, એ તેવાઓને માટે અસંભવિત પ્રાયઃ છે. એવાઓની ભિક્ષાને ગૌચરી કે મધુકરી તરીકે ઓળખાવી શકાતી નથી, પણ તે કોઈ ભયંકર ઉપનામને લાયક જ બની જાય છે. ભિક્ષા લાવવી, એ પણ

આ શાસનમાં પરમ નિર્જરાનું અંગ મનાય છે. નિર્જરાના પરમ કારણભૂત ભિક્ષાને વેઠ માનનારા સાધુઓ, કેવળ વેઠીયા બની જાય અને અનેક અનર્થોને પામે, એ સ્વાભાવિક જ છે. એવાઓ પોતાના સાધુપણાને ભૂલવા સાથે લોકને માટે પણ અધર્મનું કારણ બને છે; તેમજ એવાઓની લાવેલી ભિક્ષાને વાપરનારા સાધુઓ પણ સંયમની સાધનામાં શિથિલ બને, તો તેમાં પણ અસ્વાભાવિક જેવું કાંઇ જ નથી. સંયમબલને હરનારી ભિક્ષા સંયમને હરી લે અને સાધુઓને માત્ર વેષથી જ સાધુ બનાવી દે, તો એ કોઈ અસંભવિત વસ્તુ નથી. એ જાતિના સાધુઓ શાસનની પ્રભાવનાને બદલે હીલના ન કરાવે તો પણ તે ઘણું છે, એમ જ કહેવું પડે. ભિક્ષા માટેની ગુરૂમહારાજાની આજ્ઞાને પામીને પણ, વિદ્વાનમાં વિદ્વાન એવા સાધુને ય પરમ આનન્દ જ થવો જોઈએ; પણ એ જાતિની વિનયસંપન્નતા આવવી એ સહેલું નથી. મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** તો વિનયસંપન્ન હતા એટલે ભિક્ષાર્થે ગયા અને સંયમરસિક પણ હતા એટલે દેવપિંડ જાણીને ભિક્ષા લીધા વિના જ પાછા ફર્યા. જ્ઞાનના યોગે જો વિનય ભાગે અને ઘમંડ વધે, તો સમજો કે–એ જ્ઞાન સદ્જ્ઞાન નથી પણ અજ્ઞાન જ છે.

ગંભીરતા પણ તેવી જ :

શ્રી **વજ્રસ્વામિજી** નામના તે મહર્ષિ પરમ વિનયશીલ હોઈને, ગુરૂનિશ્રામાં રહીને જેમ સંયમની સાધનામાં કટિબદ્ધ હતા, તેમજ તે મહર્ષિ જ્ઞાની હોવા છતાં ગંભીર પણ કમ નહિ હતા. તે મહર્ષિની ઉત્કટ સંયમરસિકતાને જોઈને, તે મહર્ષિના મિત્રદેવો પણ પ્રસન્ન થયા અને બે વિદ્યાઓ આપીને ચાલ્યા ગયા. આ પછી તે બે વિદ્યાઓને ધરનારા બનેલા તે મહર્ષિ, ગુરૂનિશ્રામાં ગચ્છની મધ્યમાં વિરહતા હતા. ગચ્છની મધ્યમાં વિહરતા એવા તે મહર્ષિને, પદાનુસારિણી લબ્ધિથી મેળવેલ અગીઆર અંગો પણ સુસ્થિર થઈ ગયાં. વળી બુદ્ધિમાનોમાં

શ્રેષ્ઠ એવા તે ભગવાન શ્રી **વજ્રસ્વામિજી**, જે જે પૂર્વગતાદિને પણ ભણાવાતું સાંભળતા હતા, તેને તેને પણ ગ્રહણ કરતા હતા. અગીઆર અંગોના સુસ્થિર જ્ઞાની અને પૂર્વગત જ્ઞાનના પણ જ્ઞાતા બનતા જતા એવા પણ એ મહર્ષિની ગંભીરતા એટલી છે કે–'આ મુનિ આટલા જ્ઞાની છે.'–એમ કોઈ જ જાણતું નથી. જ્યારે જ્યારે સ્થવિર મહર્ષિઓ તે શ્રી **વજ્રમહર્ષિ**ને–'તું ભણ'–એમ કહેતા, ત્યારે ત્યારે તે મહર્ષિ નિદ્રાલુની માફક કાંઈક 'ગુણ ગુણ' એવા શબ્દને કરતા હતા. સ્થવિરોની આજ્ઞાના ભંગના ભીરૂ અને પોતાની શક્તિનું પ્રકાશન નહિ કરતા એવા તે મહર્ષિ, અવ્યક્ત ઉદ્‌ગૃણન કરતા કરતા, ભણતા એવા બીજા મુનિઓને સાંભળતા હતા. આ જાતિની ગંભીરતા જાળવી રાખવી અને સ્થવિરોની સામે–'મને આવડે છે.'–એમ બોલી ઉઠવું નહિ, આ વાત પણ સામાન્ય નથી. આટલું જ્ઞાન અને આટલી સ્મરણશક્તિ હોવા છતાં પણ–આટલી ગંભીરતા, આટલી આજ્ઞાપ્રિયતા અને આટલી આજ્ઞાભંગભીરૂતા, એ પણ સુન્દર ઉદયને સાધવાનું એક ઉત્તમમાં ઉત્તમ કોટિનું જ સાધન છે.

ગુરૂમહારાજાને ખબર પડવી :

હવે કોઈ એક દિવસે મધ્યાહ્ન સમયે સાધુઓ ભિક્ષાને માટે ગયા અને પૂજ્ય આચાર્યમહારાજા બહિર્ભૂમિએ ગયા. પાછળથી વસતિના રક્ષક તરીકે એકાકી શ્રી **વજ્રસ્વામિજી** જ રહ્યા. એ મહર્ષિએ પોતે સાધુઓની ઉપધિને સાધુઓની મંડલી રૂપે ગોઠવી દીધી અને પછી શિષ્યોના વચ્ચે જેમ આચાર્ય મહારાજ બેસે તેમ પોતે બેઠા. એ રીતિએ બેસીને, વર્ષાઋતુના મેઘ જેવા ગંભીર ધ્વનિવાળા તે મહાત્માએ, વાચના આપવા માંડી. અગીઆરે અંગોની અને પૂર્વગત જ્ઞાનની પણ તે મહર્ષિ, એ રીતિએ વાચના આપવા લાગ્યા. મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** જે સમયે આ પ્રકારે વાચના આપી રહ્યા છે, તે જ સમયે

બહિર્ભૂમિ ગયેલા આચાર્યમહારાજા પાછા ફર્યા. પાછા ફરતા આચાર્યમહારાજાએ દૂરથી એ વાચનાને સાંભળી. 'ગહ-ગહ' શબ્દને સાંભળીને, વસતિના દ્વાર સુધી આવેલા આચાર્ય-મહારાજાએ વિચાર્યું કે-"સાધુઓ જલદી આવી ગયા હોય એમ લાગે છે અને ભિક્ષા લઈને આવી ગયેલા હોવા છતાં પણ અમારા આગમનની રાહ જોતા આ સાધુઓ સ્વાધ્યાય કરે છે."

આવા પ્રકારનો વિચાર કરતા આચાર્યમહારાજા, ત્યાં ક્ષણવાર ઉભા રહ્યા અને વધુ વિચારવાથી તેઓ જાણી શક્યા કે-"આ તો વાચનાને આપતા '**વજ્ર**'નામના બાલ ઋષિનો ધ્વનિ છે. આ જે વાચના આપે છે, તે તો અગીઆર અંગની અને પૂર્વગત શ્રુતની પણ આપે છે; તો આ બધું શું એ ગર્ભમાં રહ્યો થકો ભણ્યો છે ? ખરે જ, અમે તો વિસ્મય જ પામીએ છીએ. હવે અમે સમજ્યા કે-સ્થવિરો દ્વારા ભણાવાતો આ બાલઋષિ, એ જ કારણથી આળસ કરે છે. આજ સુધી તો અમે એમ માનતા હતા કે-'બાલપણાને લઈને આ પાઠમાં આળસ કરે છે.' અને એથી જ્યારે જ્યારે એમ બનતું હતું, ત્યારે ત્યારે અમે આને શિખામણ દેતા હતા: પણ એ કલ્પના અયથાર્થ હતી. ખેર, અમે આ વાચના સાંભળી ગયા છીએ-એવી આશંકાથી આ લજ્જિત ન થાઓ !"-એમ વિચારતા અને શિષ્યના ગુણોથી રોમાંચિત બનેલા શ્રી આચાર્યમહારાજા પાછા ફર્યા. પાછા ફરીને મોટા શબ્દથી આચાર્યમહારાજાએ 'નીસિહિ'નો ઉચ્ચાર કર્યો.

ગુરૂમહારાજાના શબ્દને સાંભળીને, મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** પણ આસન ઉપરથી ઉઠ્યા અને સ્ખલિત ગતિવાળા તેમણે, ગુરૂમહારાજા આવીને વસતિમાં પ્રવેશ કરે તેટલામાં તો, ઉપધિનાં વિંટિયાંઓને સૌ સૌના સ્થાને મૂકી દીધાં. વળી ગુરૂની સામે આવીને દંડ લઈ લીધો, તેઓના પગની પ્રમાર્જના કરી તેમજ ગુરૂની પાદરજને વન્દન કરવા દ્વારા

પોતાના ભાલસ્થલને ગુરૂની પાદરજથી અવગુંઠિત કર્યું : અર્થાત્-ગુરૂની પાદરજને ભાલસ્થલે લગાડી. ત્યાર બાદ, આસન ઉપર વિરાજિત થયેલા ગુરૂના પાદોને તેમણે પ્રાસુક પાણીથી ક્ષાલિત કર્યા અને તે પછી ગુરૂના પાદવારિને પણ તેમણે મસ્તક દ્વારા વન્દન કર્યું.

આવા જ્ઞાની અને આવો વિનય-આ બેનો યોગ સ્વાભાવિક છે. જ્ઞાન સાથે વિનય હોય, આ વાતનું આશ્ચર્ય આજના ક્ષુદ્ર આત્માઓને માટે છે. સાચો જ્ઞાની તો વિનીત જ હોય છે : વિનયહીન જ્ઞાની એ વાસ્તવિક કોટિનો જ્ઞાની જ નથી : પણ આ ઉભય ગુણોના યોગને પામનારા આત્માઓ વિરલ જ હોય છે. આવી ઉત્તમ દશાને પામેલા મહર્ષિઓ શાસનના સાચા પ્રભાવક બને, એમાં આશ્ચર્ય પણ શું છે ?

શિષ્યોને વાચના :

શ્રી આચાર્યમહારાજા તો એ જ વિચારવા લાગ્યા કે-"બાળ એવો પણ આ મહાત્મા શ્રુતસાગરનો પારગામી છે. આની ખૂબ જ રક્ષા કરવી જોઈએ. આથી આ બાલ મહાત્માના માહાત્મ્યને નહિ જાણનારા અન્ય સાધુઓ જે રીતિએ આની અવજ્ઞા ન કરે, એ રીતિએ અમે વર્તીશું."

આ પ્રમાણે વિચારીને, શ્રી આચાર્યમહારાજાએ રાત્રિના સમયે શિષ્યોને એ પ્રમાણે કહ્યું કે-"અમે અમુક ગામ જઈશું અને ત્યાં અમારી સ્થિતિ બે-ત્રણ દિવસની છે."

યોગને પામેલા સાધુઓએ પૂછ્યું કે-"હે ભગવન્! તો પછી અમારા વાચનાચાર્ય કોણ થશે ?"

શિષ્યોના આ પ્રશ્નના ઉત્તરમાં, શ્રી આચાર્યમહારાજાએ કહ્યું કે-"તમારો વાચનાચાર્ય વજ્ર થશે."

શિષ્યો ભક્ત હોવાથી, તેઓએ બીજો કોઈ પણ વિપરીત વિચાર કર્યા વિના જ, ગુરૂના આદેશને સ્વીકાર્યો. ગુરૂભક્તિનું આ પણ એક ઘણું જ સુન્દર ઉદાહરણ છે. આજના કેટલાકોને માટે તો આવો પ્રસંગ પણ કદાચ ભયંકર પતનનું જ કારણ બને.

આ પછી ગુરૂમહારાજા અન્યત્ર ચાલ્યા ગયા. સાધુઓએ પણ કાયોત્સર્ગ અને વાચનાગ્રહણ આદિ કરવાને માટે, શ્રી **વજ્રસ્વામિજી**ને આસન ઉપર બેસાડયા. 'ગુરૂની આજ્ઞા છે.' –એમ માનીને શ્રી **વજ્રસ્વામિજી** પણ વાચના દેવાને બેઠા. વાચના દેવાને બેઠેલા બાલ મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**નો, તે સાધુઓએ પણ આચાર્યની માફક જ વિનય કર્યો. મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**એ સઘળા પણ સાધુઓને ક્રમસર અતિશય સ્ફૂટપણે વાચના આપી. મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**એ આપેલી વાચના, શિષ્યોના હૃદયમાં વજ્રલેપ જેવી બની ગઈ. હવે તો જે સાધુઓ અલ્પબુદ્ધિવાળા હતા, તેઓ પણ ઉત્સાહથી ભણવાને આવ્યા અને શ્રી **વજ્રસ્વામિજી**થી વાચના લઈ-લઈને પ્રયત્ન કરવા લાગ્યા. અતિ જડ એવા પણ સાધુઓમાં શ્રી **વજ્રસ્વામિજી** અમોઘ વાચનાવાળા બન્યા.

આ નવું અદ્ભુત જોઈને સઘળોય ગચ્છ વિસ્મય પામ્યો. સાધુઓએ પૂર્વે ભણેલા અને સારી રીતિએ સ્ફુરાયમાન એવા પણ આલાપોને સંવાદને માટે પૂછ્યા અને તે આલાપોને પણ શ્રી **વજ્રમહર્ષિ**એ વ્યાખ્યાત કર્યા. મહર્ષિઓ ગુરૂમહારાજાની પાસે અનેક વાચનાઓ દ્વારા પણ જેટલું નહોતા ભણ્યા, તેટલું એક વાચના દ્વારા શ્રી **વજ્રસ્વામિજી**થી ભણ્યા. મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**થી વાચના મેળવવામાં અતિ ઉત્સાહિત બનેલા તે સાધુઓ, પરસ્પર એવી પણ વાતો કરવા લાગ્યા કે– "જો ગુરૂમહારાજા આવવામાં વિલંબ કરે, તો શ્રી **વજ્રસ્વામિજી**ની પાસે શ્રુતસ્કંધને શીઘ્ર સમાપ્ત કરી લેવાય."

મુનિઓ ગુણોથી શ્રી **વજ્રસ્વામિજી**ને અધિક માનવા લાગ્યા. ખરેખર, એક ગુરૂથી દીક્ષિત થયેલા એવા પણ સુગુણ આત્મામાં આખો ગણ આનંદ પામે છે.

ગુણ અને ગુણપ્રશંસા :

આથી સમજી શકાશે કે–શ્રી **વજ્રસ્વામિજી** કેટલા બધા

ગુણમય હતા ? આટલી ગુણમયતા હોવા છતાં પણ, એ જ નમ્રતા, ગુરૂ પ્રત્યેનો એ જ બાલભાવ અને સ્થવિરો પ્રત્યેનો એ જ ભક્તિ-ભાવ : આ બધું ખૂબ જ લઘુકર્મિતાનું સૂચક છે. સાચા જ્ઞાની સાથે આ બધું હોય જ એમાં આશ્ચર્ય નથી, પણ સંસાર-રસિક આત્માઓને માટે તો આ પણ ખૂબ જ આશ્ચર્યજનક છે. પૂર્ણ ભાગ્યશાલિતા વિના, સુન્દર ક્ષયોપશમના અભાવમાં આ બધું કોઈ પણ રીતિએ શક્ય નથી. ખરેખર, આવા જ આત્માઓ અનુપમ જ્ઞાનાદિ ગુણોને પામીને, સાચા શાસન-પ્રભાવક બની શકે છે. જેઓને પોતાની પ્રશંસા પોતાના મુખે જ કરવાનો શોખ હોય છે અને જેઓ પોતાને બીજાઓના કરતાં પોતાની મેળે જ અધિક માનનારા બની જાય છે, તેઓ તો શાસનની પ્રભાવનાના સ્થાને શાસનની લઘુતા કરનાર ન થાય, એ જ તેઓનો મોટો ઉપકાર માનવો રહ્યો. ખરેખર, હીણકર્મી આત્માઓને, ભણવાની શક્તિ અને તપ આદિ કર-વાની શક્તિ પણ, ઘમંડી બનાવીને સાચી આરાધનાથી વંચિત કરે છે. જેઓ-'પોતામાં ઘણા ગુણો છે.'-એમ માનીને પોતામાં જ નથી માતા, એવાઓની દુર્દશા ઘણી જ દયાપાત્ર છે. સુંદર શક્તિઓ પામવા છતાં પણ, એ બીચારા એના દ્વારા નિર્જરા સાધવાને બદલે કારમો કર્મબન્ધ કરે છે. 'આવાઓનું શું થશે ?'-એવો વિચાર કરતાં પણ દયાથી કમ્પારી આવે છે. સાચો ગુણવાન તો તે છે, કે જેના ગુણથી બીજા ઘેલા અને તેની પ્રશંસા કરવામાં મુખર બને, તો પણ જેને ઘમંડ સ્પર્શે નહિ અને ઔચિત્યને જે ચૂકે નહિ. સાચા ગુણિની પ્રશંસા માટેની મુખરતા, એ પણ સદ્‌ગુણ છે. એ સદ્‌ગુણના પ્રતાપે સામાન્ય આત્માઓ પણ મહાન્ બની શકે છે. શ્રી **વજ્રસ્વામિજી** જે ગણમાં છે, તે ગણમાં આ બેય કોટિના મહાત્માઓ આપણે જોઈ શકીએ છીએ.

વાચનાચાર્ય બનાવવાની વિનંતિ :

આવા ગુણમય ગણના ગુરૂ શ્રી **સિંહગિરિજી** મહારાજા,

કે જેઓ મહા જ્ઞાની શ્રી **વજ્રસ્વામિજીને** ઓળખાવવાને માટે જ ગ્રામાંતર ગયા હતા. તેઓ વિચારવા લાગ્યા કે–" શ્રી **વજ્ર** આટલા દિવસોમાં અમારા પરિવારને જરૂર જ્ઞાતગુણવાળો થયો હશે. હવે અમે જે જે એને અનધીત હોય તે ભણાવીએ." આ પ્રમાણે વિચારીને શ્રી આચાર્યમહારાજા પોતે પૂર્વે કહેલ દિવસે પાછા પધાર્યા.

પાછા પધારેલા પોતાના ગુરૂમહારાજાના પાદોને, શ્રી **વજ્ર-સ્વામિજી** સહિત સઘળા જ મુનિવરોએ, વંદન કર્યું અને 'તમારા સ્વાધ્યાયનો નિર્વાહ થાય છે ને ?'–આ પ્રમાણે શ્રી ગુરૂ-મહારાજાએ પૂછ્યે છતે, સાધુઓએ–'દેવગુરૂની કૃપાથી સારી રીતિએ થાય છે.'–એ પ્રમાણે કહ્યું.

આ પ્રમાણેનો ઉત્તર આપ્યા પછી, સઘળાય સાધુઓએ ફરીથી શ્રી આચાર્યમહારાજાને વન્દન કરીને વિનંતિ કરી કે–" આપ કૃપાલુની આજ્ઞાથી અમારા વાચનાચાર્ય શ્રી **વજ્ર** થયા : શ્રી **વજ્રના** ગુણોને નહિ જાણતા એવા અમારા દ્વારા ચિરકાલ સુધી શ્રી **વજ્ર** અવજ્ઞાત થયા : હવે તો આ બાલ મહર્ષિ પણ અમારા માટે આપ પૂજ્યના જેવા છે : બાળ છતાં ગુરૂગુણોથી સહિત એવા આ મહર્ષિ ગચ્છના ગુરૂ હો : કારણ કે–મોગરાની કલિકા માત્ર પ્રમાણવાળો પણ દીપક ઘરને પ્રકાશિત કરે છે."

શિષ્યોના મુખેથી આ પ્રમાણે સાંભળીને, શ્રેષ્ઠ એવા આચાર્ય-ભગવાને ફરમાવ્યું કે–" હે તપોધનો ! એ પ્રમાણે હો, કિંતુ બાળ એવો પણ આ **વજ્ર** વિદ્યાથી વૃદ્ધ છે, એ કારણે તમારાથી અવજ્ઞાત ન થાઓ–એ જ કારણે અમે ગામ ગયા હતા અને તમને આ **વજ્રને** આચાર્ય તરીકે અર્પિત કર્યો હતો, કે જેથી તમે આના આ ગુણોને જાણો. અન્યથા, હજુ પણ આ વાચનાચાર્યની પદવીને યોગ્ય નથી : કારણ કે–આણે ગુરૂએ નહિ આપેલું એવું શ્રુત માત્ર કર્ણની શ્રુતિથી ગ્રહણ કરેલું છે. હે સંયતો ! સંક્ષેપ અનુષ્ઠાન રૂપ ઉત્સારકલ્પ આને કરાવવા યોગ્ય છે અને તે પછી જ આ આચાર્યપદવીને લાયક થાય."

શિષ્યોને આ પ્રમાણે કહ્યા પછી, ઉદાર બુદ્ધિના ધણી એવા શ્રી ગુરૂમહારાજા, શ્રી **વજ્રસ્વામિજી**ને પ્રથમ નહિ ભણેલા શ્રુતને અર્થથી સમન્વિતપણે શીઘ્રતાથી ભણાવવા લાગ્યા. સાક્ષી માત્ર બનાવ્યા છે ગુરૂને જેમણે એવા ભગવાન શ્રી **વજ્રસ્વામિજી**એ પણ, આદર્શ જેમ પ્રતિબિમ્બને ગ્રહણ કરે, તેમ ગુરૂએ આપેલું સઘળુંય શ્રુત લીલાપૂર્વક ગ્રહણ કર્યું. એ પ્રમાણે શ્રુતને ગ્રહણ કરતા શ્રી **વજ્ર** તે સમયે તેવા શ્રુતજ્ઞ બન્યા, કે જેથી તે ગુરૂ માટે પણ ચિરકાલીન દુર્ભેદ્ય સદેહો રૂપ માટીનાં ઢેફાં માટે લોઢાના મુદ્ગરપણાને પામ્યા. શ્રી ગુરૂમહારાજાના હૃદયમાં જેટલા પ્રમાણમાં દૃષ્ટિવાદ હતો, તેટલો દૃષ્ટિવાદ પણ, શ્રી **વજ્રસ્વામિજી**એ પાણીના ચુલુકની લીલાથી ગ્રહણ કરી લીધો. અડદ ડૂબી જાય તેટલા માત્ર જલને 'ચુલુક' કહેવાય છે.

દશ પૂર્વોને ભણવા જવાનો આદેશ :

હવે કોઈ એક દિવસે ગામથી ગામ અને પુરથી પુર વિહરતા આચાર્યમહારાજા શ્રી **સિંહગિરિજી**, પરિવાર સાથે **દશપુર** નામના પુરમાં પધાર્યા. તે સમયે-"સંપૂર્ણ દશ પૂર્વોના જ્ઞાનને ધરનારા આચાર્યમહારાજા વિદ્યમાન છે, તે કારણથી તેમની પાસેથી દશ પૂર્વોનું જ્ઞાન લેવું એ યોગ્ય છે : પણ જે શિષ્યોને અગીઆર અંગોનો પાઠ પણ ખૂબ કષ્ટ રૂપ થાય છે, તે શિષ્યો દશ પૂર્વના ગ્રહણમાં સમર્થ કેવી રીતિએ થાય?"-આવી ચિંતામાં પડેલા આચાર્યમહારાજાએ નક્કી કર્યું કે-"આવી ચિંતાની કશી જ જરૂર નથી : કારણ કે-શ્રી **વજ્ર** પદાનુસારિણી લબ્ધિએ કરીને સમર્થ છે અને એ વાતની પ્રતીતિ પણ કરી છે." આથી, એ પરમોપકારી આચાર્યમહારાજાએ શ્રી **વજ્રસ્વામિજી**ને આદેશ કર્યો કે—

"હે વત્સ! તું **ઉજ્જયિની** જા અને ત્યાં શ્રી **ભદ્રગુપ્ત** નામના ગુરૂના મુખથી દશ પૂર્વોને ભણ! અતિ અલ્પબુદ્ધિવાળા સઘળાય તારા સહાધ્યાયી બની શકે તેમ નથી. જેમાં

મારી બુદ્ધિ પણ કુંઠિત થાય છે, તેમાં બીજાઓ તારી સાથે સહાયક શી રીતિએ થાય? માટે તું જા અને મારી આજ્ઞાથી દશ પૂર્વોને ભણીને તું જલદી પાછો આવ! સૌમ્ય શાસનદેવતાઓ તારી પાસે રહેનાર હો! હે વત્સ! કુવામાંથી જેમ પાણી ઉપવનનાં વૃક્ષોમાં પ્રસાર પામે, તેમ તારા મુખથી દશ પૂર્વો મહર્ષિઓમાં પ્રસાર પામો!"

આ પ્રકારે શ્રી **વજ્રસ્વામિજી**ને આદેશ આપ્યા પછી, સ્થવિરકલ્પની મર્યાદા વર્તતી હોવાથી એકલા જવાય નહિ એ કારણે, શ્રી **સિંહગિરિ** મહારાજાએ શ્રી **વજ્રસ્વામિજી**ની સાથે જવાને માટે બે ઋષિઓને આદેશ આપ્યો.

સ્વપ્નથી આવેલો ખ્યાલ :

આ પ્રકારની શ્રી **સિંહગિરિજી** નામના ગુરૂમહારાજાની આજ્ઞાને, શેષની માફક મસ્તક દ્વારા સ્વીકારીને, શ્રી **વજ્રસ્વામિજી** મહારાજા શ્રી **ભદ્રગુપ્ત** મહારાજાના ચરણથી પવિત્ર બનેલી **ઉજ્જયિની** નગરીએ ગયા.

શ્રી **વજ્રસ્વામિજી** જે દિવસની સાંજના **ઉજ્જયિની** પહોંચ્યા, તે રાત્રિએ શુભ ક્ષણમાં શ્રી **ભદ્રગુપ્ત** નામના દશ પૂર્વધર આચાર્યભગવાને એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં એવું જોયું કે-" કોઈ આગન્તુકે ક્ષીરથી પૂર્ણ પાત્રને પોતાના હાથમાંથી લઈને પીધું અને તે પરમ તૃપ્તિને પામ્યો."

પ્રાતઃકાલે ગુરૂમહારાજાએ તે સ્વપ્નને શિષ્યો સમક્ષ કહ્યું. શિષ્યો પણ પોતપોતાની પ્રજ્ઞા પ્રમાણે તે સ્વપ્નના અર્થને વિવિધ પ્રકારે વિચારવા લાગ્યા: પણ કોઈના ખ્યાલમાં યથાર્થ અર્થ નહિ આવવાથી, ખુદ ગુરૂમહારાજાએ જ તેનો અર્થ પ્રગટ કરતાં પોતાના શિષ્યોને કહ્યું કે-" તમે આના અર્થને જાણતા નથી. કોઈ પણ અતિથિ આવશે અને સુંદર બુદ્ધિવાળો તે અતિથિ અમારી પાસેથી અર્થ સહિત સઘળું જ સૂત્ર ગ્રહણ કરશે."

શ્રી ભદ્રગુપ્ત ગુરૂવરનો ભેટો :

આ બાજુ શ્રી **વજ્રસ્વામિજી** પણ નગરીના દ્વારે રાત્રિ પસાર કરીને પ્રભાતમાં આચાર્યવર્ય્ય શ્રીમદ્ **ભદ્રગુપ્ત** ગુરૂના ઉપાશ્રયે પહોંચ્યા. ચંદ્રમાના દર્શનથી સાગર જેમ ઉલ્લાસને પામે, તેમ દૂરથી શ્રી **વજ્રસ્વામિજી**ને આવતા જોઈને, દશ પૂર્વના ધણી એવા પણ શ્રી **ભદ્રગુપ્ત** ગુરૂમહારાજા, પરમ આનન્દથી ઉલ્લાસને પામ્યા. પરમ ઉલ્લાસને પામેલા એ આચાર્યમહારાજા વિચારવા લાગ્યા કે–" અહો ! આના સૌભાગ્યે કરીને મને એવા પ્રકારની બુદ્ધિ થાય છે કે–શું હું આને આલિંગન કરૂં કે શું હું આને મારા ખોળામાં બેસાડું ? "

જેવી પ્રસિદ્ધિ હતી તેવી જ શ્રી **વજ્રસ્વામિજી**ની આકૃતિને જોઇને અને વિચારીને, શ્રી **ભદ્રગુપ્ત** નામના એ દશ પૂર્વધર મહામુનિએ નિશ્ચય કર્યો કે–' આ **વજ્ર** જ છે. '

પાસે આવીને વન્દનની અભિમુખ થયેલા શ્રી **વજ્ર**ને શ્રી **ભદ્રગુપ્ત** ગુરૂ ભેટી પડ્યા. ખરેખર, બલવતી ઉત્કણ્ઠા વિનયની રાહ નથી જોતી. એ પ્રમાણે ભેટ્યા બાદ પોતાના ખોળામાં બેસાડીને, શ્રી **ભદ્રગુપ્ત** નામના આચાર્યમહારાજા શ્રી **વજ્રસ્વામિજી**ના મુખકમલ ઉપર પોતાનાં નેત્રોને ભૃંગપણાને પમાડતા થકા શ્રી **વજ્રસ્વામિજી**ને કહેવા લાગ્યા કે–"હે **વજ્ર**ઋષિ ! શું તારો વિહાર સુખપૂર્વક થયો ? તારૂં શરીર રોગરહિત છે ? તારૂં તપ નિર્વિઘ્નપણે થાય છે ? તારા ગુરૂ કુશલ છે ? શું તું કોઈ કાર્યને ઉદ્દેશીને અહીં આવેલો છે ? આ બધા પ્રશ્નોના ઉત્તરો તું અમને આપ અને અમને પ્રમુદિત કર. "

મહાપુરૂષો :

મહાપુરૂષોની આ દશા, શું આજના ઈર્ષ્યાલુઓને માટે અભ્યાસ કરવા જેવી નથી ? શાસનના એક પ્રભાવક બાળ મહર્ષિને જોઈને, દશ પૂર્વના ધણી એવા પણ આચાર્યભગવાન સદ્‌ભાવનો કેવો વિશદ ઝરો વહાવી રહ્યા છે ? વંદનની પણ

અપેક્ષા વિના, તેઓ કયી રીતિએ વર્તી રહ્યા છે? સ્વપ્નથી પણ-'કોઈ મારી પાસે જ્ઞાનનો લેનારો આવનારો છે અને તે પણ બધું જ લઈ લેવાનો છે.'-એમ જાણીને, આનંદ અનુભવતા એ આચાર્યમહારાજા, શ્રી વજ્ર નામના બાલ ઋષિને જોઈને, જાણે કે-મહા આનંદના સાગરમાં નિમગ્ન બની ગયા છે. આવા મહાપુરૂષો જગતના સાચા કલ્પતરૂઓ છે. જેઓ મહાન બનવાને ઇચ્છતા હોય, તેઓએ હૃદયને આટલું સરલ અને વિશાલ તથા સદ્‌ભાવના પ્રવાહોને વહાવતું બનાવવું પડશે. ક્ષુદ્ર હૃદયના આત્માઓ, મહાપુરૂષો બન્યા પણ નથી અને બનવાના પણ નથી. ઇર્ષ્યાખોર વૃત્તિથી પીડાતા મોટાઓ, એ નામના મોટાઓ છે. એવા મોટાઓ શાસનના શણુગાર નથી પણ શ્રાપ છે. જાતપ્રભાવકો કદી જ સદ્‌ભાવથી ભરેલા હૃદયને ધરી જ શકતા નથી. સદ્‌ભાવપૂર્ણ હૃદય તો શાસનપ્રભાવકોના ભાગ્યમાં જ સરજાએલું છે. સાચા આરાધકભાવથી ઓતપ્રોત બનેલા મહાપુરૂષો જ આવા ઉમદા હૃદયને પામી શકે છે. સાચા સમ્યગ્દર્શનનો, સમ્યગ્જ્ઞાનનો અને સમ્યક્ચારિત્રનો આનંદ આરાધકભાવથી પરવારેલાઓના ભાગ્યમાં હોતો જ નથી. રત્નત્રયીના સાચા ઉપાસકોનું હૃદય હમેશાં ઉત્તમ આત્માઓને માટે અમૃતઝરતું જ હોય છે. શાસનસમર્પિત આત્માઓ પ્રત્યે જેઓનું હૃદય કલુષિત હોય છે, તેઓ મહાન્ ગણાતા હોય તો પણ, સંસારના જ મુસાફરો છે: જ્યારે ગુણસંપન્ન આત્માઓના શ્રવણથી પણ જે આત્માઓ અપૂર્વ આનંદનો અનુભવ કરે છે, તેઓ લઘુ હોય તો પણ મુક્તિમાર્ગના મુસાફરો છે. મુક્તિમાર્ગના મુસાફરો એટલે ગુણના જ પૂજારી. એવા આત્માઓ જાતની મહત્ત્વાકાંક્ષા રૂપ મરકીથી દૂર જ ભાગનારા હોય. એવાઓની ઉપાસનાથી માનાકાંક્ષી આત્માઓનું પણ માન ગળી જાય છે. એવા પુણ્યપુરૂષોના નામસ્મરણ માત્રથી પણ ઉત્તમ આત્માઓને એમ થાય છે કે-"સદા જયવંતા હો એવા શાસનપ્રભાવકો, કે જેઓ સદ્-

ભાવભર્યા હૃદયથી સદાય જાતની નામનાના વિચારથી પણ પર રહીને શાસનની નામનાને માટે જ પોતાનું સર્વસ્વ સમર્પી રહ્યા છે!'

દશ પૂર્વોને ધરનારા બન્યા :

દશ પૂર્વના ધણી અને શાસનના સાચા શણગાર આચાર્ય-ભગવાન શ્રીમદ્ **ભદ્રગુપ્ત** મહારાજાના સૌહાર્દભર્યા પ્રશ્નોથી પ્રમોદમય બની ગયેલા શ્રી **વજ્રસ્વામિજી** નામના બાલ પરમર્ષિ પણ વિનયભરી વાણીમાં કહે છે કે–"પૂજ્યપાદ એવા આપે જે જે સુખવિહાર આદિ પૂછ્યું, તે તે દેવો અને ગુરૂઓના પ્રસાદથી તેમ જ છે. હે ભગવન્! હું તો મારા ગુરૂમહારાજાની અનુજ્ઞાથી આપ કૃપાળુની પાસે દશ પૂર્વોને ભણવાને આવ્યો છું, તો તેની વાચનાના દાન દ્વારા આપ મારી ઉપર પ્રસન્ન થાઓ."

આ પછી, શ્રી **ભદ્રગુપ્ત** ગુરૂમહારાજા પણ શ્રી **વજ્રસ્વામિજી**ને દશ પૂર્વો ભણાવવા લાગ્યા. ભણતાં ભણતાં ગુરૂને સહજ પણ ક્લેશ નહિ પેદા કરતા એવા શ્રી **વજ્રસ્વામિજી** દશેય પૂર્વોને ધરનારા થયા.

અનુજ્ઞા અને ગણાધીશતા :

દશ પૂર્વોને ધરનારા બનેલા શ્રી **વજ્રસ્વામિજી**એ વિચાર્યું કે–'જ્યાં ભણવાનું આરંભ્યું, અનુજ્ઞા પણ ત્યાં જ ગ્રહણ કરવી જોઈએ: આ હેતુથી મારે શ્રી **સિંહગિરિજી** નામના ગુરૂવર પાસે જવું જોઈએ.'

આ પ્રમાણે વિચારીને અને શ્રી **ભદ્રગુપ્ત** ગુરૂમહારાજાને પૂછીને, મેઘ જેમ પાણી ગ્રહણ કરીને જાય તેમ, શ્રી **વજ્રસ્વામિજી** પણ દશ પૂર્વોને ભણીને **દશપુર** નગરમાં ગયા.

દશ પૂર્વો રૂપી સાગરના પાનને માટે **અગસ્તિ** જેવા બનેલા અને **દશપુર** નગરમાં આવી પહોંચેલા શ્રી **વજ્રસ્વામિજી**ને, તે જ વખતે શ્રી **સિંહગિરિજી** નામના ગુરૂમહારાજાએ પૂર્વોની અનુજ્ઞા કરી. જે સમયે ગુરૂમહારાજાએ શ્રી **વજ્રસ્વામિજી**ને પૂર્વોની અનુજ્ઞા કરી, તે સમયે જૃમ્ભક દેવતાઓએ દિવ્ય કુસુમોના પ્રકર આદિથી અદ્ભુત મહિમા કર્યો.

આ પછી, આચાર્યભગવાન શ્રી **સિંહગિરિજી** મહારાજાએ, મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજીને** ગણ અર્પીને, અન્ન–પાનાદિનું પ્રત્યાખ્યાન કર્યું અને એ રીતિએ કાળ કરીને તેઓ અમર થયા.

આવા એક ઉત્તમ કોટિના સુશિષ્યના યોગે પ્રભાવક આચાર્યમહારાજાના આત્માને અપૂર્વ કોટિની સમાધિ ઉપજે, એ સહજ છે. અનેક આત્માઓના ઉદ્ધારક મહર્ષિ, એક સાચા પ્રભાવકને ઉત્પન્ન કરવાથી કેટલા બધા તોષને પામે છે, એ શબ્દો દ્વારા વર્ણવાવું એ શક્ય નથી. એક ઉત્તમ આત્માને ગણ સોંપી, અન્નાદિને વોસિરાવી, સમાધિદશામાં આયુષ્યના અન્ત સમયને ભેટવું, એ શ્રી જૈનશાસનનું પંડિત–મરણ છે. આવું મરણ પણ ખરેખર મહોત્સવભૂત છે.

જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં પ્રભાવના :

હવે ભવ્ય જનો રૂપી કૈરવોને વિકસિત કરવાને માટે ચંદ્રમા સમા અને પાંચસો મુનિવરોથી પરિવૃત્ત બનેલા, અંતિમ દશ પૂર્વધર આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા પૃથ્વી ઉપર વિહરવા લાગ્યા. વિહાર દ્વારા પૃથ્વીને પાવન કરતા શ્રી **વજ્રસ્વામિજી** જ્યાં જ્યાં પધારતા હતા, ત્યાં ત્યાં એવા પ્રકારની ખ્યાતિ થતી હતી કે–

"अहो अस्योज्ज्वलं शील–महो लोकोत्तरं श्रुतम् ।
अहो सौभाग्यमनघ–महो लवणिमाद्भुतः ॥१॥"

અહો ! આ આચાર્યભગવાન શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાનું ઉજ્જવલ શીલ, અહો લોકોત્તર શ્રુત, અહો દોષ વિનાનું સૌભાગ્ય અને અહો અદ્ભુત લાવણ્ય !

અતિ સુંદર રૂપના પ્રતાપે આચાર્યભગવાન શ્રીમદ્ વજ્રસ્વામિજી મહારાજા જ્યાં જ્યાં પધારતા હતા, ત્યાં ત્યાં તેઓના પ્રતાપે શાસનની ખૂબ જ પ્રભાવના થતી હતી, આ વાત આથી ખૂબ જ સ્પષ્ટ થાય છે. ખરેખર, સુન્દર રૂપની સાથે સુન્દર શીલ અને લોકોત્તર શ્રુત ખૂબ જ આકર્ષક બને છે.

પરમ પુણ્યોદયથી રૂપને પામેલા આત્માઓ, જો ધર્મના આરાધક બને અને વિશિષ્ટ કોટિની શક્તિઓના સ્વામી બને, તો તેઓ શાસનના પરમ પ્રભાવક બની શકે છે, આ વાત અત્યાર સુધીના પ્રસંગથી સારી રીતિએ સિદ્ધ થઈ ચૂકી છે.

સાધ્વીઓ દ્વારા કરાતી સ્તુતિ:

હવે આપણે-" જન્માન્તરમાં કર્યાં છે સુકૃતો જેણીએ એવી એક ગૃહપતિની પુત્રી, શ્રી **વજ્રસ્વામિજી** નામના મુનિને વિષે થયેલા રાગના પ્રતાપે, સેંકડો દુઃખોને હરનારા ચારિત્રને પામી. "-આ વાતને લગતો પ્રસંગ પણ જોઈ લઈએ.

પાટલીપુત્ર નામના નગરમાં **ધન** નામનો એક શેઠ વસતો હતો. તે જેમ વિપુલ લક્ષ્મીનો સ્વામી હતો, તેમ નિર્મલ ગુણલક્ષ્મીનો પણ સ્વામી હતો. ધનસંપન્ન હોવા ઉપરાન્ત ગુણસમૂહથી પણ શ્રેષ્ઠ હોવાના કારણે, લોકમાં તે સુંદર ખ્યાતિને પામ્યો હતો. તે **ધન**શેઠને એક કન્યા હતી, કે જે કન્યાનું નામ **રૂકિમણી** હતું. સુન્દર રૂપને માટે વિખ્યાત **રૂકિમણી** જાણે પુનઃ પણ **ધન**શેઠની કન્યા રૂપે જન્મી હોય, એવો આ કન્યાના રૂપથી ભાસ થતો હતો.

તે **ધન** શેઠની માલીકીની એક યાનશાલા હતી. આ યાનશાલામાં, દશ પૂર્વધર આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાની આજ્ઞામાં વિચરતી સાધ્વીઓનો નિવાસ હતો. નિર્મલ આશયને ધરનારી એ સાધ્વીઓ, આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના ગુણોની નિરંતર સ્તુતિ કર્યા કરતી હતી.

ખરેખર, ગુરૂઓના ગુણોની સ્તવના કરવી, એ પણ સ્વાધ્યાય અને આવશ્યક સમી વસ્તુ છે. સ્વાધ્યાય અને આવશ્યક જેમ આત્માને નિર્મલ અને ગુણસંપન્ન બનાવે છે, તેમ સદ્ગુરૂઓના ગુણોની સ્તવના પણ આત્માને નિર્મલ અને ગુણસંપન્ન બનાવે

છે. દોષોના નાશમાં અને ગુણોના પ્રકટીકરણમાં, સ્વાધ્યાય અ આવશ્યક જેમ અનેક રીતિએ પ્રેરક અને સહાયક બની શ છે, તેમ સદ્દગુરૂઓના ગુણોની સ્તવના પણ અનેક રીતિ: પ્રેરક અને સહાયક બની શકે છે. શિષ્યો અને શિષ્યાએ માટે, સદ્દગુરૂ એ તો સુરતરૂ છે. સદ્દગુરૂ રૂપ સુરતરૂની છાયા સંયમની આરાધના સુશક્ય બને છે. એ છાયાને પામેલા યો: આત્માઓ, પોતાની આરાધનાને દિન-પ્રતિદિન વધુ ને ઉજ્વલ બનાવે છે. સદ્ધર્મની આરાધનામાં સ્થિરતા, ઉજ્વલત અને વૃદ્ધિ માટે સદ્દગુરૂની પવિત્ર છાયા બહુ અગત્યનો ભા: ભજવે છે. સદ્દગુરૂ રૂપ સુરતરૂની છાયાની અવહીલના કરના આત્માઓને, માર્ગથી પતન પામતાં અને અનેક આત્માઓન ઉન્માર્ગના કારણ બનતાં, વાર લાગતી નથી. સદ્દગુરૂ રૂ સુરતરૂની પવિત્ર છાયા તેઓને જ રૂચતી નથી, કે જેઓ પાપ વિચારોથી પીડાતા હોય છે અને એ કારણે સ્વચ્છન્દપ વર્તવાને માટે તલસતા હોય છે. સુયોગ્ય આત્માઓને તે સદ્દગુરૂની પવિત્ર નિશ્રામાં બાલભાવે વર્તવાનું જ પસંદ હો છે: કારણ કે-એ નિશ્રા દોષનાશિની અને ગુણજનની છે એમ તેઓ માનતા હોય છે.

સદ્દગુરૂ રૂપ સુરતરૂના ઉપકારને સમજનાર આત્માઓ મન, સદ્દગુરૂ રૂપ સુરતરૂના સદ્દગુણોની સ્તુતિ, એ સ્વાધ્ય રૂપ અને આવશ્યક રૂપ હોય, એમાં શંકાને અવકાશ જ નથી પણ આ વાત સુશિષ્યો અને સુશિષ્યાઓ માટેની જ જેઓ શિષ્ય બન્યા વિના જ ગુરૂ બનવાની ઇચ્છાવાળા હોય છે, તેઓ તો પોતાની પ્રશંસામાંથી પરવારે જ શાન કે જેથી સદ્દગુરૂઓના ગુણસ્તવને કરે? એવાઓ પોતે પોત નામાં જ એટલા બધા ગુણો હોવાનું માની બેઠા હોય છે કે જે ગુણોની પ્રશંસા કરવામાંથી તેઓ પરવારતા જ નથી. કદાચ ફુરસદ મળે તો સદ્દગુરૂઓની પણ નિંદા ન કરે, એ

તેઓ માટે મોટી ગુરૂભક્તિ ગણાય. આવાઓની છાયા પણ સુશિષ્યોએ અને સુશિષ્યાઓએ વર્જવા યોગ્ય છે. સુશિષ્યો અને સુશિષ્યાઓમાં રહેલી કૃતજ્ઞતા જ, તેઓને માટે સદ્‌ગુરૂઓના ગુણસ્તવને સ્વાધ્યાય રૂપ અને આવશ્યક રૂપ બનાવે છે. એવી કૃતજ્ઞતા આવ્યા વિના, કલ્યાણ એ દૂરની વસ્તુ છે. આત્મ-શ્લાઘામાં અને પરનિન્દામાં રાચનારા આત્માઓને માટે કલ્યાણ પ્રાપ્ય જ નથી. એવા આત્માઓ સાચી કૃતજ્ઞતાને ધરનારા હોતા જ નથી અને કૃતજ્ઞતાહીન શિષ્યો અને શિષ્યાઓમાં સદ્‌ગુરૂઓની ગુણસ્તુતિ કરવાનો સદ્‌ગુણ આવવો, એ શક્ય જ નથી.

રૂકિમણીની પ્રતિજ્ઞા :

ધનશેઠની યાનશાલામાં રહેલી સાધ્વીઓમાં કૃતજ્ઞતા ગુણ વિદ્યમાન હતો અને એથી જ એ સાધ્વીઓએ ગુરૂગુણના સ્તવને સ્વાધ્યાય અને આવશ્યક સમો બનાવી દીધો હતો. સાધ્વીઓના મુખે થતી આચાર્યભગવાન શ્રીમદ્‌ **વજ્રસ્વામિજી** મહારાજાના સૌભાગ્યની સ્તવના, ધનશેઠની પુત્રી **રૂકિમણી** પણ સાંભળતી. આચાર્યભગવાન શ્રીમદ્‌ **વજ્રસ્વામિજી** મહા-રાજાની તે તે સૌભાગ્યકથાને સાંભળવાના પરિણામે, તે પર-મર્ષિ પ્રત્યે **રૂકિમણી** અનુરાગવતી બની. **રૂકિમણીનો** એ અનુરાગ નિરંતર વૃદ્ધિને પામવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે-શ્રીમતી **રૂકિમણીએ** આચાર્યભગવાન શ્રીમદ્‌ **વજ્રસ્વામિજી** મહારાજાનેજ પોતાના પતિ તરીકે પોતાના અન્તરમાં સ્થાપિત કરી દીધા. તેણીએ એવી પ્રતિજ્ઞા કરી કે-"શ્રી **વજ્રસ્વામિજી** જો મારા ભર્તા થશે, તો તો હું ભોગોને ભોગવીશ : પણ જો તેઓ મારા ભર્તા નહિ થાય, તો મારે ભોગોએ કરીને સર્યું : કારણ કે-પતિ વિના ભોગો ભોગવવા એનો અર્થ જ શો છે ?"

રૂકિમણીની મક્કમતા :

આ જાતિની પ્રતિજ્ઞાને કરી બેઠેલી **રૂકિમણી**, તેણીને જે કોઈ વરનારા ઉપસ્થિત થતા હતા, તે સઘળાઓને મુખ

મરડવાની લીલાથી નિષેધતી હતી. **રૂક્મિણી** અન્ય કોઈને જ નહિ, પણ આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાને પરણવાને ઇચ્છે છે, એ વાતની સાધ્વીઓને પણ ખબર પડી. સાધ્વીઓએ જ્યારે તેણીની આ દશા જાણી, ત્યારે સાધ્વીઓ પણ આશ્ચર્ય જ પામી. સાધ્વીઓએ તેણીને કહ્યું કે–" ખરેખર, તું તો મુગ્ધા છો : અને એ જ કારણ છે કે–તું પ્રવ્રજિત અને વીતરાગ એવા પણ શ્રી **વજ્રસ્વામિજી**ને વરવાની ઇચ્છાવાળી થઈ છો."

સાધ્વીઓના આ કથનથી શ્રીમતી **રૂક્મિણી** ન ગભરાણી કે ન મુંઝાણી. તેણીએ તો એક સતી સ્ત્રી પોતાના પતિને માટે જેવો જવાબ આપે, તેવો જ જવાબ આપ્યો. તેણીએ સાધ્વીઓને કહ્યું કે–"જો શ્રી **વજ્રસ્વામિજી** પ્રવ્રજિત છે, તો હું પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. જે ગતિ તેમની, તે જ ગતિ મારી !"

શ્રીમતી **રૂક્મિણી** આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા પ્રતિ રાગિણી બની છે–એ વાત સાચી છે : છતાંય એનું હૃદય કોઈ જૂદી જ જાતિનું છે. સાધુ બનેલા શ્રી **વજ્રસ્વામિજી** પોતાનો પત્નિ તરીકે સ્વીકાર કરે તો તેમ અને તેમ ન બને તો પોતે સાધ્વી થવું પણ બીજી રીતિએ તો સંસારને નહિ જ ભોગવવો, આ નિશ્ચય પણ તેણીનો ઘણો જ મજબૂત હતો. આ જ કારણે, તેણીએ બીજી કોઈ પણ વાત નહિ કરતાં, એ જ વાત કરી દીધી કે–' તેઓ પ્રવ્રજિત છે, તો હુંય પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીશ. જે તેમની ગતિ, તે જ મારી ગતિ !'

બે મુનિવરો :

તે પછી, કોઈ એક સમયે, ધર્મદેશના રૂપ પાણીને વરસાવવાને માટે મેઘ સમા આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા પણ વિહાર કરતા કરતા **પાટલીપુત્ર** નામના તે પત્તનમાં પધાર્યા. ' આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા પધારી રહ્યા છે. '–એવા સમાચારને સાંભળીને, તે જ

સમયે પરિવાર સહિત **પાટલીપુત્ર** પત્તનનો પાર્થિવ શ્રેષ્ઠ ઋદ્ધિ સાથે સામે ગયો. રાજાએ સામેથી આમ–તેમ વૃંદભૂત થયેલા અને તપ રૂપ લક્ષ્મીથી શોભતા, શ્રી **વજ્રસ્વામિજી** નામના ઋષિના મુનિવરોને આવતા જોયા. આ સઘળાય મુનિવરો દીપ્તિશાલી, મધુર આકારવાળા, વિકસિત મુખવાળા, પ્રિય બોલનારા, કરૂણારસના સાગર, સમતાને ભજનારા અને મમતા વિનાના હતા.

મુનિવરો અને તપ:

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના મુનિવરોનું આ વર્ણન, કોના મનને મુગ્ધ ન કરે ? વિહાર કરીને ચાલ્યા આવતા મુનિવરોને જોઈને રાજાને થયેલો ભાસ, આપણને અનેક વિચારો આપે છે. એ સઘળાય મુનિવરો ઉત્તમ કોટિના જ ભાસે છે. રૂપ અને કાંતિની પ્રાપ્તિ ભલે ભાગ્યોદયને આધીન હોય, પણ તપનું તેજ તો મુનિવરોના શરીર ઉપર ઝગહળવું જ જોઇએ. જે મુનિવરો તપને તાપ રૂપ માનીને તેનાથી દૂર જ રહેતા હોય, તેઓ ભવ્ય જીવોને ધર્મની પ્રાપ્તિનું કારણ કયી રીતિએ બને ? બાહ્ય અને અભ્યન્તર તપને તપી રહેલા મહર્ષિઓ, જાતવાળા વિરોધિના પણ મસ્તકને અવનત બનાવ્યા વિના ન જ રહે. અનશન, ઉનોદરતા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા–એ બાહ્ય તપના છ પ્રકારો છે. ઉત્કૃષ્ટ કોટિના અનશન તપને આચરનારાઓ, ઉનોદરતા આદિ બાહ્ય તપોને પણ આરાધનારાઓ જ છે, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. અશન વિના સંયમનો નિર્વાહ આદિ શકય ન હોય, તો ભોજન કરવા છતાંય ઓછો આહાર કરનારા આત્માઓની પણ બલિહારી જ છે. અનશનનો સાચો ઉપાસક અશન કરવું પડે તોય ઉનોદરતા આદિને ચૂકે નહિ. તેમ છતાંય તે અનશન માટે જે સામર્થ્ય નથી ધરાવતો, તે અપેક્ષાએ તેને માટે અનશનની પ્રધાનતા જરૂર ગણાય; પરન્તુ

ઉપવાસ આદિ રૂપ અનશનને આચરનારા આજના ઘણા ખરાઓની દશા એટલી બધી વિલક્ષણ છે કે-તેઓ ભૂખ્યા રહી શકે છે, પણ ખાવા બેઠા પછી ઉણા રહી શકતા નથી: ઉણા રહી શકનારા પણ વૃત્તિનો સંક્ષેપ કરવા જોગી અવસ્થાથી પરાઙ્મુખ હોય છે: અને વૃત્તિનો સંક્ષેપ કરનારા પણ સંક્ષેપ કરતી વેળાએ રસત્યાગની વૃત્તિનો નહિ પણ રસલોલુપ વૃત્તિનો અનુભવ કરાવે છે. આજના બધા જ અનશનને આચરનારાઓ આ જાતિના છે એમ નથી: પરન્તુ મોટો વર્ગ એવો હોવાનું જણાય છે, કે જે વર્ગને જોઈને એમ કહેવું પડે કે-'અમુક જાતિના ક્ષયોપશમ આદિના પ્રતાપે એવાઓમાં ઉપવાસ આદિ કરવાની તાકાત ભલે હોય: પણ ઉનોદરતા, વૃત્તિસંક્ષેપ અને રસત્યાગ તો, એ બીચારાઓને માટે પ્રાયઃ અસાધ્ય જ જણાય છે.' એ અસાધ્યતાના પ્રતાપે ઉપવાસ, છટ્ઠ અને અટ્ઠમ આદિ વિકૃષ્ટ તપના કરનારા પણ એવાઓ, જ્યારે ઉનોદરતા આદિના અભાવમાં ઘણી જ દયાપાત્ર દશાને ભોગવતા દેખાય છે, ત્યારે દયાથી ભીંજાએલું હૃદય ઉદ્વિગ્ન બને એ અસ્વાભાવિક નથી. ઉપવાસ આદિ તપને ઠીક ઠીક પ્રમાણમાં તપનારા પુણ્યશાલિઓ, જ્યારે ઉત્તર પારણે અને પારણે આકંઠ અને અકળામણ-તે પણ કારમા પ્રકારની-થાય એવા પ્રકારથી ભોજન કરતા દેખાય, ત્યારે એવાઓને માટે ઉનોદરતા તપની પ્રધાનતાને વર્ણવવી, એ ખૂબ જ આવશ્યક થઈ પડે છે અને એ વર્ણન જ એવા આત્માઓને જો ભાગ્યશાલી હોય તો જાગૃતિ કરાવનાર નિવડે. ભોજનને પચાવવાની દવાઓ લઈ-લઈને પણ ખૂબ ખાનારા અને આળોટી-આળોટીને ભોજનના દિવસોને પસાર કરનારાઓને માટે, દ્રવ્ય ઉનોદરતાની પ્રધાનતાને દર્શાવનારાં વર્ણનો ખૂબ જ જરૂરી છે. જો ભાવથી ઉનોદરતાની વાત વિચારીએ, તો વર્ષો સુધી સંલેખના કરીને તૈયાર થયેલા કષાયયુક્ત મુનિને અનશનની મના કરી છે, એ વાત ખાસ યાદ રાખવા જેવી છે. અંતિમ કોટિનાં અનશનોને આરાધવાને માટે, એ ઉનોદર-

તાની ખૂબ જ પ્રધાનતા છે. આવી જ દશા, વૃત્તિસંક્ષેપ અને રસત્યાગના સંબંધમાં પણ સમજવા જેવી છે. ઉપવાસ આદિ કરવા છતાં પણ, વૃત્તિસંક્ષેપ અને રસત્યાગના સંબંધમાં સમજુઓને પણ દુર્ભાવ પેદા કરાવે એવી દશા હોય, તો તેવાઓ આગળ ઉનોદરતાની માફક વૃત્તિસંક્ષેપ અને રસત્યાગની પણ પ્રધાનતાને વર્ણવવી જરૂરી થઈ પડે છે. વૃત્તિસંક્ષેપ અને રસત્યાગના અભાવમાં કદી કદી ઉપવાસ આદિ પણ નિંદાય છે. ઉપવાસ આદિ રૂપ અનશન આદિના કરનારા, પણ શરીરના મમત્વથી ઓતપ્રોત થયેલાઓ, કાયક્લેશ અને સંલીનતાના સંબંધમાં ઘણા જ કાયર હોય છે. આવાઓ સામે તે તે તપોની પ્રધાનતાને વર્ણવવામાં જ માર્ગાનુસારી ઉપદેશકતા છે.

પાપના ડર આદિની આવશ્યકતા :

આ બાહ્ય તપો અને પ્રાયશ્ચિત્ત આદિ અભ્યંતર તપો, એ ખરેખર મુનિવરોના સંયમને ઉજ્જવલ બનાવનારા છે. આ બાર પ્રકારના તપોની યથાશક્તિ ઉલ્લાસપૂર્વક આરાધના કરનારા મુનિવરો, ખરે જ તપસ્તેજથી સુંદર પ્રકારની દીપ્તિના ધારક બની શકે છે.

બાહ્ય તપોની આરાધના સાથે અભ્યંતર તપોમાં રમવા માટે, પાપનો ડર તેમજ થયેલા પાપની શુદ્ધિ માટેની ખૂબ જ આતુરતા જોઈએ. થઈ ગયેલ પાપની શુદ્ધિને ઇચ્છતા એવા આત્માઓને માટે નમ્રતા પણ જોઈએ : એટલું જ નહિ, પણ નમ્રતાની સાથે ભક્તિ, શ્રુતની પ્રાપ્તિ આદિનો અભિલાષ, કાયા પ્રત્યેનો પણ તીવ્ર વિરાગ અને સુન્દર વિચારોમાં જ આનંદ, આવું આવું પણ ઘણું જ જોઈએ. આવી ઉમદામાં ઉમદા દશાને ધરનારા મુનિવરો, કદાચ સુરૂપસંપન્ન ન પણ હોય અને તેવા પ્રકારના આકર્ષક આકારને ધરનારા પણ ન હોય, તે છતાં ય તેમની આંતરિક ઉત્તમતાઓના પ્રતાપે તેઓ મધુર આકારવાળા અને વિકસિત મુખવાળા હોવા, એમાં સહજ પણ અસંભવિત નથી. હૃદયની ઉમદા વૃત્તિ, આકારથી મધુર અને

મુખથી વિકસિત બનાવવામાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. હૃદયની ઉમદા વૃત્તિના અભાવમાં, આકારની મધુરતા અને મુખની વિકસિતતા, એ દમ્ભાદિનું જ પરિણામ હોઈ શકે છે. દમ્ભાદિથી આણેલી મધુરતા અને મુખની વિકસિતતા, જોનાર જો ચતુર હોય તો, તેના અંતરમાં અસદ્‌ભાવને જ જન્માવનાર નિવડે છે. મુનિવરોમાં તો આકારની મધુરતા અને મુખની વિકસિતતા એવી જોઈએ, કે જેથી જોનાર જો યોગ્ય હોય, તો તેનો આત્મા મુનિભાવનો અર્થી બની જાય.

મમતા આદિથી ભરેલા સાધુઓ :

અભ્યાખ્યાન અને પરપરિવાદ આદિ ભયંકર કોટિનાં પાપસ્થાનોના આસેવનથી સર્વથા અલિપ્ત રહેનારા મુનિવરો જ, સાચા પ્રિયંવદ બની શકે છે. શુદ્ધ ઇર્યાસમિતિના ઉપયોગપૂર્વક ચાલનારા અને ભાષાસમિતિના ઉપયોગપૂર્વક જ બોલનારા મુનિવરો, એ સાચે જ મધુરબોલા હોય છે. આવા આત્માઓ જ, સાચા કરૂણાના સાગર હોય છે. આ સઘળી અનુપમ દશાઓને પામવાને માટે, મમતાના અભાવની અને સમતાના સદ્‌ભાવની ખૂબ જ આવશ્યકતા છે. આવા જ સાધુઓ સદાય ગણના અલંકાર રૂપ છે. મમતાથી ભરેલા, સમતાથી પરવારેલા, કરૂણારસનો અભાવ દર્શાવે એવી પ્રવૃત્તિઓના કરનારા, વિકથાઓના રસિયા અને નિંદા આદિમાં શૂરા-પૂરા તેમ જ એ જ કારણે વિકૃત મુખવાળા અને આકારમાં ભયંકર તથા તપસ્તેજથી રહિત એવા મુનિઓ, એ ગણને કલહ આદિથી કલંકિત કરનારા હોઈને, ગણને માટે પણ શ્રાપ રૂપ છે. એવા મુનિઓના ગુરૂનો પણ તે પૂરતો પૂર્ણ પાપોદય જ ગણી શકાય. એવા ગણના આચાર્યની પણ સદ્‌ગતિ દુર્લભ થઈ જાય છે.

રાજાની મુંઝવણ :

પરન્તુ આચાર્યભગવાન શ્રીમદ્‌ **વજ્રસ્વામિજી** મહારાજા જેવા મહાપુરૂષોના ગણના સાધુઓ, રાજાએ જેવા જોયા તેવા

જ હોય, એ તદ્દન સ્વાભાવિક છે. અનુપમ કોટિના ગણનાયકનો ગણ ગુણગણનો ભંડાર હોય, એમાં આશ્ચર્ય નથી. સમર્થ કોટિના એ ગણનાયકના ગુણગણસંપન્ન મુનિવરોને જોઈને, રાજા મુંઝાઈ જાય છે કે–"આમાં ગણનાયક એવા ભગવાન શ્રી **વજ્રસ્વામિજી** કોણ? હું તો એ જાણતો નથી અને પ્રથમ વન્દન મારે તેમને જ કરવું જોઈએ, તો મારે કરવું શું?"

જો કે–સર્વ મુનિવરોને દ્યુતિશાલિતા આદિથી સુસંપન્ન જોઈને અને ગણનાયક આચાર્યભગવાનને પ્રથમ વન્દન કરવાને ઇચ્છતા હોવા છતાં પણ ગણનાયક આચાર્યભગવાનને નહિ પિછાણતા એવા રાજાને, આવી મુંઝવણ થવી એ સહજ છે: પરન્તુ એ વાત સાથે જ ધ્યાનમાં રાખવાની છે કે–રાજાએ હજુ આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાને જોયા જ નથી અને આચાર્યભગવાને પણ પોતાનું રૂપ સંક્ષેપી લીધેલું છે.

સ૦ કેમ એમ?

એનો ખૂલાસો આગળ આવવાનો છે.

મુનિવરોની વિનયશીલતા:

રાજાએ ક્ષણભર મુંઝવણનો અનુભવ કર્યો, પણ પછી તો મુંઝવણને ટાળવાનો જ માર્ગ સ્વીકાર્યો. આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના શિષ્યોને રાજાએ વિનયથી પૂછવા માંડયું કે–'આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા આ છે?' વળી પૂછ્યું કે–'આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા તે છે?' વળી પૂછ્યું કે–'આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા પેલા છે?' આ રીતિએ રાજાએ કલ્પના કરી–કરીને જૂદા જૂદા મુનિવરોને ઉદ્દેશીને, આચાર્યભગવાનના સંબંધમાં, મુનિવરોને પૂછવા માંડયું.

મુનિવરોએ કહ્યું કે–'અમે તો પરમ ઉપકારી શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાના શિષ્યો છીએ. એ મહર્ષિ તરીકે અમને ધારો નહિ. ક્યાં સૂર્ય સમાન આચાર્યભગવાન અને ક્યાં ખદ્યોત સમાન અમે?'

મુનિવરોનો આ જાતિનો ઉત્તર પણ, એ મહાત્માઓની વિનયશીલતાનો સૂચક છે. એક રાજાની સમીપે પોતાના તારક ગુરૂદેવને સૂર્ય સમાન જણાવીને, એ તારકની અપેક્ષાએ પોતાની જાતને ખજવા તરીકે ઓળખાવવી, એ નાની-સૂની વસ્તુ નથી. સદ્‌ગુરૂઓની છાયામાં સ્વપર-હિતની સાધના કરવામાં રત રહે-નારા મુનિવરોને માટે આ વસ્તુ જેમ તદ્દન સ્વાભાવિક છે, તેમ આજના કેટલાક ઉદ્દંડ અને ઘમંડી સાધુઓને માટે આશ્ચર્યકારક પણ છે. આજે કેટલાકો એવા પણ છે, કે જેઓ પોતાના પરમ તારક ગુરૂદેવ કરતાં પણ પોતાને ગુણાધિક માને છે અને સામાન્ય પણ શ્રાવકો આદિની પાસે એ માન્યતા વ્યક્ત કર્યા વિના તો તેઓને ચેન પણ પડતું નથી. અમુક અમુક શક્તિઓ શિષ્યોમાં ગુરૂ કરતાં પણ અધિક હોવી, એ કાંઈ અસંભવિત વસ્તુ નથી : પરન્તુ એવી શક્તિઓને પામેલાઓએ તો સવિશેષ વિનય-શીલતા કેળવવી જોઈએ. સાચી વિનયશીલતાના અભાવે તો, તારક નિવડવાને લાયક શક્તિઓ પણ અધઃપાતનું કારણ બને છે, જ્યારે સાચી વિનયશીલતા દ્વારા શક્તિઓનો સુન્દર ઉપયોગ સાધી શકાય છે.

આચાર્યભગવાનનું દર્શન અને દેશના :

અહીં તો સર્વ મુનિવૃન્દોને પૂછતાં પૂછતાં રાજા આગળ વધી રહ્યા છે. એ રીતિએ આગળ વધી રહેલા રાજાએ, મોહ રૂપ પર્વતને ભેદવાને માટે વજ્ર સમાન આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી**ને ગણુની પાછળ રહેલા જોયા. એ તારકનાં દર્શન થતાંની સાથે જ, રાજાનું હૈયું હર્ષથી ઉભરાયું અને મસ્તક વિનયથી ઝુકયું. પોતાના મુકુટમાં જડેલાં રત્નોનાં કિરણો રૂપ પાણીથી, આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના પાદોને જાણે કે સ્નાન કરાવતા હોય તેમ, રાજાએ ભટ્ટારક શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાને વન્દન કર્યું. આ રીતિએ રાજાએ નિકટમાં આવીને અને અત્યન્ત નમીને વન્દન કર્યા બાદ,

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા પણ ઉદ્યાનમાં એક વૃક્ષની છાયામાં વિરાજ્યા. નિષદ્યા ઉપર વિરાજમાન થએલા આચાર્યભગવાનના પાદોનું રાજાએ સુગન્ધવાળા યક્ષકર્દમ દ્વારા અર્ચન કર્યું. આ પછી આચાર્યભગવાને પણ સુધા સમાન મધુર વાણીથી દેશના દીધી. સુધા સમાન મધુર વાણીથી પણ દેવાએલી એ દેશના, મોહ રૂપ અન્ધકારનો નાશ કરવાને માટે તો, દીપિકા સમાન જ હતી.

અયોગ્યતાથી મીઠી પણ કડવી લાગે :

શ્રી જૈનશાસનના મુનિવરોની દેશના, મધુર વાણીએ યુક્ત હોવા છતાં પણ, તે મોહ રૂપ અન્ધકારને તો ભેદનારી જ હોય છે; અને એ જ કારણે, અતિ મોહાધીન એવા અજ્ઞાન આત્માઓને દેશનાની મીઠાશ પણ કડવાશ રૂપ લાગે છે. સાચી ધર્મદેશનામાં કડવાશ હોવી એ સંભવિત નથી, પરન્તુ જ્વરથી પીડાતા માણસને મીઠાઈ પણ જેમ કડવી લાગે છે, તેમ અતિ મોહાધીન આત્માઓને મીઠી પણ દેશના કડવી લાગે છે. પરન્તુ એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. આપણને જે શાસન પરમ ઉપકારક લાગે છે, તે જ શાસન ગાઢ મિથ્યાત્વથી રીબાતા આત્માઓને માટે અત્યન્ત અરૂચિકર નિવડે છે. એવા પણ ગાઢ મિથ્યાત્વવાળા આત્માઓ હતા અને છે, કે જેઓ શ્રી જૈનશાસનના પરમ ઉપાસક અને પ્રચારક મહાત્માઓ તરફ ખૂબ જ મત્સર ભાવવાળા હતા અને છે. મહાત્માઓ ઉત્તમ ચારિત્રને ધરનારા હોય અને ઉપદેશ પણ યુક્તિસંગત તેમજ એકાન્ત ઉપકારક હોય, તે છતાં પણ એ મહાત્માઓને અને એ મહાત્માઓના ઉપદેશને નિન્દનારા, પૂર્વકાળમાં પણ હતા અને વર્તમાન કાળમાં પણ છે. આથી સ્પષ્ટ થાય છે કે-શ્રી જિનાજ્ઞાને અનુસરતી દેશનાની મીઠાશ મીઠાશ રૂપ લાગવાને માટે પણ યોગ્યતા જોઈએ છે. તેવી યોગ્યતાના અભાવે અને કારમી અયોગ્યતાના સદ્ભાવે, મીઠી પણ ધર્મદેશના કડવી લાગે, તો એમાં નવાઈ પામવા જેવું કાંઈ જ નથી.

મીઠાશ અને કડવાશનું માપ પરિણામની અપેક્ષાએ :

જેવી રીતિએ શ્રોતાઓ અયોગ્ય હોઈ શકે છે, તેવી રીતિએ ઉપદેશકો પણ અયોગ્ય હોઈ શકે છે. ધર્મોપદેશક બની બેઠેલા કેટલાકો એવા પણ હોય છે, કે જેઓ કેવળ વાણીમાધુર્યને વળગે છે, પણ ધર્મદેશના દ્વારા મોહ રૂપ અન્ધકાર નાશ પામવો જોઈએ, એ વાતને ભૂલી જાય છે. વાણીના માધુર્યને જાળવવાને માટે તેવાઓ એવો પણ ઉપદેશ આપે છે, કે જે ઉપદેશ શ્રોતાઓના મોહ રૂપ અન્ધકારનો નાશક હોવાને બદલે, તેને વધારનારો જ હોય. એ જાતિની મધુર પણ વાણી, તત્ત્વથી તો કડવી જ વાણી છે–એ ખ્યાલ તો સુવિવેકી શ્રોતાઓ આદિને જ આવી શકે છે. એવાં પણ મીઠાં ફળો હોય છે, કે જે ફળો ખાવામાં અત્યન્ત સ્વાદિષ્ટ લાગે, પણ પરિણામે ખાનારના પ્રાણને હરે. એ મીઠાશ વખાણવા જેવી ગણાય ?

સ૦ નહિ જ.

એ જ રીતિએ મોહને પોષનારી અને મોહાધીનતાને વધારનારી વાણીની મીઠાશ વખાણવા જેવી નથી. કેટલીક વસ્તુઓ સ્વાદમાં કડવી હોવા છતાં પણ, ખાનારને ફાયદો કરનારી હોય છે. આવી વસ્તુઓ કડવી હોવા છતાં પણ પરિણામની અપેક્ષાએ મીઠી છે. મીઠાશ અને કડવાશનું માપ પરિણામની અપેક્ષા રાખીને કાઢતાં શીખો. આજે તો કેટલાક શ્રીમન્તો ધર્મગુરૂઓની પાસે પણ પોતાનાં વખાણ કરાવવાને આવે છે. સદ્ગુરૂઓ એવાઓનાં વખાણ ન કરે, પણ અવસર પામીને મોહને મારવાનું સૂચવે, એટલે યોગ્યતા ન હોય તો એવાઓને એમ જ લાગે કે–' આ મહારાજની જીભ બહુ કડવી.' પણ એ બીચારા એટલુંય ન સમજે કે–' મારૂં પોતાનું જ હૈયું કડવું છે.' આવાને માનભૂખ્યા વેષધારિઓ ગમે. એવા વેષધારિઓને એ વખાણે અને વેષધારિઓ પણ પેલાને વખાણે–એટલે બેયનું કામ તો ચાલે, પણ પરિણામે બેય ડૂબે.

મોહને પોષનારું વાણીમાધુર્ય નહિ જોઈએ :

શ્રી વીતરાગ-શાસનના ધર્મદેશક બનવા છતાં પણ, જેઓ મોહની નાશક દેશના દેવાને બદલે મોહની પોષક દેશના દેવાને તત્પર બને છે, તેઓ આપોઆપ જ શ્રી જૈનશાસનથી બહિષ્કૃત થઈ જાય છે. શ્રી જૈનશાસનનો ધર્મદેશક અને મોહનો પોષક–એ વાત જ અસંભવિત છે. આ વાત સંભવિત બનેલી જણાતી હોય, તો તે સાચા મુનિવરથી નહિ, પણ મુનિવેષમાં રહેવા છતાં પણ મુનિભાવથી અળગા રહેલા વેષધારિના જ પ્રતાપથી છે, એમ સમજવું જોઈએ. શ્રી જૈનશાસનના મુનિભાવને પામવો અને ટકાવવો, એ રમત વાત નથી. લોકહેરીમાં પડેલાઓ, માન–પાનના અર્થી બનેલાઓ, જાતપ્રભાવનાના પૂજારીઓ અને પૌદ્‌ગલિક અભિલાષાઓને પરવશ બનેલાઓ, ધર્મદેશના દેવાને માટે ઉદ્યમશીલ બનવા છતાં પણ, અધર્મદેશનાના દેનારા બને તે સ્વાભાવિક જ છે. એવાઓની દૃષ્ટિ શ્રોતાઓ આદિની પ્રશંસા પ્રાપ્ત કરવાની હોય છે, પણ શ્રોતાઓ આદિને મોહમુક્ત બનાવવાની એવાઓની દૃષ્ટિ હોતી નથી. પોતાના કે શ્રોતાઓ આદિના આત્માનું હિત સધાય છે કે હણાય છે, એ વિચારને કોરાણે મૂકીને–'હું ધારું છું તે થાય છે કે નહિ ?'–એને જ જોયા કરનારાઓ, એ સાચા ધર્મોપદેશકો જ નથી. એવાઓ વાણીની મીઠાશના નામે સુવિહિત મુનિવરોની પ્રવૃત્તિને નિન્દનારા આદિ પણ હોય છે, કારણકે–વાણીનું વાસ્તવિક માધુર્ય કોને કહેવાય, એની જ તેઓને ગમ હોતી નથી. જે વાણીમાધુર્ય સ્વપરના હિતનું સંહારક હોય, તે વાણીમાધુર્ય તત્ત્વથી વાણીમાધુર્ય જ નથી : તાત્ત્વિક દૃષ્ટિએ તો, એના જેવી વાણીની બીજી કોઈ કડવાશ જ નથી : પણ આ વસ્તુને સમજનારા યોગ્ય આત્માઓ થોડા જ હોય છે.

રાજાના ચિત્તનું હરણ :

અહીં તો ક્ષીરાસ્રવલબ્ધિસંપન્ન આચાર્યભગવાન શ્રીમદ્

વજ્રસ્વામિજી મહારાજાએ, પોતાની સુધા સમાન મધુર વાણી દ્વારા, મોહ રૂપ અન્ધકારનો નાશ કરવાને માટે દીપિકા સમાન ધર્મદેશનાને સંભળાવી. એ ધર્મદેશનાને સાંભળીને રાજા ખૂબ જ તોષ પામ્યા. એ ધર્મદેશનાએ ભાગ્યવાન એવા તે રાજાના ચિત્તને અતિશય હરી લીધું. આથી ધર્મદેશના પૂર્ણ થતાં, રાજા આચાર્યભગવાનને નમસ્કાર કરીને પોતાના સદને ગયા અને તરત જ અન્તઃપુરમાં રહેલી પોતાની રાણીઓને કહ્યું કે–" આજ તો મેં ધર્મદેશના રૂપ ક્ષીરના સાગર સમાન આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજા, કે જેઓ આપણા નગરના બહારના ઉદ્યાનમાં આવાસ કરીને રહ્યા છે, તેમને વંદન કર્યું. શું એમનું રૂપ ? શું એમનો ઉપદેશ ? એ તારકને મેં વન્દન કર્યું, એથી મારાં ગાત્રો કૃતાર્થતાને પામ્યાં : એ તારકનાં મેં દર્શન કર્યાં, એથી મારી આંખો કૃતાર્થતાને પામી : અને એ તારકે ફરમાવેલા ધર્મને મેં સાંભળ્યો, એથી મારા કાન કૃતાર્થપણાને પામ્યા. હું તો મારા દિવસ તરીકે દિવસને આજે જ માનું છું, કે જે દિવસે જ્ઞાનસૂર્ય એવા શ્રી **વજ્રસ્વામિજી** નામના આ પરમર્ષિનું મને દર્શન થયું. શ્રી **વજ્રમુનિવરના** દર્શન માત્રથી પણ હું મને ધન્ય માનું છું, તો પછી તેઓશ્રીના શ્રીમુખે શ્રી અરિહંત પરમાત્માએ ફરમાવેલા ધર્મને મેં સાંભળ્યો, એને માટે તો કહેવું જ શું ?"

રાજાએ કરેલી આ પ્રશંસા, જેમ આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાની અનુપમ શક્તિનો ખ્યાલ આપનારી છે, તેમ રાજામાં રહેલી સુન્દર યોગ્યતાનો પણ ખ્યાલ આપનારી છે. રાજાનું મન કેટલું બધું હરાઈ ગયું છે, તેની રાજાના આ કથન દ્વારા પણ કલ્પના થઈ શકે તેમ છે. ગાત્રો દ્વારા ઘણું કર્યું, નેત્રો દ્વારા ઘણું જોયું અને કાનો દ્વારા ઘણું સાંભળ્યું, પણ એથી ન ગાત્રો કૃતાર્થ થયાં, ન નેત્રો કૃતાર્થ થયાં કે ન કાન કૃતાર્થ થયા : ગાત્રોની, નેત્રોની અને કાનોની

કૃતાર્થતા તો આજે જ સધાઈ: કારણ કે–જ્ઞાનસૂર્ય એવા મહર્ષિ શ્રી **વજ્રસ્વામિજી**ને વન્દન કર્યું, એ તારકનું દર્શન કર્યું અને એ તારકના શ્રીમુખે આર્હત ધર્મનું શ્રવણ કર્યું. આજ સુધી વીતાવેલા દિવસો પણ રાત્રિ જેવા જ હતા: કારણ કે–જ્ઞાનસૂર્ય એવા શ્રી **વજ્રર્ષિ**નું દર્શન થયું નહોતું. ખરેખર, જેમનું દર્શન પણ ધન્ય બનાવનારૂં છે, તેમના શ્રીમુખે ધર્મ સાંભળવાને મળે, એ તો પરમ ધન્યતા જ ગણાય. એક મહર્ષિને જોઇને, તેમને વન્દન કરીને અને તેમની પાસેથી ધર્મને સાંભળીને આ જાતિની બુદ્ધિ થવી, એ તે આત્માની લઘુકર્મિતાને જ સૂચવે છે. હૃદયમાં પરમ આનન્દ અને પરમ ભક્તિ પ્રગટ્યા વિના, આવા ઉદ્ગારો નીકળે નહિ અને યોગ્યતા વિના હૈયામાં આવો આનન્દ અને આવી ભક્તિ પ્રગટે નહિ.

રાજા માત્ર પ્રશંસા કરીને જ અટક્યા નથી, પણ આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના દર્શને જવાનું પણ રાજાએ રાણીઓને કહ્યું છે. "તમે પણ એ મહર્ષિનાં દર્શન કરી લો, એ યોગ્ય છે: માટે તરત જ જાઓ: કારણ કે–પવનની જેમ ઋષિઓ એક સ્થાને રહેનારા હોતા નથી."–રાજાની આવી આજ્ઞાને સાંભળીને, રાણીઓએ પણ કહ્યું કે–"અમે સ્વયં પણ એ મહાત્માને વન્દન કરવાની અભિલાષાવાળી હતી. એમાં આપની આજ્ઞા થઈ, એટલે તો તરસ્યાંઓને નદી મળવા જેવું થયું." માણસ તરસ્યો હોય અને નદી મળી જાય, તો એને કેટલો બધો આનન્દ થાય?

સ૦ ઘણો જ.

રાણીઓને પણ એવો જ આનન્દ થયો. અત્યન્ત આનન્દને પામેલી રાણીઓ, રાજાની અનુજ્ઞાથી વાહનમાં આરૂઢ થઈને, આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાથી વિભૂષિત એવા ઉદ્યાનમાં ગઈ.

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાનું

આકર્ષણ કેટલું જબ્બર અને કેવું વિશિષ્ટ કોટિનું હશે, એ પણ આ વૃત્તાન્ત ઉપરથી સમજી શકાય તેમ છે.

રૂકિમણીની ચિન્તવના અને પિતાને વિનતિ:

હવે આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાની, સાધ્વીઓ દ્વારા તે તે સૌભાગ્યકથાઓને સાંભળીને, એ પરમર્ષિ પ્રત્યે રાગવાળી બનેલી અને 'પરણું તો તેમને જ પરણું પણ અન્યને નહિ જ.'–એવી પ્રતિજ્ઞાને કરી ચૂકેલી, ધનશેઠની પુત્રી શ્રીમતી **રૂકિમણી**ની વાત આવે છે. લોકમુખે તેણીએ પણ પરમર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાના આગમનની વાત સાંભળી. એ વાત સાંભળતાંની સાથે જ, તેણીની અભિલાષા બલવતી બની ગઈ. યોગિની જેમ આત્માને ચિન્તવતી રહે, તેમ તે **રૂકિમણી** પણ, પરમર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાની ચિન્તવના કરવામાં જ સમયને પસાર કરવા લાગી. એ ચિન્તવનામાં ને ચિન્તવનામાં તેણીએ આખો દિવસ પસાર કરી દીધો, પણ તેણીએ જોયું કે–માત્ર ચિન્તવના કર્યે તો કાંઈ જ નહિ વળે. વળી તેણીએ એવો પણ વિચાર કર્યો કે—"જો હું શરમમાં રહીને પિતાજીને નહિ કહું, તો પિતાજી પણ કાંઈ કરશે નહિ, શ્રી **વજ્રસ્વામિજી** ક્યાંક પણ ચાલ્યા જશે અને મારે ચિન્તા રૂપી ચીતામાં જ સળગ્યા કરવાનું રહેશે."

આથી તેણીએ, બીજે દિવસે ખૂબ સંકોચથી પણ સ્પષ્ટતાથી, પોતાના પિતા ધનશેઠને કહ્યું કે–"જેમને વરવાની હું સદાય ઇચ્છા કર્યા કરૂં છું, તે શ્રી **વજ્રસ્વામિજી** અહીં પધાર્યા છે, તો આપ મને શ્રી **વજ્ર**કુમારને આપો: અન્યથા, મારે માટે મરણ એ જ શરણ છે. પિતાજી! પત્થર ઉપરની રેખા જેમ ભૂંસી ભૂંસાતી નથી, તેમ મારૂં આ કથન પણ અન્યથા થવાનું નથી. હું જાણું છું કે-કુલીન કન્યાઓને માટે લજ્જા એ પણ એક સખી છે: આમ છતાં પણ, મારી તે લજ્જાસખીને તજીને હું આપને આમ કહું છું; તેનું એ જ

એક કારણ છે કે-એ મારા પુણ્યોએ જ અહીં પધાર્યા છે. તેઓ પ્રાયઃ રોકાવાના સ્વભાવવાળા નથી અને જો આજે જ તેઓ અહીંથી ચાલ્યા જાય, તો શી ખબર કે-ઉડી ગયેલા પક્ષીની માફક તેઓ ક્યારે ય પાછા પધારે ? આ કારણથી, હે પિતાજી ! આપ વિલમ્બ ન કરો અને મને શ્રી **વજ્રસ્વામિજી**ને આપો ! ચિરકાલના કુમારપણાના પ્રતાપે દીન બનેલી મને જોઈને, શું આપને દુઃખ નથી થતું ?"

ધન આદિથી નહિ મુંઝાનારા આત્માઓ વિશ્વમાં વિરલ જ હોય છે :

નિરંતર લજ્જાને ધરનારી અને અકુલીન આચરણાઓથી પર રહેનારી પુત્રીનો આવો આગ્રહ, પિતાને પણ તેણીનું કહ્યું કરવાને પ્રેરે તે સહજ છે. શ્રીમતી **રૂક્મિણી**ના અતિ આગ્રહથી **ધનશેઠ** પણ તેણીને પરમર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાને દેવાને માટે તૈયાર થયા. શ્રીમતી **રૂક્મિણી**ને વિવાહને યોગ્ય અલંકારો પહેરવાની તેમણે આજ્ઞા ફરમાવી અને તેવા અલંકારોથી ભૂષિતા બનેલી તેણીને લઈને **ધનશેઠ** તરત જ પરમર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** મહારાજા પાસે જવાને નીકળ્યા. સાથે **ધનશેઠે** અનેક ધનકોટિઓ પણ લીધી : કારણ કે-આ ધનકોટિઓને જોઈને પરમર્ષિ શ્રી **વજ્રસ્વામિજી** મહારાજા લોભાશે, એવી તેમની કલ્પના હતી.

સંસારી આત્માઓની મનોદશાનું, આ પણ એક પ્રતિક છે. ધન આદિમાં સર્વસ્વ માનનારાઓની, પ્રાયઃ એવી માન્યતા હોય છે કે-" ધન આદિ તો સૌને મુંઝવે જ. ગમે તેવો માણસ હોય, પણ લક્ષ્મી આદિને જોતાં ચળ્યા વિના રહે નહિ." વાત પણ ખરી છે કે-ધનના ઢગલાઓ ધરવામાં આવે અને સાથે બીજી પણ મનોહર ગણાય તેવી પૌદ્ગલિક સામગ્રી ધરવામાં આવે, તેવા સમયે નહિ મુંઝાનારા આત્માઓ આ વિશ્વમાં વિરલ જ હોય છે. સાચા ત્યાગી અને સાચા નિર્લોભી આત્માઓની સંખ્યા સદાય અલ્પ હોવાના કારણે, દુનિયાના

જીવોને એમ લાગે કે–' લક્ષ્મી આદિને જોઇને મુનિઓનાં મન પણ ચળે '–એ અસ્વાભાવિક નથી. એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે–સામાની મનોદશા વિષેની કલ્પના કરવામાં, પોતાની મનોદશા પણ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. કેટલાક આત્માઓ ધનના અત્યંત લોભી અને કૃપણ હોય છે, એ કારણે પણ તેઓ સર્વત્ર ધનલોલુપતા હોવાનું માની લે છે. સાચા ત્યાગી અને નિઃસ્પૃહી મુનિવરોને માટે પણ, અયોગ્ય શ્રીમંતો એમ માની લે છે કે–' અમારૂં ધન પોતાનાં કાર્યોમાં વપરાવવું છે, એ માટે જ અમને બોલાવે છે અગર ઉપદેશ આપે છે.' ખરેખર, તેમને આવી મનોદશાવાળા જાણ્યા પછી તો, સદ્‌ગુરૂઓ તેમની પ્રત્યે પણ દયાવાળા હોવા છતાં ઉપેક્ષાવાળા બને છે અને એ ઉપેક્ષા જ પેલાઓમાં કાંઇક યોગ્યતા હોય છે, તો થોડા પણ પ્રમાણમાં સારા માર્ગે ધનવ્યય કરાવનારી નિવડે છે. એ પણ ચોક્કસ છે કે-ધનકોટિઓની સાથે **રૂકિમણી** જેવી સ્વરૂપવતી કન્યા કોઇ દેવા આવે, ત્યારે પણ વિરાગને અને ત્યાગને અખંડિત રીતિએ જાળવી રાખવાનું કાર્ય, મુનિભાવમાં રમતા મુનિવરોને માટે જ શક્ય છે. મુનિવેષને ધરવા છતાં પણ પૌદ્‌ગલિક અભિલાષાઓથી પીડાનારાઓ, આવા સંયોગોમાં શું કરી બેસે, તે કહી શકાય નહિ. કેટલીક વાર એમ પણ બને છે કે–તેવો અશુભોદય બરાબર આવી લાગ્યો હોય અને આવું નિમિત્ત મળી જાય, તો ઉત્તમ પણ આત્મા એક વાર તો પતન પામી જાય. આ કારણે, સંયમના અર્થી આત્માઓએ તો જેમ બને તેમ પૌદ્‌ગલિક સુખની અભિલાષાને જગવનારાં નિમિત્તોથી પણ પર રહેવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી વજ્રસ્વામિજી મહારાજાના રૂપદર્શનથી અંજાએલો નગરલોક :

અહીં તો **ધનશેઠ રૂકિમણી** અને ધનકોટિઓની સાથે આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાની પાસે આવી

પહોંચ્યા. એ વખતે આચાર્યભગવાનની દેશના ચાલતી હતી. આજ તો એ આચાર્યભગવાન તેજઃપુંજ જેવા લાગતા હતા. એવું બન્યું હતું કે-'મારા રૂપને જોઇને નગરજનો ક્ષોભને પામશે.'-એ વિચારથી, આચાર્યભગવાને, નગરજનો ક્ષોભ ન પામે એ હેતુથી પોતાના રૂપને સંક્ષેપી લીધું હતું : પણ આચાર્યભગવાને પોતાનું રૂપ સંક્ષેપી લીધું છે, એની લોકને ખબર નહિ હતી : આથી આગલે દિવસે જે વખતે ધર્મદેશના ચાલતી હતી, તે વખતે નગરલોક પરસ્પર એવી વાતો કરતો હતો કે-"આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાનું સુસ્વરપણું આશ્ચર્યકારક છે, કારણ કે-તે મહાપુરૂષની ધર્મદેશનાને સાંભળીને આનંદમગ્ન બનેલાઓની અવસ્થા મુક્તિની અવસ્થા જેવી થાય છે. સર્વ ગુણો રૂપી રત્નોના મહોદધિ સમા શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાનું રૂપ પણ જો ગુણાનુરૂપ હોય, તો તો પછી કાંઈ કહેવાનું જ રહે નહિ."

વસ્તુતઃ તો આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાનું રૂપ પણ ગુણાનુરૂપ જ હતું, પરન્તુ શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાએ નગરને ક્ષોભ થશે એવી આશંકાથી જ પોતાની શક્તિ દ્વારા પોતાના રૂપને સંક્ષિપ્ત કર્યું હતું : એટલે જ નગરલોકોને આવી વાત કરવાની તક મળી હતી. તે સમયે ભગવાન શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાએ તેઓના મનોગત ભાવને અને સંલાપને અતિશયવંતા જ્ઞાનબલથી જાણી લીધો.

આપણે જાણીએ છીએ કે-ભગવાન શ્રી **વજ્રસ્વામિજી** મહારાજા તો અનેક લબ્ધિઓને ધરનારા હતા. તે પરમર્ષિએ બીજે દિવસે લક્ષ્મીના આસન જેવું એક હજાર પત્રવાળું કમળ બનાવ્યું અને પોતાનું સ્વાભાવિક જે અદ્ભુત રૂપ, તે કરીને તે કમલના ઉપર જેમ રાજહંસ બેસે તેમ ભગવાન શ્રી **વજ્રસ્વામિજી** મહારાજા વિરાજમાન થયા.

અમરકુમારને પણ જીતી લે એવા તેમના રૂપને જોઇને, લોક જાણે ગીતનો અભ્યાસ જ ન કરતો હોય તેમ, પોતાનાં માથાં

હલાવવા લાગ્યો અને કહેવા લાગ્યો કે–" ખરેખર, આચાર્ય-ભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાનું સ્વાભાવિક રૂપ આ જ છે. ખરે જ, આજે ગુણોનો અને આકૃતિનો સદૃશ સમાગમ થયો." સાથે લોક એમ પણ બોલ્યો કે–" લોકને હું પ્રાર્થનીય ન થાઉં, એ જ કારણે કાલનું સામાન્ય રૂપ આ મહર્ષિએ પોતાની શક્તિથી બનાવેલું હતું, એ વાતમાં ફરક નથી." વિસ્મયથી વિકસિત મનવાળા બનેલા રાજા પણ એ પ્રમાણે બોલ્યા કે–" ખરેખર, આ શ્રી **વજ્ર**મુનિ યથેષ્ટ રૂપના નિર્માણની લબ્ધિવાળા છે."

ધનશેઠ પણ, તેવા ઉત્તમ જાતિના શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાના રૂપને જોતા થકા, સ્વયંવરમાં આગ્રહવાળી બનેલી પોતાની પુત્રીની પ્રશંસા કરવા લાગ્યા. એ શેઠને એમ થયું કે–" મારી પુત્રીએ આ વરની પસંદગી કરવામાં કમાલ કરી છે."

આવી વિચારણામાં પડેલા અને સ્વાર્થની પ્રાર્થના કરવાને ઇચ્છતા **ધન**શેઠના હૃદયમાં, અતિ છીછરા ભાજનમાં જેમ પાણી સ્થિર ન થાય તેમ, આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાની ધર્મદેશનાનો અર્થ સ્થિર થયો નહિ. એ તો એક જ ઇચ્છામાં હતા કે–" ક્યારે સમય મળે અને ક્યારે હું મારી પુત્રીના સ્વીકારની પ્રાર્થના કરૂં !'

ધનશેઠની પ્રાર્થના :

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાએ દેશના પૂર્ણ કરી, કે તરત જ **ધન**શ્રેષ્ઠી ઉઠ્યા અને અંજલિ યોજીને શ્રી **વજ્રસ્વામિજી** મહારાજાને પ્રાર્થના કરવા લાગ્યા કે–" હે માનદ ! મહેરબાની કરીને મારી આ પુત્રીને આપ પરણો ! અમર જેવા આકારને ધરનારા આપ ક્યાં અને આ મનુષ્ય-પણામાં કીટિકા જેવી મારી પુત્રી ક્યાં ? આમ હોવા છતાં પણ, આપ આને સ્વીકારો : કારણ કે–મોટા પુરૂષોને વિષે કરેલી પ્રાર્થના ફોગટ થતી જ નથી : વધુમાં હે શ્રી **વજ્ર** ! વિવાહ

થયા પછી હસ્તમોચનના પર્વમાં અસંખ્યાત દ્રવ્યકોટિઓ હું આપને આપીશ. આ કારણથી પણ આ વિવાહ થાઓ !"

સ્વાર્થવશ બનેલા અજ્ઞાન આત્માઓની દશા આવા પ્રકારની જ હોય છે. અજ્ઞાનોની આવી પ્રવૃત્તિ હોવી, એમાં આશ્ચર્ય પામવા જેવું પણ કશું જ નથી. બાકી તો આવા સમર્થ ધર્માચાર્યને પાણિગ્રહણની પ્રાર્થના કરવી, એ પણ કારમી અજ્ઞાનતા સિવાય શક્ય જ નથી.

આચાર્યભગવાનનો ઉત્તર :

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાએ પણ તે શેઠને અજ્ઞાન જાણીને સ્મિત કર્યું. સ્મિત કરવાપૂર્વક કરૂણાપર એવા તે પરમર્ષિએ, **ધનશેઠને** કહ્યું કે–" તારી દ્રવ્યની કોટિઓથી અને તારી કન્યાથી પણ સર્યું. સ્ત્રીઓ એ વિષયો છે અને વિષયો તો વિષની ઉપમાને પામેલા છે. તે આપાત માત્ર મધુર હોય છે, પણ પરિણામે તો અતિ દારૂણ નિવડે છે. વિષયોની અને વિષની જો સરખામણી કરવામાં આવે, તો વિષયો વિષથી પણ વિશિષ્ટ બની જાય છે: કારણ કે–વિષ જયારે આ જ લોકના અનર્થને પેદા કરનાર છે, ત્યારે વિષયો તો પ્રાણિઓને જન્માન્તરમાં પણ અનર્થને માટે થાય છે. આ રીતિએ વિષયોને દુરન્ત તરીકે જાણનારો હું, આનો કેવી રીતિએ સ્વીકાર કરૂં ? અસાર પણ વસ્તુઓને જણાઈ ગએલા ચોરો ગ્રહણ કરી શકે એ જેમ શક્ય નથી, તેમ વિષયો મારાથી જણાઇ ગયા છે એટલે હું એમાં ફસું એ શક્ય નથી. આમ છતાં, એક વાત છે. તારી આ મહાનુભાવા કન્યા જો મારે વિષે અનુરાગિણી છે, તો મેં અંગીકાર કરેલી પ્રવ્રજ્યા–દીક્ષાને આ તારી કન્યા પણ અંગીકાર કરો ! જો આ કુલીન કન્યાએ મનથી પણ મને જ ઇચ્છ્યો છે, તો પરલોકના હિતની ઇચ્છાએ તેણીએ દીક્ષા લેવી એ જ યોગ્ય છે. આ કારણથી, વિવેકપૂર્વક અથવા તો મારી અનુજ્ઞાથી

પણ આ કન્યા નિર્વાણના અર્પણમાં લગ્નિકા જેવી દીક્ષાને જ ગ્રહણ કરો. તારી પુત્રીના હિતને માટે હું કહું છું કે–‘ વિભીતક ’ નામના વૃક્ષની છાયાની માફક અનર્થોને આપનારી વિષયાસક્તિને તારી પુત્રી ન કરો ! ”

રૂક્મિણીની દીક્ષા :

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાની આ પ્રમાણેની સુંદર યુક્તિઓ દ્વારા તે સમયે અલ્પકર્મા એવી **રૂક્મિણી**, પ્રતિબોધને પામી અને તેણીએ પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. આ જાતિના પરિણામથી–‘ આ જ ધર્મ ખરેખર કલ્યાણકારી છે, કે જે ધર્મમાં આવા પ્રકારની નિર્લોભતા છે. ’–એવો વિચાર કરીને, બીજા પણ ઘણા લોકો પ્રતિબોધને પામ્યા.

આચાર્યભગવાન શ્રીમદ્ **વજ્રસ્વામિજી** મહારાજાના જીવનમાંના બીજા પણ ઘણા પ્રસંગો જાણવા જેવા છે; પરન્તુ અત્રે પ્રસંગ માત્ર તે તારકની સુરૂપસંપન્નતાનો અને એ સુરૂપસંપન્નતાના યોગે થએલી ધર્મપ્રભાવનાનો હોવાથી, વિશેષ જીવનપ્રસંગોનું અવલોકન કરતા નથી.

ધર્મકથાઓ–પહેલો ભાગ

સમાપ્ત